વ્યવહાર પ્રકાશ દ્વિતીય ખંડ

लेखचंद्रिका

અથવા

પત્ર વ્યવહાર.

સાધારણ પત્રો વેપારી અને સરકારી ધંધાના પત્રો, બીજા ઉપયોગી દસ્તાવેજો, અરજીઓ, રીપોર્ટો, હુકમો, સાક્ષી આમંત્રણો, વિગેરે લેખોનું સંપૂર્ણ પુસ્તક.

રચનાર.

છગનલાલ લલ્લુભાઇ શાહ,

(દેશી નામાનો કર્તા.)

પ્રગટ કરનાર,

જયંતીલાલ નારણલાલ મોતીલાલ શાહ,

બુકસેલર એન્ડ પબ્લિશર,

રીલીફરોડ—અમદાવાદ.

આવૃત્તિ [illegible] મી. | પ્રત ૧૨૫૦ | સને ૧૯૩૦.

કિંમત રૂ. ૧-૦-૦.

વ્યવહાર પ્રકાશ દ્વિતિય ખંડ.

लेखचंद्रिका

અથવા

પત્ર વ્યવહાર.

સાધારણ પત્રો, વેપારી અને સરકારી ધંધાના પત્રો, બીજા ઉપયોગી દસ્તાવેજો, અરજીઓ, રીપોર્ટો, હુકમો, યાદી જાહેરનામાં, વિગેરે લેખોનું સંપૂર્ણ પુસ્તક.

રચનાર,

છગનલાલ લલ્લુભાઈ શાહ,

(દેશી નામાના કર્ત્તા.)

પ્રગટ કરનાર,

જયંતી નારણલાલ મોતીલાલ શાહ,

બુકસેલર એન્ડ પબ્લિશર,

રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ ૫ મી.] પ્રત ૧૨૫૦ [સને ૧૯૪૦.

કિંમત રૂ. ૧—૦—૦.

શ્રી પ્રજાહિતાર્થ પ્રિન્ટિંગ પ્રેસમાં પા. સોમાભાઈ દલપતરામે છાપી.
ઠે. શાહપુર નવી પોળ—અમદાવાદ.

આ પુસ્તક વિષે અભિપ્રાય.

"એમાં કાગળો લખવાની રૂઢી, શ્રી ૫, ૭૪।। વગેરે નિશાનીઓ સંબંધ દર્શક વિશેષણો, નમસ્કાર અને કુશળતા લખવાના પ્રકારો, પત્ર લખવા વાંચવા અને શીરનામાં કરવાની સૂચનાઓ, ચીઠી, કુશળતા, કામકાજ, કંકોતરી, માઠી ખબર, દિલાસાના પત્રો, અને વર્ત્તમાન પત્રમાં લખવાનાં ખબર પત્રોના નમુના છે. પછી સગાં સહોદરને, સામાન્ય ગૃહસ્થોને, રાજકિય વર્ગને, દેવ અને ધર્માધિકારીઓને પત્ર લખવાનાં મથાળાં શાસ્ત્રિય પદ્ધત પ્રમાણે આપ્યાં છે. એ ઉપરાંત ગીરોખત ભાડાચિઠી, ગણોત, વેચાણ ખત, ફારગતી, વિમાના કરાર, અંગ ઉધાર દસ્તાવેજો પંચ્યાળાના લેખ, વકીલાતનામાં, વીલો, નોટીસો, રાજીનામાં વગેરે ઘણી બાબતો છે; અને છેવટે રાજ્ય વ્યવસ્થા, મારામારી, ચોરી, અને કબજા વગેરે બાબત દીવાની ફોજદારી અરજીઓના નમુના સમજુતી તથા ગુન્હાના પ્રકાર સાથે આપેલા છે. આવી ચોપડીઓની અગત્યતા ખાસ કરીને ધંધામાં પડેલા માણસોને વિશેષ હોય છે. એની રચના અનેક નમુના ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી છે. આશા છે કે ઇંગ્રેજીમાં + + બુક ઓફ કોરસ્પોન્ડન્સ જેમ લોક વર્ગમાં ઉપયોગી થઇ પડે છે તેમ આ ગ્રંથ પણ થશેજ. (ગુજરાત મિત્ર) "એમાં ત્રણ અંક છે. પ્રથમ સાદા પત્રવ્યવહારના જુદા જુદા સોળ ભાગ છે + + બીજામાં કીમતી દસ્તાવેજો તરીકે વેપારીઓની હુંડીઓ, કબાલા, ભલામણ વગેરે સહિત અંગાઉ અને વેચાણાદિ ખતો છે. + + અને ત્રીજામાં સરકારી કામકાજના પત્રોમાં અરજીઓ (સ્ટામ્પ, દાવાની મુદત, દાવા સ્ટામ્પ વગેરે) અપીલો (હુકમો, જાહેર નામું વગેરે) ના સમાસ છે. એમાં જુદા જુદા નમુના સઘળી બાબતના આપેલા છે * * એની કીમત પ્રમાણમાં વધારે નથી.

(હિતેચ્છુ) એમાં નાના પ્રકારના લેખો તથા પત્રો લખવાની પદ્ધતિ બતાવવાની સાથે ઉપયોગી બોધ પણ કરેલો છે * *

(કેળવણી) *

અમે આ ગ્રંથ વાંચીને આનંદ પામ્યા છીએ. એમાં શા શ્રી પ, ૭ાા વગેરે નિશાનીઓ વિષે, કામકાજ તથા લગ્નાદિ પ્રસંગના પત્રો વિષે, અને દસ્તાવેજી કાગળો સમજુતી તથા નમુના વિષે જે સંગ્રહ આપેલો છે તે સંપૂર્ણ વ્યવહારને બંધબેસતો છે એમાંથી જેમ નીતિબોધ મળેછે તેમ પ્રસંગાનુસાર સમય સૂચકતા તથા દાવ ની ખાંચ પણ સમજવામાં આવે છે. દરેક આકાર રચના જોતાં એમ કહેવું પડશે કે આજ સુધીમાં પ્રગટ થએલાં એની જાતનાં પુસ્તકોમાં તે ઉત્તમ છે. જો સરકાર શાળાખાતામાં વ્યવહારિક જ્ઞાન આપવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરશે તો છોકરાઓ વેપારીના ધંધામાં વધારે આગળ પડતા થશે. તા. ૧-૪-૯૩.

પરી. મગનલાલ પુરૂષોતમભાઇ (હરિભક્તિવાળા)
પરી. કેશવલાલ પરમાનંદ શાહ મગનલાલ હરિભાઇ
પરી. પરમાનંદ મનસુખ પરી છોટાલાલ અંબાઇદાસ.
પરી. શામળભાઇ નથ્થુભાઇ. હા. મુ. ત્રીભોવનભાઇ.
ઝવેરી. જમનાદાસ મથુરદાસ. ઝ. માણેકલાલ હરગોવન.

* * * હાલનાં રચેલાં પુસ્તકોમાં તમે જે સમજુતીનું પ્રકરણ રચેલું છે, તે સારૂ છે. તમે ઘણોજ શોધ કરેલો જણાય છે, તે લોકના જ્ઞાનમાં ઉમેરો કરી શકે એવો છે. ભાગ્યેજ એવો યત્ન બીજા તરફથી થઇ શકશે. કાગળ પત્રોની હકીકત આપવા ઉપરાંત કેટલાક દસ્તાવેજોના નમુના તથા અરજીઓના નમુનાનો સંગ્રહ કરીને પુસ્તક છપાવશો તો પ્રજા ઉપર વધારે ઉપકાર થશે.

તારીખ ૩—૬—૯૨

મોહનલાલ રણછોડદાસ ઝવેરી.

(પેન્શનર) ડેપ્યુટી એ૦ ૪૦ ભરૂચ વિભાગ.

પ્રસ્તાવના (ત્રીજી આવૃત્તિની)

મુંબાઇ ઇલાકાના કેળવણીખાતાના મે. ડીરેકટર સાહેબે આ પુસ્તકને ઉત્તેજન આપ્યું છે તે માટે તેઓ સાહેબનો ઘણો આભારી છું.

પ્રસ્તાવના (બીજી આવૃત્તિની)

આ પુસ્તકમાં સમાવેલા ત્રણે અંક જુદા જુદા પ્રગટ કરવાનો પ્રથમ વિચાર હતો, તે પ્રમાણે પ્રથમ અંક તૈયાર થઇ ગયા પછી ઘણાકે જણાવ્યું કે તે નામ ફેરવવું. અને ત્રણે અંક ભેગા છપાવવા આ સલાહ મને ઠીક લાગી પરંતુ એ વખતે તેમ બની શકે એમ નહોતું. માટે પ્રથમાવૃત્તિમાં પહેલા અંકનું નામ પત્રવ્યવહાર હતું તેજ આખા ગ્રંથનું નામ રહેવા દીધું હતું; અને આ આવૃત્તિથી એ નામ ફેરવીને લેખચંદ્રિકા. નામ રાખેલું છે કારણકે તેનો એક પેટા અંક તે પત્રવ્યવહાર છે. હવેથી જે તે ઠેકાણે પત્રવ્યવહારને બદલે આ લેખચંદ્રિકા આપવામાં આવશે.

આ વખતે ચાલતી રૂઢી ઉપર વધારે ધ્યાન આપીને તમામ લેખોમાં જોઇતો ફેરફાર કર્યો છે, તથા સ્ટામ્પ, રજીસ્ટ્રી, દાવાની મુદત, વગેરે અનેક બાબતો વધારા તરીકે દાખલ કરી છે, અને ટાઇપ પણ બદલ્યા છે. ગઇ આવૃત્તિ રોયલ સોળપેજી ચાર ફૉરમાની હતી તે આ વખતે વીસ ફૉરમાની થઇ છે તે ઉપરથી વાંચનારના લક્ષમાં આવશે કે તેમાં ઘણા પ્રકારનો સુધારો વધારો થયલો હોવો જોઇએ અને તેને લીધે કીમત વધારી છે.

વળી મુંબાઇ ઇલાકાની બુક કમિટિના મે. સે. સાહેબની તથા અમદાવાદમાં પ્રસિદ્ધ થતા હિતેચ્છુ પત્રની સૂચના પ્રમાણે પણ યોગ્ય

સુધારો કર્યે છે. તેથી આશા છે કે આ આવૃત્તિને પ્રજાકીય કેળવણી ખાતા તરફથી ઉત્તેજન મળશે.

વડોદરા રાજ્યના કેળવણી ખાતાની બુક કમિટિએ આ પુસ્તકને ઇનામ તથા પુસ્તકશાળાઓ માટે મંજુર રાખી યોગ્ય પ્રતોની માગણી કરવાથી ફરીને પ્રકટ કરવાને બની આવ્યું છે. તેથી એ ખાતાના મે. ડિરેક્ટર ઓફ વ. ઇ. સાહેબ રા. બા. હરગોવિંદદાસ દ્વારકાંદાસનો અત્યંત આભારી છું. વળી આ વખતે મિત્ર રા. રા. પ્રાણજીવનદાસ તુળજારામ રાંદેર સ્કુલમાસ્તરે તથા રા. રા. ચુનીલાલ મૂળજી ગાંધીએ ઘણી સુચનાઓ કરી છે, માટે તેમનો, તપાસવાને તસ્દી લેનારનો, અને આશ્રયદાતાનો આભારીછું

પ્રસ્તાવના પ્રથમાવૃત્તિની—

ફારશીમાં પત્રને ખત કહેછે. પરંતુ આપણે વ્યવહારિક કીમતી દસ્તાવેજને ખત અને સાધારણ લખેલા કાગળોને પત્ર કહીએ છીએ. જ્યારે કાગળની છત નહોતી, ત્યારે ભોજપત્ર કે તાડપત્ર મારફતે લખાણનો વ્યવહાર ચલાવવામાં આવતો હતો. પત્ર લખવાનું પાકુ જ્ઞાન મેળવ્યા શિવાય કોઇ પણ માણસ વ્યવહારને લાયક થઇ શકે નહીં. કાબેલ લખનારા સામા માણસની યોગ્યતા ધ્યાનમાં લઇ ઘટતી ઉપમા અને રચના વડે પત્રને એવી રીતે શણગારે છે કે વાંચનારના મનપર જોઇતી અસર થયા વિના ન રહે. અણઘડ લેખકો તેથી હલટી લાગણી ઉત્પન્ન કરે છે. લેખક અને ચિતારાની કલમ એકજ પ્રકારનું કામ કરે છે. એટલે ચિતારો પોતાના સુંદર ચિત્રથી જેમ જોનારના મનપર ઘટતા વિચાર ઠસાવેછે, તેમ લેખકો પોતાનું કામ કરી શકેછે. પત્રથી પ્રત્યક્ષ મેળાપનો બદલો વળે છે,

જો હેતુ પાર ન પડે તો તે ન લખ્યા જેવોજ માનવો જોઇએ. નિરંતર વિવેકની મર્યાદા ભરેલા પત્રો સુખ શાન્તિમાં વધારો કરે છે માટે કલમ કસતાં પુરો વિચાર કરવો જોઇએ.

નિબંધ અને પત્ર લખવામાં થોડુંજ અંતર છે. કોને ક્યા પ્રસંગ માટે, કેવા હેતુથી અને કેટલી બાબતો ઉપર પત્ર લખવાનો છે તે વિષે પત્ર લખનારે મનમાં ઉપક્રમ બાંધી સાધારણ ભાષામાં પત્ર લખવો જોઇએ. કેમકે જન સમાજ એવા પત્રોને વધારે પસંદ કરે છે.

આપણી શાળાઓમાં પત્રવ્યવહાર વગેરે શીખવવાને લેખાવળી નામે પુસ્તક છે. એમાં પત્ર ખત અને નામાના કેટલાક નમુના છે. તેમાં પત્રના સંબંધમાં તો માત્ર બાપ દીકરાનો જ નમુનો આપેલો છે, અને એવાજ રૂપમાં બીજા વિભાગો પણ ચાલેલા હોવાથી શિક્ષણમાં ઘણી મુશ્કેલી વેઠવી પડતી હતી. એ શીવાય સંસાર વ્યવહાર, સાર સંગ્રહ, પ્રમદા પત્ર લેખાવળી, અને પત્રપોથી નામે પુસ્તકો જોવામાં આવ્યાં. તેમાં કેટલાંક એકજ નાતિ રિવાજને અનુસરતાં, કેટલાંક કેવળ સુધરેલી પદ્ધતિ ઉપર અને કેટલાક એક બીજાની નકલ જેવાં માલુમ પડયાં; તેથી એ પુસ્તકોમાં આપણા રિવાજને અનુસરતા સામાન્ય નમુના જોવામાં આવ્યા નહિ. વળી આપણી જુની પદ્ધતિની ખાનગી શાળાઓમાં જે પત્રનો નમુનો તૈયાર કરવામાં આવતો હતો તે રમૂજની ખાતર અત્રે આપું છું.

સવા સવસત શ્રી સુરત બંદરે, પુજયારાધે તંમો તંમે, પારંપુંજા આરાચંદની આણે, સકળ ગુણનિધાને, વામા અવિચળ,

પુણ્ય પવિત્રાં, આશા વિષે રામ, ગુણ ગંગાજળ નિર્મળ, અનેક સરવે ઉપમાજોગ, શા શ્રી પ શા દેવજી કહાનજી, ચાલેરામ ચલકતરા, શ્રી વડોદરા થાનાથાન સદાદેશ કાલે, ચરણ સેવક આજ્ઞાકારી ગોપાળદાસ ખેમ સ્મરણ વાંચજો. જત અહિંથી ખેમ ખુશાળ છો. શ્રી પુજાની ખેમ, ખેમ ખુશાલીના કાગળ લખવા, અપરંગ બીજું પુસ્ત વડા છો, ચેતના ઘણી છો. ચિત કરો ગો, ચિત વિષે કંઇ કરાવીને કુચ કામકાજ હોય તે લખજો, જે જોઇએ તે મંગાવજો, વળતા કાગળ સંભાળીને લખજો. જેમ સંતોષ ઉપજે, કાગળ મધ્યે ઘણું શું લખીએ. થોડું લખ્યું કરી વાંચજો. એક લખ્યું હજાર કરી વાંચજો.

ગામઠી શાળાઓમાં મૂકેલાં વિરામ ચિન્હ પ્રમાણે એ પત્ર રાગ કાઢીને બોલાતના હતા. પણ એ પત્ર કેટલો બધો અશુદ્ધ છે તે વાંચનારને સમજાવવું પડે તેમ નથી.

સંસ્કૃતમાં પત્ર પ્રશસ્તિ નામે ઉલ્લેખ છે, અને તેની વિવિધ રચનાની વધારે પ્રતો મળી છે તેમાં વરણાશ્રમને અનુસરીને પત્ર લખવાના ઘટિત મથાળાં આપેલાં છે. પરંતુ સાંપ્રતમાં વરણાશ્રમનો મેળ રહ્યો નથી. એટલે તેનું કેવળ ભાષાંતર આપણી ગરજ સારી શકે નહિ. હિંદીમાં નયા શિક્ષા દર્પણ નામે ગ્રંથ છે એની અંદર આપેલા કેટલાક નમુના સારા છે. પત્ર લિહણ્યાચી પદ્ધતિ અને સંસાર બોર નામે પુસ્તકોમાં મરાઠી શાહિના પુષ્કળ પત્રો છે. તેમજ ઉર્દુ કિતાબોમાં મોગલાઇ રીતને અનુકુળ નમુના આપવામાં કચાસ રાખેલી નથી. ટુંકામાં એ પ્રમાણે જોતાં આપની ગુજરાતી ભાષામાં તેની ખરેખરી ખોટ હતી.

દેશીનામું લેખાવળીનો એક ભાગ છે. તે લોક પ્રિય થવાથી બાકીના પુસ્તકનો સ.રોદ્ધાર કરવાની મારી ઇચ્છા થઇ, પરંતુ આંખના દર્દને લીધે, બીજાં આગંતુક કારણો થકી, તથા પુસ્તકની રચનાને લગતાં સાધનો મેળવવા વચમાં લાંબો વખત ગયો. તે દરમ્યાન બીજા ગૃહસ્થોએ લેખ પદ્ધતિ, દસ્તાવેજ, કાગળ તથા દસ્તાવેજના નમુના, લેખસારપત્રિકા, અને લેખન પદ્ધતિ નામે ચોપાન્યાં બહાર પાડયાં, વળી જાણવામાં આવ્યું કે મુંબાઇ ઇલાકાનું કેળવણીખાતું પણ તેની તૈયારીમાં છે તેથી મેં ધાર્યું કે હવે એ ખોટ ઉપરના કાઇ એક પુસ્તકથી પુરી પડશે. માટે પોતાનો ઉદ્યોગ મંદ ગતિથી ચલાવવો અને શું થાય છે તે જોવું વચ્ચે કેટલોક વખત જવા દઇને મેં એક સૂચના પત્ર ફેરવ્યું. તે ઉપર ચોદસેં પ્રતો ભરાઇ આવવાથી મારા ઉમેદમાં વધારો થયો. જેના પરિણામ દાખલ આ પુસ્તક છે.

પ્રથમ અંકમાં નાના પ્રકારના વ્યવહારિક પત્રના નમુના સમયાનુસાર ગોઠવેલા છે. તેમાં ખપ જોગ નમુના વિસ્તારથી આપીને બાકીને માટે ચોકસ મથાળાં શાસ્ત્રિય રીતે કંઇક ઉંચી, કંઇક મધ્યમ, અને કંઇક સાદી ભાષામાં આપેલાં છે, અને તેની વહેંચણી જથાબંધ કરીને લખાણમાં વપરાતી નિશાનીઓ યોગ્ય વિશેષણોનો કોશ, કુશળતા, ઠપકા, અને નમસ્કાર લખવાના પ્રકારો ઉપરાંત ઉપયોગી તફાવત યોગ્ય સ્થળે નોંધી બતાવ્યો છે.

બીજા અંકમાં દસ્તાવેજ કાગળો છે. તેના ત્રણ ભાગ પાડેલા છે. ૧ સરકારી પત્રો, ૨ વેપારીના પત્રો, ૩ બીજા ઉપયોગી દસ્તા-

વેજો. પછી તે દરેકના પેટામાં સમજણી સહ નમુના આપેલા છે. વ્યાજુ ચિઠી, નામજોગી, અને શાહજોગીને બદલે અંગત્યાર કર-જાણ ખત ચાલતાં હોવાથી તે દાખલ કરેલાં છે. દસ્તાવેજનો ખરડો તૈયાર કરવા બાબતની, અને તૈયાર થયા પછીની સાવચેતીઓ, પ્રત્યેક દસ્તાવેજને પડતી સ્ટામ્પ વિગેરે લાગત, અને સ્ટામ્પ આક-ટમાંથી ધ્યાનમાં રાખવા જોગ બાબતોનું ટાંચણ આપ-વામાં આવ્યું છે અર્થાત દરેક દસ્તાવેજને માટે રહેલી ખુબીઓ જાહેરમાં લાવવાને બનતો પ્રયત્ન કરેલો છે.

ત્રીજા અંકમાં બ્રિટિસ તથા ગાયકવાડ સરકારના રાજ્યની વ્યવસ્થા, ગુન્હાના પ્રકાર, અરજી સ્ટામ્પ, દાવાની મુદત, ફોજદારી લેવાની વગેરે અરજીઓ, રિપોર્ટો, હુકમો, અને જામીનો, વગેરેનો સમાસ કરેલો છે, વળી શીખાઉને માટે દરેક વિષવાર મનોયત્ન પણ આપેલાં છે, તેથી આ પુસ્તક વધારે લોકોપયોગી થશે એવી આશા છે.

આ કાર્યમાં મિત્રવર્ય રા. રા. ચુનીલાલ મંછારામ મજમુંદાર, રા. રા. નારણલાલ મગનલાલ અને રા. રા. શંભુપ્રસાદ ગૌરીનાથ એમણે કરેલી સૂચનાઓ માટે આભારીછું. તા. ૧-૫-૯૩ ખીત-ણિયાગોરી—વડોદરા.

છ. લ. શાહ.

અનુક્રમણિકા. ૧૫૧૨૮

અંક ૧ લો પત્રવ્યવહાર.

અંક ૩ જો

સરકારી કામકાજના પત્રો.

શ્રીહરિ.

लेखचंद्रिका.

અંક ૧ લો.

પત્રવ્યવહાર.

એટલે

કાગળો લખવાની રૂઢી વિષે.

---

૧. પત્ર બે પ્રકારના છે. (૧) ચિઠ્ઠી. (૨) પત્ર.

૨. જ્યારે એકજ સ્થાનમાં અથવા નજીકના ગામમાં કાંઈ ખાસ સૂચના કરવાની હોય ત્યારે જે કાગળ લખવામાં આવે છે તેને ચિઠ્ઠી કહે છે. પત્રનું ટુંકું રૂપ તે ચિઠ્ઠી છે.

(જુઓ નમુના अ)

૩. પરદેશ વસેલા માણસને પ્રસંગોપાત સ્થાનિક સમાચાર મળવા બાબતમાં જે કાગળ લખાય છે તેને પત્ર કહે છે. નિરંતર પ્રસંગાનુસાર પત્ર લખવામાં આવે છે. માટે જેવો પ્રસંગ હોય તેવું પત્રનું નામ દેવાય છે. જેમકે (૧) કુશળતાના પત્રો (૨) કામકાજના પત્રો. (૩) વિવાહવાજનના પત્રો. (૪) મરણના પત્રો. (૫) પરચુરણ પત્રો.

૪. અરસ્પરસ સુખાકારીને માટે લખેલા પત્રોને કુશળતાના પત્રો કહેછે. કુશળતાના પત્રમાં તન્દુરસ્તી વિષે, ઋતુઓના ફેરફાર વિષે, અને નાતજાતના જાણવા જોગ બનાવો વિષે સમાચાર જણાવવાનો તથા તે પત્રને સરનામે શુભ છે, એવું લખવાનો વહિવટ છે. (જુઓ નમુનો આ.)

૫. જણસ ભાવ મંગાવવા બાબત લખેલા પત્રોને કામકાજના પત્રો કહેછે. ધંધા રોજગારના સંબંધમાં જે પત્રો લખાય છે તે કામકાજના પત્રો છે. તેમાં કામકાજ સિવાય માલના ભાવ તાલ બજાર પાઠે વેપાર વ્યવહારને લગતી બાબતો તથા જાણવા જોગ ફેરફાર જણાવવાની તથા તે પત્રને સરનામે ૭૪ાન્નો આંક લખવાનો ચાલ છે. (જુઓ નમુનો ઇ.)

૬. સારા કામને માટે લખેલા પત્રોને ખુશ ખબરના, અને વિવાહવાજનના પત્રો કહે છે. તેમાં પુત્ર પ્રસવ થયાની, સગાઇ કર્યાની કે એવાજ કોઇ સારા લાભની પ્રાપ્તિ થયા બાબતની વધામણીના સંબંધમાં જે પત્ર લખાય છે તેને વધાઇ કહે છે. (જુઓ નમુનો ઈ) લગ્નાદિ પ્રસંગે સગાંસહોદર તથા મિત્રમંડળને આમંત્રણ કરવાની બાબતમાં જે પત્ર લખાય છે તેને કંકોત્રી કહેછે, કંકોત્રી એટલે કંકુએ છાંટીને મોકલેલો કાગળ. વધાઇના કાગળો પણ કંકુથી છાંટીને મોકલવાનો ચાલ ઘણાકમાં છે. રાજ દરબારમાં કંકુને બદલે કેસર પણ છાંટવામાં આવે છે. (જુઓ નમુનો ઉ).

હિંદી ગ્રંથકાર લખે છે કે, અસલ પત્ર રચાને કરતા અગાઉ આતશના પ્રમાણમાં પત્ર પર છાંટણાં નાખવામાં આવતાં હતા તે

એવી રીતે કે—ગુરૂ, પંડિત, સન્યાસી અને તીર્થંરૂપના પત્રને ચંદનથી. રાજાના પત્રને કસ્તુરીથી, સ્વામી એટલે પતિના પત્રને સિંદુરવડે, સ્ત્રીના પત્રને લાખના અળતાથી, નોકર વગેરેના પત્રને રક્ત ચંદન એટલે રતાંજલીથી, વિવાહાદિ જન્મપત્રિકાના હલદરથકી, અને શત્રુના પત્રને રૂધીરવડે અર્ચિત કરીને મોકલવામાં આવતા હતા. હાલમાં કેવળ શ્રીપૂજન, અને વિવાહાદિ જન્મપત્રિકાઓ પર કંકુનાં છાંટણાં નાંખવામાં આવે છે.

૭. મરણના સમાચાર આપનાર પત્રને કાળોતરી, માઠી ખબરનો કાગળ કે *મેલો કહે છે. એવા પત્રના સરનામા ઉપર 'અશુભ છે.' કે '×લુગડાં ઉતારીને વાંચજો' એવાં વાક્ય લખવાનો વહિવટ છે; તેથી હરકોઇ પત્ર હાથમાં આવે કે તરત સરનામું તપાસવું જોઇએ. (જુઓ નમુના ૭.)

૮. મરનારના કુટુંબને દિલાસો દેવાને જે પત્ર લખાય છે તેને દુખવટના પ કહે છે. (જુઓ નમુના ૮.)

૯. ઉપરની બાબતો સિવાય વિનોદ, ધમકી, ઠપકા, સુધારણા ઉત્તેજન, શાસ્ત્રાર્થ ચર્ચા, અને જુસ્સો, હાસ્ય કે શાન્ત રસાદિ ઉત્પન્ન થવાની બાબતમાં પત્રો લખાય છે. તેનો સમાવેશ પરચુરણ પત્રોમાં કરેલો છે.—

૧૦. પત્ર લખવો તે એક જાતનો નિબંધ લખવા જેવું છે.

---

* કાઠિયાવાડમાં કાળોતરીને મેલો કહે છે.

× પારસી વગેરે સુધરેલા લોકો મરણના પત્રને સરનામે ચારે તરફ કાળા લીટા તાણે છે.

નિબંધની પેઠે પત્રમાં પણ નીચે પ્રમાણે પેટાં પડી શકે છે. (૧) મથાળું. (૨) પત્રનો મુખ્ય વિષય. (૩) સમાપ્તિ. (૪) સરનામું.—

૧૧. સામા માણસના નામને ઘટિત વિશેષણો જોડી તેનું અને લખનારનું નામ ગામ લખી પત્રનો જે ભાગ તૈયાર કરવાનો હોય છે તેને પત્રનું મથાળું કહે છે.

૧૨. જે કામને અંગે પત્ર લખવાની જરૂર છે તેને પત્રનો મુખ્ય વિષય સમજવો. હમેશાં મથાળું લખી રહ્યા પછી એ બાબતો ક્રમવાર લખવામાં આવે છે.

પત્રના મથાળામાં પણ ત્રણ પેટાં પડી શકે છે. (૧.) ગામને અંગે લખાતાં વિશેષણો. જેમ કે સ્વસ્તિ (ગામ) શુભસ્થાને કે મહાશુભસ્થાને. (૨) સામા માણસને આપવાની ઉપમાઓ જેમકે પૂજ્યારાધે, શિરછત્ર, તીર્થરૂપ, ઇ૦ માણસનું (નામ.) (૩) તેમને ક્યાંથી કોણ લખનાર છે તે વગેરે. જેમકે અમુક ગામથી લી. ફલાણા ફલાણાના અમુક પ્રકારે નમસ્કાર કે પ્રણામ—

૧૩. પત્રનો મુખ્ય વિષય થઈ રહે એટલે હેત માયા રાખોછો તેથી વિશેષ રાખજો, કૃપાલોભ જોઈએ, કામકાજ લખજો, જોઈતું કરતું મંગાવજો વગેરે વિવેક દર્શાવો મીતિ નાખવામાં આવે છે તે પત્રની સમાપ્તિ થવાનાં ચિન્હ છે.

૧૪. લખેલો પત્ર જે તે માણસને બરાબર વખતસર પહોંચી જવા માટે હરેક પત્રને વાળીને છેવટના છેડા ઉપર અથવા તે ઉપરના પરબીડા, કવર કે લખેોટા ઉપર પત્રમાં લખેલા માણસનું નામ, રહેવાનું ઠેકાણું, ગામ, તાલુકો અને જીલ્લો વગેરે લખવામાં આવે છે. તેને પત્રનું સરનામું કહે છે. (એ વિષે વધારે ખુલાસો આગળ જુઓ.)

પત્ર લખવામાં વપરાતા કાગળો વિષે.

વેપારી વર્ગમાં પત્ર લખતી વખતે કાગળની *છવરંગીઓ વપરાય છે. છવરંગી એટલે એક કાગળનો છઠ્ઠો ભાગ. વેપારીઓ તેમાં લખાણ કરતી વખતે ત્રણ આંગળ જેટલી મથાળે કોરી જગો રાખે છે. અને જરૂર પડે તો તે જગોમાં લખવા જોગ મજકુર પાછળથી લખે છે. વળી એકજ બાજુમાં જો પોતાનુ લખાણ સમાય નહિ તો એ છવરંગીને ઉભી ઉથલાવીને પાછલી બાજુએ તિરકસ લીટીએ બાકીની હકીકત લખે છે. પહેલા પૃષ્ઠમાં સીધી લીટી અને બીજામાં તિરકસ લીટી લેવામાં તેમનો મુખ્ય મુદ્દો એવો હોય છે કે કોઇ લખેલો મજકુર તર્કટથી રદ કરવા ધારે તો તે થઇ શકે નહિ.

નવીન પદ્ધતિથી કેળવાયલા વર્ગના લોકો છવરંગીને બદલે કાગળનો ચોથો ભાગ ઉપયોગમાં લે છે. જો તેની એક કરતાં વધારે બાજુએ લખવું હોય તો ચોપડીની પેઠે પાન ફેરવીને પાછલા પૃષ્ઠ ભાગ ઉપર રહેલો મજકુર લખે છે. અને તે એક સરખી સીધી લીટીઓથીજ લખવાનો વહિવટ જોવામાં આવે છે. આ અને ઉપરની બાબતમાં પ્રત્યક્ષ અનુભવ કરવામાં આવેથી કઇ શૈલી વધારે ખૂબી ભારેલી છે તે સમજાશે.

દરજ્જા પ્રમાણે પત્ર લખવા વિષે.

૧૦. સંસારમાં ત્રણ પ્રકારના માણસો સાથે આપણો સંબંધ છે. (૧) વડીલ. (૨) બરોબરીઆ. (૩) કનિષ્ઠ. માટે

---

*દરેક કાગળના ઉભા ત્રણ ભાગ કરી તે દરેક ભાગના બબ્બે કકડા કરવામાં આવે છે. તેને છવરંગી કહે છે.

પત્ર લખતી વખતે સામા ધણીની જે તે પ્રમાણમાં યોગ્યતા જોવાની જરૂર રહેલી છે.

૧૧. જગતમાં પોતાના પિતાજી સર્વોપરી વડીલ કહેવાય છે, અને તેથી ઉતરતી પાયરીના ગુરૂ, કાકા, મામા, જ્યેષ્ઠ બધુ, સસરા, શેઠ, અધિકારી, પોષક કે રક્ષકને વડીલમાં ગણેલા છે. જો કે તેઓ બધા પિતા તુલ્ય માનેલા છે, તો પણ તેમને અને પોતાના પિતાજીને વિશેષણો આપવામાં ફેર હોય છે. વડીલ ઉપરના પત્રો નમ્ર ભાવે પૂજ્ય બુદ્ધિથી લખવા જોઇએ.

૧૨. મિત્રવર્ગ, ધંધાર્થી વર્ગ અને એજ પ્રમાણે બીજા સરખી સ્થિતિના માણસો સરખા દરજ્જામાં ગણાય છે. તેઓને ધંધા કે પ્રસંગાનુસાર વિશેષણ લગાડવાની જરૂર છે.

૧૩. નાના ભાઇઓ, શિષ્યો, અને સેવકો કનિષ્ઠ વર્ગમાં ગણાય છે. તેમને પત્ર લખતાં આશિર્વાદ રૂપે આજ્ઞાર્થ લખાણ કરવામાં આવે છે.

૧૪. ખાસ નિર્વંશ વિધવા કે પોતાની સ્ત્રી વગર કોઇ પણ સ્ત્રી વર્ગને નામે પત્ર લખવાની રૂઢી બહુધા નથી.

પત્ર લખવામાં વપરાતી નિશાનીઓ.

ગ્રંથના આરંભમાં, કેટલાક વેપારીઓ પત્ર અને ચોપડામાં મેળ દોરતાં શ્રા અથવા શ્રી ૧૧ લખે છે. કેટલાક વેપારી તો એ સિવાય કેટલાંક મીંડાં પણ ગોઠવે છે. વળી કોઇ પાકીટ કે સરનામા ઉપર ૭૪।। કે ૪૨ ના અંક લખે છે. તો એ બધું શા કારણથી ઉત્પન્ન થયું હશે ? તેના સંબંધમાં જે તે લખનારને પૂછવા જતાં

આપણને જોઇએ તેવો ઉત્તર મળી શકતો નથી. માટે તે બાબત મળી આવેલી હકીકત આ નીચે આપવામાં આવે છે.

શ્રી.

હરકોઈ લખાણના આરંભે 'શ્રી' લખાય છે. તે સ્વધર્માભિમાનનું અને સ્વધર્મ શ્રદ્ધાનું એક સુચિન્હ છે. આપણા શાસ્ત્રકારોએ શ્રીને સર્વશક્તિમાન શક્તિ માનેલી છે, તથા ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારમાં તે પ્રથમ રૂપ છે. તેના સ્મરણથી વિઘ્નનો નાશ થાય છે. માટે પ્રત્યેક લેખમાં 'શ્રી' લખવાનો પ્રથા પડેલો છે. કોશ પ્રમાણે જોતાં માંગલિક શબ્દ 'શ્રી' છે માટે મંગળ હેતુથી નિરંતર લખાણમાં એનો યોજના કરવામાં આવે છે. વળી કેટલાક શ્રી શબ્દનો અર્થ શોભાયમાન, અને લક્ષ્મી પણ કરે છે. તેથી તે અર્થે પણ શ્રીને વાપરે છે.

શ્રી ૧।.

શ્રી–શક્તિની કૃપા સવાઇ થજો. શ્રી-લક્ષ્મી સવાઇ હજો. શ્રી–શ્રેય અથવા કલ્યાણ સવાગણું હજો. શ્રી—શક્તિ અને એક–ઇશ્વરની અમારા પર દયા દ્રષ્ટી રહેજો. શ્રી–સંપત્તિ અને એક ઐક્ય; સંપ અને સંપત્તિ અમારે ત્યાં નિવાસ કરો.

શ્રી ૧। જજ—શ્રી ૧। જજ.

શ્રી ૧। પછી આવી કેટલીક અનિયમિત નિશાનીયો કરવામાં આવે છે. કેટલાક વેપારીઓ એવાં ચિત્રથી ખુશ થાય છે; અને શોભાની ખાતર હદથી જાદે નિશાનો કરે છે. હિંદી ગ્રંથકાર કહે છે કે ૐકારનું એ ચિન્હ છે. બંગાળાના કેટલાક લોકો તેને શ્રી દુર્ગા અને હરીના નામનાં ચિન્હ માને છે.

:૦૭૭૭૭ ૪

પહેલાંના ત્રણ ચિન્હ છે તે બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવ છે. એ પછી ગણપતિનું ચિન્હ છે. જગતમાં તેઓ પ્રાણી માત્રના રક્ષણ કર્તા છે માટે તેમના સ્મરણાર્થે એવો આકાર કરવામાં આવે છે.

કેટલાક પાછલી ત્રણ આકૃતિને ત્રિકાળદર્શક ચિન્હ કહે છે. કેટલાક કહે છે કે આ બ્રહ્માંડમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને ગણેશ અહોરાત સંરક્ષણ કરો, એવાં પ્રાર્થનાદર્શક ચિન્હો છે.

કેટલાક કહે છે કે પ્રથમનાં ત્રણ ચિન્હ ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનકાળને સૂચવે છે. એ સંજ્ઞાનો અર્થ એવો છે, કે ત્રણે કાળના વિઘ્નહર શ્રીગણેશ અમારે ત્યાં અખંડ નિવાસ કરો.

કેટલાક એને ત્રિલોકના નિશાન કહે છે અને પાછલા ભાગને ૐ ! છુટી પડેલી આકૃતિ કહે છે. એનો એકંદર અર્થ ૐકાર એટલે શિવ કલ્યાણ કરો.

બંગાળા તરફના લોકોનો એવો મત છે કે તે શ્રી ગણેશના નામનાં ચિન્હો છે.

૭૪॥.

વ્યવહારમાં સાધારણ અને ઘણીજ અગત્યના ગુહ્ય પત્ર લખવામાં આવે છે. સાધારણ પત્ર બીજાને હાથ જાય તો કંઇ વાંધા ભરેલું પરિણામ આવવાનો સંભવ નથી. પરંતુ ખાસ ખાનગી પત્ર અન્ય પુરૂષને હાથ જાય તો માઠું પરિણામ નિપજવાનો ભય રહે છે. માટે મોકલેલા પત્ર બીજાઓને વાંચવા લાયક છે કે નહિ તે સમજી એવો કોઇ પણ માર્ગ હોવો જોઇએ. સાધારણ રીતે આપણા વડીલો

આપણુને શિખામણ આપ્યાં કરે છે કે પરભાયીનો પત્ર વાંચવો, નહિ તે વાંચનારને ઘણો દોષ લાગે છે. પરંતુ આપણે તેનું કારણ માગીએ છીએ ત્યારે તેઓ એ બાબતમાં વધારે સ્પષ્ટ કારણ આપી શકતા નથી, પણ દોષ છે; એમ કહ્યાં કરે છે. એ વિષે તપાસ કરતાં માલુમ પડે છે કે આપણા લાયક પૂર્વજોએ તેનો પણ વિચાર કરેલો છે.

કોઈ પત્રના સરનામે ઉપર જણાવેલા ૭૪ાાના અંકો જોવામાં આવે તો માલિક સિવાય બીજા કોઈએ એ પત્ર વાંચવો નહિ. એ, આંકડા બહુજ ભેદ ભરેલા છે એના સંબંધમાં મળેલા વિલક્ષણ ખુલાસા નીચે આપવામાં આવે છે.

માળવાના પ્રખ્યાત વિક્રમ મહારાજાની સભામાં વરરૂચિ નામે એક કવિ હતો. તેણે પોતાના કૌમુદિ નામે ગ્રંથમાં ખુલાસો આપેલો છે કે સાત=સાત સમુદ્ર. ચાર=ચારવેદ, અને બે પાણુ=અર્ધ ભાગ (ધર્મનો) એ સંબધી નિશાન છે. જેઓ માલિક સિવાય એવી નિશાનીવાળા પત્ર ઉકલે તેમને એ* પ્રતિજ્ઞા છે.

હિંદી ગ્રથકાર એ આંકના બાબતમાં જણાવે છે કે સોગનને

---

* કેટલાક કહે છે કે ઉપદેશાર્થે એ આંકડા વપરાય છે સાત સાત પ્રકારનાં ઉંચા ગુણુ ગ્રહણ કરવામાં આવશે તો ચાર–ચોગણી લક્ષ્મી પ્રાપ્ત થશે. બે પાણુ–સુખદુઃખ સમાન છે માટે સૃષ્ટીમાં સુખ દુઃખની લાગણીમાં મન ખરાબ ન કરતાં ઉંચા પ્રકારના ગુણ વડે પ્રકાશમાન થજો; પરંતુ આ વિચાર બહુ મતે માનવા લાયક નથી તોપણ પ્રજાની જાણુ માટે આપ્યો છે.

લગતા એ આંકડા છે, પ્રથમ નિશાની કર્યા વગરના પત્રો લખાતા હતા. પણ ખાસ મસલતના પત્ર બીજાને હાથ જતાં ભારે હાની પહોંચવાથી એ ચાલ નીકળેલો છે. તેની ઉત્પત્તિના સંબંધમાં તેઓ ઐતિહાસિક દલીલો એવી રજુ કરે છે કે ચિતોડથી રાજકિય મસલતને લગતો અગત્યનો પત્ર દિલ્હી દરબારના એક અંગિભૂત માણુસપર મોકલવામાં આવેલો, પણ તે પત્ર બીજાને હાથ જવાથી વાત ફુટી; એટલે મુસલમાનોએ એકદમ સન ૧૫૬૧-૬૨ માં ચિતોડને ઘેરો ઘાલ્યો અને કિલ્લેદાર જયમલ રાઠોડને ઠેર કર્યો ઓચિંતો આ બનાવ બનતા રાણાની ફોજ કેવળ બેદીલ થઇ ગઇ. પણ એ વાત કિલ્લામાં રહેલી સ્ત્રીઓના જાણુવામાં આવતાં તેઓ લઢવાને તૈયાર થઇ. તેમણે જયમલ રાઠોડની લાસ પાસે જઇ તેના હથિયાર ધારણ કરીને મુસલમાનો પાસેથી વેર લેવાનું પણ લીધું અને તેઓ કેસરીઆં કરી રણમાં ઉતરી, તેમાં મુસલમાનો હારી પાછા હઠયા. પછી રણમાં પડેલી લાસોનો તોલ કર્યો તો તે સાડા ચુવોતેર મણ થયો. માટે એ વખતથી ખાનગી (છાના) પત્રોપર સાડી ચુંવોતેરનો આંક લખવાનો રિવાજ દાખલ થયો છે.

ટૉડ સાહેબે પણ પોતાના રાજસ્થાનમાં એક ઠેકાણે એજ બાબતની નોંધ લેતાં ખુલાસો કર્યો છે કે એ કાળે રજપૂતાનામાં ચાર શેર વજનનો એક મણ ગણુવાનો ચાલ હતો તેથી લાસનું વજન ખઇ છે.

કેટલાક કહે છે કે સાત સમુદ્ર અને ચોખુણ પૃથ્વીમાં જે પાપ થતું હોય તેનો અર્ધો ભાગ પત્ર વાંચનાર બીજા માણસને લાગશે,

એની પ્રતિજ્ઞા છે માટે એવી નીશાની વાળા પત્રો અન્ય પુરૂષોએ વાંચવા નહિ.

: ૦ ૭૪૫ા

બંગાળા વગેરે સ્થળે સાડી ચુંવોતર પહેલાં :૦ આવાં ત્રણ શૂન્ય મૂકવાનો ચાલ છે. એ ચિન્હો પ્રતિજ્ઞાના મહત્વમાં વધારો કરે છે. કહે છે કે ભૂત, વર્ત્તમાન અને ભવિષ્ય કાળદર્શક એ નીશાની છે ચાલતા પત્રમાં બનેલી, તથા થતી બીના અને તે ઉપરથી નિપજનાર પરિણામ લખેલાં છે તે ખાસ માલિકેજ વાંચવાં જોઇએ. માલિક સિવાય આ પત્ર વાંચનારને સાત સમુદ્ર અને ચાર વેદની પ્રતિજ્ઞા છે તથા તે ઉપરાંત પોતાના ધર્મનો અર્ધ લાભ હારે એમ કહેવાનો હેતુ છે.

કેટલાક તેને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરનાં ચિન્હ ગણે છે. તેઓ કહે છે કે સાત સમુદ્ર, ચાર વેદ અને બે પાણરૂપ આ લોક અને પરલોકમાં વધેલા ત્રણ દેવ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર) ની પ્રતીતા છે, વળી પત્ર વાંચનાર અન્ય પુરૂષને સાત સમુદ્રને બદલે સપ્ત લોક, અને ચારે દિશામાં અખંડ વ્યાપ્યમાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરનાં સોગન છે. કેટલાક એમ જણાવે છે કે પત્ર વાંચનાર અન્ય પુરૂષને :૦=ત્રિલોકમાં ૭-સાત સમુદ્રમાં, ૪-પૃથ્વીના ચારે છેડે, અંધો વસો ધર્મ હારવાના, અથવા તેમાં થતા પાપનો અરધો ભાગ પાપ લાગે એવા સોગન દઉં છું એવો ભાવાર્થ છે.

૭૪ા~—૭૪ા=

કેટલેક ઠેકાણે સાડી ચુંવોતર પછી એક આનો અથવા બે આના કરવામાં આવે છે. તે ઉપરના અર્થમાં વધારો કરે છે. આ

ની તરીકે વધારેલો ભાગ સત્યનો અંશ બતાવે છે. ઉપરની પ્રતિજ્ઞા સિવાય એક=એક આની અને બે=આની ભાગ પોતાનું સત્ય હારે એમ સમજવું જોઇએ.

૪૨


દક્ષિણના લોકો બેતાળીશનો અંક વાપરે છે. તે પાકીટ ઉપર મધ્યમાં લખે છે. જો એ નિશાનીવાળો પત્ર હોય તો સરનામાવાળા શખસ સિવાય ઘરનો માણસ પણ તેને વાંચી શકતો નથી. દક્ષણી લોકો તેને પ્રતિજ્ઞાના અંકો માને છે. તેઓ કહે છે કે માલિક વગર જે કોઇ આ પત્ર વાંચે તેના માતૃ તથા પિતૃ કૂળની એકવીશ એકવીશ પેઢી નરકે જાય!

।।।।।।।।।

કેટલાક કાગળ બંધ કર્યા પછી તેના સાંધા ઉપર એવા લીટા કરે છે. તે પણ માલિક વગર બીજાએ પત્ર ફોડવો નહિ એમ સૂચવે છે. એને હંસપદ કહે છે. આપણા શરીરમાં શ્વાસોશ્વાસ ચાલે છે; તેમાં સોહં, સોહં એવો ઉચ્ચાર થાય છે. તેની એ પ્રતિજ્ઞા છે. એટલે માલિક વગર વાંચનારને માથે આત્મહત્યા છે એમ કહેવાનો હેતુ છે. ૪૦

-

દક્ષણી પત્રોના આરંભમાં એ નિશાન થાય છે તેને ચંદ્ર કહે છે. તે દરેક શુભ પત્રોમાં લખાય છે. અને અશુભમાં તે તથા બી લખાતાં નથી.



વેપારીઓ હુંડીની પાછળ આવું ચોકડું દોરે છે એનો હેતુ એવો છે કે હુંડીમાં લખેલી નાણાંની રકમ ચોક્સ જગોએ એટલે પેટીમાં છે એમ સમજીને હુંડી શિકારજો.

લખાણમાં માસ અને વાર લખવા વિષે.

કાર્તિક—કારતગ; માર્ગશિર્ષ—માગશર; પૌષ—પોષ; માઘ——મહા; ફાલ્ગુન—ફાગણ ચૈત્ર—ચૈત્ર; વૈશાખ—વૈશાખ; જેષ્ઠ—જેઠ; અસાઢ—અસાડ; શ્રાવણ—શ્રાવણ; ભાદ્રપદ—ભાદરવો; અશ્વિન—આસો; સોમવાર—સોમે; મંગળવાર—ભોમે; બુધવાર—બુધે; ગુરુવાર—ગરેઉ; શુક્રવાર—શુક્રે; શનીવાર—શનેઉ; રવીવાર—રવેઉ.

'શ્રી' લખવા વિષે.

વેપારી વર્ગમાં કાગળ લખતાં શા-શ્રી:પ લખવામાં આવે છે. પરંતુ તે કોને શા માટે લખવું અને તે પ્રમાણે બીજાંને લખાય કે નહિ અથવા તે કરતાં વધારે કે કમી શ્રી ઓ લખાય છે કે નહિ તે જાણવું જોઇએ.

શા=શાહવટને, શ્રી=શક્તિ અને પ=પંચ મહાભૂતમાં રહેલો પ્રાણાત્મા કાયમ રાખો. અથવા શ્રી=શક્તિ લક્ષ્મીની કૃપાવડે, પ=પંચમાં તમારી શાહવટ કાયમ રહો. અથવા શા=વ્યવહારમાં કે શાહુકારીમાં શ્રી=શોભા, પ—પાંચ ગણી વધો. અથવા શાહવટવાળા શોભાયમાન પંચો તુલ્ય, કે તેમાંના તમે છો.

હિંદી ગ્રંથકાર લખે છે કે રાજાને ૧૦૮, વિદ્વાન બ્રાહ્મણને

૭, ગુરૂ વર્ગને ૬, વડીલ ઉપરી અથવા રક્ષકને ૫, શત્રુને ૪, મિત્રને ૩, સમાન સ્થિતિવાળાને અને સ્ત્રી, પુત્ર તથા સેવક વર્ગને ૧. શ્રી લખવી જોઇએ.

પત્રોમાં વપરાતા સંબંધ દર્શક શબ્દો.

સામાન્ય શબ્દો.

સ્વસ્તિ—કલ્યાણકારી (સ્થાનદર્શક વિશેષણ.) ગામની પહેલાં. લખવું શ્રી—સારૂં, શોભીતું, સ્વસ્તિના અર્થમાં વધારો કરે છે,

શુભસ્થાને—સારા સ્થાને—સારા સ્થળે, માહાશુભ સ્થાને—ઘણા સારા સ્થળે. એ વિશેષણ અનુક્રમે કનિષ્ટ અને વડીલના પત્રમાં ગામની આગળ લખાય તે.

ઉપમાલાયક—ઉપમાને પાત્ર. માહાશુભસ્થાન પછી લખાય છે.

જોગ શ્રી—જોગ—એમને શ્રી—શોભાયમાન કાગળ લખનારના ગામની પહેલાં લખાય તે. એતાનશ્રી—ઉપર પ્રમાણે અર્થ અને હેતુ છે.

વડીલને માટે વિશેષણો

પૂજ્યારાધે—પૂજન અને આરાધન કરવા લાયક, માહાશુભસ્થાનની પછી લખાય છે. શુભોપમાલાયક—સારી ઉપમાઓને યોગ્ય છો—અનેક શુભોપમાલાયક—અનેક સારી ઉપમાઓને પાત્ર છો. પૂજ્યારાધે પછી લખાય છે. ૧ સર્વોપમાલાયક—દેવ અથવા ધર્મ ગુરૂના પત્રમાં લખાય છે. ષડ ગુણૈશ્વર્ય અથવા ષડ ગુણ સંપન્ન દેવના પત્રમાં જ લખવું. ગુણા કૃત—ગુણોથી શોભાયમાન, ઉત્તમોત્તમ—ઉત્તમમાં ઉત્તમ.

૨. પૂજ્ય—પૂજવાલાયક, પૂજનિય—વંદન કરવા યોગ્ય, પૂજ્યમાન—પૂજન કરવા તથા માન આપવા યોગ્ય, પરમ પૂજ્ય—પૂજ્ય પુરૂષોમાં ઉત્તમ, પૂજ્યપાદ—ચરણ સેવવા લાયક, તીર્થરૂપ—પ્રત્યક્ષ તીર્થ છો; પિતાજીનેજ લખવું, તીર્થ સ્વરૂપ—તીર્થ જેવા. વંદન કરવાને પાત્ર. પિતાજી વગરના વડાલોને લખવું. શિરોમણી—માથાનું છત્ર, શાન્તિદેનારો; વિરાજમાન—શોભાયુકત છો. શુભેચ્છક—શુભ ઇચ્છનાર સાધારણ પ્રીતિવાળા કે મોટા માણસને લખવું. શેઠજી, શેઠજીશ્રી—ઉપરીને અથવા વેપારીને લખવું. નિધાન—ભંડાર. ગુણ નિધાન—ગુણનાભંડાર. અંગીકાર—કબુલ કરવું, માન્ય રાખવું. આજ્ઞાંકિત—તાબેદાર. સેવક, દાસાનુદાસ, ચરણરજ વગેરે આજ્ઞા ધારક કનિષ્ઠ કે સેવક વર્ગના નામની સાથે એ શબ્દો જોડાય છે.

શ્રીમંત અથવા રાજદરબારીને માટે શબ્દો.

શ્રીમન્—શ્રીમંત—શ્રીમત્—લક્ષ્મીવાન, ભાગ્યવાન. શ્રીયુત—લક્ષ્મીથી ભરપુર: શોભાયુકત, શ્રીયુક્ત—પ્રતાપી. શ્રીમદ—શોભાદાતા, ધનપતિ. મહાશ્રેષ્ઠ, મોટું. મહાજન—સદ્‌ગૃહસ્થ સમર્થ, મોટા પુરૂષ, *વણિક કે વેપારીને લખાય છે. જોગ—લાયક, ઘટે તેવા. જેમકે ઉપમા જોગ. મહારાજાશ્રી—રાજાને લખવું. મહાશય—મહદાશય યુક્ત, ઉદાર સ્વભાવવાળા, ગંભીર. ધર્મમૂર્તિ—ધર્મધુરંધર.

---

૧ વ્યાસ સ્તુતિ તરીકે પણ એ શબ્દ દુર્ગુણી માણસ માટે વાપરી શકાય છે. ૨ સ્ત્રી પોતાના પતિને આ પાંચ વિશેષણ લખી શકે.

* મહાજનમાં કેટલી નાત ગણવી જોઇએ, તેનું નિરાકરણ ગામવાર પંચોએ ઠરાવેલું હોય છે, પણ આ ઠેકાણે તે અર્થ નથી.

ધર્મની વૃદ્ધિકરનાર. માન્યવર—માન દેવા જોગ, મહા પુરૂષોને લખવું. રાજરાજેશ્વર—રાજાઓમાં પરાક્રમી, રાજાધિરાજ—રાજાનો ઉપરી. સાંપ્રત રાજાને લખવું. મહાપુરૂષ સાધુ, મહાત્મા અને સજ્જન પુરૂષને લખવું, અખંડિત લક્ષ્મી અલંકૃત—અખંડિત લક્ષ્મી થી આભુષિત થયેલા. શ્રીમંત અને રાજાને લખવું. પ્રતિપાલ—સામાને પાળનાર. પાલણકર્તાને લખવું. રા. રા.—રાજ્યને માનીતા, પરાક્રમી. અધિકારી વર્ગ કે ગૃહસ્થને લખવું. ગૌબ્રાહ્મણ પ્રતિપાલ—રાજા કે શ્રીમંતને લખવું.

દીકરા કે કનિષ્ઠ વર્ગને માટે શબ્દો.

ચિરંજીવ—ઘણું જીવનાર, ભાઇ—માન વાચક શબ્દ રાજેશ્રી માન—વાચકશબ્દ કનિષ્ઠ વર્ગને લખવું. વિ*જયીભવ—તારો વિજય થાઓ. પ્રાણથી અધિક પ્રિય—જીવ કરતાં વધારે વહાલા. પરમાનંદનાકંદ—ઘણા આનંદના ફળરૂપ. નેત્રમણી—આંખની કીકી-હૈયાના હાર મનસુખવર્ધક—આ વિશેષણ પુત્રનેજ લખાય. શિષ્યવર્ય—શિષ્યોમાં ઉત્તમ શિષ્યને લખવું. કુંવરજી—રાજા અને સદ્‌ગૃહસ્થના દીકરાને લખવું.

સ્ત્રી વર્ગને માટે શબ્દો.

મહાશયા—ગંભીર, સદ્‌ગૃહસ્થની સ્ત્રીને લખવું. શ્રીમતિ—ધન વાન, સારી બુદ્ધિ વાળી. અખંડ સૌભાગ્યવંતી—નિરંતર સૌભાગ્યવાળી, સધવા સ્ત્રીને લખવું ગંગાસ્વરૂપ વિધવાને લખવું. બહેન—બહેન કે હરેક પરસ્ત્રીના નામ સાથે લખવું. સરસ્વતિ રૂપ—કુમારિકાને લખવું.

---

* ગુજરાતીમાં તેને બદલે કેટલાક ચિરંજીવી ઘણી હજો એમ લખે છે.

પ્રાણુ પ્યારી—પ્રાણુ કરતાં પ્રિય, પ્રિયતમા-વહાલી; ભર્યા-ઓી; મમપ્રણિત-મારી પરણેલી. ગૃહરક્ષક-ઘરને શોભાવનાર; પુણ્યાપુણ્યમાં ભાગ લેનારી, આ પાંચે વિશેષણ પોતાની સ્ત્રીને જ લખી શકાય.

પતિને લખવાના શબ્દો.

મૂગટમણિ—મસ્તકને શોભાવનાર; શીરછત્ર-શાન્તિદાતા; પ્રિયતમ-વહાલા. પતિરાજા-વરરાજા. સ્વામિ—કંથ, સૌભાગ્યમિનોદક-જળ તથા માછલાંના સંબંધની પેઠે સૌભાગ્યને રાખનારા; સૌભાગ્યભુષણ—સૌભાગ્યના શણગાર. સ્વધર્મ રક્ષક—મારા ધર્મનું રક્ષણ કરનારા; ભર્તા-ભરણ પોષણ કરનારા. પ્રાણનાથ હૈયાના હાર, ઇ૦ આ વિશેષણો પોતાના પુરૂષનેજ લખાય.

મિત્રને માટે શબ્દો.

ભાઇજી—માનવાચક શબ્દ છે. મોટા ભાઇને લખાય છે. રાજેશ્રી—પરાક્રમી. સ્નેહાભિલાષી—સ્નેહને ઇચ્છનારા. દર્શનાતુર-મળવાને ઉત્સુક. સ્નેહાંકિત—સ્નેહને જાણનાર. સદાહેતકારી—હંમેશાં હેત રાખનારા. સ્નેહાધિન—પ્રેમને તાબે રહેનાર. ચતુર સુજાણ—ચતુર અને સુજ્ઞ. વિવેકસાગર—ઘણા વિવેકી, સુખદુઃખના વિભાગી સુખદુ:ખમાં શાન્તિ અને દિલાસાનું સ્થાન. પરમપ્રિય—ઘણાજ વહાલા. ઇત્યાદી.

પરચુરણ શબ્દો.

કવિવર—કવીશ્વર—કવિઓમાં શ્રેષ્ટ; નવરસોમાં રસિક-કવિતાના નવરસને જાણનાર. વાણીના વિલાસી—મધુરવચન બોલનાર.

વેદશાસ્ત્ર સંપન્ન—શાસ્ત્રીઓને, વેદ મૂર્તિ—વેદિયા કે ભિક્ષુકને લખવું. વિદ્યા વિનોદમાં રસિક સશાસ્ત્ર ચર્ચા કરનારાઃ સમાજ ભુષણ-વિદ્યારૂપી અલંકાર ધરનારા, પ્રશંસાપાત્ર—વખાણવા લાયક. વિદ્વાનોને લખવું, વેદાંતિ—બ્રહ્મનામાર્ગને જાણનાર, નિસ્પૃહી—કોઇની તૃષ્ણા નહિ રાખનાર, વેદશાસ્ત્રવેત્તા—વેદનું તત્ત્વ સમજનારા, એ વિશેષણો વેદાંતિને લખવાં.

નમસ્કાર લખવા વિશે.

૧. નમસ્કાર એટલે નમવું. હું દેહાભિમાન મૂકીને દેહરૂપ દેવાલયમાં રહેલા પ્રાણાત્માને નમન કરૂં છું. પરંતુ સર્વ જાતમાં એ શબ્દ વપરાતો નથી. ફક્ત બ્રાહ્મણની જાતિમાં વપરાય છે.

૨. વડીલો પ્રત્યે એટલે માહાત્મા, ગુરૂ, પિતાજી અને બીજા વડીલો પ્રત્યે દંડવત્ શીરમોષ્ટાંગ દંડવત્ પ્રણામ, પાય લાગુ, પગે લાગણું, વગેરે વિવેકયુક્ત શબ્દો કનિષ્ટ વર્ગ વાપરી શકે છે.

૩. પોતાથી ઉંચા દરજ્જાના પુરૂષો હોય તેમને પ્રણામ, વંદન, મજરો, વગેરે ભક્તિ ભાવથી કનિષ્ટ વર્ગ લખે છે.

૪. સમાન સ્થિતિવાળાને, ૧ નમસ્કાર, ૨ જેગોપાળ, જેશ્રીકૃષ્ણ, ભગવતસ્મરણ, ૩ જુહાર, ૪ રામ રામ, વગેરે લખાય છે.

---

૧. બ્રાહ્મણ બ્રાહ્મણને નમસ્કાર. ૨ મેશ્રીવાણિયા મેશ્રીવાણિયા કે વેપારીને જેગોપાળ. ૩ શ્રાવક સજાતિને કે વેપારીને જુહાર. ૪. પટેલ હિંદુ ઘાંચી મોચી, વગેરે કોમ સજાત અથવા વેપારી (બ્રાહ્મણ અને મુસલમાન પારસી કોમ વગરના) ને રામ રામ કહે છે. સજાતના પત્રમાં જે માણસ જે ધર્મનો કે પંથનો હોય, તેને અનુસરીને નમસ્કાર લખવાનો વહિવટ છે. ૫ મુસલમાન, વગેરે સલામ વાપરે છે.

૫. કનિષ્ઠ વર્ગને, આશીર્વાદ, ધર્મલાભ, કે કલ્યાણ લખે છે.

૬ જ્યારે ઘણાં નામ જોડી પત્ર લખ્યો હોય ત્યારે યથાયોગ્ય લખાય છે. કારણ કે એમાં કોઇ વડીલ, કોઇ સમાન, અને કોઇ કનિષ્ઠ હોય છે. માટે જેને તેને ઘટીત નમસ્કાર લખવા જોઇએ. વ્યવહારમાં ઘણા લોકો પત્ર લખે છે ત્યારે મુખ્ય માણસના નામની સાથેજ છોકરા છૈયાંના નામ ચીતરે છે, અને તેમને લખનાર તરી- કેમાં પણ એમજ કરીને સરખી રીતે જેગોપાળ કે એવાજ કોઇ નમસ્કાર લખે છે. એ જો કે ઠીકજ છે પણ તેમ નહિ કરતાં જેના ઉપર પત્ર લખવાનો છે તેને યોગ્ય હોય એવા નમસ્કાર લખે, અને પત્રની છેવટે છોકરાં છૈયાં વગેરની બાબતમાં લખે તો વધારે સારૂં ગણાય. નમસ્કારમાં દેવનું નામ લખવાથી સ્વધર્મ શ્રદ્ધાની નિશાની જણાય છે.

વિજાતિને નમસ્કાર લખવા વિષે.

વણિકાદિ વર્ગ બ્રાહ્મણને પાય લાગુ અથવા દંડવત્ લખે છે; અને બ્રાહ્મણો તેમને આશીર્વાદ લખે છે. મેશ્રીવણિયા જૈનને જેગો- પાળ અને જૈન મેશ્રીને જુહાર લખે છે. બ્રાહ્મણ મેશ્રી કે જૈન વેપારી અરસપરસ જેગોપાળ કે જુહાર લખે છે. પાટીદાર. રજપુત, કાછિયા, કણબી, કોળી કે એવીજ જાતના લોકો અરસપરસ અને વિજાતીને રામ રામ કે પંથાનુસાર નમસ્કાર લખે છે. હિંદુ, મુસ- લમાન, કે પારસી અરસપરસ સલામ લખે છે.

' જી ' પ્રત્યય વિષે.

બહુ માનની ખાતર કેટલાક નામને છેડે ' જી ' પ્રત્યય લગા- ડવામાં આવે છે. જેમકે પિતાજી, માજી, ગુરૂજી, ગુજરાતી વર્ગમાં

બહુધા શેઠને અથવા વડીલને પત્ર લખતાં માન તરીકે જી વાપરે છે. જેમકે શેઠજી, ભાઈજી, સસરાજી. વહુઓ જ્યારે શ્વસુરપક્ષનાં માણસ સાથે વાત કરે છે, ત્યારે જેના સગપણ સાથે જી ઉમેરે છે. જેમકે સાસુજી, દિયરજી, જેઠજી, ભાઈજી, ભાભીજી, મામીજી ઇ૦ ઉત્તર હિંદુસ્તાનના લોકો નામની અટક બોલતાં જી પ્રત્યય ઉમેરે છે. જેમ કે ગુરૂજી, પંડિતજી, ગોસાંઈજી, મિશ્રજી ઇ૦ પારસી ગૃહસ્થોના દરેક નામને છેડે 'જી' લગાડવામાં આવે છે. જેમકે જમસેદજી, દીનશાજી, પેસ્તનજી. ઇ૦

અટક લખવા વિષે.

માણસની જાત કે ધંધા રોજગારની ઉપર અટકનો આધાર બોલવામાં છે. બ્રાહ્મણને મહારાજ, વાણિયાને શેઠ, બાટિયાને ઠક્કર (ઠા.) કણબીને પટેલ કે પાટીદાર (પા.) રજપુતને ઠાકોર, કોળીને પગી કે પટેલ, મુસલમાનને મિયાં, પારસીને શેઠ, અને અંગ્રેજને સાહેબ કહે છે.

ધંધા ઉપરથી થએલી અટકો.

સરાફ કે નાણાવટીને પરીખ કાપડીયાને દેશીવાણિયા, દાણા વેચનારને દાણિયા કે ફોડયા. હીરામોતી વેચનારને ઝવેરી, ગાંઠનારને પટવા, દાગીના ઘડનારને સોની. જડનારને જડિયા, ઘરાણાનો કસ કાઢનારને ચોકસી, પરચુરણ દવા તથા કરિયાણાં વગેરે ચીજો વેચનારને ગાંધી, સુગંધીદાર પદાર્થ વેચનારને સરૈયા, દવા કરનારને વૈદ્ય, વકીલાત, કરનારને વકીલ સીધુસામાન વેચનારને નેસ્તી કે મોદી, શાક વેચનારને કાછિયા, ... વેચનાર કે કંતાવનારને સુત-

રિયા, લૂગડાં વણનારને વણકર, મિઠાઇ વેચનારને કંદોઇ કે સુખડિયા, ધાતુના વાસણ કરનારને કે વેચનારને કંસારા, બ્રાહ્મણમાં ગોર, પંડ્યા, ત્રવાડી, જાની, દવે, શુકલ, ભટ, અધ્યારૂ, વગેરે અટકો હોય છે.

સરકારી નોકરોને રાજેશ્રી (રા.) અને રાજ્યમાન્ય રાજેશ્રી (રા. રા.) લખાય છે વળી સરકારે આપેલા ઇલકાબો જે. પી. (જસ્ટીસ ઓફ ધી પીસ) કૌન્સિલના મેમ્બરોને ઓનરેબલ; ઉંચા નોકરો હિંદુ હોય તો રાવસાહેબ, રાવબહાદુર અને પારસી મુસલમાન હોય તો ખાનસાહેબ, ખાનબહાદુર લખાય છે.

કુશળતા લખવાના પ્રકારો.

૧ અત્રે અમુક દેવની કૃપાથી કુશળતા છે. હરરોજ આપની કુશળતા સાંભળવાથી પરમ મંગળ રૂપ સુખમય ફળ મળશે અને દુઃખદાયક ચિન્તાનો નાશ થશે. ૨ અહીં તો કુશળ વધતું જાય છે. ૩ અહીં સર્વ પ્રકારે સુખમાં છીએ. આપના સુખની વૃદ્ધિ જોવાને આતુરતા છે. ૪ અત્રે કુશળતા છે. તમારા સમાચાર જણાવશો. ૬ સર્વ મંડળી સુખરૂપ છે. ૪ આપના સમાચારની રાહ જોઇએ છીએ. ૭ દર્શનની અપેક્ષા હતી, તે પત્રદ્વારે પૂરી પડી છે. ૮ સૌ સુખી છે. તમારા પત્રથી મળ્યા જેટલો આનંદ થયો; નિરંતર એવી રીતે લખતા રહેજો. ૯ ઘણે દિવસે અણુત્રાર્યે પત્ર મળવાથી સાનંદાશ્ચર્ય પામ્યો છું. પ્રસંગે વાત પત્ર લખવા તસ્દી લેશો, વગેરે.

ઠપકા લખવાના પ્રકારો.

૧ તમારા તરફથી ઘનશ્યામરૂપી પત્ર નથી; તેથી મનસી મયુરને ચેન પડતું નથી.

૨ ભક્તિભાવે નિરંતર તમારૂં રટણ કરૂંછું. તમે મને વિસરી ગયાહો એવું જણાય છે, કેમકે પત્રદ્વારે દર્શન થતાં નથી.

૩ આપનો પ્રીતિવર્ધક દૂત નહિં જણાવવાથી મારૂં અંતઃકરણ ચિન્તાતુર રહે છે. માટે કાગળ કરવડે પત્ર લખવાનો શ્રમ લેશો.

૪ પત્રવડે દૂરના માણસનો મેળાપ થાય છે. પણ તે વાત તમને ગમતી નહિ હોય. માટે પત્રવ્યવહાર રાખતા નહિ હો.

૫ વિયોગનું દુઃખ પત્રથી શાન્ત થાય છે. માટે તમે અમૃતમય પત્ર સત્વર મોકલશોજ.

૬ જો સ્નેહ અને સુખનો પ્રકાશ કરનાર પત્ર નહિ લખો, તો મન વ્યગ્ર રહેશે, અને કામ કરવું સુજશે નહિ.

૭ તમારી સુખાકારીના પત્ર વિના હું ધનની, રાજ્યની કે મણિગૃહની પણ ઇચ્છા કરતો નથી.

૮ મેં તો તમને ઘણા પત્રો લખ્યા, પણ તમે તો એકે પત્ર લખતાજ નથી.

૯ તમે પંડે કેમ પત્ર લખતા નથી? એવું કામ જાતે કરવામાં વધારે લાભ છે.

૧૦ તમે ઘણા કામગરા માણસ છો. એટલે કાગળમાં ચાર અક્ષર પાડવા જોગ પણ અવકાશ નહિ હોય.

૧૧ પ્રત્યુત્તર લખવાથી પણ સજ્જન દુર્જન પરખાય છે.

૧૨ જવાબને માટે ટિકિટ મૂકવાની જરૂર નહોતી.

૧૩ જ્યારે પત્ર ન આવે ત્યારે હેત ભાવ કેટલો છે તે સમજાય છે.

૧૪ જરૂરને પ્રસંગે તો પત્ર લખવો જોઇએ, નહિ તો કીમત થાય છે.

૧૫ પત્રવ્યવહારથી હેત ભાવ વધે છે. ૧૬ દુનિયાનો છેટો ઘર છે માટે તેની સભાળ લેવી જોઇએ. ૧૭ તમે કાગળ લખવા-માં વાર કરો એવા નથી, પણ જોઇતાં સાધનની ન્યુનતાને લીધે તમે પત્ર લખવામાં ઢીલ કરતા હશો. ૧૮ કાગળ લખવામાં પણ કરકસર કરવી જોઇએ; કેમકે ધનમાં મુડી વધારવા જેવો બીજો માર્ગ નથી! ૧૯ અમારો તો તમારા ઉપર એક સરખો ભાવ છે, પણ તમને અમારા જેવા ઉપર પત્ર લખવામાં હલકાઇ જણાતી હોય તો ખેર! ૨૦ તમને આ લખવું ઘટતું નહેતું. ૨૧ હલકું માણસ આખરે પોતાની જાત ઉપર જાય છે! તેને શેઠની શિખા-મણ ઝાંપા સુધી પહોંચે છે. હવેથી ચિવટ નહિ રાખશો, તો દુખી થશો. ૨૨ હમેશાં કાગળ લખવાની જરૂર નથી, પરંતુ વખત આવે આળસ કરવું નહિ. ૨૩ બીડ પડે ત્યારે માણસની જરૂર હોય છે, તેમ છતાં અમને કશું જણાવતા નથી, એ કેવી શરમની વાત છે! જેમ પત્રવ્યવહાર વધાર હોય, તેમ પ્રીતિ ગાઢી જણાય છે.

જવાબ વાળવાના પ્રકાર.

૧. લખેલી વાતની તપાસ કરવામાં રોકાવાથી જવાબ આપતાં વાર થઇ છે. ૨ પત્ર આવ્યો ત્યારે પરગામ હતો. ૩ અમુક મંદવાડ કે કામની ધાઇને લીધે મોડું થયું છે. ૪ સરનામું વિસરી ગયો માટે જવાબ વળાયો નહી. ૫ નિરંતર તમારો પત્ર આનંદદાયક થઈ પડે છે. ૬ હું લખું છું ખરો પણ તમારા જેવી મારા પત્રમાં ખુબી આવતી નથી, માટે નિરસ પત્ર મોકલતાં શરમાઉં છું; અને લખેલો હોય તે ફાડી નાંખું છું. ૭ જવાબ વાળવામાં ઘણો આળસુ છું. ૮ તમારી લખેલી વાત સમજાઇ નહિ.

પત્ર લખનારને સૂચના.

૧. જેમને પત્ર લખવાનો હોય તેમને લખવા લાયક ઉપામાઓ વિચારી જવી.

૨. જ્યારે વડીલ અથવા બરોબરિયાને પત્ર લખવો હોય ત્યારે તેમના માનાર્થે આપ સર્વનામ વાપરવુંજ.

૩. કનિષ્ટ વર્ગને લખતાં તું ને બદલે તમે સર્વનામ વાપરવું.

૩. બ. દરેક પત્રમાં ક્રમવાર સમાચાર લખવા.

૪. હકીકત શરૂ કરતાં પહેલાં અપરન્ચને બદલે ઉપરન્ચ અથવા ઉપ્પરન્ચ લખે છે, અને વાંચનાર તેવુંજ વાંચે છે. પરંતુ ખરો શબ્દ અપરન્ચ છે. કેટલાક તેને બદલે જત શબ્દ મૂકે છે. એ બન્ને શબ્દોનો અર્થ બીજું થાય છે.

લખ્યો. ૯ મારા માટે શ્રમ વેઠીને જણુશ મોકલી, તેથી આપનો આભાર થયો છે. આ તરફની કોઇ વાર તો સેવા ચાકરી લખશો. જ. ૧૦ વાંચી સમાચાર જાણ્યા છે. લખો છો તે ઠીક છે. ઇ૦ઇ૦

૫. થોડા લખાણમાં ઘણી મતલબ સમાવવી. મુદા વગરનું નિરૂપયોગી અને લાંબું લખાણ ન કરવું, સમજુ પુરૂષો એવું લખનારની મૂર્ખાઇ પર હસે છે, અને લખેલો પત્ર વાંચતાં કંટાળે છે. લખનારની લાયકી વિષે તોલ થાય છે, માટે પૂર્ણ વિચારથી તે કામ કરવું.

૬. લખેલી હકીકત બેવડાય નહિ તેને માટે સાવધ રહેવું.

૭. દરેક વાક્યની શરૂઆતમાં વારંવાર નિરૂપયોગી શબ્દ મૂકવા નહિ, કેટલાક દરેક વાક્યારંભે બીજું શેઠને માલમ થાયજે, અથવા બીજું ભાઇજીને માલમ થાય જે એમ લખ્યાં કરે છે, એવું લખવાથી વાક્યનો હેતુ વધતો નથી, તેમ લખવામાં ન આવે તો અપ-

માનકારક મણાતું નથી; માત્ર ગાડરિયા પ્રવાહની પેઠે દેખાદેખી એનો પ્રચાર વધી પડયો છે, તે અટકાવવો જોઇએ.

૮. દરેક વાક્યને અંતે ઘટતાં વિરામ ચિન્હો વાપરવાં જોઇએ.

૯. પત્રની લખાવટમાં રમુજી ભાષા વાપરવી, અને અથઇતી સમાચાર સારા અક્ષરે એવી સુઘડતાથી લખવા કે કોઇપણ માણસ એ વિષે ટીકા કરી શકે નહિ.

૧૦. સ્વેચ્છાથી કે શિખવણીથી પત્રમાં કેવળ નકામી, કુભાષણ ભરેલી, નિંદાયુક્ત બનાવટો કે શક ભરેલી વાતો ન લખવી. જેઓ એવા લખાણથી દૂર રહે છે તેઓ પોતાનું વધારે વજન પાડી શકે છે.

૧૧. લખાણની હકીકત પર વિચાર કરી નાના મોટા કદનો કાગળ લેવો. કેટલાક તેનો વિચાર કર્યો વગર કાગળ લે છે. પછી બંને બાજુએ એટલું બધું ખીચોખીચ લખી વાળે છે કે તે વાંચતાં કંટાળોજ આવે. કેટલાક વાંચનાર એવા કાગળો વાંચતા નથી પણ તરત કચરાની ટોપલીને સ્વાધીન કરે છે. માટે કાગળ કરનાં સમાચાર વધી પડે તેમ હોય તો પહેલેથી જોઇએ તેવડો તે લેવો, અને પાછળથી વધારે હકીકત લખવાનો જરૂર પડે તો નવીન કાગળમાં બાકીના સમાચાર લખવા, પણ કરકસર કરી માન ગુમાવવું નહિ.

૧૨ દેશાવરનો સંબંધ માત્ર પત્રની પતીજ ઉપર ચાલે છે. આળસથી લખવા લાયક જવાબ મુલતવી રાખવો નહિ. જે માણસ જવાબ આપવામાં આળસ કરે છે તે પોતાના વ્યવહારમાં નહિ ધારેલી આફતમાં આવી પડે છે.

૧૩. નિરંતર આશરે પડતો પ્રત્યુતર ન આપવો, પત્રને

જવાબ વાળતાં અવેલા પત્ર કને રાખવા. અને તે જોઇને ખુલાસા આપવા. જોયાવિના લખનાર અગત્યની વાત ભૂલે છે અને નિરૂપયોગી સમાચાર લખી નાંખે છે.

૧૪. શાન્તપણે દરેક પત્ર લખવો. ધાઇ કરીને લખવા જતાં જોઇતો ખુલાસો આપવો રહી જશે, અથવા એકને બદલે બીજાને લખી દેવાશે.

૧૫. ઝીકા, બારીક, ગુંચવણ ભરેલા, [1]દ્વારૂપે વપરાતા, ને અશુદ્ધ અક્ષર નહી લખવા. કેમકે ઘણી મુશીબતે એવા પત્રો વાંચી શકાય છે. અને અનુભવ રહિત પુરૂષો વખતે વિવાહની * વરશી કરી નાંખે છે.

૧૬. લખતી વખતે એવા અંદાજમાં કલમ રાખવી જોઇએ કે તેમાં વિશેષ શાહી આવે નહી અને લખાણમાં ડાઘા પડે નહિ. લેખકનું પ્રથમ લક્ષણ એ છે કે સુઘડતાઇ વાપરવી જોઇએ.

---

૧. બે રૂપમાં વપરાતા જેમકે "પ" અને "વ" પરખાય નહિ. * બોડિઆ અક્ષર. એક વણીકે લખ્યું હતું કે કાકા અજમેર ગયા છે. આ પત્ર વાંચનારે એવા રીતે વાંચ્યો કે કાકા આજ મરી ગયા છે. પણ વસ્તવિક રીતે કાકા અજમેર ગયા છે એવો હેતુ હતો. તેને બદલે એ રીતે વાંચવાથી એ પુરૂષની ઉત્તરક્રિયા થઇ. વળી એક વેપારીના નામા વિષે કહેવામાં આવે છે કે અગ મગ ટપર પલબચ હસ ગનં ગપર અખતજ દન એટલે હીંગ, મરી, ટોપરૂં અખાત્રીજ ઉપર ચોખાપાલી બે હસ્તે ગોર ગોપાળ એમ મૂળ લખ્યું હતું; પરંતુ માહિતગાર માણસ વગર કોઇ પણ માણસથી એ નામું બેસાડી શકાયું નહીં.

૧૭. બગડેલા અક્ષરો ચાકુવડે ખોતરવા કરતાં છેકીને બીજા લખવા. કેટલાક ચપ્પુ વડે ખોતરીને બીજા શબ્દો લખવા પ્રયત્ન કરે છે પરંતુ એ કામ ઘણું જોખમ ભરેલું છે. કીમતી પત્રોમાં એવું કરનારને ભારે હાનીમાં ફસાવાનો ભય રહે છે.

૧૮. પત્ર વાંચતાં ઉતાવળા ન થવું. આપણા લેકો લખાણમાં વિરામ ચિન્હ વાપરતા નથી. તેથી ઉતાવળે વાંચવા જતાં લખેલો હેતુ પલટાઇ જવાનો સંભવ રહે છે માટે નિશ્ચિન્ત થઇને તે વાંચવા જોઇએ.

૧૯, લેખકે પત્ર લખતાં ઉતાવળા ન થવું. લખાણની લીટીઓ સરખી દોરવી, અને મરોડદાર અક્ષર લખવા તરફ કાળજી રાખવી.

૨૦. ઉપયોગી દસ્તાવેજની નકલ અથવા દાખલો રાખવામાં બેકાળજી ન રાખવી. એવી વાતમાં ઢીલ કરવાથી પ્રસંગોપાત કષ્ટ ભોગવવુ પડે છે

૨૧. જ્યારે કોઇ સાથે ઉપયોગી રકમો, હુંડીઓ કે બીજી જણુશો મોકલી આપવામાં આવે ત્યારે પત્રમાં સંપૂર્ણ, વિગત લખવી મોઘમ લખવું નહિ.

૨૨. પત્રમાં રકમનો આંકડો લખતાં અંકે બાંધવા જ જોઇએ.

૨૩. મોટા પુરૂષની માંદગી અથવા કુશળતા પુછવી હોય તો ઉચ્ચતાના શત્રુની હાલતનું વર્ણન લખવું. મતલબ કે અલંકારિક ભાષા વાપરવી.

૨૪. પત્ર લખવામાં ચાર સાધન જોઇએ ૧ સારી કલમ. ૨ સારી શાહી. ૩ સરસ કાગળ. ૪ ઉત્તમ લેખક. પહેલાં ત્રણ સાધન

સહેલથી મળી શકે છે, પરંતુ ચોથું સાધન એકદમ મળવું દુર્લભ હોય છે.

૨૫. બનતા સુધી પત્રને પકડવા જોગ ડાબી બાજૂએ એક સરખી જગો ખાલી રહે તેમ કરવું. તે માટે સરકારી લખાણોના પત્રોમાં સળ પાડવામાં આવે છે. વ્યવહારીક પત્રમાં પણ સળ રાખી લખાણ કરવામાં આવે તો જુના પત્રો ચોપડીના આકારમાં બાંધી રાખવા ઠીક પડે.

૨૬. એમ કરતાં વધારે સ્થળના લોકો સાથે પત્રનો સંબંધ હોય તો ગામવાર પત્ર એક જગ્યે રાખવા, એ વ્યવસ્થાથી જોઇતા પત્ર સહેલથી તૂર્ત હાથ લાગશે.

૨૭. પત્રમાં ધ્યાન આપવા જોગ સમાચાર નીચે લીટી દોરવી. અથવા વાંચનારનું તૂર્ત ધ્યાન ખેંચવા માટે 'તાકીદે' કે 'જરૂરી' એવા શબ્દો વાપરવા. એવા પત્રોપર વાંચનારે પણ ધ્યાન આપવામાં ઢીલ કરવી નહિ.

૨૮. સંકેતથી *પત્રવ્યવહાર નભે એવું પણ કરવાની જરૂર છે. અતિ ગુપ્ત સમાચાર લખતાં એવાં સંકેતનો ઉપયોગ કરવો કે માત્ર વાંચનાર જ તે સમજી શકે ખુલ્લી રીતે ગુહ્ય સમાચાર લખવામાં મહા સંકટ ભોગવવું પડે છે.

૨૯. હરકોઇ પત્ર પૂરો થાય એટલે એકવાર વાંચી જવાની ટેવ રાખવી જોઇએ, એમ કરવામાં ઘણું હિત સમાયલું છે.

---

*કેટલાક સંકેતથી ન લખતાં ડુંગળી અથવા લીંબુના રસથી; દૂધથી કે આકડાના દૂધથી છાના કાગળો લખે છે એવા પત્ર અગ્નિના તાપે ધરતાં વંચાય છે.

૩૦. જ્યારે પત્ર રવાને કરો ત્યારે તેનું વજન કરી જોજો. સહેજ સાજ વજન વધી પડે ત્યારે ખરચની કરકસર ખાતર પત્રને કાતરી ઓછું વજન કરવા ઇચ્છા કરતા નહિ. એમ કરવા જતાં પત્ર બેડોળ થાય છે અને આપણી સભ્યતામાં ખામી જણાય છે માટે તેને બદલે ટિકિટ ખરચ વધારે કરવો પડે તો ફીકર નહિ.

૩૧. પત્રનું સરનામું ચાલતા પત્રપરજ કરવું હોય તો મથાળાની તરફ ચાર આંગળ જગો ખાલી રાખીને પત્ર લખવાની શરૂઆત કરવી. અને તે એવી રીતે બીડીને વાળવો કે તેને ફોડતાં લખેલો ભાગ ફાટવા જેવો પ્રસંગ ન આવે.

૩૨. વેપારીઓ પત્રની નીચલી બાજૂએ કોરી જગા રાખતા નથી પણ તે રાખવી જોઇએ. વરરૂચી કવી કહે છે કે નીચેના ભાગમાં પણ નિદાન એક આંગળ જગો કોરી રાખવી. હિંદી ગ્રંથકાર તે સાથે એક મત થઇ જણાવે છે કે કેટલાક રાજસ્થાનમાં તે ચાલ છે અને ખુશમિજાજ તથા મુબારકપણાની એ નીશાની છે.

સરનામું લખવા વિષે.

૧. રસ્તામાં ફાટે નહિ એવા મજબુત કોરા કાગળનું પાકીટ કરવું જોઇએ. પણ આપણા લોકોની અસલની રૂઢી તો એવી છે કે જન્મોતરીની પેઠે, પત્રને ગોળાકાળ વાળીને તે બીડવો જોઇએ.

૨. સાધારણ એટલે બીજાઓ વાંચી શકે તેવો પત્ર હોય અને શુભ હોય તો સરનામા ઉપર પત્ર શુભ છે એમ લખવું. અશુભ હોય તો પત્ર અશુભ છે એમ જણાવવું. જો શુભ પત્ર હોય તો સરનામા ઉપર અથવા તેની પાછળ મોટા અક્ષરે છ્યા—, નો

*અંક લખવો. આ અંકની વાત જાણ્યુ બહાર હોવાથી કેટલાક પાકીટના સાંધાઓ ઉપર પાછળના આંકડા પણ કરે છે. સંપને મળ્યા બાદ એવી નિશાનીવાળા પત્રો પોતાના હોય તોજ ફોડીને વાંચવા જોઇએ.

૩. અપૂર્ણું અને સમજ નહિ પડે એવું સરનામું લખવાથી પત્ર પહોંચતાં વાર થાય છે, માટે નિરંતર પૂરા પત્તા સાથે સાફ અક્ષરે ધણીનું નામ ઠામ, લખવું જોઇએ, જેમકે

(પોષ્ટ કાર્ડ ઉપર.)

રા. રા. મોહનલાલ અમૃતલાલ ગાંધી.

ટીંબરવા.

પોષ્ટ શીનોર થઇને.

(કવર ઉપર.)

શુભ છે. પોષ્ટપેડ. ટીકીટ. રૂ.

શ્રીમંત નગર શેઠ મગનભાઇ પુરૂષોતમભાઇ, ..

ઠે. માળો નં. ૨૧૦ વિઠ્ઠલવાડી—કાલબાદેવીરોડ,

૨ મુંબાઈ.

અશુભ છે, અથવા કપડાં ઉતારીને વાંચજો.

ત્રવાડી મૂળજી મયારામ.

વગા.

---

* જેને આ વાતની ગમ નથી તેઓ એવા પત્રના સરનામા ઉપર લખે છે કે માલિકને હાથો હાથ પહોંચે, અથવા માલિક શિવાય બીજાએ ફોડવો નહિ !

૩ કાઠીયાવાડ.

*બુકપોષ્ટ તોલા. ટિકિટ રૂ.

રા. રા. પ્રાણજીવન તુળજારામ દેસાઇ.

સ્કૂલ માસ્તર—મુ. રાંદેર.

ભરૂચથી. પે. લ. શાહ. } જી. સુરત.

સરકારી લફાફાનું સરનામું.

જાવક નંબર. ફક્ત અમુકના કામ બાબત.

મહેરબાન રાવ સાહેબ મામલતદાર સાહેબ.

તાલુકે માંડવી.

જી—સુરત.

૪. ટિકિટ વગરના (નોટપેડ) પત્ર વહેલા પહોંચે છે, અને ટિકિટવાળા (પેડ) પત્રો મોડા પહોંચે છે એમ ન સમજવું. જો તમે કરકસરનો નિયમ સમજતા હો તો નોટપેડ પત્ર લખીને પોતાના સંબંધીને નાહક વધારે ખરચમાં ઉતારતા નહિ.

૫. નાના ગામડાના પત્રો પહોંચાડવાને પણ સરકાર કાળજી રાખે છે. પરંતુ જ્યારે તમે તે ગામના પત્રો ચોકસ પોષ્ટ મારફતે પહોંચવાનું નથી લખતા ત્યારે મુદતસર તે પત્ર પહોંચી શકતા નથી; માટે નાના ગામે જનારા કાગળોના સરનામે તેનો જીલ્લો અથવા

---

* બુકપોષ્ટ પાકીટનાં બન્ને મોં ખુલ્લાં રાખવાં. પાકીટ ઉપર ' અરજી ' એમ લખવું.

તેમ નહિ તો મુખ્યત્વે કરીને કાગળ પહોંચાડનારી પોષ્ટનું નામ જણાવતા રહેવું જોઇએ. જેમકે, મુકામ પડાળ-ઠાસરે થઇને.

૬. એકના કાગળમાં બીજાનો પત્ર બીડવો પડે તો બીજાના પત્રપર ૭૪॥ નો અંક લખવો. નહિ. એકની અન્દર બીજાનો પત્ર છે એવી ખબર પોસ્ટ ખાતાને થશે તો તે એ પત્રને નોટપેડ રજીષ્ટર બેગીમાં મોકલશે, તેથી પત્ર લેનારને ચાર આના નુકશાન ખમવું પડશે માટે તમે એવો વિવેક નાપ શો માં.

૭. ઘણા પત્રોના પાકીટપર સરનામાં કરવાં હોય તો પ્રત્યેક પત્રનું નામ જોઇ જોઇને પાકીટનાં સરનામાં કરતા જવું.

૮. પોષ્ટમાં રવાને કરવા જોગ પત્રોપર દર એક તોલે એક આનાની ટિકિટ ચોઢવી. એક તોલાથી દસ તોલા સુધી એક આનાની ટીકીટ ચોઢવી. તે ઉપરાંત દર દસ દસ તોલા સુધી એક એક આનાની વધારે ટીકીટ ચોઢવી. પણ બુકપોષ્ટ પાકિટ હોયતો દર ૧૦ તોલે ૦॥ આનાની ટિકિટ ચોઢવી.

૯. માઠા ખબરના કાગળોને સરનામે મોટા અક્ષરે 'પત્ર અશુભ છે કે 'લૂગડાં ઉતારીને વાંચજો' એમ લખવા ચુકવું નહિ. જો પત્રમાં કેટલાક સમાચાર લખ્યા પછી એ બાબત લખવી હોય તો બે લીટીઓ દોરી પ્રથમ ઉપરનું વાક્ય લખીને લખવા જોગ માઠા સમાચાર લખવા. બાકીના પત્રો પર શુભ છે એમ નહિ લખાય તો ચાલશે.

૫૯ પત્ર વાંચવા વિષે.

૧. અક્ષર પત્ર લખનારને ઓળખી કાઢવું જોઇએ.

૨. ક્યાંથી ક્યારનો રવાને થયેલો પત્ર આજ મળે છે, તે ટપાલની છાપ જોવાથી સમજાશે અને તે મોડો પહોંચ્યો હશે, તો

લખીને રવાના કરવામાં વાર થવાથી, પોષ્ટ ખાતાની ગફલતથી, કે સરનામામાં ફેર પડવાથી મોડો આવ્યો તેનું કારણ સમજાશે, અને જરૂર હોય તો તેને માટે પોષ્ટના અધિકારીને પૂછવું કે બીજા યોગ્ય ઉપાય લેવા.

૩. પત્ર મળતાંજ તેના સરનામે અથવા માંહેલી બાજુના મથાળે જોવું, કે કેવા સમાચારનો આ પત્ર છે. શુભ હોય તો તુરત વાંચવો, અને અશુભ હોય તો કપડાં ઉતારીને વાંચવો.

૪. હજાર કામ છોડીને આવેલો પત્ર સ્થિરતાથી વાંચી લેવો.

૫. ટપાલની છાપ ફાટે નહિ, તેમ પત્ર ફોડવો જોઇએ.

૬. રસ્તે ચાલતાં મળેલા પત્રો ફોડીને વાંચવા નહિ.

૭. જ્યાં સુધી આવેલો પત્ર એકવાર પોતે અથઇતિ વાંચી જોયો ન હોય; ત્યાં સુધી બીજાને પત્ર વાંચવા આપવો નહી, તેમજ બીજાને વાંચી સંભળાવવો પણ નહિ.

૮. આપણા પત્રમાં બીજાનો પત્ર હોય તો બનતાં સુધી તર્ત તુર્ત જેને તેને પહોંચાડવો. તેવો પત્ર વાંચવો નહિ. કેમકે તેથી વિશ્વાસઘાત કર્યો ગણાય છે.

૯. વાંચીને ફાડી નાખવા લાયક પત્રો બીજાને હાથ ન જવા જોઇએ. જો તેને ફાડી નાખવામાં આવે તો તેથી એવી ઝીણી ઝીણી કરચો કરી નાખવી કે કોઇ તેને ભેગા કરી મૂળના આકારમાં ગોઠવી શકે નહિં. બનતા સુધી એવા પત્રો ફાડીને જળમાં પધરાવવા.

૧૦, વાંચતી વખતે લખાવટપર પણ લક્ષ આપવું જોઇએ. ઇબારત ના પસંદ હોય અથવા લખનાર કાચો હોય તો પત્ર લખવાનો

હેતુ સમજતાં ઘણી વાર લાગે ને માટે એવા પત્રોનું એક કરતાં વધારે વાર અવલોકન કરવું જોઇએ.

૧૧. વધામણીના પત્રો વાંચી હર્ષ ઘેલા ન થવું. તેમજ શોક ઉત્પન્ન થવા જેવી વાત હોય તો વાંચીને ગમગીનીમાં ન પડતાં ધીરજ રાખવી.

૧૨. વાંચેલા પત્ર એવી વ્યવસ્થાથી મૂકવા જોઇએ કે જરૂર પડે હાથ લાગી શકે.

અ. ચિઠીઓના નમુના.

સાધારણ ચિઠીઓ—શિક્ષકને ચિઠી.

માસ્તર ચુનીલાલને માલમ થાય જે ચિ. નાનાલાલ આંક તથા પાઠ ભણી ગયો છે. સંવત્ ૧૯૮૫ ના કારતક વદ ૩ વાર શુક્ર.

લી. વ્રજભૂખણદાસ હરિલાલ.

શીરછત્ર વિદ્યાગુરૂ દામોદરદાસ અમથાભાઇ—

વિ. કે આજ મારા પિતાજી સાથે મંદિરે જવાનું છે, માટે મારી રજા પૂરશો એવી આશા છે. તા. ૬–૪–૨૯ લી. વિદ્યાર્થી ઇચ્છાશંકર પ્રભાશંકરના પ્રણામ.

મિત્ર ઉપરની ચિઠી.

પરમપ્રિય ભાઇ શ્રી ગવરીશંકર પ્રભાશંકર.

વિ. વિ. કેટલીક અગત્યની વાતમાં તમારી સલાહ લેવાની છે, માટે તમે સાંજે ૭ વાગે રાણીના બગીચામાં જરૂર મળશો સં. ૧૯૮૫ ના કારતક વદ ૮ વાર સોમ. લી. દલસુખરામના જેગોપાળ.

તાબાના માણસપર ચિઠી.

રા. ભાઇ છગનલાલ—

આજ સવારે તમને મેં જે 'સંગીતાનુભવ' નામે ગાયનની ચોપડી વિષે વાત કહી હતી તે હું વાંચી ગયો છું; ને મેં કેટલીક બાબતો લખીને પ્રો. મૌલાબક્ષ તરફ મોકલી છે, માટે તમે તેમને મળજો અને મારા લખેલા મુદ્દા ઉપર સરત રાખી જરૂરી ફેરફાર કરી ચોપડી છપાવવા લાયક તૈયાર કરી આપવી. પાંચસાત દિવસમાં કામ પૂરૂં થાય એમ ઇચ્છુંછું માટે તમે તેમને તૂર્ત મળજો. તા. ૧૧-૩-૨૯ ને વાર ભોમે. લી.

તા. ક. હરગોવિંદ.

સીતાર સંબંધી એક બીજું પુસ્તક તૈયાર કર્યું છે તેની ભૂલ સુધારવાની છે, માટે તે પણ સુધારી આપશો. તા. સદર.

હ. દ.

કામકાજની ચિઠીઓ.

દોશી અમૃતલાલ ગોવરધન, જત અમદાવાદી ધોતીજોટા બેગજી દશવાર માલ શિકાર જોઇને જાંગડ આપજો. સં. ૧૯૮૫ ના ભાદરવા વદ ૧૪ ને વાર મંગળ લી. દેસાઇ નાથજી ભોગીલાલ.

મોદી ભૂખણ હરિવલ્લભ.

જત હરિભક્તિના સદાવ્રત ખાતે સીધાં ૪ ચાર આવજો. સં. ૧૯૮૫ ના આસો સુદ ૧૫ શુક્ર મગનલાલ હરિભાઇ.

નાણા સંબંધી ચિઠીઓ. (રૂકા.)

પરી. પ્રાણલાલ લાલજીભાઇ જત કેશવલાલ લલ્લુભાઇને. રૂ.

૧૨૫) અંકે સવાસો અમારે ખાતે લખીને આપજો. સં. ૧૯૮૫ ના કારતગ સુદ ૫ ને વાર શનિ દા. શાહ ચુનીલાલ લલ્લુભાઇ.

પરી. શામળભાઇ નથ્થુભાઇ—જોગ લી. પરી. ઝવેરચંદ લક્ષ્મીચંદ જત રૂ. ૫૦૧) પાંચસેં એક પરી. હરિભાઇ ભક્તિદાસની દુકાને આજની મિતિના અમારા ખાતે જમા કરાવજો. સં. ૧૯૮૫ ના કારતગ સુદ ૧૫ ને વાર શુકરે દા. પરી. કેશવલાલ પરમાનંદ.

બ કુશળતાના પત્રો—પિતાજી ઉપર પત્ર.

*સ્વસ્તિ શ્રી દેરગઢ બારીઆ મહાશુભસ્થાને પૂજ્યાગધે શુભોપમા લાયક શીરછત્ર તીર્થરૂપ શ્રી ૫. પિતાજી ગાંધી અમૃતલાલ વખતચંદ. સેવામાં કલકત્તેથી લી. × સેવક મોહનલાલ અમૃતલાલના પ્રણામ અંગીકાર કરશો. વિનંતિ કે આપની કૃપાવડે કુશળ છું. નિરંતર પત્રદ્વારે સેવકની સંભાળ લેશો. આપની અમૂલ્ય શિખામણોનો પ્રસંગોપાત્ત્ ઘટતો ઉપયોગ કરૂં છું; હાલમાં નિર્વાહ જોગ રોજગાર હાથ લાગ્યો છે, પરંતુ આપની પુણ્યાઇએ આગળ ઉપર બે પૈસાની પ્રાપ્તિ થશે એમ ધારી શકું છું: ઠાકોરજી ઉપર આધીન રાખી ચોખવટથી બનતો ધંધો કરૂં છું, તેથી લોકમાં મારો વ્યવહાર વધતો જાય છે.

---

* ઉત્તર હિંદુસ્થાનમાં વડીલોના પત્રોમાં સ્વસ્તિ શ્રી ને બદલે સિદ્ધિ શ્રી લખાય છે. દખણમાં કંઇ પણ લખાતું નથી. × દખણમાં આપત્યે લખાય છે. એનો અર્થ બાળક—પુત્ર. કેટલાક પ્રશસ્તિકારો પણ તે વાત માન્ય રાખે છે. વધારે વિવેકમાં કેટલાક લખે છે કે આપના ચરણ કમળને ત્રિકાળ સેવનાર આપત્યે અમુક !

આપ શીરછત્ર હો ત્યાં સુધી મારે ચિન્તા કરવા જેવું નજ હોય, એ વાત ખરી છે પણ હવે હું લાયક ઉમ્મરનો થયો, માટે મારે એકાદ પ્રતિષ્ટિત ધંધો પત કરવોજ જોઇએ. આ હેતુ પાર પાડવાને હું વતન બહાર નીકળ્યો છું.

અહીં આવવાથી મારામાં હિંમત અને સાહસ વધ્યાં છે, સમયાનુસાર આચરણ રાખવાની ટેવ પેદા થતી જાય છે, અને વેપાર શી ચીજ છે તેનો ખ્યાલ કરવાને હું શકિતમાન બનું છું. આપણા દેશમાં મુંબાઇ, મદ્રાસ, અને આ શહેર વેપારનાં મોટાં મથકો છે. એ મથકો દરેક ધંધાર્થીએ માણસે અવશ્યે જોવાં જોઇએ. અત્રેના લોકને વિદ્વતામાં, ચંચળાઇમાં, હુન્નરકળામાં, અને વેપારની ધમાલમાં પરેલા જોઇને મારી અકકલ મારી જાય છે. આપણે ત્યાંના લોકની સ્થિતિ નબળી જ રહેવાનાં વાસ્તવિક કારણ હવે મારી ધ્યાનમાં આવે છે. તેમાં મુખ્ય કારણ એ છે કે આપણા લેકાનો ઘણો ભાગ વિદ્યામાં પછાત રહે છે, અને પોતાના વતનમાંજ રળી ખાવાની ઇચ્છા રાખે છે. તેથી પોતાના પ્રદેશમાં નવું ધન વધવા પામતું નથી, અહીં તેમ નથી, લોકો વિદ્યાના વિલાસી હોઇને ઉંચા પ્રકારની કેળવણી મેળવવાની ખટપટમાં રહે છે, નવીન હુન્નર કળાના શોધક છે, સંકટની દરકાર નહિ રાખતાં દેશની હદ બહાર લાંબે પહને જવામાં તૈયાર હોય છે, અને પરદેશી વેપારીઓ સાથ હરીફાઇ કરવાને મચ્યા રહે છે. હવે આપણે સમયવર્તે સાવધાન થવું જોઇએ. અને જ્યાં સુધી તેમ કરીશું નહિ, ત્યાં સુધી આપણે ઉંચી સ્થિતિએ પહોંચીને ઉંચા પ્રકારનાં સુખ ભોગવવાને શકિતમાન થઇ શકીશું નહિ, સેવક જોગ સેવા ચાકરી ફરમાવશો. મારી વતી સર્વે

મંડળને યથાયોગ કહેવાને તસ્દી લેશો. સંવત ૧૯૮૫ ના ફાગણ શુદ ૨ ને બુધવાર સેવક મોહનલાલના પ્રણામ.

(ઉપલાનો જવાબ.)

સ્વસ્તિ શ્રી કલકત્તા બંદરે શુભસ્થાને શ્રી ૧ નેત્રમણી ચિ. ભાઇ મોહનલાલ અમૃતલાલ. બારીઆથી લી. ગાંધી અમૃતલાલ વખતચંદની આશીશ વાંચવી. અત્રે શ્રીનાથજી બાવાની કૃપાથી કુશળતા છે. તમારો પત્ર વાંચી મને ઘણો સંતોષ પ્રાપ્ત થયો છે. એજ પ્રમાણે વિયોગનું દુઃખ દૂર થવાને સારૂ હજાર કામ પડતાં મૂકીને પણ પત્ર લખવો. તેમાં આળસ રાખવું નહિ. તમે પંડે ખંતી અને ઉદ્યોગી છો, માટે મનમાનતો રોજગાર નહિ મળવાથી તમે નિરાશ રહેતા હશો એમ ધારૂં છું. પરંતુ તેની ફીકરમાં પડવાથી પરદેશમાં તમારી તન્દુરસ્તી બગડશે. શરીરે સુખી હશો તો સર્વ કામ કરી શકશો. તમને માઠું લાગે તેવું કહેનાર ત્યાં કોઇ નથી. જોઇ વિચારીને કામ કરવું. પૈસા મેળવવાને ખોટે રસ્તે ન ચઢવું, સંતોષ રાખીને ધંધો કરશો તો વધારે સુખી થશો. જો તમને ખરચીને માટે તાણ પડતી હોય તો અહીંથી મંગાવી લેવું. શરમાવું નહિ.

તમે આપણા લોકની ચઢતીને માટે જે ધસારો કર્યો તે બરાબર છે. તમારી લાગણીને હું ધન્યવાદ આપું છું. આપણા લોકોએ વિદ્યાનો સ્વાદ ચાખવાની શરૂઆત કરી છે, તેથી પાંચ પચીસ વર્ષે તેના ઉત્તમ ફળ ભાવી પ્રજા ભોગવી શકશે.

પરદેશમાં નવો સંબંધ હોવાથી એકદમ સારો રોજગાર હાથ લાગવો મુશ્કેલ હોય છે. જેમ લોકોમાં સહવાસ વધશે, તેમ તમારો રોજગાર ખીલશે. વ્યવહારમાં પ્રમાણિકપણું હોય, તો વેપારની વૃદ્ધિ

થયા વગર ન જ રહે. સાચવટ સંભાળતાં થોડો નફો મળે તેની ચિંતા નહિ. આબરૂ છે તેજ પૈસો છે. માટે લાખને ખોઇ શાખને વધારજો. ધીરજ રાખી કામ કરજો. નિરંતર પત્ર લખી સંતોષ આપજો. તમારા નાના ભાઇ મનસુખના પાયે લાગું વાંચવા. તમારી કાકીએ આશીર્વાદ કહ્યા છે. તમારા સૌ બાળ સ્નેહી તમને બહુ સંભારે છે. આશીર્વાદ. સં. ૧૯૮૫ ના ચૈત્ર સુદ ૫ ને રવિ દા ભાઇ મનસુખલાલના પાયલાગુ વાંચશેજી.

મોટા ભાઇને પત્ર.

સ્વસ્તિ શ્રી વડોદરા મહાશુભસ્થાને, શીરછત્ર વડીલ બંધુ શ્રી ૫. ભાઇજી મણિશંકર મૂળજીભાઇ જોગ શ્રી કલોલથી લી. ચુનીલાલ મૂળજીભાઇના પ્રણામ. અત્રે શ્રીશંકરની કૃપાથી કુશળતા છે. અંતરમાં દર્શનની અપેક્ષા રહે છે, તો પત્રદ્વારે સેવકની અભિલાષા પૂરશોજી અત્રે સર્વ પ્રકારની સગવડ છે, વસ્તી ઠીક છે. તાલુકાનું મુખ્ય મથક છે, પણ ગામડીયો રિવાજ બહુધા છે. ઘણા ખરા લોકો રાજ અને વાર પરવે પણ ફાળિયાં વિંટી આખા ગામમાં ફરે છે. ખાવામાં અડદની દાળ તથા મગનો વાપર વિશેષ છે. સવારમાં રોટલા અને દાળ જમે છે, અને સાંજે ખીચડીનું વાળું કરે છે. દરબારી ખાતામાં વહિવટદારની કચેરી, પોષ્ટ ઑફીસ, અને શાળા છે. ઉંચ વરણમાં દિશાવાળાનો જથો વધારે છે. હવા પાણી સારાં છે. બળતણુ ઠીક અછત છે. તીર્થરૂપને પત્ર લખ્યો છે.

દેશીનામાની સરળ પદ્ધતી નામે એક પુસ્તક છે. તે જોતાં, વડોદરાવાળા જમનલાલકૃત દેશી નામાનો ઉતારો કરેલો જણાય છે અને હાલની આવૃતિમાં તો ખુલો દેખાઇ આવે છે. આ પ્રમાણે

અંતરદાર થવાને તજવીજ કરવી, એ શરમની વાત છે. અત્રે દેશી-નામાની દસ પ્રત કોઇની સાથે મોકલાવી દેશો. સં. ૧૯૮૫ ના માગસર સુદ ૭ ને વાર બુધ દા. પોતે.

સ્વામિને પત્ર.

૧. સ્વસ્તિ શ્રી સુરત મહાશુભસ્થાને પરમપૂજ્ય આનંદદાયક સૌભાગ્યભૂષણ શિરોમણી શ્રી ૫ પ્રિયતમની સેવામાં (ગામ) થી લી. નિરંતરની દાસી સૌભાગ્યવંતીના પ્રેમભાવે વારંવારે પ્રણામ. આપની તથા રઘુનાથજીની દયાથી અત્રે મંગળ સમાચાર છે. આપની સુખાકારીને માટે નિરંતર પ્રભુ પ્રાર્થના કરૂં છું. સર્વદા તેઓ આપનું સંરક્ષણ કરે. ઘરની સર્વ હકીકત જાણો છો. મારા ભાઇના આવ્યા પછી મારે આવવાનું થશે. આપનો પત્ર નથી, તેથી સંશય રહે છે, કે મારી માતુશ્રીનાં વિવેક રહિત વચનથી આપને માઠું લાગ્યું હશે. આપ વિચારશીલ છો, એટલે તેમના બોલવા તરફ નહિ જોશો. તેમને પાછળથી ઘણો પસ્તાવો થયો છે. દર્શનની અપેક્ષા પત્રદ્વારે પૂર્ણ કરશો. ચિ. નાનાભાઇ કેશવલાલને મારી આશીષ કહેશો. સંવત ૧૯૮૫ ના મહા શુદ ૫ ને વાર ગુરૂ.

સ્ત્રીને પત્ર.

સ્વસ્તિ શ્રી (   ) શુભસ્થાને પ્રિયતમા શ્રી. ૧ અખંડ સૌભા-

---

૧. દક્ષિણમાં એવો ચાલ છે કે પ્રાણપતિ સમ સૌભાગ્ય પ્રમોદક પતિરાજા ઇ. લી. સ્વામીની ચરણ સેવામાં તત્પર, અને પુણ્યાઇ ભાગિની સૌની કર જોડી વિજ્ઞાપના એ છે કે અત્રે આપના ચરણનું સ્મરણ કરતાં કુશળ અથવા આપની કૃપાવડે શીયલ સમાચાર કુશળ છે.

અવંતી (નામ) સુરતથી ચી. (નામ)ના સ્નેહયુક્ત આશીર્વાદ. અત્રે સર્વ વર્ત્તમાન સારાં છે, તમારી પ્રેમ ભરી પત્રિકા વાંચી પરમ સંતોષ પ્રાપ્ત થયો. ઘરની વાત ભૂલમાં ગઈ નથી. કાર્યસિદ્ધિ થવાની વાર છે. અમારી ચિંતા ન કરવી; સ્વધર્માચરણમાં સાવધ રહેવું. તમારાં પીએરીઆં બોલવામાં અવિચારી છે. ઠાલી મમત કરવા જતાં આબરૂ ગુમાવશે. હાથ ભીડમાં હોય ત્યારે આણાં જિયાણાંની વખતે પોતાની શક્તિ પ્રમાણે ટેક રાખવો જોઇએ. સમયસૂચક થવામાંજ લાભ હોય છે. દીકરીઓ વધારે મુદત સુધી ઘેર રાખવાથી ઉલટો ખરચનો બોજો વધે છે, પણ સંપત્તિ પ્રમાણે સાસરવાસો કરી વળાવવાથી લોકમાં સારૂં દેખાય છે. વિવેકની ખાતર તેમના કડવા બોલનો ઉત્તર આપ્યો નહોતો. તમારે તેમને વિવેકની રીતે ઠપકો દેવો. ફોઈની તબિયત ઠીક ન રહેતી હોય તો આપણે ઘેર જવું. નાદાન સ્ત્રીઓ પતિની ગેરહાજરીમાં સાસુની આજ્ઞા ઉથામે છે, અને નજીવી વાત મનમાં લાવી વિરોધ કરીને પીએર છટકી જવાનો લાગ જુએ છે. સાસુ નણંદથી અણબનાવ કરનારાં કેવાં દુઃખી થાય છે તે વાત અજાણી રહી નથી, તથાપિ છીછરી સ્ત્રીઓ સંપ વધારવા ચાહતી નથી. તમે અમારી ગેરહાજરીમાં ત્યાં જઇને કેવાં વર્ત્તો છો, તે જોવની આ તક આવી છે. તમે વિનયથી વર્ત્તશો, તો તેમના પોતાના અનુભવનો અમૂલ્ય લ્હાવો તમને મળ્યા વગર નહિ રહે. તેમને મન સંતોષ આપી અરધે સૂકને કામ ઉઠાવી લેવામાં તમારી ચતુરાઇ માલૂમ પડશે. આ દુનિયામાં વહુવારૂને સાસુજી જેવું હિતકારક બીજું કોઇ નથી. તમારૂં હિત થવા સારૂ તેઓ કડવાં વચન કહે, તો માઠું નહિ લગાડતાં તે સહેવાં, અને ખરા

અંતઃકરણથી તાબેદારી ઉઠાવી આશીષ લેવી. તમને ઘણી વખત એવોજ ઉપદેશ કરવામાં આવ્યો હતો, તેની અસર રહી હશે; અને આ પત્રથી તે વધારે તાજી થશે. આજે આપણે ઘેર પત્ર લખ્યો છે. ચિ. કીકીની સંભાળ રાખજો. તમારાં ગંગારૂપ માતુશ્રી વગેરેને શ્રીકૃષ્ણ કહેજો. સં. ૧૯૮૫ ના મહાસુદ ૩ ને મંગળવાર.

દીકરીને માનો પત્ર.

સ્વસ્તિ શ્રી પેટલાદ શુભસ્થાને શ્રી ૧ ચિ. અખંડ સૌભાગ્યવતી બહેન (   ) પ્રતિ શ્રીસુરતથી લી. શુભેચ્છક સૌ. માતુશ્રી (   ) ની આશીષ વાંચવી. જત અત્રે કુશળતા છે તમારો પત્ર વાંચી આનંદ પામ્યાં છીએ. સંસારમાં માતા પિતાનો સંતાનપર સમાન ભાવ હોય છે, તથાપિ કન્યાને પરગોત્રમાં દેવી પડે છે તેથી માતાપિતાનો ધર્મ છે કે તેમણે સદ્પાત્ર પુરૂષનેજ કન્યાદાન દેવું. જેઓ એ વાતનો પહેલેથી વિચાર કરતાં નથી, તેઓ પાછળથી પસ્તાય છે. માતાએ કન્યા સદાચરણથી પિએર અને સાસરામાં વર્તવાની ખુબીઓ સમજાવવી જોઇએ. પિએરમાં લાડકી લાડને લીધે અથવા રીસમાં કંઇ બોલે તો માતા પિતાને વધારે લાગણી ન થાય પણ સાસરીઆમાં એવું ભાષણ કરે તો શાન્તિનો ભંગ થાય; મતલબ કે ખાટાં મન થાય, અને વિપરીત પરિણામ નીપજે. દીકરી અને વહુવારૂ તરીકે રહેવામાં ઘણો તફાવત છે. મેં તમને એના ઘણા દાખલા બતાવ્યા છે. ઘરના કામમાં ચંચળાઇ રાખવી. કન્યાઓને સંસારમાં ઘર તરીકે માનવાનું સ્થાન સાસરૂં છે, માટે તે ઘરનું કાળજીપૂર્વક હિત ગહાવું, અને નીતિથી વર્તવું. ઘરની વાત પેટમાં રાખવી. વખતે ઘરનું માણસ કઠણ

વચન બોલે તો તે સહેવાં. તમે સીતા અને દમયંતી આખ્યાન સાંભળ્યાં છે. માટે ગંભીર, સહનશીલ અને સ્વામિભક્ત સ્ત્રીઓની કીર્તિ તેમની પેઠે વધે છે. પ્રસંગોપાત પત્ર લખાવજો. કોઇ વાતે મનમાં ઓછું લાવશો નહિ. સંસારમાં કન્યામાત્રને એજ રીતે રહેવાનું છે. સુખીભવ. સં. ૧૯૮૫ મહા શુદ ૫ ને વાર ગુરૂ.

क કામકાજના પત્રો.

ગુમાસ્તાને પત્ર.

સ્વસ્તિ શ્રી ભરૂચ મધે ભાઇ મગનલાલ દ્વારકાદાસ એતાન શ્રી નવસારીથી લી. દ્વારકાદાસ ગુલાબચંદના જેગોપાળ વાંચજો. જત તમે માલ લઇ ગયા પછી પત્ર લખતા નથી અને અત્રેનું બજાર મંદ પડતું જાય છે. તમે ત્યાં કેટલો માલ વેચ્યો છે. અને બાકી રહેલો કેટલો ક્યારે વેચાશે, અથવા વેચવાનો હોય કે વેચાઇ ગયો હોય તો તેનો જવાબ તુરત લખવાને બદલે દશ દિવસ સુધી જવાબ નહિ આવવાથી ઘણી ફીકર ઉત્પન્ન થઇ છે. કાગળ લખવામાં આળસ કરવાથી તમારી હોંશિયારીને ખાંપણ લાગે છે. વેપારના કામમાં ચંચળાઇ રાખવી જોઇએ. પીઠભાવ તપાસતા ન રહીએ તો કોઇ પ્રસંગે મંદભાવને લીધે નારાજ થઇ જવું પડે. અત્રેનો બજાર નરમ થતો ચાલ્યો છે. માટે જે માલ પડી રહ્યો હોય તે પડતર ભાવે ફટકારી દેજો. પત્રનો જવાબ તાકીદે વાળજો. સં. ૧૯૮૫ ના ફાગણ વદ ૧૨ દા. કેશવલાલ દ્વારકાદાસના જેગોપાળ વાંચજો.

શેઠને પત્ર (ગુમાસ્તાનો જવાબ.)

સ્વસ્તિ શ્રી નવસારી મહાશુભસ્થાને * પુજ્યશ્રી શ્રી ૫ શેઠજી દ્વારકાદાસ ગુલાબચંદ જોગ શ્રી ભરૂચથી લી. + શાહ મગનલાલ

દ્વારકાદાસના પાયેલાગણું વાંચજો. જત આપનો પત્ર વાંચી સમાચાર જાણ્યા છે, માલ વિષે ચિંતા થઇ તે વાત ખરી છે, પરંતુ તેનો ઠરાવ કરવાની ખટપટમાં રોકાયાથી પત્ર લખવાનું બન્યું ન હોતું. અત્રેનું બજાર નરમ પડતા પરેલાં સાડી સોળ આની કરી તમામ માલ વેચી માર્યો છે. જો શેઠજીની મરજી હોય તો પારસીઓના બરનું રેશમી કાપડ ખરીદી લાવું, હિસાબ મેળવવાનું ઘણું ખરૂં કામ થઇ ગયું છે, તેથી એક બે દિવસમાં હું પરવારીશ માટે તારમાં માલ ખરીદવાનો ખુલાસો આપશોજી. સં. ૧૯૮૫ ના ફાગણ શુદ ૩.

વડોદરા, શે શેરી, તા. ૧-૧૧-૯૫

*રા. રા. વગેરે પુષ્કળ ઉપમાઓ લખાય છે.

+લખનારા પોતે, સેવક અથવા આજ્ઞાધારક પણ લખી શકે, એવા ઉપરીઓને કુશળતાના પત્રમાં સેવકની સંભાળ લેતા રહેશો.

રા. રા. મોતીલાલ રણછોડદાસ—અમદાવાદ.

વિનંતિ કે આ સાથે પત્ર વ્યવહારની જાહેર ખબર છે તે ગુજરાત શાળાપત્રમાં એક વરસ સુધી છાપવાને આપશો. અને તેના ખરચના રૂ. અમારીવતી ભરશો. આપનો જવાબ આવેથી હું મોકલી દઈશ. આ કામ જરૂરનું છે માટે તુરત તજવીજ કરજો. ચિરંજીવીને અમારીવતી રમાડશો. કામકાજ લખશો. તા. ૧-૧-૨૯

લી. મહાસુખ નહાલચંદના જેગોપાળ.

વડોદરા મધે ભાઈ મહાસુખરામ વનમાળી. કપડવણજથી લી. ભાઇ લલ્લુ રણછોડના નમસ્કાર. જત પ્રિય ભાઇ મૂળજીના ઘર વહુ) ને સારૂં હાથીદાંતનાં ચીપિયાં આઠ કોઇ સારા કારીગર

પાસે ઉતરાવી મોકલાવજો. ગાળો છાપીને મોકલ્યો છે તે પ્રમાણે લેજો. કીંમતના રૂ. લખી જણાવેથી તુરત મોકલાવી આપીશ કોઇ વાતે અંદેશો રાખશો માં. શી રીતે કર્યું તેનો ખુલાસો લખશો. એજ વિનંતિ. તા. ૧-૧-૨૯.

૪ વિવાહવાજનના પત્રો.

વધાઇ આપવા વિષે.

સંસારમાં પુત્ર પ્રાપ્તિ સમાન બીજી કંઇ પ્રાપ્તિ નથી અને વિવાહ સમાન હર્ષ નથી. એ બન્ને ટાણે જે પત્ર લખાય છે, તેને અનુક્રમે વધાઇ અને કંકોતરી કહે છે, બનતા સુધી વધાઇને માટે માણસ (ગોર) જાય છે. પણ જ્યારે તેમ થઇ શકે નહિ ત્યારે પત્રદ્વારે વધામણી પહોંચાડાય છે. જમાઇને તેના વડીલ કે કોઇ સ્નેહી મારફતે એવા સમાચાર આપવામાં આવે છે, અને તેજ પ્રમાણે આને પેરે પણ વધામણીની ખબર મોકલવાની રીત છે.

છોકરાનો જન્મકાળ, તથા મા દીકરાની સુખાકારીના સમાચાર વધામણીના પત્રમાં લખાય છે, કેટલીક નાતોમાં તો તે ઉપરાંત છોકરાનાં પગલાં કંકુ વડે કાગળમાં પાડીને મોકલવાનો પણ ચાલ છે.

દેશની કેળવણી કાના માત્ર રહિત થઇ ત્યારે દીકરીને ઠેકાણે દીકરો અને દીકરાને ઠેકાણે દીકરી વંચાઇ જવાનો સંભવ હતો માટે તેની સ્પષ્ટતા સારૂ વધાઇના પત્રનાં ચોકસ વિશેષણ જોડવાની જરૂર પડેલી હોવી જોઇએ. જેમકે દીકરો પ્રપવે ત્યારે પાઘડી બાંધનાર દીકરો અને કન્યા આવતરે પાઘડી અથવા ચુંદડી ઓઢનાર દીકરી અથવા લક્ષ્મીજી પધાર્યાં છે એમ લખાય છે. પરંતુ અસલની રૂઢી જોતાં તો એવું લખવું જોઇએ કે ઉભય કૂળ દીપક અને

નિરંતર સેવામાં તત્પર રહેનાર કે ઉભય કુળ તારક પુત્ર ફલાણા મહૂર્તમાં અમુક ઘડિયે અવતરેલો છે. તે જાણીને વધારે હર્ષ પામશો.

કન્યાને સાસરે વધાઈ મોકલતી વખતે લખાય છે કે અમારી દીકરી સૌ. બેન ફલાણીને અમુક વખતે પાઘડી બાંધનાર ભાણો સાંપડયો છે. મા દીકરાની તબિયત સારી છે; જન્માક્ષર મંડાવેલા છે.

પોતાને ઘેરથી પ્રસવ થયાની વધામણી સ્ત્રીને પિયેર મોકલવાની હોય તો લખાય છે કે સૌ ફલાણીને અમુક વખતે પાઘડી બાંધનાર દીકરો સાંપડયો છે તેઓ ખુશીમાં છે.

જો જમાઈ પડેજ લખનાર હોય તો લખે છે કે અત્રે ઘરમાં અથવા અમુકની બ્હેનને છેડા છૂટા થયા છે અમુક વખતે પુત્ર સાંપડેલો છે, ફિકર કરશો નહિ, તબિયત સારી છે.

પુત્ર પ્રાપ્તિ બદલ મિત્રને વધામણી આપવાની તરાહ અનેક છે, સગપણ થયું હોય તે બદલના સુચના પત્રમાં કન્યાના રૂપ રંગનું વર્ણન તથા કૂળની સ્થિતિ લખી શકાય છે.

વેવાહીને વધામણીનો પત્ર.

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભસ્થાને અનેક શુભોપમા લાયક શા શ્રી ૨ ઝવેરી જમનાદાસ મથુરાંદાસ જોગ શ્રી સૂરતથી લી. ચોકસી મોતીલાલ પુરૂષોત્તમદાસના જેશ્રીકૃષ્ણ વાંચજો. જત અત્રે કુશળતા છે. તમારો પત્ર વાંચી સમાચાર જાણ્યા છે. બીજું ગઈ કાલ રાતના એકને પાંચ મિનિટે અમારી દીકરી સૌ. કમળને પાઘડી બાંધનાર દીકરો સાંપડયો છે. મા દીકરાની તબિયત સારી છે. ફિકર કરશો નહિ. કામકાજ લખજો. જોતું કરતું મંગાવજો.

સં. ૧૯૮૫ ના મહા શુદ ૫ ને વાર ગુરૂ. દા. મગનલાલ માણેકલાલના જેગોપાળ વાંચજો.

૬ કંકોતરી વિષે

લગ્નાદી * ટાણે કંકોતરી લખાય છે. પણ જેમની સાથે વધારે નિકટનો સંબંધ હોય તેમને કંકોતરી ઉપરાંત આગ્રહ ભરેલો પત્ર લખવો જોઇએ. કેટલેક ઠેકાણે કંકોતરીને માટે ખાસ માણસ (ગોર) જાય છે. અને ગોરને કંકોતરી લેનાર જે જે દક્ષણા આપે છે તેની નોંધ રહે છે તે ઉપરથી કંકોતરી મોકલનાર પોતે વ્યવહાર વાળવાનો દાખલો રાખે છે.

જનોઇ દેવાની કંકોતરી.

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભસ્થાને સર્વોપમા લાયક ભટ છેટલલ નરભેરામ પ્રતિમા શ્રી વડોદરેથી લી. અધ્યારૂ ગવરીશંકર પ્રભાશંકરના નમસ્કાર વાંચવા, જત ઇશ્વર કૃપાથી અમારે ચિ. મણિશંકરને × ઉપવિત દેવાનું શુભ મુહૂર્ત માહા શુદ ૫ ને વાર ગુરૂ તા. ૧૪–૨–૨૯એ નિરધાર્યું છે, તે ઉપર સાથ + સર્વને

---

*સીમંત, જનોઇ, અને ગંગાપૂજન વગેરે શુભ પ્રસંગે કંકોતરી લખાય છે.

+દક્ષણીમાં ગૌજીબંધ ઉપનયન કે વ્રતબંધ શબ્દ વાપરે છે અને તેનો ઉચ્ચાર બતાવવાનો ચાલ છે. + કેટલાક સહકુટુંબ સહ પરિવાર અથવા મિત્ર મંડળ સહિત કુટુંબ પરિવાર સાથે પધારીને શોભામાં વધારો કરશો અથવા પધારો કાર્ય સિદ્ધિ કરાવશો કે આપના પધારવાથી કાર્ય સિદ્ધિ સારી રીતે થશે, એમ લખે છે.

તેડીને વેહેલા પધારશે. સં. ૧૯૮૫ના મહા શુદ ૧ ને રવિ. દા. ગંગાધરના નમસ્કાર.

લગ્નની કંકોતરી.

* ગણેશાય નમઃ

સ્વસ્તિ શ્રી પુણ્ય મહાશુભસ્થાને પૂજ્યારાધે તીર્થ સ્વરૂપ મામા મથુરભાઇ વખતચંદ જોગ શ્રી નડિયાદથી લી. આજ્ઞાધારક મોતીલાલ લલ્લુભાઇના પાયે લાગુ વાંચશો. જત અત્રે ચિ. બહેન નર્મદાનાં શુભ લગ્ન સં. ૧૯૮૫ ના ચૈત્ર શુદ ૫ ને વાર રવિ. તા. ૯ એપ્રીલ સને ૧૯૨૯ ના રોજ નિરધાર્યાં છે તથા મંડપનું શુભ મુહૂર્ત સુદ ૩ નું છે તે ઉપર સાથ સર્વેને તેડીને વહેલા પધારજો. આપના આવવાથી મંડપની શોભા વધશે. સં. ૧૯૮૫ ના ચૈત્ર શુદ ૧. દા. કેશવલાલ લલ્લુભાઇના પ્રણામ વાંચજો.

---

* હાલમાં છપાવવાની સોઈ હોવાથી ગણપતિનું ચિત્ર પણ પાડવામાં આવે છે. દક્ષણીમાં લગનની કંકોતરીમાં લખાય છે કે ઇશ્વર કૃપાથી કનિષ્ટ, વચટ કે જેષ્ટ પુત્ર ચિ. અમુકનો વિવાહ અથવા શરીર સબંધ અમુકની કન્યા (નામ) સાથે અમુક ઠેકાણે દિવસે કરવાનો નિશ્ચય કરેલો છે તો આપ સહકુટુંબ સહ પરિવારથી પધારી મંડપને શોભા આપશો એવી આશા છે ૪ અને કન્યાની કંકોતરીમાં લખાય છે કે ચિ. કન્યા (નામ) નો વિવાહ ફલાણે ઠેકાણે અમુકના જેષ્ટ અથવા કનિષ્ટ પુત્ર (નામ) સાથે ફલાણી મીતિએ કરવાને નિરધાર્યું. ૪૦

સીમંતની કંકોતરીમાં લખે છે કે સૌ. વહુ અમુકને સીમંત છે અને તેનું મુહૂર્ત અમુક મીતિએ છે. તેમજ ગંગા પૂજનમાં અને દેવની પ્રતિષ્ઠા કરવાના પ્રસંગમાં પણ મુહૂર્ત જણાવી લગ્નની કંકોતરીની પેઠે વિનય જણાવવો.

૬ માઠી ખબરના પત્રો વિષે.

દુનિયામાં નામ તેનો નાશ છે. મોતની જાળમાં ફસાયલો પ્રાણી પાછો આવતો નથી માટે 'મરણ સમાન શોક નથી' એમ કહે છે. જે પત્રથી મરણના સમાચાર મળે છે તે પત્રને[1] માઠી ખબરનો પત્ર કહે છે.

હિંદુઓ મરણના પત્રને શરનામે 'પત્ર અશુભ છે' એમ લખે છે અને કેટલાક શ્રી ૧। વગેરે જે મંગળવાચક નિશાનીઓ છે તે, તથા કુશળતાની વાત લખતા નથી. માત્ર મરનારનું નામ, દેહાંતનો સમય તથા કારણ અને સમાધાન કારક ચાર શબ્દો લખે છે. જો વૃદ્ધનું મરણ હોય તો દિવસ ઉપર આવવાની સુચના પણ તેજ પત્રમાં થાય છે.

પારસી વગેરે સુધરેલી કોમના લોકો આવા પત્રોના પરબીડા ઉપર કાળા લીટા દોરે છે. તથા અંદરના પત્રની ચારે બાજુએ પણ કાળા લીટા દોરે છે.

વૃદ્ધની કંકોતરીમાં બહુ માનવાચક શબ્દો વપરાય છે, જેમકે

---

૧ જ્યાં ટપાલની સગવડ નથી, અથવા નજીકનાં ગામ હોય છે ત્યાં અને રાજ દરબારમાં ખેપિયા (ભંગીઆ) મારફતે કાગોતરી પહોંચાડવામાં આવે છે.

'ગુજરી ગયા છે,' 'દેવલોક પામ્યા છે,' 'વૈકુંઠ વાસ કર્યો છે,' 'સ્વર્ગવાસી થયા છે' 'કૈલાસ પધાર્યા છે,' ગોસ્વામિને 'લીલા વિસ્તારી છે' અને રાજાઓને 'પડયા છે' એમ લખે છે.

બાળક અને જુવાનની કાળોતરી.

સ્વસ્તિ શ્રી જામનગર મધ્યે જાની પ્રભાશંકર જોગ શ્રી અમદાવાદથી લી. દવે મહાશંકર જોઇતારામના (પ્રણામ) વાંચજો જત અમારો દીકરો ચકાલાલ પોષ વદ ૮ ને વાર ગરૂએ રાતના નવ વાગે ગુજરી ગયો છે. તે ઘણું માઠું થયું છે પણ ઇશ્વરને ગમ્યું તે ખરૂં. તેમાં આપણો ઇલાજ નથી. સં. ૧૯૮૫ ના પોષ વદ ૯ ને વાર શુક્ર.

વૃદ્ધની કાળોતરી.

ઇડર મધ્યે જાની દામોદરદાસ હરેલાભાઇ. જોગ શ્રી ગોધરેથી લી. ત્રવાડી બાળકૃષ્ણ મનસુખરામ. જત અમારા પિતાજી મનસુખરામ પાન્ડુ રોગના આજારથી કારતગ વદ ૬ ને રોજ સવારના નવ વાગે દેવલોક પામ્યા છે તે ઘણી માઠી વાત થઇ છે, પણ ઇશ્વર સત્તા આગળ આપણો ઇલાજ નથી. તેમની દ્વાદશા માગશર સુદ ૨ ને ગુરૂવારે છે માટે સગાં કુટુંબ સાથે જરૂર આવજો. સં. ૧૯૮૫ ના કારતક વદ ૭.

દિલાસા પત્ર.

દિલાસા પત્ર બે પ્રકારના છે. મરનારના કુટુંબને શાન્તિ પકડવા લખશો, અને આફતમાં પડેલાને હિંમત રાખવાને લખશો.

શોકમાં ભાગ લેવાને જાતે જવું તેને દુઃખવડે અથવા કાંણે

ગયા કહે છે. તે વેળા શોકાતુરને પ્રસંગાનુસાર દાખલાથી ધીરજ દઇ શકાય છે. પણ જેઓ જઇ શકતા નથી તેઓ મરનારના કુટું-બને પત્ર મારફતે દિલાસો દે છે. મરનાર બાળક, જુવાન, વૃદ્ધ, નિર્વંશ કે પનોતુ હતું તેનો તથા તેની લાયકીનો વિચાર કરી વિયો-ગથી થતો ખેદ તેમના કુટુંબને લાગેલી ખોટ અને હવે વધારે ગમગીનીમાં નહિ રહેવા ઉપર વિવેચન કરવામાં આવે છે.

આફતમાં પડેલા મનુષ્યને દિલાસા પત્ર લખતી વખતે ચડતી પડતીની અસર ઉપરથી સાર લેવા જોગ બોધક વચનો લખીને સારી અસર પેદા થાય તથા માણસ હિમતવાન બને એવી તજ-વીજ કરવી જોઇએ.

દિલાસાનો પત્ર.

ચીતણિયાશેરી વડોદરા. તા. (

પરમ શુભેચ્છક ત્રવાડી બાળકૃષ્ણ મનસુખરામ,

ગે.ધરા.

વિ. વિ. તીર્થરૂપના મરણ બદલ આપનો પત્ર વાંચી ઘણો ખેદ થયો. તેઓ જાતે ઉદ્યોગી, સાહસિક, હિંમતવાન અને ઘણા માયાળુ હતા. જે જે ઠેકાણે તેમણે નોકરી કરી તે તે ઠેકાણે લોક પ્રીતી સારી મેળવી હતી. તેમના સ્વર્ગવાસથી શોક ઉત્પન્ન થાય છે પણ તે વાત કોઇના હાથમાં નથી. આપ તો સમજુ છો. એ બાબતમાં આપને વધારે લખવું પડે તેમ નથી. મારાથી અવાશે, તો હું દાહશા ઉપર આવીશ. દુનિયામાં વૃદ્ધનો ખપ ઘડીએ ઘડીએ પડે છે, પરંતુ કાળ આગળ ઇલાજ નથી. તેમ આવા કળીયુગમાં કુટુંબ વાડી મુકીને જવું એ પરમ ભાગ્ય છે. લી. દામોદર ધહે-લાભાઇના નમસ્કાર.

મિત્રને દિલાસા પત્ર.

પરમપ્રિયભાઇ મણિલાલ મૂળજી મહેતા—વડોદરા.

વિ. કે. આપનો પત્ર વાંચીને વધારે ખેદ પામ્યો. સૌ. સદા જેવી સુઘડ અને સદ્‌ગુણી સ્ત્રી ઘેર ઘેર નીપજવી દુર્લભ છે. દુનિયામાં યુવાવસ્થામાં ઘર ભાગે તેના જેવું એક દુઃખ નથી, પરંતુ તેમાં ઇલાજ ચાલે તેવું છેજ નહિ. એ વાત ઈશ્વર સત્તામાં રહેલી છે. સુખ દુઃખ માણસને માથે હોય છે માટે જે કષ્ટ પડે તે હરી ઇચ્છા માની સહેવું જોઇએ. મેં સાંભળ્યું છે કે તમે ઘણોજ શોક કરો છો ને કોઇ રીતે શાન્તિ પકડતા નથી; પણ તેથી આખરે તન્દુરસ્તી બગડશે અને પસ્તાવું પડશે. માટે જાણે એ વસ્તુ હતીજ નહિ એમ માનીને ધંધામાં ચિત્ત પરોવવું. બનતાં સુધી એકલા ન રહેવું, તેમ નવરાસની વેળાએ એકાંતમાં બેશી ગઇ. વાત યાદ કરવી નહિ. તેથી આ કારી ઘા વિસારે પડશે. તમારા જેવા સમજુને આ ઇસારો બસ છે. તા. ૧—૧—૨૯

જુવાનના દિલાસા પત્રમાં—પૂર્વના સંસ્કાર પ્રમાણે સૌ આવી મળેલું હોય છે. તમારે અને તેમને જ્યાં સુધી સંબંધ હતો ત્યાં સુધી તેઓ તમારી પાસે રહ્યા. વધારે શોક કરવાથી શરીરને હાની પહોંચશે. તમે એવા ઘણા દાખલા જોયેલા છે. આવા પ્રસંગે માણસે ધીરજ રાખવાની છે. જો તમે કઠણુ નહિ થાઓ તો ઘરના સૌ ગભરાઇ જશે. ઇત્યાદિ.

પરચુરણ પત્રો.

ઉત્તેજન માટે ભલામણ પત્ર.

સ્વસ્તિ શ્રી પુણા મહાશુભસ્થાને પરમશુભેચ્છક શ્રી ભોગી-

લાલ ભીખાભાઇ. જોગશ્રી ઉમરેઠથી લી. ગાંધી મોહનલાલ અમૃતલાલના જેગોપાળ વાંચજો. જત અત્રેથી પરી. મૂળજી મોહનલાલને રોજગાર માટે પૂને મોકલ્યા છે. તેમને સારી રીતે ઠેકાણે પાડશો. અમને તમારો પાકો ભરોંસો છે, આપનો વારંવાર ખપ પડ્યાથી અમે ઘણી તસ્દી આપીએ છીએ. અને આપ તેને માટે શ્રમ લ્યો છો તે ઉપકારનો બદલો અમે વાળી શકવાના નથી. જગતમાં તમારા જેવા મિત્ર નહિજ થાય. આપ એક વખત અત્રે પધારી ઘર પાવન કરશો. હવે શરદ પુનમ પાસે આવેલી છે, તો શ્રી ઠાકોરજીને બહાને પણ પધારવાનું કરશો. મૂળજી પારેખને સારે ઠેકાણે લગાડશો એવો ઉમેદ છે. તે ગરીબ માણસ છે. ઠેકાણે પડી શેર જુવાર મેળવશે તો આપના હકમાં દુવા દેશે. અત્રે દુકાન સારી સ્થિતિમાં છે. એક વખત દર્શનનો લાભ આપશો. પત્રનો ઉત્તર જરૂર લખશો. સં. ૧૯૮૫ ના ભાદરવા વદ ૪.

બોધક પત્ર.

સ્વસ્તિ શ્રી પુના મધે રાજેશ્રી મૂળજી મોહનલાલ જોગ શ્રી પડાળથી લી. શાહ કેશવલાલ જેઠાભાઇના જેગોપાળ વાંચજો. જત અત્રે કુશળતા છે. તમારો પત્ર નથી તે ઠીક નહિ. પરદેશમાં જઇને પત્ર લખવાનું આળસ કરવું નહિ. તમને ઉમરેઠથી ભલામણ અપાવી પૂને મોકલ્યા, પણ ત્યાં તમે ચિત્ત લગાડીને સારૂં કામ કરતા નથી એવું સાંભળ્યું છે. જ્યાં શેર જુવાર મળે ત્યાં વતન છે એમ માનવું જોઇએ, અને ત્યાં ખરા અંતઃકરણથી ધણીનું કામ કરવું જોઇએ. કામ કરવામાં કાચરાઇ કરશો તો તમારૂં બગડશે તમારા શેઠે ત્રણ વખત ઠપકો દીધા છતાં તમે પોતાની ચાલ સુધારતા નથી, તે વાત જાણીને અમે

ઘણા દિલગીર થયા છીએ. તમારી બાબતમાં ભોગીલાલ ગાંધીએ ઉમરેઠ તરફ ઘણો ઠપકો લખેલો છે. પણ હવે સારૂં કામ નહિ કરશો તો માઠું પરિણામ ભોગવવું પડશે. કારણ કે તમારા શેઠ ઘણા ગુસ્સે થયેલા છે. તેથી ફરી ફરીને તમારા ગુન્હા સાંખશે નહિ. અને તે બાબતમાં અમારાથી હવે પછી કંઇપણ લખી શકાશે નહિ, કેમકે તેમાં તમારો વાંક છે, માટે હવે સંભાળીને ચાલશો તો તમો સુખી થશો. તમારે નક્કી સમજવું કે દુનિયામા ચઢતી પડતી પોતાની કરણી ઉપર આધાર રાખે છે. વનો વેરીને વશ કરે છે, અને કામ કરે છે તે કામણ કરેછે, માટે તમારે પોતાના ઉપરીનું મનરંજન થાય તેમ ચાલવું. તેથી ભવિષ્યમાં સુખી થવાનો સંભવ છે. સં. ૧૯૮૫ના માગસર શુદ ૨ ગરેઉ દા. નરોતમ માણેકલાલ ગાંધીના જેગોપાળ વાંચજો.

રસાદિ પત્રો વિષે.

રસ નવ છે. શૃંગાર, હાસ્ય, કરૂણા; રૌદ્ર, વીર, બીભત્સ, ભયાનક, અદ્‌ભુત અને શાન્તરસ. કુશળ લેખક સામાના મનપર હરકોઇ રસ વિષે પુરેપુરી છાપ પાડી શકે છે. હંમેશાં જુદા જુદા પ્રસંગે જુદા જુદા રસનો દેખાવ માલુમ પડે છે.

૧. સ્ત્રી પુરૂષની પ્રીતિનું વર્ણન અને કોઇ પ્રકારની શોભાનો દેખાવ, એટલે જે વર્ણન સાંભળતાં પ્રીતિ ઉપજે અથવા જેમાં પ્રીતિનું વર્ણન હોય તેને શૃંગાર રસનું વર્ણન કહે છે.

૨. પૃથ્વી ઉપર અભિમાની– બળવાન મનુષ્ય એકાદ યુક્તિવાન દુર્બળથી પણ પરાજીત થાય છે તે. અતિ કૃપણનું સંચિત ધન જે તેણે પોતાની હયાતિમાં કેવી રીતે મેળવ્યું છે તે, સમયોચિત ભાટ કે મશ્કરાની વાણી, બુદ્ધિનું અતિ સ્થુળપણું, વાગ્દોષ અને કોઇની

કજેતી, વગેરે બાબતનું વર્ણન હાસ્ય રસમાં આવી શકે છે.

૩. કોઇના દુઃખનું વર્ણન સાંભળતાં દુઃખ, ત્રાસ અથવા શોકથી દયા ઉત્પન્ન કરનારી વાત કરૂણા રસમાં સમાવી શકાય છે.

૪. સામા માણસ ઉપર ઉત્પન્ન થયેલા ક્રોધનું વર્ણન રૌદ્ર રસમાં આવી શકે છે.

૫. જુસ્સો, ઉત્સાહ કે હિંમત આપવા અપાવવા સંબંધી વર્ણનમાં વીરરસ આવી શકે છે. યુદ્ધને પ્રસંગે સ્વભાવિક રીતે વીરરસ ઉત્પન્ન થાય છે. ટુંકામાં એટલુંજ કે જેમાં પાણી ચઢે (જુસ્સો ઉત્પન્ન થાય) છે તે **વીર** રસનું લક્ષણ છે.

૬. યુદ્ધ થઇ ગયા બાદ તે ભુમિનો દેખાવ–જેવો કે ધડ, માથાં, અવયવો, લોહી, માંસ વગેરે ગદકી, કાદવ–કીચડ, દુર્ગંધ વગેરે અણગમતી અને અકળામણ આવે એવી બાબતોનું વર્ણન અર્થાત્ કોઇના અવગુણ કે કોઇની નિંદાનું કે અનીતિનું–અપશબ્દોવાળું વર્ણન બીભત્સ રસમાં આવી શકે છે.

૭. વન પ્રદેશમાં દાવાનળ, ઝાડીમાં રાત્રી પડવી, પડોશમાં થતા સર્પાદિક શબ્દ, સ્મશાન વગેરે જગામાં અગ્નિના અકસ્માત ભડકા, ધરતીકંપ, ધાડ, કોલેરા, ચોર, પર્વત ફાટવો, જુવાન સ્ત્રી પુરૂષની કે સુવાવડી સ્ત્રીની મરણ વેળાની આકૃતિ, ઉન્મત્તનો પ્રસંગ, ઉપરીનો બળાત્કાર વગેરે ભયના પ્રસંગમાં ભયાનક રસ લાવી શકાય છે.

૮. ઇશ્વર કૃપાથી કિંવા દૈવ કોપથી નવાઇ થાય, વિદ્વાનને એક ઘેલછા ઉત્પન્ન થાય, મા દીકરાને મારી નાખે, શરીર પર થઇ ચાલ્યો ગયા છતાં સર્પ કરડે નહિ, વાઘપર હાથ ફેરવ્યા છતાં કાંઇ

થાય નહિ, અગ્નિમાં પ્રવેશ કરતાં પણ બળે નહિ, વગેરે એટલે સૃષ્ટિના ધર્મથી વિરૂદ્ધાચરણ અદ્‌ભુત રસમાં આવી શકે છે.

૯. વિષયોનો ત્યાગ અથવા અરૂચિ, સંતસમાગમ, ઇશ્વરી ચિંતા, સંસારમાં સાર બુદ્ધિ, પ્રત્યેક વસ્તુમા ગુણ જોઇ કર્તાની સ્તુતિ કરવી વગેરે જેથી તલ્લિનતા થાય તેવું; અર્થાત્ નીતિનું કે ઉપદેશનું વર્ણન **શાંત** રસમાં સમાય છે જેમકે—

ગુરૂને શિષ્યનો પત્ર.

કૃપાસિંધુ! જે અનુગ્રહ આપે કર્યો છે, તેનો અનુભવ કરતાં આ નિરસ વિષય વાસના દૂર થાય છે. આપે મ્હારા જેવા ક્ષુદ્રપર કૃપા કરી એથીજ કૃતકૃત્ય થયો છું. પ્રભો! આ લાભ મહત્ પુણ્યરાશીનો પરિપાક છે. આપ જેવા દયાળુ પુરૂષ પૃથ્વીપર નહત, તો યમરાજાને ત્યાં નર્કમાં પણ જગા ન રહેત અને પૃથ્વી પણ પાપ ભાર સહન કરી શકત નહિ. ઇશ્વર ધર્મ રક્ષા માટે અવતાર ધરે છે. એ નિઃસંશય છે. આપના તત્વ બોધથી મ્હારા સર્વકૂળ ઉદ્ધત થયાં છે. આપના પદ પદ્મની રજનો આ કિંકર પ્રત્યક્ષ દર્શનની આકાંક્ષા રાખે છે તેને માટે કૃપા કરશો. જો આપની અનુજ્ઞા હોય તો આપની પાસે આવું. ઐહિક અશાશ્વતપર મને હવે પ્હેલાં જેવો મોહ નથી. લી. દાસાનુદાસ (   ) ના શીર સાષ્ટાંગ પ્રણામ.

વર્ત્તમાન પત્રના પત્રો વિષે.

વર્ત્તમાન પત્રથી અનેક ફાયદા થાય છે. ચાલતી રૂઢીમાં સુધારો વધારો કરવો હોય તો રાજા પ્રજાનું સંપૂર્ણ ધ્યાન ખેંચનાર તે છે. તે વિદ્વાનોની ઢાલ છ સુધારાનું હથિયાર છે, અને હરકોઇ વાત

ત્વરાથી બહાર પાડવાનું અમુલ્ય યંત્ર પણ તેજ છે. એનો શોખ સુધરેલી પ્રજામાં અતિશય હોય છે. તેનાં વાંચન શોખથી માણુસનું મન પ્રૌઢ, ગંભીર, ટેકી અને સાર વસ્તુને ગ્રહણ કરનાર થઈ શકે છે. માટે દરેકે વર્ત્તમાન પત્ર વાંચવાં જોઈએ, તથા દેશ હિતને માટે લખાણમાં ભાગ લેવો જોઈએ.

વર્ત્તમાન પત્ર સાથેના પત્રોના ચાર ભાગ થઈ શકે છે. (૧) સ્વતંત્ર વિચારનો પત્ર. (૨) સાર્વજનિક બાબતની નોંધ. (૩) સમાચાર પત્ર. (૪) ચર્ચાપત્ર. તે પૈકી છેવટના બેના નમુના આપ્યા છે.

સમાચાર પત્ર.

વડોદરા તા. ૧૧-૧૨-૯૨

ઋતુ—હવા ઠીક છે. લોકોની સુખાકારી સારી છે.

રૈયતની ધામધુમ—શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ યુરોપના પ્રવાસથી પધારવાના છે. ઘણું કરીને તેઓ નામદાર જાનેવારી સ. ૧૮૯૩ ની બીજી તારીખે રાજધાનીમાં પધારશે. તેમના વિયોગથી વ્યાકુળ બનેલી પ્રજા દર્શનને માટે વધારે અધીરી છે. તે પોતાનો પ્રજાભાવ પ્રદર્શિત કરવાને નાના પ્રકારની તૈયારીઓ કરતી હોય એમ જણાય છે.

કમિશન—કેળવણીના સુધારા વધારા સંબંધી અત્રે કમિશન નામાયું છે. હાલ તેઓ એકંદર હેવાલ તૈયાર કરેછે, તે પછી પુરતી તપાસ માટે પરગણામાં જશે.

ફરજીઆત કેળવણી—શ્રીમંત ગાયકવાડ સરકાર સ્વરાજ્યમાં ફરજીયાત કેળવણી દાખલ કરવાના હોવાથી તે ઉપર વિદ્વાન મંડળના અભિપ્રાય તેમણે મંગાવ્યા છે.

ચર્ચાપત્ર.

સત્યશોધક અધિપતિ સાહેબ.

વિનંતિ કે આપના ગયા અંકમાં પુસ્તકો પટાવી લેનાર વિષે જેમ ચર્ચા થઇ હતી, તેમ નવા ઉત્પન્ન થતા ગ્રંથકારો ઉપર પણ ટીકા કરવાની વધારે અગત્ય છે એમ જાણીને હું ચાર શબ્દો લખી મોકલુંછું. તો તે આપના માનવંતા વર્ત્તમાનપત્રમાં પ્રગટ કરશો એવી આશા છે.

હાલમાં ગ્રંથકર્ત્તા થવાનો પવન ફેલાયો છે; પણ તેમાં પોતાની શક્તિનો વિચાર કરે એવા થોડાજ હશે. પોતાને હાથ લીધેલા વિષયનું સંપૂર્ણ જ્ઞાન ન હોય તો અનુકૂળ ગ્રંથોમાંથી જરૂરી બાબતોનો ઉતારો કરીને પણ ગ્રંથકાર થવામાં મોટું માન છે એમ કેટલાક સમજે છે. આ ચેપ અજ્ઞાન અથવા અધકચરા વર્ગમાંજ છે એમ નહિ પરંતુ વિદ્વાનવર્ગમાં ગણાતા ગૃહસ્થોને પણ લાગ્યો છે. માટે આપ અને બીજા વર્ત્તમાનપત્રના અધિપતિઓ એવી બાબતપર ખાસ ધ્યાન દેશો, એવી ઉમેદ છે. હાલ નમુનાને માટે હું બે ગ્રંથકારનાં પુસ્તકો પદરના ખરચે મોકલાવું છું, તેમાં હેતુ એટલોજ છે કે સારાઓને ઉત્તેજન મળે અને નકલ કરનારાઓને પસ્તાવો થાય. તા. ૧૧–૧૨–૨૯.

બેસતાવર્ષે લખાતાપત્રો.

વેપારીનો પત્ર.

સ્વસ્તિશ્રી મુંબાઇબંદરે મહાશુભસ્થાને શ્રા. શ્રી ૫ પરી. ચુનીલાલ લલ્લુભાઇ જોગ શ્રી ગોધરેથી લી. પરી. ગીરધરલાલ પીતાંબર-

દાસના જેગોપાળ વાંચજો. જત સામાચાર ૧ જણજો. અત્રે ગોરસ સમયે શ્રી× સારદાપૂજન રૂડી રીતે કર્યું છે. તમે પણ આનંદથી કર્યું હશે. જવાબ આવેથી જાણીશું. દેશાવરના ભાવની વિગત-* ૧૭ મુંબાઇના, ૧૬ાાા‍ અમદાવાદના, ૧૬ાા‍ પોળિયાંના. કામકાજ લખજો. સં. ૧૯૮૫ ના કારતક શુદ ૧. હીરાલાલ છોટાલાલના જેગોપાળ વાંચજો.

*સાધારણ લોકમાં લખાતો પત્ર.

પ્રિયભાઇ પુરૂષોત્તમ કહાનજી ગાંધી. અમદાવાદ.

વિ. વિ. અત્રે ઇશ્વરકૃપાથી આનંદભેર દીવાળી કરી છે. તમારે ત્યાં પણ થઇ હશે. હવે નવા વર્ષમાં પણ આપણને શ્રી પ્રભુ સારી રીતે સુખી રાખી સુજશ આપે એવી પ્રાર્થના છે. તમારા તરફના સમાચાર જણાવશો. તા. ૨૯-૧૦-૯૪ લી. કૃપાશંકર દોલતરામના આશિર્વાદ.

જૈનમાં ક્ષમા ક્ષમા વનને માટે લખાતો પત્ર.

સ્વરિત શ્રી પાર્શ્વજિન પ્રણમ્ય વડોદરા મહાશુભસ્થાને પૂજ્યારાધે ઉત્તમોત્તમ સુશ્રાવક શ્રીદેવગુરૂભક્તિકારક શ્રીજિન આજ્ઞાધારક જીવ દયા પ્રતિપાલક શાસનોદ્યોતકારાદિ અનેક શુભોપમાં લાયક

× ધનતેરસને દિવસે લક્ષ્મી પૂજન કર્યું હોય તો તેને માટે પણ એજ રીતે પત્ર લખાય છે. વળી પોતાના ખાતાનો હિસાબ બીડવાની સૂચના પણ છેવટે કરવામાં આવે છે. * શરાફલોક હુંડી અને નાંણા ફેરફારના ભાવ લખે છે, અને બીજા વેપારીઓ પોતાને જરૂરની વસ્તુઓના ભાવ લખે છે. બધા લોકોમાં એ રિવાજ નથી.

ઝવેરી કેશવલાલ ધરમચંદ યોગ્ય શ્રી મુંબાઇબંદરથી લી. શાહ નેમ- ચંદ ખેમચંદના ઘણા સ્નેહપૂર્વક પ્રણામ વાંચજેજી. અપરંચ અાંહી જૈનધર્મના પ્રાસાદથી કુશળ મંગલ વર્તે છે, આપના કુશલમંગલની સર્વદા ચાહના રાખીએ છીએ.

વિશેષ લખવાનું કે અત્રે પરમ તીર્થંકર શ્રીમહાવીર સ્વામીના નિર્વાણથી (   ) મા સંવત્સરને વિષે સર્વ પર્વાધિરાજ મહામંગ- લકારી શ્રીપર્યુષણ પર્વનું આરાધન અત્યાનંદપૂર્વક નિર્વિઘ્નપણે પૂર્ણ થયું છે. એ સર્વોત્તમ પર્વને વિષે સાંપ્રત સમયાનુસાર તપ, જપ, વ્રત પચ્ચખ્ખાંણ, પોસહ, પરિક્રમણા, પૂજા પ્રભાવના, સ્વામીવા- ત્સલ, શાસ્ત્રશ્રવણ, દેવયાત્રા, ગુરૂયાત્રાદિ અનેક પ્રકારના ધર્મકૃત્યો ઘણા સજ્જનોએ રૂડી રીતથી કર્યા છે. તેથી ધર્મને ઉદ્યોગ ઘણો સારો થયો છે. મેં પણ યથાશકિત વ્રત પચ્ચખ્ખાંણાદિકે પર્વારા- ધન કરી મીતિ ભાદરવા શુદી ૪ ને વાર શોમના દિવસે સાંવત્સરી પરિક્રમણું કરતાં સર્વ જીવોની સાથે ખમત ખામણા કરી ચતુરવિધ શ્રીસંઘાદિ સાધર્મી ભાઇઓની સાથે ઉત્પન્ન થએલો વૈર વિરોધ સર્વ ખમાવ્યો છે. તેમજ આ પૂર્ણ થએલા વર્ષના ૩૬૦ દિવસોમાં તમારી સાથે પણ જે કાંઇ જાણતે અજાણતે ભૂલેચૂકે મારા તરફથી અપ્રીતિ અવિનય થયો હોય તે સર્વ મન, વચન કાયાએ કરી બે હાથ જોડીને હું આપ સાથે વારંવાર ખમાવું છું. આપ પણ ક્ષમા કરજો.

તમારી તરફ પણ પર્વારાધન ઘણો શુભોભનિક થયો હશે તેના સમાચાર લખવા કૃપા કરશો. ધર્મસ્નેહ અધિક રાખજો. દેવ દર્શન જિન પૂજાદિક શુભ કરણીમાં યાદ કરજો. મારા યોગ્ય ધર્મસંબંધી

કામકાજ લખજો. મીતિ સંવત ૧૯૮૫ ના ભાદ્રપદ શુદી ૫ દા० (   ) ના પ્રણામ તથા ખમત ખામણા વાંચજોજી.

પ્રાચીન પ્રશસ્તીઓ અનુસાર મથાળાં.

સગાં સ્હોદરનાં મથાળાં.

તીર્થરૂપનું—

સ્વસ્તિ શ્રી પરમાનંદી, આત્મસુખના અનુભવી, મધુરવચનથી અને પ્રેમ ભાવથી ઉછેરેલા બાળકના મુખમાંથી નીકળેલાં વચનામૃતના વિલાસી, તથા તેના વિનોદમાં અહોરાત્રી ગાળનારા, શ્રીમત, સકળ તીર્થરૂપ સેવવા યોગ્ય, સદ્દગુણ સમુદાયનાં વખાણવા લાયક ચરિત્રોથી સુશોભિત, કીર્તિરૂપ ચંદ્રિકાવડે દિશાઓના વલયને શોભાવનાર, પિતાજી (નામ) ના ચરણમાં નમ્રભાવે અર્પણ કરેલો આ લેખ નમસ્કાર સહિત અંગિકાર કરશો. આપની આશીષના પ્રતાપવડે સુખી છું અને નિરંતર આપના કૃપાસૂચક પત્રના દર્શનની અપેક્ષા રાખું છું.

માતાનું.

સ્વસ્તિ શ્રી (ગામ) પતિવ્રતામાં અરૂંધતી કરતાંએ ઉત્તમ, તપના પ્રતાપથી પાર્વતી સમાન કાર્ય કરનારાં, જન્મોજન્મનાં કરેલાં પાપ ભસ્મ કરનારાં, પરાક્રમમાં સ્વાહા સરખાં, સંપૂર્ણ પ્રતાપી, કલ્પલતા સમાન સુખદાતા, અથવા સ્વજન પરિવારની કલ્પવેલી સકલતીર્થનું સ્થાન. ઉભય કુળદીપક પરમ કૃપા રસથી સુંદર માનસમાં પરમેશ્વરને હંસ રૂપ રાખનારાં, માતાજી (નામ) ના ચરણમાં પરમ પ્રેમથી વધારેલા પુત્ર (નામ) ના પ્રણામ અથવા આપના વેચાણ લીધેલા દાસાનુદાસ (નામ) ના ભક્તિ ભાવે પ્રણામ.

મોટાભાઇનું.

સ્વસ્તિ શ્રી (ગામ) સહોદરના અસાધારણ સ્નેહવડે યુધિષ્ઠર, અર્જુન અને રામલક્ષ્મણને જીતનાર, સભાસદોમાં મેળવેલી કીર્ત્તિવડે ત્રિલોકને ઉજ્જવલ કરનાર, નિરતિશય જગતની વિવિધ ચિંતાઓ વડે વિંટાએલા, સકળ ગુણ નિધાન, વિનયાદિ ગુણોથી પરિપૂર્ણ, પરમ પ્રેમ પાત્ર, વડીલ લોકોના મિત્રરૂપ, માન અને કીર્ત્તિના ભરાવાથી સજ્જનોને સંતોષ આપનાર દુઃખના વિભાગી, જ્યેષ્ટ બંધુ (નામ) ને ઇ૦

નાના ભાઇનું.

સ્વસ્તિ શ્રી (ગામ) લક્ષ્મણ સમાન વિવેકી; પ્રેમનું સ્થાન, સંકટમાં સહાયક, આજ્ઞાધારક, ચિરંજીવી (ગામ) ૪.

બહેનનું.

સ્વસ્તિ શ્રી (ગામ) પરમસ્નેહનું સ્થાન, હિતાહિતનો ઉપદેશ કરવામાં સમર્થ, ઉભય કુળદીપક, યમુનારૂપ અખંડ સૌભાગ્યથી સુશોભિત બહેન.

સ્ત્રીનું.

સ્વસ્તિ શ્રી (ગામ) સ્વરૂપની ખુબસુરતીથી ઇંદ્રાણી, વિજળી, રતિ અને રંભાવતિ વગેરેને ઝાંખી પાડનાર, સંગીત વિદ્યાના રહસ્યને જાણનાર, સુવર્ણ સમાન શોભિતા અધર વાળી, સુશીલપણામાં મુખ્ય, શીલગુણથી ભરપુર, અનુપમ પ્રેમનું સ્થાન, નિરંતર પ્રિયતમ ઉપર પ્રેમાળ, ગૃહસ્થાશ્રમમાં ધુરંધર, સ્વાભાવિક પ્રેમે બંધાયલા બંધુસમાન, સુખદુઃખ વખતે સાચો મિત્ર વિનોદનું સ્થાન, પ્રાણેશ્વરી ઇ૦

પુત્રનું.

સ્વસ્તિ શ્રી (ગામ) પ્રાણથી અધિકપ્રિય, પરમ આનંદના કંદ, વિષ્ણુના ચરણકમળમાં પ્રીતિ ધરનારા, શ્રીમદ્ સકળ ગુણનિધાન, પરમ પ્રેમનું સ્થાન, મનને આલ્હાદક, પુણ્યરૂપ અમૃતની ધારાથી સિંચેલ વંશરૂપ વલ્લીના ફલરૂપ, અમારા હૃદયરૂપ પાંજરામાં વિરાજમાન પોપટ, ચિરંજીવ, ૪. (નામ) (ગામ) થી લી. તીર્થરૂપ (નામ) ની આશીષ વાંચવી.

સસરાનું.

સ્વસ્તિ શ્રી (ગામ) વખાણવાલાયક ગુણનિધાન, સુજનતાના ધામરૂપ, મનોભિરામ, સુકીર્તિરૂપ ચંદ્રવડે સ્વજનના હૃદયરૂપ પોયણાંને ખિલવનાર, પૃથ્વીપતિને માન્ય, પરમ મિત્રવર્ય, તીર્થસ્વરૂપ શ્વસુર શ્રી ર (નામ) ની સેવામાં (ગામ) થી લી. ફલાણાના નમસ્કાર સાથે વિનંતિકે—

જમાઇનું.

સ્વસ્તિ શ્રી (ગામ) પ્રાણથી અધિક પ્રિય, પરમ પૂજ્ય, સદ્પાત્ર, ચિરંજીવ (નામ) પ્રતિ શ્રી (ગામ) થી. લી. શુભેચ્છક તીર્થ સ્વરૂપ (નામ) ની આશીષ અથવા જેગોપાળ. પુત્ર પ્રમાણે વિવેક વાપરવો.

બનેવીનું—

સ્વસ્તિ શ્રી (ગામ) શુભોપમા જોગ, પૂજનિય, પરમસ્નેહનું પાત્ર, યોગ્ય કાર્યમાં સહાયકાર (નામ) પ્રતિ (ગામ) થી લી. અમુકના નમસ્કાર કે જેગોપાળ ૯૦—

ભાણેજનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) પરમ પૂજ્ય, આનંદકારી ચિરંજીવ ભાણાભાઇ (નામ) જોગ શ્રી (ગામ) થી લી. હિતેચ્છુ (નામ)ના આશીર્વાદ, ઇ૦—

સાળાનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) વિવેકસાગર, સ્નેહાંકિત (નામ) જોગ લી. શુભેચ્છક (નામ) ના નમસ્કાર ઇ૦—

સાસુનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) લક્ષ્મી સ્વરૂપ, અખંડ સૌભાગ્યવંતાં, પરમ કૃપાળ, સ્વપરિવારની કલ્પવેલી, નિરંતર હિતચિંતક સાસુજી (નામ) પ્રતિ શ્રી (ગામથી) લી. (નામ) ના પ્રણામ કે જેગોપાળ. વિનંતિ કે—

મિત્રનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) સન્માર્ગ બોધક, દુઃખના વિભાગી, નિર્મળ પ્રીતિવાન, ચતુર, સદ્દગુણના ભંડાર, પરોપકારી, પ્રાણથી અધિક પ્રિય, પરમ સખા શ્રી. ૨ (નામ) જોગ શ્રી. (ગામ) થી લી. સ્નેહાભિલાષી અથવા મળવાને આતુર, ઇ૦—

પતિનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) સૌભાગ્ય રક્ષક, પ્રાણથી અધિક પ્રિય, પરમ પૂજ્ય, શીરોમણી, સુખદાતા, મંગળકારી, મનોહર, સંસાર સુખ વર્ધક સ્વામીનાથ (નામ) ની સેવામાં (ગામથી) લી. દાસીના નમ્રભાવે આગ્રહયુક્ત સાષ્ટાંગ દંડવત પ્રણામ અંગીકાર કરશોજી. વિનંતિ કે—

અન્ય વડીલોનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) મહાપ્રતાપે. ત્રિલોકરૂપી કમળનો પ્રકાશ કરવામાં સૂર્યસમાન, જગતમાં વંદન કરવા યોગ્ય વડીલ, સન્માર્ગ દર્શક (નામ) સેવામાં (ગામ) થી લી. (નામ) ના નમસ્કાર.

દાસનું —

સ્વસ્તિ. શ્રી (ગામ) મનગમતાં ખાનપાન લાવી આપી સતોષ આપનાર, ધર્મ, અર્થ, અને કામ સિદ્ધ કરવામાં આતુર અંતઃકરણવાળા, સુવિચારથી કરેલ કૃત્યો વડે દિશાઓમાં મહા માન પામેલા દરેક કાર્યમાં પૂર્ણ વિચાર કરનાર, લેખકમાં ચિત્રગુપ્તને જીતનાર, સોંપેલું કાર્ય પૂર્ણ કરવામાં મનુષ્યાવતારનું સાર્થક સમજનાર, ઉપરીના આશીર્વાદ ને પાત્ર (નામ) ને પ્રતિપાલક (નામ) ના આશીર્વાદ, ૪૦—

સામાન્ય સદ્‌ગૃહસ્થોના પત્રનાં મથાળાં.

વિદ્યાગુરૂનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) નિર્દોષ અને વંદન કરવા લાયક, ગદ્યપદ્યમાં પંડિતાઈ ભરેલા ચમત્કારી તત્વોથી આનંદાશ્ચર્ય પમાડનાર, વિદ્વાનોએ કરેલી પ્રશંસાવાળ, પંડે સંપાદન કરેલી સંપત્તિ વડે દેવ, બ્રાહ્મણ તથા અભ્યાગતને તૃપ્ત કરનારા, કળિ કાળના અગનું વિદારણ કરવામાં અત્યંત સમર્થ, વિચિત્ર પુણ્ય રૂપ વાણીથી પૃથ્વીને પવિત્ર કરનારા, ગંભીરતા, ધૈર્ય; ઉદારતા, અને સામર્થ્ય વગેરે અનેક સદ્‌ગુણના ભંડાર, દયાનિધિ સર્વ ગુણ રત્નોના ઉત્પત્તિસ્થાન, તીર્થ સ્વરૂપ, વિદ્યા ગુરૂજી (નામ) ના ચરણમાં પ્રતિ શ્રી (ગામ) લી. વિદ્યાર્થી (અમુક) ના ભક્તિયુક્ત પ્રણામ. ૪૦—

શિષ્યનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) શિષ્યવર્ય, ચિરંજીવી, રાજેશ્રી (શિષ્યનું નામ) પછી પુત્ર પ્રમાણે લખવું. નિરંતર પત્રદ્વારે સમાચાર લખવા.

વિદ્વાન પુરૂષોનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) સર્વ વિદ્યા વિનોદમાં રસિક, વિદ્વજ્જનરૂપ કમળોને પ્રફુલ્લિત કરવામાં સૂર્ય સમાન, ગુણાલંકૃત; વિદ્વજ્જન સમાજ ભૂષણ પંડિતાઇના ચમત્કાર વડે પ્રબળ, પ્રતિપક્ષીઓ પર જય મેળવનાર, કૃપાના કટાક્ષે કરી ચારે પુરૂષાર્થને આપનાર, અને સ્વપરાક્રમથી જન મંડળનું કલ્યાણ ચહાનાર, સુજ્ઞ, વિદ્વાન, રાજમાન રાજેશ્રી (નામ). સેવામાં પ્રતિ શ્રી (ગામ) થી લી. (નામ) ના પ્રણામ.

વેદાંતિનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) નિર્દોષ વેદવિદ્યા પરાયણના વેદ રૂપ સિંહનાદથી હરણ રૂપી પાપને હરણ કરનારા, શ્રૌત સ્માર્ત કર્મોના અનુષ્ઠાનથી અત્યંત નિર્મળ અંતઃકરણવાળા, સર્વ પાતકનાં કાષ્ટને બાળવામાં અગ્નિ સમાન, સર્વ વેદ મંત્રોના દેવતાઓને પોતાના હૃદયમાં સ્થાપન કરી રાખનારા. શાસ્ત્રચાર્યોનું પરંપરાનું ખરૂં તત્વ મેળવનારા, સર્વ ગુણોથી ભરપુર, સંસારરૂપ સમુદ્રને ગાયની ખરી જેટલો બનાવી દેનારા, (અમુક) ના ચરણમાં (ગામ) થી લી. નામ)૪૦

જોશીનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) નિર્મળ હૃદય કમળવાળા, ત્રિકાળ તત્વને હથેળીમા આમળારૂપે રાખનારા, ચંદ્રસમાન સુજશવડે દિશાઓને શોભાવનાર, શિશુમાર ચક્રમાં રહેલા સર્વ ગૃહો નક્ષત્રો અને તારાઓ વગેરેની સુક્ષ્મ ગતિઓને જાણનારા, તથા તેનો ફળાદેશ કહેનારા,

અને તેમાં મેળવેલી પ્રતિષ્ઠાવડે ગર્ગ, વરાહ, લલ્લ વગેરે આચાર્યોની પેઠે જન મંડળને વિસ્મય પમાડનારા જોશીજી નામ ૪.

વૈદ્યરાજનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) અનંતગુણરૂપ મણિઓથી પુણ્યકાર અંતરના ભાગો અલંકૃત કરેલ, પ્રાણીઓના રોગને ફેડવાના પ્રકારોમાં સમર્થ, અનેક લોકને પ્રાણદાન આપી અગણિત પુણ્ય મેળવનારા, મહારાજાઓની સભાના સભાસદોને મનરંજનથી ઉત્પન્ન કરેલા યશના પૂર રૂપી કપૂરવડે સર્વ દિશાને સુવાસિત કરનાર. પરમશ્રેષ્ટ, આયુર્વેદી, વૈદ્યનું નામ પ્રતિશ્રા ૪.

કવિરાજનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) વિવિધ પ્રકારની કવિતાના વિચારના વિનોદથી નવેરસોમાં રસિક સહૃદય જનોના અંતઃકરણોને વશ કરનારા, સર્વ રાજાના સમાજમાં વિરાજમાન, સજ્જન મંડળમાં વાણીના વિલાસથી પ્રાપ્ત થયેલા પૂર્ણ યશવડે ત્રિલોકને પવિત્ર કરનારા, પોતાના કરકમળવડે મેળવેલા ધનનો સદ્વ્યય કરનારા કવિરાજ (નામ) જોગ શ્રી (ગામ) થી લી૦ ના અમુક નમસ્કાર૦ જત આપના વિયોગે મારા હૃદયમાં ગુલ્મ નામનો વ્યાધિ થયો છે માટે કવિતારૂપ વૈદને મોકલતાં વાર કરશો માં, વિરહરૂપી સર્પના ડંસથી મારૂ ચિત મરવાની તૈયારીમાં છે, માટે કવિતામય પત્રરૂપ ગારૂડીને મોકલી મનને શાન્તિ આપવા તસ્દી લેશોજી ૪.

વકીલનું.

સ્વસ્તિ શ્રી (ગામ) ધારા શાસ્ત્રમાં પ્રવીણ, શબ્દાર્થ ભેદને જાણનાર, આશ્રિતજનના હિતમાં મથનાર, વિગ્રહમાં સત્યવાતને શોધ

નારા, દુરાગ્રહરહિત અને કીર્તિ મેળવવામાં ઉત્સુક (નામ) જોગ (ગામ) થી લી. અસીલના યથાયોગ્ય

શ્રીમંતનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) + સચ્છાસ્ત્રોએ નિર્ણય કરેલા ધર્માચરણવડે થયેલી પ્રતિષ્ટાવાળા, અપાર ચતુરાઇ વડે ખેડેલા વ્યાપારમાં અખૂટ ધન સંપાદન કરેલા, અપારદાન રૂપી નિર્મળ ચંદ્રના પ્રકાશથી સર્વ દિશાના મંડળને પ્રકાશ કરનારા, અમૂલ્ય રત્ન જડિત સુવર્ણમાં અનોપમ અલંકાર થકી સ્વકુટુંબને શોભાવનારા, મહાબુદ્ધિથી કીર્તિ સંપાદન કરનાર રામના ભક્ત, સયુક્તિક ધન સંચય કરનાર, કૃષીકર્મના આશ્રયદાતા, સદ્‌પાત્રને દાન દેવામાં પ્રતિષ્ઠા માનનારા, સ્નેહનું સ્થાન, યોગ્ય સુખકાર મહાજનને માન કરવા લાયક, સમાગમ કરવા યોગ્ય, લક્ષ્મી સમાન સીલ, સદગુણ સંપન્ન ઇ.

દક્ષણી ગૃહસ્થનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) મહાશુભસ્થાને પરમ ઐશ્વર્યવંત, રાજેશ્રી અથવા ગ. રા. વગેરે ઘટતી ઉપમા (નામ) ને (ગામ) થી લી. (નામ) ના રામરામ નમસ્કાર જેગોપાળ કે યથાયોગ્ય વિનંતિ વિશેષ ઇ.

પારસી ગૃહસ્થનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) પરોપકારી સદા મહેરબાન વગેરે ઘટતી ઉપમાઓ અને સેઠજી અથવા શેઠ સાહેબ (નામ) પ્રતિ શ્રી (ગામ) થી લી. (નામ) ની સલામ માન્ય કરશો ઇ.

+ વણિકને એવું પણ લખાય છે કે વિદ્વજ્જનોએ વિચાર કરતાં મનવાદિ મુર્તિ સમુદાયના મુખકમળમાંથી ઉત્પન્ન થયેલા, જગદીશ્વરના આરાધનથી સર્વ મન સિદ્ધને પામનારા ઇ૦

મુસલમાન ગૃહસ્થનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) નેકનામદાર, કદરદાન વગેરે ઘટતી ઉપમાઓ ખાનબહાદુર કે ખાન સાહેબ (અટક સાથે નામ) જોગ શ્રી (ગામ) થી લી. (નામ) ની સલામ વાંચજો. જત અથવા વિનંતિ વિશેષ.

રાજકિય વર્ગના પત્રોનાં મથાળાં

છત્રપતિ મહારાજાનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) અગણિત ગુણોથી પૂર્ણ શરદના ચંદ્રની પેઠે ઇચ્છાવા યોગ્ય, શ્રેષ્ઠ કીર્તિ રૂપી તર્ય વડે અરીદળને પરાભવ પમાડનાર, મહાસાગરોથકી વિંટાયલી પૃથ્વીનું પાલન કરવામાં કુશળ, પ્રચંડ બાહુઓમાં રમણ કરતા ધનુષ્ય બાણોવડે સર્વ લોકનાં સદ્દો (દુઃખ) ને દૂર કરી દેનાર, દયાનિધિ, સજ્જનોમાં ધુરંધુર, નિર્દોષ વિદ્યાઓના જ્ઞાતા, કામદેવ સરખા મનોહર, હરિહરની ભક્તિવડે મેળવેલા અનુપમ વૈભવ થકી આનંદ પામનાર ગૌ બ્રાહ્મણ ધર્મપ્રતિપાળ, સમગ્ર ભૂપાલોના મુકુટ મણિ ચક્રવર્તિ રાજેંદ્ર, શ્રીમંત, શ્રી ૧૦૮ મહારાજાધિરાજ (નામ) ની સેવામાં (ગામના) પ્રેમપૂર્વક વારંવાર પ્રણામ.

માંડળીક રાજાઓનું.—

સ્વસ્તિ શ્રી (ગામ વિદ્વાનોના હૃદય વિષે રહેનાર, શેષશાયી ભગવાનના ચરણનું સ્મરણ કરવામાં તત્પર, સ્વચારિત્રના ચમત્કારવડે ઉશીનર શીબી દધીચી અને કર્ણના ગુણોને વિસરાવનાર, અનેક કળાઓ પ્રકાશકપણાથી રાજા નામનું સાર્થક કરનાર, અખિલૌદાર્ય, ભૂગોળના મુહેંદ્ર તુમુલ રણભૂમિ વિષે મદોન્મત્ત હાથીઓના મસ્તકને ભેદનાર, પરિપૂર્ણ મનોરથ પામેલા શ્રીમન્ત મહીપતિ [નામ] ની સેવામાં ઇ.

સાધારણ દરબારનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) શ્રીમન્ન મહાપ્રતાપી અનેક ગુણવિરાજીત સ્વધર્મરક્ષક રાણા શ્રી (નામ) ની સેવામાં પ્રાત શ્રી ઇ.

જાગીરદાર કે સરદાર.—

સ્વસ્તિ શ્રી (ગામ) શ્રીમંત શુભોપમા લાયક રાજયમાન રાજેશ્રી (નામ) પ્રતિ શ્રી ૪.

પ્રધાનનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) સર્વ સામંતોને સેવનાર, પરોપકાર અને સત્કારમાં નિપુણ, વેદાંત શાસ્ત્રોની માફક પરમાનંદનો પ્રકાશ કરનાર, સખ્ય શાસ્ત્રની પેઠે પ્રકૃતિએ મધુર, નૈયાયીકાની પેઠે અનેક પ્રયોગોને સાધનાર, અપાર ગુણ રત્નવડે દિપમંડળને દિપાવનાર, મલયાગર સમાન શીતળ મનવાળા, સેવકજનના ભાવિક, પરિપુર્ણ મનોરથવાળા, દેવના કલ્પ વૃક્ષ સમાન, શત્રુઓના સૈન્યે નમન કરેલા, સરદાર લોકવડે વિરાજીત, રાજ્ય લક્ષ્મીનો વ્યય કરવામાં સુત્રધાર, સર્વ આપ્તજનોને આધાર રૂપ, કીર્તિરૂપી ચંદ્રિકાવડે સજ્જનોનાં મનરૂપી ચકોર પક્ષીને આનંદ દાયક, પ્રતાપરૂપી સૂર્યના તેજમાં સર્વ શત્રુ નરેન્દ્રને તપાવનાર અને ભૂમંડળના અલંકારરૂપ પ્રધાન (નામ) ૪૦

સેનાપતિનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) બાહુબળવડે અરિદળપર કીર્તિ મેળવનારા, શાસ્ત્ર વિદ્યાના વિલાસમાં રસિક, ચલાયમાન વિજળીની કાન્તિને જીતનાર, આપત્તિ સમુદ્રમાં ડુબેલા દેશના સારોદ્ધારક, ઘણા દાનથી મેરૂ પર્વતને પણ ત્રાસ પમાડનાર, સિદ્ધિદાતા, વિર્યવાન, સેનાપતિ ૪.

ન્યાયાધિશનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) ન્યાય શાસ્ત્રમાં નિપુણ નિષ્પક્ષપાતિ, સમુદ્ર સમાન ગંભિર, વાણીમાં મનોહર, દેશાચાર અને કુળાચાર સમજનાર, સત્યવાતને ગૃહણ કરનાર, ધર્મરાજની પેઠે ન્યાયને તોળનાર, સ્વદેશ પ્રેમી, પરમાર્થ સાધક, રા. રા. (નામ) ની સેવામાં (ગામ) થી લી ૪૦

રેવન્યુકામદારનું—

સ્વસ્તિ શ્રી પૃથ્વીના રસકસને જાણનાર, કૃષીકારને ઉત્તેજન દેનાર, સમદ્રષ્ટીવાન, રાજા પ્રજાને પ્રિય, રા. રા. (નામ) ૪.

શાળખાતાના અધિકારીનું.

સ્વસ્તિ શ્રી (ગામ) વિદ્યા વર્ધક, શિક્ષણ શાસ્ત્ર જ્ઞાતા, બાળકોના પરમ હિતકારી, ગંભિર, ઉદાર અને અનેક વિદ્યામાં કૂશળ, નીતિમાન, નિરંતર સ્વધર્માનુસાર, કેળવણીની નવિન યોજના રચવામાં ચતુર, રા. રા. (નામ)

કળાભવનના અધિકારીનું.—

સ્વસ્તિ શ્રી (ગામ) અર્થ કરી વિદ્યામાં પુર્ણ, કળાનિધાન, સ્વદેશને દારિદ્ર દશામાંથી તારનાર, સન્માન પાત્ર, વ્યાપાર વર્ધક, અહો રાત્રિ પરિશ્રમ વેઠનાર. રા. રા. (નામ) ૪.

દેવ અને ધર્માધિકારીનાં મથાળાં.

શ્રી ઇષ્ટદેવનું.—

શ્રીમત્ ષટ્ ગુણૈશ્વર્ય સંપન્ન, ભક્ત જન પ્રતિપાલક દુષ્ટજન નિવર્તન શ્રી ઇષ્ટદેવતા મહારાજાધિરાજ શ્રી ૧૦૦૮ (દેવનું નામ) સેવામાં (ગામનું નામ) થી લી. દાસાનુદાસ (ફલાણા) ના ક્ષણે

ક્ષણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ. વિનંતિ એ છે જે શ્રીજી મહારાજની કૃપાવડે શરણાગત દાસ સુખરૂપ છે. વિશેષ મજકૂર હોય તે લખવો. એજ દીન સેવકની જીજ્ઞાસા છે, તે મહારાજાશ્રીને નિવેદન હોય. ઇતિ.

શ્રીમદ્ ગોસ્વામિ વગેરે આચાર્યોનાં મથાળાં.

શ્રી (ગોકલે દુર્જયતિ).

(સ્વસ્તિ શ્રી (ગામ) મહાશુભસ્થાને પુજ્યારાધે, શ્રીમદ્ (વલ્લભ) રાજકૂલ હંસ, વિદ્યા ગુણ ગુણોમાં પૂર્ણ, માયા વાદ રૂપી ગર્વનું ખંડન કરનાર, ભક્તિ માર્ગ પોષક, (તેલંગ) કુલદીપક, દ્વિજ કૂલનું ખંડન કરનાર, ગોસ્વામી શ્રી ૧૦૮ (નામ) સેવામાં (ગામ) થી લી. મહારાજાધિરાજના વૈષ્ણવ, દાસનો દાસ, ચરણ કમળમાં રહેવાને આતુર, આજ્ઞાધારક, અથવા દર્શનાભિલાષી, કે ચરણ કમળ સેવવાને નિરંતર ઉત્સુક (નામ) ના શીરસાષ્ટાંગ દંડવત્ પ્રણામ અંગીકાર કરશો. ઇત્યાદિ.

ગોસ્વામી તરફથી વૈષ્ણવનું મથાળું.

। श्री गोकुलेन्दुर्जयति ।

સ્વસ્તિશ્રી શ્રીમદ્દેદ વ્યાસ, વિષ્ણું સ્વામિ મતા નુવાતે, ખંડ ભૂમંડલાચાર્યમાં શ્રેષ્ટ શ્રી મહાપ્રભુ, શ્રીમદ્ વલ્લભાચાર્ય જગદ્ગુરૂ શ્રી દેવકીનંદનાચાર્યાણાં સ્વકીયેષુ શ્રીહરિ ગુરૂસેવા પરાયણાન્તઃકરણેષુ વૈષ્ણવ શ્રી ૨ હરિભાઈ ભક્તિદાસેષુ સહપરિવારેષુ, નિરૂપિતાઃશુભાશિષ; સમુલ્લ સન્તું, સતીહ તસ્તુ, સદા શ્રીશૅવ્ય; સ્મતં વ્યશ્ચ અપરંચ યહાંસે શ્રીમહાપ્રસાદ તથા માલા ચરણામૃત (અમુક) કે હાથ પઠાયોહે, સો મસ્તક ચઢાય લેવેગે. આગે તુમને ભેટ કે રૂપિયે સો ભંડારમે જમે હોય સેવામાં અંગીકાર ભયે. તુમારે અહો ભાગ્ય હે. યહાંકી સેવામે ચિત્ત રાખોગે. તાકી અધિક રાખોગે કુશલ પત્ર લીખોગે.

વૈષ્ણવનું.

સ્વસ્તિ શ્રી (ગામ) સર્વ દાનવોના ઈંદ્ર, રાવણનો ગર્વ ઊતારનાર, પરમ પવિત્ર, પ્રસંગી મનુષ્યોને પવિત્ર કરનાર, રઘુકુળમાં ઉત્તમ, શ્રી રામ ચરણના નખ રૂપ ચંદ્ર વડે પ્રકાશિત અંતઃકરણવાળા, શાન્ત સ્વભાવથી ધ્રુવાદિ ભક્તજનોની બરોબરી કરનારા, મનસા, વાચા અને કર્મણાએ ભગવાનના સર્વ ગુણો ગાવામાં સાંભળવામાં અને કહેવામાં આનંદ પામેલી મનોવૃત્તિથી સમય ગાળનારા, પરમ ભગવતી (નામ) જોગ શ્રી નામ વગેરે લખવું.

શ્રીમત્ શંકરાચાર્યનું.

શ્રીમત પરમ હંસ પરિવ્રજકાચાર્ય વર્ય, પદ વાક્ય પ્રમાણ પારાવાર પારિણ, યમનિયમાસન, પ્રાણાયમ પ્રત્યાહાર, ધ્યાનધારણા સમાધ્યષ્ટાંગ યોગાનુષ્ટાન, નિષ્ટાંત તપશ્ચર્યા ચરણ, ચક્રવર્ત્યનાદ્ય વિચ્છિન્ન ગુરૂ પરંપરા પ્રાપ્ત ષડ્દર્શન સ્થાપનાચાર્ય, વ્યાખ્યાન સિંહાસનાધીશ્વર, સકલ પદાર્થ પ્રકાશક, સાંખ્યત્રયી પ્રતિપાલક, સકલ નિગમાગમ, સાર-હૃદય, વૈદિક માર્ગ પ્રવર્તક, સર્વતંત્ર સ્વતંત્રાદિરાજધાની શ્રી વિદ્યા નગર, મહા રાજધાની શ્રી કર્ણાટક, સિંહાસન પ્રતિષ્ઠાપનાચાર્ય, શ્રીમદ્રાજાધિરાજ ગુરૂ ભૂમંડલાચાર્ય, ચાતુર્વર્ણ શિક્ષક તુંગભદ્રાતીર નિવાસક, ઋષ્ય શૃંગ પુરવર ધીશ્વર, શૃંગેરી શ્રી વિરૂપાક્ષ શ્રીવિદ્યાશંકર કરકમલસંજાત, શ્રી (નામ) સ્વામિભિઃસ્વામિના ચરણાર વિંદયોઃ શિષ્યાનુ શિષ્ય સમીપવર્યંતરગત સ્વચ્ચરણારવિંદ મકરંદ મિલિંદ (અમુકકૃત) પ્રણતિપ્રણિપત-ૐ નમો નારાયણેતિ મંત્રદ્વારા ચરણ સરોજ વંદન. વિનતિ અત્રે કુશલ છે. કૃપા કટાક્ષ વડે શિષ્યાનુશિષ્ય ચરણ સેવામાં તત્પર રહેછે માટે

આપ સ્વાનંદારૂપાનુશાસન કરવા સમર્થ છો. વિશેષ મજકુર હોય તે લખવો અને છેવટે 'ઇતિ પ્રણિતયઃ વિજ્ઞાપના' લખી મીતિ નાખવી.

શિષ્ય અથવા ગૃહસ્થોને શ્રીમત્ શંકર સ્વામી તરફથી.

શ્રીમંત્ પરમ હંસ. પરિવ્રજકાચાર્ય વગેરે પાછલા પત્રમાં જણાવેલાં વિશેષણો શ્રી શંકરાચાર્યના પદ સુધીનાં લઇને લખવું કે સ્વામિના શિષ્યાનુશિષ્ય સમીપ વર્ત્યંતરગત સચ્ચરણાર્વિંદ મકરંદ મિલિંદ, [નામ] પ્રતિ ચેતેત્કૃતાનુશાસન લિખિતે-વિગત લખવી. મીતિ નાખવી. ઇત્યાનુશાસન અલં—

માધ્વની સંપ્રદાયના સ્વામિનું.

શ્રીમત્સકલ સુર નિકર, મુકુટમણિ રંજિત, દિવ્યશ્રી વિઠ્ઠલ ચરણ કમલારાધક, શ્રી [મૂલ સ્વામિનું નામ] કમલ સંજાત શ્રી [સ્વામિનુ નામ] કુમારક શ્રી [૩ નામ] એમના ચરણ કમલ રંજાપતિ શિષ્યાનુશિષ્ય સચ્ચરણારવિંદ મકરદ મિલિંદ (લખનારનું નામ)ના પ્રણુત પ્રતિપત ૐ નમાનારાયણેતિ મંત્રદ્વારા ચરણસરોજ-વંદ. અત્યંત વિરાત્ શિષ્યાનુશિષ્ય સ્વામી કૃપાવડે આનંદમાં છે, આ-પની ચરણ સેવામાં તત્પર સમજીને સ્વાનંદારૂપાનુશાસન કરવા સમર્થ છો. હકીકત લખવી. મીતિ જણાવવી. ઇતિ પ્રણુતયઃ વિજ્ઞપ્તિઃ

સન્યાસી, આત્મજ્ઞાની, અને, બ્રહ્મજ્ઞાનીનું—

[૧] જો કે મઠના સંપ્રદાય પ્રમાણે સન્યાસીને લખે છે તથાપી મુખ્યત્વે નીચે પ્રમાણે શ્રીમત્, પરમ હંસ, સચ્ચિદાનંદ અદ્વયબોધ નિરૂપાધિ, નિર્મલ કીર્તિ, સદૈવ નારાયણના સ્મરણમાં આશક્ત શ્રી [સ્વામિનું નામ] ના ચરણારવિંદમાં અખંડ દંડાયમાન ચરણ ર૦

જાન્હિત (નામ) ના સાષ્ટાંગ નમસ્કાર અથવા કૃતાનેક પ્રણામપૂર્વક દંડવત્ વિનંતિ; વિગત લખવી. મીતી નાખવી.

(૨) શ્રીમન્નારાયણના ચરણ કમલમાં નિરંતર આશકત અંતઃકરણવાળા, સંસાર સમુદ્રને તરવાના મહા વાક્યાર્થ વહાણના વિચારોમાં શાન્તિ પામેલા, અત્યંત નિર્મલ બુદ્ધિરૂપ મંદર પર્વત વડે વેદાન્ત વિદ્યાના સમુદ્રને મથન કરી નાખનારા, તથા તે થકી મેળવેલા અક્ષર તત્વજ્ઞાન વડે દૈવી પ્રાણીઓને સંતોષ પમાડનારા, નિરતિશય આનંદના ચૈતન્યાગ્નિથી કર્મારણ્યોને બાળનારા, સ્વામિરૂપના પ્રાદુર્ભાવવડે અજ્ઞાન માત્રને પરાજય કરેલા (અમુક) ના ચરણ કમલમાં પ્રતિ શ્રી [ગામથી) લી. (અમુક) સાષ્ટાંગ દંડવત્ પ્રણામ. અત્રે આપના ચરણના સ્મરણના મહિમાથી આનંદ છે, પરંતુ આપની શુભાશુભ મનોવૃત્તિના વિયોગથી વાર્તા પૂછવાને વખત મળતો નથી. વિગત લખવી. મીતિ નાખવી.

(૩) સ્વસ્તિ શ્રી ઉદાર ચિત્તથી ચિંતામણીને જીતનાર, બ્રહ્મજ્ઞાનના નિરતિશય આનંદના સમુદ્રરૂપ મેળવેલી નિર્બીજ સમાધિથી પ્રગટ થયેલા, પ્રકૃતિ તથા પુરૂષના વિવેકથી ઉત્પન્ન થયેલા વૈરાગ્યથી મુકિત પામેલા, વેદાન્તના અર્થો સિદ્ધ કરવામાં તત્પર. અમારા આશ્રય ભુત પૂજ્ય દેવદત (અમુક) ને યજ્ઞદતના હજારો પ્રણામ જ.

માધ્વને સંપ્રદાય તરફથી શિષ્ય અથવા ગૃહસ્થનું.—

શ્રીમંત્ સકળ સૂરનિકર મુકુટમણિ રંજીત દિવ્ય શ્રી વિઠ્ઠલ ચરણ કમલારાધક શ્રી (નામ) પરમ ગુરૂ શ્રી ગુરૂ (સ્વનામ) એમના અત્યંત પ્રિય શિષ્ય વર્ય (નામ) ને વાસ્તવ્ય શ્રીમન્નારાયણ સ્મરણ પૂર્વક આશીર્વાદ. અમુક મઠમાં કુશળ છીએ તમારા સમાચાર લખવા જ.

ગૃહસ્થ તરફથી સાધુસંત કે મહંતનું.—

શ્રીમંત્ બ્રહ્માનંદ અથવા કૈવલ્ય પદ દાયક, અચિંત્યાગમ અનુપમ જ્ઞાન, ધન, અજ્ઞાન તિમિરોચ્છેદક, સનાતન ગુરૂ મૂર્તિ રાજેશ્રી (નામ) સ્વામિની સેવામાં આપત્ય અથવા ચરણ રજાનુરક્ત (અમૂક) ના દંડવત પ્રણામ વિગત લખવી. છેવટે પત્રદ્વારે દર્શન દેવા કૃપા કરશોજી ૪૦

સાધુસંતો તરફથી ગૃહસ્થનું.—

રાજ્યમાન્ય રાજેશ્રી (નામ) પ્રતિ (ગામથી) અમુક મહંતના આશીર્વાદ. પરમાત્માની કૃપાથી ઉત્તમ સ્થિતિ છે. પત્રદ્વારે આનંદ આપશે. બીના લખવી. મીતિ નાખવી.

જૈનના શ્રી પૂજ્યનું.—

ૐ નત્વા (ગામ) સર્વોપમાલંકૃત, સકલ ગુણ ગરીષ્ઠ, સર્વાવલંબી પ્રતિષ્ટ, ચારૂ ચરિત્ર, નિર્મલ ગુણુત, સરસ્વતિ કંઠાભરણ, સ્વકુલ કમલ વિકાસમાન, એક વિધ જીન આજ્ઞાપાલક, દ્વીવિધ ધર્મ પ્રરુપવાન, ત્રિગુપ્તિ, ચત્વારી કષાય જીપક, પંચાચારપ્રપાલક, ષટ, કાર્ય રક્ષક, સપ્ત ભય નિવારક, અષ્ટ મદ જીપક, નવવાડ બ્રહ્મચર્ય પાલક, ઇત્યાદિ અનેક શુભોપમા વિરાજમાન આગમ યુગ પ્રધાન, શ્રી ૧૦૦૮ શ્રી સકલ પાઠક વાચક, મુનિ મંડળે સંસેવિત ચરણ કમલવાળા (નામ) જોગ શ્રી (ગામ) થી લી—દાસાનુદાસ (નામ) ના દ્વાદશ વર્ત વંદન ત્રિકાલ માન્ય કરશોજી. આપની કૃપાથી અત્રે સુખશાતા છે ૪૦

અંક ૨ જો.

કીમતી દસ્તાવેજો.

૧. લેવડદેવડના સંબંધમાં લખેલા પત્રોને કીમતી દસ્તાવેજો કહે છે. તે બે ભાગમાં વેહેંચી શકાય છે.

अ વેપારીના ધંધાને લગતા પત્રો. ब બીજાં ઉપયોગી ખત.

૨. વેપારી વર્ગના મુખ્ય બે જથા છે. अ રોકડ રકમ ઉપર વેપાર કરનાર. ब માલ ઉપર વેપાર કરનાર.

૩ રોકડ રકમ ઉપર વેપાર કરનારને સરાફ નાણાવટી કે પારેખ (પરીખ) કહેછે; અને માલ વડે વેપાર કરનારને જે તે માલના નામનો વેપારી કહે છે, જેમકે કાપડના વેપારીને દોશી, ઝવેરાતના વેપારીને ઝવેરી ૪૦

૪. સરાફ અને વેપારીના કામને અંગે લખાતા પત્રોમાં ફેર હોય છે માટે તે જાણવાની જરૂર હોવાથી આ નીચે આપેલા છે.

સરાફી ધંધાના પત્રો વિષે.

૫. સરાફી ધંધામાં રોકડાં નાણાંનો સંબંધ બહુંવા હોય છે, માટે તેને લગતા પત્રોની વિગત—

૬. એકજ સ્થળમાં નાણું આપવા અપાવવા બાબતના લેખને રૂક્કો કહે છે. (જુઓ અંક ૧ પૃષ્ઠ અને તે શિવાય કામકાજ માટે ઘણા પત્રો લખાય છે.)

૭. પરગામ ખાતેથી નાણું આપવાને લખેલા કાગળને ચિઠી કહે છે. તેના ત્રણ પ્રકાર છે. (૧) ચિઠી અથવા કાગળ (૨) શાહજોગ ચિઠી (૩) હુંડી. છેક નાની રકમ આપવાની હોય, ત્યારે ચિઠી લખાવી જનાર અંગનો માણસ હોય તો તેની બરદાસ

માટે સૂચના કરવામાં આવે છે, અને ચિઠીના રૂ૦ પહોંચ લઈને કે તેમ કર્યા વગર આપવાના હોય તો તેનો ખુલાસો પણ જણાવે છે, તે તથા કલમ ૬ ના પત્રો ઉપર સ્ટામ્પની જરૂર નથી.

૮. જે ચિઠીમાં આપવાનું નાણું શાહજોગ આપવાને લખ્યું હોય તેને શાહજોગ ચિઠી કહેછે. હરકોઈ શાહજોગ ચિઠી ઉપર એક આનાનો સ્ટામ્પ લગાડવો પડે છે. શાહજોગ ચિઠીમાં મુદતબંધી વાત ઘણું કરીને હોતી નથી. તેમ છતાં મુદતબંધી હોય તો તેના ઉપર પાકો સ્ટામ્પ લગાડવો જોઈએ. (જુઓ સ્ટાપની વિગત.)

૯. પરગામ ખાતે જરૂર પડે જોઈતી રકમ મળવાને માટે લીધેલા આધાર ભૂત પત્રને ભલામણ કહે છે. તેમાં આપવાના રૂ૦ તથા મુદતની હદ બાંધવામાં આવે છે, તેથી મુદત વિતે અથવા હદ ઉપરાંત નાણાં લેવાં હોય તો તે લખનારનો ફરીને જવાબ મંગાવવો પડે છે. ભલામણથી લીધેલાં નાણાંની તેજ લેખ નીચે ભરપાઈ કરવા ઉપરાંત મૂળ ધણીને દાખલો મોકલવા માટે અલાયદી પહોંચ આપવી પડે છે. ભલામણને સ્ટામ્પની જરૂર નથી.

૧૦. પોતાની આબરૂ ઉપર પરદેશમાં સામા માણસને નાણાં મળવા સારૂ લખી આપેલા પત્રને હુંડી કહે છે.

૧૧. વ્યવહારમાં હુંડીને ટકડો અથવા ચિઠી પણ કહે છે તે બે પ્રકારની છે. (अ) નામજોગી (ब) શાહજોગી.

૧૨. જે હુંડીનાં નાણાં રાખ્યાવાળા ધણી જોગ આપવાનાં હોય, તેને નામજોગી હુંડી કહે છે. નામજોગી હુંડી ઘણા ભાગે લખાતી નથી, જ્યારે તે લખતા ત્યારે સ્વિકારનાર ધણી રાખ્યાવાળાને ઓળખી શકે તેને માટે રાખ્યાવાળાના અંગની ઉંચાઈ તથા

તેલ અને લાખાં વગેરે નિશાનીઓ અલાયદા પત્રથી લખી મોકલતા. અને તે ઉપરથી શિકારનાર નાણું આપતાં, પણ તેમાં ઉભય પક્ષ તે ઘણું હેરાન થવું પડતું; માટે હાલમાં એવી હુંડીઓ ઘણીક લખાતી નથી અને જે લખાય છે તે શાહજોગની પેઠે ખોળાધર આપથી વટાવી શકાય છે. નામજોગી હુંડીમાં રાખ્યા નામ જોગ લખાય છે.

૧૩. જે હુંડીમાં શાહજોગ નાણાં આપવાનું લખ્યું હોય, તેને શાહ જોગી હુંડી કહે છે. શાહજોગી હુંડીનાં નાણાં ખોળાધર આપેથી મળે છે. એમાં રાખ્યા શાહજોગ અથવા શાહ વેપારી જોગ લખાય છે.

૧૪. શાહજોગી અને નામજોગી હુંડીઓ તરત મુદતની અને અને બાંધી મુદતની લખી શકાય છે. હુંડીમાં નીચે પ્રમાણે મુદતો નાંખવામાં આવે છે– ૧. તરત મુદતની ૨ દિન ૧ વળતાની–૩ મુદત વાર ભોમની. ૪ દિન ચારની (આ શિવાય બીજી મુદતો પણ હોય છે તેને માટે જુઓ દેશીનામુ પૃષ્ઠ ૬૮).

૧૫. ગેરવલ્લે ગયેલી હુંડીનાં નાણું મળવા માટે આપેલા પત્રને પેંઠ કહે છે. તેમાં હુંડીના મજકૂર લખાય છે.

૧૬. ગેરવલ્લે ગયેલી પેંઠનાં નાણું મળવા માટે આપેલા પત્રને પરપેંઠ કહે છે, તેમાં હુંડી તથા પેંઠનો મજકુર લખાય છે.

૧૭. ગેરવલ્લે ગયેલી હુંડી, પેંઠ અને પરપેંઠનાં નાણાં મેળવવા માટે આપેલા લેખને કાગળ કહે છે. તેમાં હુંડી. પેંઠ. અને પરપેંઠનો મજકુર લખાય છે. અને કાગળ ગેરવલ્લે પડે તો બીજો લેખ ભાગ્યેજ મળે છે.

૧૮. લીધેલા રૂપિયાનો દાખલો લખી આપવામાં આવે છે. તેને પહોંચ કહે છે. તે ત્રણ પ્રકારની છે. (૧) રૂપિયા ભર્યાની પહોંચ, (૨) ભલામણના રૂપિઆ લીધાની પહોંચ, (૩) હુંડી વગેરેથી રૂપિયા લીધાની પહોંચ.

હુંડી, અને કાગળની પહોંચ જુદી લખાતી નથી. પણ જેની તેની પાછલી બાજુએ ભરપાઇ થાય છે. તે એવી રીતે કે લી. ફલાણા ફલાણા, જત આ હુંડી, પેંઠ, ભલામણ, કે કાગળથી આટલા રૂ. ભરીપુરી પામ્યો છું, એવું લખી નાણાં લીધાની મીતિ નાખી પોતા (લખનાર) ની સહી કરવાનો વહિવટ છે.

રૂપિયા ભર્યાની પહોંચ આપવાનો બહુધા રિવાજ નથી, તેમ છતાં આપવી હોય, તો રૂકકાની પેઠે લખાય છે કે રૂપિઆ આટલા તમારે ખાતે જમે કર્યા છે.

ભલામણની પહોંચ અલાયદી આપવાની હોય, તો કાગળના રૂપમાં લખાય છે, અને શિકારનાર ભલામણ ઉપર તે પહોંચને બીડે છે.

૧૯. વરકન્યાને નામે જમે રાખેલી રકમનો જે દાખલો આપે છે, તેને પહોંચિઠી કહે છે.

૨૦. સામા ધણીના હાથ દસ્તકથી લેવડ દેવડ બાબત ખાતું પડાવે છે, તેને હાથ દસ્કતનું ખાતું કહે છે.

૨૧. વાંધા ભરેલી રકમ જમે મંડાગ્યાનો દાખલો આપવાને અનામતનો લેખ કહે છે.

સરાફી પત્રોના નમુના.

બેસતા વર્ષના કાગળનો જવાબ.

સ્વસ્તિ શ્રી મુંબઇ બંદરે મહાશુભસ્થાને ભાઇ શ્રી જમનાદાસ

મથુરાંદાસ જોગશ્રી અમદાવાદથી લી. મ્હેતા ઘેલાભાઇ નરસિંહદાસના જુવાર વાંચજો. જત અત્રે ભલું છે. તમારૂં સદા ભલું ચહાઇએ છીએ. બીજું તમારો શ્રી પુજન બાબતનો પત્ર આવ્યો તે વાંચીને ખુશી થયા છીએ. અમારો પત્ર તમને પહોંચ્યો હશે. હવે હિસાબ મોકલવાની તાકીદ રાખજો. કામકાજ લખજો. સં. ૧૯૮૫ ના કારતક સુદ ૪.

હિસાબ બીડયાનો પત્ર.

સ્વસ્તિ શ્રી જુનાગઢ મહાશુભસ્થાને શા-શ્રી-૫-ગાંધી પુરૂષોત્તમ કહાનજી જોગ શ્રી નવસારીથી લી. દેસાઇ બ પુભાઇ રૂસ્તમજી ના જેગોપાળ વાંચજો. જત સં, ( ) ના કારતક શુદ ૧ સુધીનો હિસાબ ઉતારીને આ સાથે બીડયો છે. તમારે ત્યાંના ખાતાજોડે તપાસીને જવાબ લખજો. કામકાજ લખજો. જોઇતું કરતું મંગાવજો. સં. ૧૯૮૫ ના કારતક શુદ ૭ દા.

અવેજ પોહોચ્યાનો ઉત્તર.

સ્વસ્તિ શ્રી ભરૂચ મહાશુભસ્થાને શા. શ્રી ૫. પરી. ભાણાભાઇ નંદલાલ જોગ શ્રી અમદાવાદથી લી. પરી. હરિવલ્લભ મુળચંદના જે ગોપાળ વાંચજો. જત સમાચાર ૧ પ્રીછજો. બજું આજરોજ ગુ. ચંદુલાલ જોડે તમારો પત્ર પહોંચ્યો. વાંચી સમાચાર જાંણ્યા. તેમની સાથે રોકડ અવેજ તથા હુંડીઓ બીડી તે પહોચ્યાની વિગત—

૧૫૦૦૦) રોકડા રૂ. પંદર હજાર હા. ગુ. ચંદુલાલે ભર્યા છે.
૧૦૦૦૦૦) હુંડીના કડકા મોકલ્યા તેની વિગત.

૩૦૦૦) હુંડી ૧ ૩૦૦૦) ની મુંબાઇની પરી. શામળ નથુભાઇ ઉપરની લી. તમારે ત્યાંથી પરી. પ્રેમાનંદ મનસુ-

ખરામ રાખ્યા તમારીના તુરત મુદતની શાહજોગ લખી મીતિ ( ) ની બીડી તે.

૭૦૦૦ હુંડી ૧ તમારા મથાળાની સુરત ખાતે પરી. હરિભક્તિ ઉપરની મુદત વાર ભોમની શાહજોગ લખી મીતિ ( ) બીડી તે.

૨૫૦૦૦ ૧૦૦૦૦

એણી વિગતે અવેજ આવ્યો છે. તેમાંથી રોકડ રકમ તમારે ખાતે જમે કરી છે, અને હુંડીનાં નાણાં શિકરાવી જમાં કરીશું તે જાણજો. હાલનો બજાર તેજ હોવાથી તમને લખવું પડ્યું હતું. કામકાજ લખજો. જોઈતું કરતું મંગાવજો સં. ( )

ચિઠી.

સ્વસ્તિ શ્રી લુંણાવાડા મહાશુભસ્થાને શા. ગણપત હરજીવનદાસ જોગ શ્રી વાડાશિનોરથી લી. શાહ લલ્લુભાઇ જોઇતાદાસના જેગોપાળ વાંચજો. જત અત્રેથી ગાંધી જાદવજી વખતચંદ તમારા તરફ આવ્યા છે. તેમની સારી રીતે બરદાસ લેજો. બીજુ તે ધણી આગે તો રા. ૧૦૦) અંકે સો સુધી અમારે ખાતે આપજો. તેની પહોંચ માગશો નહિ; તમારો જવાબ આવેથી અમે અવેજ બીડીશું, તે જાણજો. સંવત ૧૯૮૫ ના કારતક સુદ ૨ દા. પોતે.

શાહજોગ ચિઠી.

સ્વસ્ત શ્રી અમદાવાદ મહાશુભસ્થાને શા. શ્રી. ૫ પરીખ હરિવલ્લભ મૂળચંદ જોગ શ્રી વડોદરેથી લી. પરી ઝવેરચંદ લખમીચંદના જેગોપાળ વાંચજો. જત રા. ૨૦૧) અંકે બસેંએક મોદી ગીર-

ધરલાલ ભાણુભાઇને શાહ વેપારી જોગ આપજો. અને અમારે ખાતે ઉધારજો. શંવત્ ૧૯૮૫ ના આસો સુદ ૧ દા. મણિલાલ ઝવેરચંદના જેગોપાળ વાંચજો.

ભલામણ.

સ્વસ્તિ શ્રી સુરતબંદરે મહાશુભસ્થાને શા. શ્રી. પ. મોદી ગિરધરલાલ ભાણુભાઇ જોગ શ્રી વડોદરેથી લી. પરી. વલ્લવદાસ નંદલાલના જે ગોપાળ વાંચજો, જત શાહ છગનલાલ લલ્લુભાઇ તમારા તરફ આવ્યા છે તેમને જરૂર પડે, તો રૂા. ૨૦૧) બસેંએક સુધી આપજો. તેની બંધી આ ભલામણ લખ્યાની મીતિ. થી માસ એકની અંદર લેવા આવે તો આપજો. મુદત વીતે લેવા આવે તો અમારો જવાબ મંગાવીને આપજો. કામકાજ લખજો. સંવત ૧૯૮૫ ના ભાદરવા વદ ૦)) દા. પોતે.

હુંડી (નામ જોગી)

લી૦ પરી૦ શામળભાઇ નથ્થુભાઇ જત
આ હુંડી શિકારી નાણાં આપજો. દા. પોતે

શ્રી. ૧।

સ્વસ્તિ શ્રી મુંબાઇ બંદરે મહાશુભસ્થાને શા. શ્રી. ૫ પરી. શામળભાઇ નથ્થુભાઇ. જોગ શ્રી વડોદરેથી લી. પરી શામળભાઇ નથ્થુભાઇના જુહાર વાંચજો. જત અત્રેથી રાખ્યા મહેતા મણિલાલ મૂળજી પાસેથી રૂા. ૧૨૫) અંકે સવાસો પૂરા રોકડા લીધા છે તેની મુદત હુંડી પહોંચ્યા પછી તરતની નામે રાખ્યાવાળા ધણી જોગ નિશાની કામળ મધ્યે લખીશું તે જોઇને આપજો. સં. ૧૯૮૫

ના ભાદરવા સુદ ૧૫ દા. છોટાલાલ અંબાઇદાસના જેગોપાળ વાંચજો.

|૧૨૫|

નીમે રૂ. સાડીઆસઠથી બમણા
પૂરા રૂ. સવાસો કરી આપજો.

હુંડી (શાહજોગી.)

લી. પરી. કેશવલાલ પરમાનંદ. જત
આ હુંડી શીકારીનાણું આપજો દા. પોતે.

શ્રી ૧।.

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભસ્થાને શા. શ્રી. ૫ હરી. હરિવલ્લભ મૂળચંદ જોગશ્રી વડોદરેથી લી. પરી. કેશવલાલ પરમાનંદના જેગોપાળ વાંચને. જત અત્રેથી રાખ્યા ત્રવાડી બાળકૃષ્ણ સુખરામ પાસેથી રૂ. ૧૦૦૦) અંકે હજાર પુરા રોકડા લીધા છે. તેના મુદ્દત હુંડી પહોંચેથી દીન ૪ ચાર પછી।। નામે ત્રવાડી નાથજી ઘરેલાભાઇને શાહજોગ આપજો. નિશાની એ જે અમારી વતીને ખાતે ઉધારજો. સં. ૧૯૮૫ ના શ્રાવણ સુદ ૧૫ દા. કલ્યાણભાઈ અમીચંદના જુહાર વાંચજો.

|૧૦૦૦|

નીમે રૂપીઆ પાંચસોથી બમણા પૂરા
એક હજાર કરી આપજો.

લી. ગાંધી. જાદવજી વખતચંદ જત
આ હુંડી શિકારી નાણું આપજો. દા. પોતે.

શ્રી. ૧। (૨)

સ્વસ્તિશ્રી વાડાશિનોર મહાશુભસ્થાને શા. શ્રી ૫ મોદી અમૃતલાલ નાથજી. જોગશ્રી દેવગઢ બારીએથી લી. ગાંધી જાદવજી વખતચંદના જેગોપાળ વાચજો. જત અત્રેથી રાખ્યા ગાંધી મથુરલાલ વખતચંદ પાસેથી રૂ. ૫૦) પચાસ પૂરા લીધા છે. તેની મુદ્દત હુંડી પહોચ્યા પછી વાર ભોમની. નામે શાહ વેપારી જોગ નાણું હુંડીની રીતના પ્રથ* ઠામ ઠેકાણું ચોક્કસ કરીને આપજો. નિશાની એ જે તમારીવતી શ્રી વડોદરાવાળા ભાણાભાઇ નંદલાલને ખાતે ઉધારજો. સં. ૧૯૮૫ ના ભાદરવા સુદ ૪ દા. મનસુખ અમૃતલાલના જેગોપાળ વાચજો.

૫૦

નીમે રૂ. પચીસથી નીમે રૂા. સાડાબારથી
ચોગણા પચાસ પૂરા કરી આપજો.

પેઠ.

લી. ગાંધી જાદવજી વખતચંદ જત આ
પેંઠ શિકારી નાણું આપજો. દ. પોતે.

શ્રી ૧।.

સ્વસ્તિશ્રી વાડાશિનોર મહાશુભસ્થાને શા. શ્રી મોદી ૫ અમૃતલાલ નાથજી જોગશ્રી દેવગઢબારીએથી લી૦ ગાંધી જાદવજી

---

* કેટલાક વેપારી ઘર ઠામ ઠેકાણું લખે છે તે અર્થ ઉપરતો બંધ બેસતું નથી.

વખતચંદ જત હુંડી રૂા. ૫૦ પચાસની તમારા ઉપરની તમારીવતી વડોદરા વાળા ભાણુભાઇ નંદલાલને ખાતે લખી અત્રેથી અમારીના બરાબરછે. રાખ્યા ગાંધી મથુરલાલ વખતચંદ પાસેથી મુદતવાર ભોમની ભાદરવા સુદ ૪ ને વાર બુધે લખી છે. તે રાખ્યા વાળા ધણી કહે છે, કે હુંડી ગેરવલ્લે પડી છે, માટે આ પેંઠ લખી આપી છે. તમે તમારો રોજમેળ, નોંધવહી, આવરો વગેરે ઠેકાણે જોઇ તપાસી હુંડી ના શિકરાઈ હોય, તો આ પેંઠ શિકારી નાણાં આપજો. કદાપિ હુંડી શિકરાઇ નાણાં આપ્યાં હોય, તો આ પેંઠ રદ છે વાંચીને ફાડી નાંખજો. અમે તમને સનંદ મે થઇને એકવાર મજરે આપીશું. સં. ૧૯૮૫ ના ભાદરવા સુદ ૧૦ દા. મોહનલાલ અમૃતલાલના ગોપાળ વાચજો.

૫૦

નામે રૂ. પચીસથી નીમે રૂા. સાડાબારથી ચોગણા પચાસ પૂરા કરી આપજો.

પરપેંઠ.

સી. ગાંધી જાદવજી વખતચંદ જત આ નીચે લખ્યા
પ્રમાણે પરપેઠ શિકારી નાણાં આપજો દા. પોતે.

શ્રી રૂા | પરપેંઠ છે |

સ્વસ્તિ શ્રી વાડાશિનોર મહાશુભસ્થાન શ્રી શ્રી ૫ મોદી અમૃતલાલ નાથજી જોગ શ્રી દેવગઢથી સી. ગાંધી. જાદવજી વખતચંદના જેગોપાલ વાંચજો. જત પ્રથમ હુંડી નંગ ૧ રૂા. ૫૦ પચાસની તમારા

ઉપરની તમારીવતી વડોદરાવાળા ભાણુભાઈ નંદલાલને ખાતે લખી અત્રેથી અમારીના રાખ્યા ગાંધી મથુર વખતચંદ પાસેથી મુદતવાર સોમની લખી ભાદરવા સુદ ૪ ને વાર બુધે. ત્યાર પછી પેંઠ લખી આપી ભાદરવા સુદ ૧૦ ને વાર સોમે; તે રાખ્યાવાળા ધણી કહે છે કે હુંડી તથા પેંઠ સનંદો એ ગેરવલે પડયાં છે, માટે આ પરપેંઠ લખી આપી છે. તેથી તમો તમારો રોજમેળ, નોંધવહી, આવરો, ખાતાવહી વગેરે જોઇ, તપાસીને આ પરપેંઠ શિકારી નાણું આપજો. કદાચ હુંડી તથા પેંઠ સનંદ બેમાં શિકારી નાણું આપ્યાં હોય, તો આ પરપેંઠ રદ છે. વાંચીને ફાડી નાખજો. અમે તમને સનંદો ત્રણ થઇને એકવાર મજરે આપીશું તે જાણજો. સં, ૧૯૮૫ના ભાદરવા વદ ૧૪ દ૦ ગાંધી મોહનલાલ અમૃતલાલના જેગોપાળ વાંચજો.

|૫૦|

નીમો નીમે રૂપીયા સાડાબારથી ચોગણા પચાસ પુરા કરી આપજો.

લી. ગાંધી જાદવજી વખતચંદ
જત આ નીચે લખ્યા પ્રમાણે
કાગળ શિકારી નાણું આપજો.

શ્રી ૧ા (કાગળ)

સ્વસ્ત શ્રી વાડાશિનોર મહાશુભસ્થાને શા. શ્રી ૫ મોદી અમૃતલાલ નાથજી, જોગશ્રી દેવગઢબારીએથી લી. ગાંધી જાદવજી વખતચંદના જેગોપાળ વાંચજો. જત હુંડી ૧ રૂ. ૫૦) પચાસની તમારા પરની તમારીવતી વડોદરાવાળા ભાણુભાઇ નંદલાલને ખાતે

લખી અત્રેથી અમારીના રાખ્યા ગાંધી મથુરલાલ વખતચંદ પાસેથી મુદતવાર ભોમની લખી ભાદરવા શુદ ૪ ને વાર બુધે, પછી પેંઠ આપી ભાદરવા શુદ ૧૦ ને વાર ભોમે ત્યાર પછી પરપેંઠ લખી ભાદરવા વદ ૧૪ ને રવેઉ, તે રાખ્યાવાળા ધણી કહે છે, કે હુંડી તથા પેંઠ તથા પરપેંઠ સનંદો ત્રણ ગેરવલ્લે પડ્યાં છે. માટે આ કાગળ લખી આપો છે. તો તમે તમારો રોજમેળ, નોંધ, આવરો અને ખાતાવહી વગેરે ચોપડા જોઇ તપાસીને આ કાગળ શિકારી નાણું આપજો. કદાપિ હુંડી, પેંઠ, તથા પરપેઠ સનંદો ત્રણમાં શિકારી નાણું આપ્યા હોય તો આ કાગળ રદ સમજી વાંચીને ફાડી નાંખજો. અમો તમોને સનંદો ચાર થઇને એકવાર મજરે આપીશું. સં. ૧૯૮૫ ના આસો સુદ ૨ દા.

હુંડી શિકારવાને લખેલો પત્ર.

સ્વસ્ત શ્રી જુનાગઢ મહાશુભસ્થાને શ્રી શા ૫ પરી. મહાસુખલાલ પિતામ્બરદાસ, જોગ શ્રી દેવગઢથી લી૦ ગાંધી ગુલાબચંદ ભાઇચંદના જેગોપાળ વાંચજો. જત અત્રે શ્રી ઠાકોરજીના કૃપાથી ખુશી આનંદમાં છીએ. તમારી કુશળતાના સમાચાર લખશો. બીજું અત્રેથી હુંડી ૧ રૂ. ૨૦૦) બસેંની અમારીવતીને ખાતે તમારા ઉપરની લખા અમારીના, રાખ્યા શાહ રણછોડ બાપુજી પાસેથી મુદ્દત દીન ૧ વળતાની નામજોગ લખી મીતી ( ) તે રાખ્યાવાળા આવેથી શાહજોગ નાણું આપીને ખોખું તરત બીડજો. કામકાજ લખજો—
સં.—( ) દા. ( )

ખોખું બીડયાનો પત્ર

સ્વસ્તિ શ્રી દેવગઢ મહાશુભસ્થાને શા શ્રી ૫ ગાંધી ગુલાબ-

ચંદ ભાઇચંદ, જોગ શ્રી જુનાગઢથી લી. પરો. મહાસુખલાલ પિતામ્બરદાસના જેગોપાલ વાંચજો. જત સમાચાર ૧ જાણજો. બીજું તમારી હુંડી ૧ રૂ ૨૦૦) બસેંની શિકારી તેની વીગત—

રૂ. ૨૦૦) હુંડી ૧ રૂ ૨૦૦) બસેંની અમાગ ઉપરની લી. તમારીના રાખ્યા શાહ રણછોડ બાપુજી પાસથી દીન ૧ વળતાની નામ જોગ લખી આપી મીતિ. (   ) તેનાં નાણાં તમારા લખવા પ્રમાણે રાખ્યાવાળા ધણીને આપ્યાં છે; અને ભરપાઇ કરાવી હુંડીનું ખોખું આ સાથે બીડયું છે તે પહોંચથી જવાબ લખજો. સ. (   ) દા. (   )

ભલામણ શિકાર્યાનો પત્ર

સ્વસ્તિ શ્રી વડોદરા મહાશુભસ્થાને શા. શ્રી ૫ પરી. વલભદાસ નંદલાલ જોગ શ્રી સુરત બંદરથી લી. મોદી ગીધુલાલ ભણાભાઇના જેગોપાળ વાંચજો. જત સમાચાર ૧ પ્રાછજો. બીજું ભલામણ ૧ અમારી રૂપૈ રૂ. ૨૦૧) બસેં એકની તમારે ત્યાંના શાહ છોટાલાલ મનસુખરામને તમોએ લખી આપી મીતી (   ) તે ભલામણ પેટે અમોએ શાહ છોટાલાલ મનસુખભાઇને રૂ ૧૦૧) એકસોએક આપ્યા છે; અને તે ધણી કનેથી પહોંચ લખાવીને બીડી છે માટે એ રકમ અમારે ખાતે જમા કરી જવાબ લખજો. કામકાજ લખજે—સં—(   )

કાગળથી રૂા. લીધાની પહોંચ.

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભસ્થાને શા શ્રા ૫ શાહ મોતીલાલ રણછોડદાસ, જોગ શ્રી પડાલથી લી. શાહ કેશવલાલ જેઠાભાઇના

જે જે શ્રી ગોકુલેશ વાંચજો. જત તમોએ શાહ છોટાલાલ ભુરાભાઈ ઉપર રૂ. ૫૦) પચાસ લેવાને કાગળ આપ્યો મીતિ સં. ૧૯૪૮ ના આસો સુદ ૪ તે પેટે રૂ. ૨૫) અંકે પચીસ અત્રે એ ધણીને ત્યાંથી લીધા છે તે તમે એમને મજરે આપજો. અમે તેની આ પહોંચ લખી આપી છે. સં. (   )

ભરણાની પહોંચ.

માસ્તર સાહેબ ગવરીશંકર પ્રભાશંકર જત ચિ. ગંગાશંકરે રૂ ૧૨૫) અંકે એકસો પચીસ ભર્યા તે અમને પહોંચ્યા છે. સં. ૧૯૮૫ ના ભાદરવા સુ. ૧૩ દા. કેશવલાલ ધરમચંદ.

ભલામણથી રૂ. લીધાની પહોંચ.

સ્વસ્તિ શ્રી વડોદરા મહાશુભસ્થાને પરી. વલ્લભદાસ નંદલાલ, જોગ શ્રી સુરત બંદરથી લી. શાહ. છોટાલાલ મનસુખરામના જેગોપાળ વાંચજો. જત તમોએ ભલામણ ૧ રૂા. ૨૦૧) અંકે બસેં એકની અત્રેના મોદી ગીરધરલાલ ભાણાભાઈ ઉપરની લખી આપી મીતી (   ) તે ભલામણ પેટે તેમની પાસેથી રૂ. ૧૦૧) એકસો એક રોકડા લઈને આ પહોંચ લખી આપી છે માટે તે અમારે ખાતે ઉધારીને એ ધણીને મજરે આપજો. સં. ૧૯૮૫ ના આસો સુદ. ૧ દા. પોતે

પત્નીની ચિઠી.

* સૌ વિજળી તથા શાહ કેશવલાલ લલ્લુભાઈ જોગ લી.

---

* કેટલાક વંકન્યાના બાપનું નામ લખે છે અને કેટલાક સૌ. અમુક વ્હાલી ધણીઆણી એમ પણ લખે છે.

પરી. મગનભાઇ હરિભક્તિદાસ જત તમારા પહાના રૂ. ૫૫૧) અંકે પાંચસો એકાવન પુરા રોકડા મૂક્યા છે. તેનું વ્યાજ માસ ૧ એકે સેંકે ૭ આના લેખે ઠરાવ્યું છે સં. ૧૯૮૫ના આસો સુદ ૪ દા. (   )

અનામતનો લેખ.

સંવત્ ૧૯૮૫ ના આસો શુદ ૧૨ ને વાર બુધ મજમુંદાર ચુનીલાલ મંછારામ તથા શાહ ભગવાનદાસ પ્રાણજીવનદાસ. જોગ લી૦ પરી મગનલાલ હરિભાઇ. જત તમોએ મજીઆરા રૂ૦ ૧૦૦૧) અંકે એકહજાર એક અનામત મૂક્યા છે, તે તમો ઉભ-યતા આવેથી પાછા આપવા. એ રકમ અનામત મૂકી છે માટે તેનું કંઇ વ્યાજ મળશે નહિ. દા૦ મગનલાલ પુરૂષોત્તમભાઇ.

હાથ દસ્કતનું ખાતું.

પટેલ. લખાભાઇ લલ્લુભાઇનું સામા દસ્કતનું ખાતું સં. (   ) ની સાલનું.

જ	ઉ
	૧૫૧) માગસર સુદ ૨ રોકડા. એકસો એકાવન મુંબઇ ભરા લીધા છે. વ્યાજ રામ છઆના કર્યું છે.
	એક આનાનો સ્ટામ્પ
	લી. લખાભાઇ લલ્લુભાઈ સહી દા. પોતે.

વેપારીના માલને લગતા પત્રો વિષે.

૧. વેપારીઓના માલની લેવડ દેવડમાં નીચે પ્રમાણે પત્રો લખાય છે. ચિઠી, કામકાજનો કાગળ, ભરતિયું, માલનો કબાલો, અને વિમાચિઠી ઇત્યાદિ.

૨. રૂકકાને ચિઠી કહે છે (જુઓ પૃષ્ટ ૨૭)

૩. માલ લેવા દેવાની બાબતમાં જે પત્ર લખાય છે તેને કામકાજનો કાગળ, કહે છે. (જુઓ પૃષ્ટ. ૩૩ क)

૪. મોકલેલો માલની વિગત તથા તે ઉપરથી થયેલી ખરાજાતની વિગતવાળા પત્રને ભરતિયું કહે છે.

૫. સહી કરેલા માલ બાબત લખી આપેલા લેખને માલનો કબાલો કહે છે.

૬. માલનો વિમો ઉતાર્યો બાબત વિમાવાળા પાસેથી લીધેલા લેખને વિમાચિઠી કહે છે.

૭. જળ માર્ગે ચઢાવેલો માલ હકબંધ તપાસી લેવા બાબત જે કાગળ લખવામાં આવે છે તે સતમી કહે છે.

વેપારીના પત્રોના નમુના.

આડત બાંધવાનો પત્ર.

સ્વસ્ત શ્રી કલકત્તા બંદરે મહાશુભસ્થાને શા શ્રી ૫ પરી. ગોપીનાથ શીવનારાયણ જોગ શ્રી મિરજાપુરથો લી. શાહ દેવીદાસ ગણેશદાસના જે ગોપાળ વાંચજો. જત અત્રે શ્રીજીની કૃપાથી ભલું છે, તમારે ત્યાં કુશળતા હશે. શેઠજી અમોએ અત્રે કાપડની નવી

દુકાન ઉઘ ડી છે તેને માટે જોઇતું કાપડ તમારે ત્યાંથી મંગાવવાનો વિચાર છે તો આડત રાખી કામકાજ કરશો કે નહિ તેનો જવાબ લખજો. જવાબ આવેથી માલ મંગાવવાનો વિચાર થશે. અમારી સાથે નવો પ્રસંગ છે માટે જરૂર હશે તો અમે તમને ખોળાધર આપીશું. કામકાજ લખજો. મીતી—

જવાબ.

સ્વસ્તિશ્રી મિરજાપુર મહાશુભસ્થાને શા શ્રી ૫ શાહ દેવીદાસ ગણેસદાસ. જોગશ્રી કલકત્તા બંદરથી લી. પરી. ગોપીનાથ શીવનારાયણના જે ગોપાળ વાંચજો. જત તમારો પત્ર પહોચ્યો, વાંચી સમાચાર જાણ્યા, કાપડ મોકલવાની આડત બાંધવા વિષે લખ્યું તે ઠીક છે; તમને જે માલનો મોખ હોય તે ખુશીથી મંગાવજો, દુકાન તમારી છે. આડત ખરચ શીરસ્તા મુજબ લઇશું. અને મંગાવશો તે ચાર ઠેકાણે ફરીને કર કસરથી માલ શીકાર ખરીદ કરી મોકલીશું. જવાબ લખજો. કામકાજ જણાવજો. મીતિ.

માલ મોકલવાનો પત્ર.

સ્વસ્તિશ્રી ઢાકા મહાશુભસ્થાને પટેલ દામોદરદાસ અમથાભાઈ જોગશ્રી મુંબાઇબંદરથી લી. પટેલ ચુનીલાલ અમથાભાઇના રામ રામ વાંચજો. જત તમારો પત્ર વાંચી સમાચાર જાણ્યા છે. મખમલના તાકા ત્રીસની ગાંસડી તુરત ચઢાવજો, હુંડી ૧ રૂ. ૧૦૦૦) હજારની કલકત્તાની પરી. પ્રેમાભાઇ હેમાભાઇ ઉપરની શાહજોગ બીડી છે તેનાં નાણાં મળેથી અમારે ખાતે જમે કરજો. માલ મોકલવાની તાકીદ રાખજો. કામકાજ લખજો. મીતિ.

ઉપલાનો જવાબ.

સ્વસ્તિશ્રી મુંબાઈ બંદરે મહાશુભસ્થાને પટેલ ચુનીલાલ અમથાભાઈ જોગશ્રી ઢાકાથી લી. પટેલ દામોદરદાસ અમથાભાઈના જે ગોપાળ વાંચજો. જત પત્ર પહોચ્યો. મખમલની ગાંસડીઓ બે રવાના કરી રસીદ તથા ભરતિયું આ સાથે બીડયું છે, તે પહોચેથી માલના રૂ. ૧૪૮૦) ચૌદશોને હેસી અમુક મીતિના અમારે ખાતે જમે કરી જવાબ લખજો. હુંડી ૧ બીડી તે શિકરાએથી જવાબ લખીશું. કામકાજ લખજો. મીતિ.

માલ મંગાવ્યાનો પત્ર.

સ્વસ્તશ્રી મુંબાઇ બંદરે મહાશુભસ્થાને ભાઇજી શ્રી માનચંદ પ્રભુદાસ જોગશ્રી જેપુરથી લી. પ્રેમચંદ પ્રભુદાસના જુહાર વાંચજો! જત અમારે માટે નીચે મુજબ માલ મોકલજો.

ધોતીજોટા ૨૫ વાર ૧૦ ઈંચ ૫૦.
ધોતીજોટા ૨૦ વાર ૮ ઈંચ ૫.
દુપટ્ટાજોટા ૨૦ વાર ૬ ઈંચ ૫૦.
દુપટ્ટાજોટા ૨૫ વાર ૫ ઈંચ ૪૦.
જગન્નાથી તાકા ૧૧૫ વા. ૧૮

એણી વિગતે માલ મોકલજો. આંકડો આવેથી હુંડી બીડીશું. કામકાજ લખજો. મીતિ.

ભરતિયું.—

સ્વસ્તિ શ્રી જેપુર મહાશુભસ્થાને ભાઈ પ્રેમચંદ પ્રભુદાસ

જોગ શ્રી મુંબાઇ બંદરથી લી. માનચંદ પ્રભુદાસના જુહાર વાંચજો. જત માલ મોકલ્યો તેનું ભરતિયું નીચે પ્રમાણે છે.

૪૦॥= ધોતીજોટા નં. ૨૫ વા. ૧૦ ઈં. ૫૦ દા. ૧॥=

૨૭॥ ધોતીજોટા નં. ૨૦ વા. ૮ ઈં. ૫૦ દા. ૧॥=

૨૧। દુપટ્ટા જોટા નંગ ૨૦ વા. ૬ ઈં ૫૦ દા. ૧)–

૧૮॥। દુપટ્ટા જોટા નંગ ૨૫ વા. ૫ ઇંચ ૪૦ દા. ၀॥।

૩૨૪) જગન્નાથો ૧૦૮ વા. ૧૮ ધોએલી દા. ૩)

---

૪૩૨)=

૨।=॥ હારસાઈ દા. ၀॥।

૪૩૪। ၀॥

૧૪॥–। વળતર દા. ૩।=

૪૧૯॥ૢ। બાકી.

૧॥= ગાંસડીઓની બંધામણના.

၀।= મારફતનાં.

၀)= ધર્માદાના.

૪૨૧॥।–

એણી વિગતે અમારે ખાતે જમે કરીને જવાબ લખજો. મીતિ. દા.

માલનો કમાસો.

સં. ૧૯૫૧ ના જેઠ શુદ. ૫ ને વાર ગરેઉ અંગ્રેજી સન

૧૯૯૫ ના મે માસની તા. ૨૯ મીના દિને. × ભરૂચના રહેનાર પરી. મૂળચંદ ભીખાભાઈ ભૂખણદાસ જોગ લી. જીલ્લે વડોદરા તાલુકે કરજણનું ગામ મેજે કરજણના રહેનાર પટેલ લલ્લુભાઇ ગીરધરભાઇ જત અમોએ તમોને માલ દેવા કર્યો છે તેની વિગત—

૨૦૦) ઘઉં કળશી ૫ અંકે પાંચ દર કળશી એકના રૂ. ૪૦) ચાળીસ લેખે—

રૂ. ૪૦) ચાળીસ.—

૩૨) જુવાર કળશી ૨ બે દર કળશીના રૂ. ૧૬) સોળ લેખે.

૭૧૨

એણી વિગતે સાતસેંબાર રૂપીઆનો માલ (અમુક મીતિનો) દેવા કર્યો છે તે વચાની અંદર તમને ઉપના ભાવે પુરો પાડીશું. કદાપિ રૂપની મીતમ ન લાઉં આપું ના કબાલાની સરતની મીતએ બજાર ભાવે જે ખોટ આવ તે તમારો હિસાબ જોઇ મજરે આપું, અને તે ના આપું તો તમે કાયદેસર ઇલાજ લ્યો તેનો જવાબ હું આપું; અથવા મારી હરેક મલમિલકતથી તે ખોટ વસુલ કરી લેવામાં હરકત કરૂં નહિ. આ કબાલાના બાના પેટે રૂ. ૩૦૦) ત્રણસે કલદારની હુંડી ૧ શ્રી સુરત ખાતે મોદી ગીરધરલાલ ભાણાભાઇ ઉપરની તમારા મથાળાની અમને આપી છે તેના નાણાં હિસાબમાં મજરે આપીશું. આ લખ્યુ તે અમપના માલ સાથે પાળીએ સહી.

× ડાક્યુમેન્ટ ભરૂચ સમચાઅટ ભરૂચ એમ પણ લખાય.

૪૮૦) કપાસનાં કાલાં ભાર ૧૨) બાર કાનમમાં દર ભારે

અત્ર મતુ	અત્ર શાખ
૧ પા. લલ્લુભાઇ ગીરધરભાઇ મતુ ઉપર લખ્યું તે સહી દા. પોતે	૧ શેઠ હરીલાલ વૃજભૂખણદાસ સાખ ધણી એ હજૂર;
	૧ શા.હ અમથભાઇ હીરાભાઇ સાખ ધણી એહજૂર.

૧૦મા ચીઠી.

આ લેખ વિષે, બીજાં ઉપયેગી ખતમાં ત્રિમાના લેખ જુઓ.

* સતમી.

સ્વસ્તિ શ્રી મુંબાઇ બંદરે મહાશુભસ્થાને શા શ્રી ૫ શા. રાય શી અમરચંદ એતાનશી મુતા અંદરથી લી. ગાંધી કાદર મોતીલાલના જેગોપાળ વાંચજો. જત અત્રેથી બનેલા ૧ એક નામે લખમીપશા ધણી કાનજી માવજી તંડેલ ઇબ્રાહીમ અબદુલઆપવાળા મધ્યે રૂ ગાંસડી ૧૦૧) અંકે એકસો એક તેલમાં ખાંડી દસ ચઢાવી છે તેના સતમીની વિગત—

૨૫) રૂ ગાંસડી પચીસ સોંપી શાહ આશકરણ લાલજી હવાલે શાહ રતનજી ગાંગજી નિશાની શા આ + શા ૪૪૪.

૫૧) રૂ ગાંસડી એકાવન સોંપી દેસી પુરષોતમ લાધાભાઇ હવાલે શા. અમલજી શીવજી નિશાની દે.. પુ+લ. ૫૯૯

૨૫) રૂ ગાંસડી પચીસ સોંપી ખાજા કરમાશ રહેમાન હવાલે

---

* હાલ કરટમ ખાતા તરફથી વહાણમાં ચઢાવ્યા બદલ જે પાવતી મળે છે તેને સતમી કહે છે તેથી નોતરની દસ્તાવેજમાં એવા લેખને સતમી કહે છે.

---

૧૦૧) એ પ્રમાણે માલ ગાંસડી એક ચઢાવી વહાણુ મહા વદ ૨ ને રોજ હંકાર્યું છે તે શ્રી રત્નાગરજી સહી સલામત પહોંચાડેથી ઉતારી લઇ શીલબંધ તપાસી લેજો અને તે માલ જે તે ધણીને હવાલે કરી તેમની પાસેથી પહોંચ લખાવી બીડજો સં. ૧૯૮૫ ના મહા વદ ૨.

સતમી પહોંચ.

સ્વસ્તિ શ્રી મુદ્રા બંદરે મહાશુભસ્થાને ગાંધી કાદર મોજીલાલ જોગ શ્રી મુંબઇ બંદરથી લી૦ ઠા. રાયશી અમરચંદના જુહાર વાંચજો. જત તમે એ બતેલો ૧ નામે લખમીપશા ધણી કહાનજી આવજી તંડેલ ઇબ્રાહીમ અબ્દુલ્લાભાઇવાળા મધ્યે રૂ ગાંસડી ૧૦૧) આંકે એકસો એક ચઢાવી હતી તે વહાણુ સહી સલામત પહોંચ્યું છે, અને સતમીમાં જણાવ્યા મુજબ શીલબંધ માલ તપાસી લઇ તેની પહોંચ લખી આપી છે. મીતી—

બીજાં ઉપયોગી ખત.

દસ્તાવેજ લખનારને સુચના.—

૧ સ્થાવર, જંગમ મિલ્કતને લગતા કરારની હકીકત જે પત્રમાં હોય છે તેને ખત અથવા કીમતી દસ્તાવેજ કહે છે. સ્ટામ્પ આકટમાં અવની વ્યાખ્યા આ પ્રમાણે છે.

આ ફલાણું નિર્દિષ્ટ કરેલું કામ કરશે અથવા નહિ કરશે (જેમ હોય તેમ) તો આ દસ્તાવેજ રદ છે એવી સરતથી જે દસ્તાવેજ ઉપરથી કોઇ માણસ બીજા કોઇને પૈસા આપવાની

પોતાને ફરજ પાડે છે એવો લેખ.

ય કોઈ દસ્તાવેજ ઉપર સાહેદે સાખ કરેલી હોય, અને ફલાણા માણસને અવેજ આપવો અથવા લાવનારને અવેજ આપવો એવા પ્રકારનો તે દસ્તાવેજ નહિ હોય, અને તે ઉપરથી કોઈ માણસ બીજાને પૈસા આપવાની પોતાને ફરજ પાડે એવો કોઈપણ દસ્તાવેજ.

ક સદરહુ પ્રમાણે સાખ કરેલા જે કોઈ દસ્તાવેજ ઉપરથી એક માણસ બીજા માણસને અનાજ અથવા ખેતીવાડી સબંધી બીજી ઉપજ આપવાની પોતાને ફરજ પાડે છે તેવો કોઈપણ દસ્તાવેજ.

૨ દુનિયાની શરૂઆતમાં લેવડ દેવડનું કામ મોંની કબુલત ઉપર ચાલતું હશે અને પાછળથી જેમ જેમ આપેલી કબુલતો વડે થનારૂં નુકશાન સમજીને લોકો ફરતા ગયા, તેમ તેમ લેખી દસ્તાવેજ કરાવી લેવાનો વહિવટ પડેલો હોવો જોઈએ.

૩ લેખી કરાર કર્યા પછી લાભ કે હાની વિચારવાનું રહેતું નથી, પણ ઉભય પક્ષકારને ઠરાવ પ્રમાણે ચાલવું પડે છે. તેમ છતાં જે કોઈ આડું થઈ કરારનો ભંગ કરે છે તેને ન્યાયને રસ્તે દોરવો પડે છે.

૪ વગર વિચારે લેખ કરી આપવાથી પોતાની પ્રતિષ્ટા ઘટે છે, માટે લેખ કરતી વખતે ઉતાવળ કરવી નહિ. એવા કામોની અંદર અનુભવી ગૃહસ્થોની સલાહ લેવી. પછી તે સલાહ ઉપર પુખ્ત વિચાર કરીને પગલું ભરવું જેઓ એ પ્રમાણે કરતા નથી તેઓ પાછળથી પસ્તાય છે

૫ સાધારણ પત્ર લખવા કરતાં દસ્તાવેજ લખવાનું કામ ઘણું જોખમ ભરેલું છે. તે વધારે અનુભવ કરવાથી સમજાય છે.

६ ઘણાખરા દસ્તાવેજો ઘણી લાંબી મુદ્દત સુધી જાળવી રાખવા પડે છે. માટે એવા કામમાં ટકાઉ અને નરમ કાગળો વપરાય છે.

૭ કોઇપણ લેખ ખરાબ અક્ષરે લખવો કે લખાવવો નહિ. તેમ તેમાં ચરેર ચુંથ કરવા જેવો પ્રસંગ લાવવો નહિ. લખાણની ઇબારત સાદી સરળ અને શુદ્ધ હોવી જોઇએ. વળી તેમાં વપરાયલા શબ્દો કે અક્ષરો દ્વિઅર્થી નહિ હોવા જોઇએ. મતલબ કે હરકોઇ માણસ દસ્તાવેજ વાંચીને સારી રીતે મૂળનો હેતુ કહી શકે એવું હોવું જોઇએ.

૮ દસ્તાવેજ ખરાબ અક્ષરે અશુદ્ધ ભાષામાં, અને અનિયમિત ક્રમમાં લખાવવાથી તેના અર્થમાં ફેર પડે છે.

૯ સ્થાવર મિલકતના દસ્તાવેજો રજીસ્ટર કરાવવાને સરકારે ફરજ પાડેલી છે માટે તેમ થયા વગરનો લેખ પુરાવાની અંદર મંજુર ગણવામાં આવતો નથી; જરૂરના લેખો પહેલેથીજ સરકારમાં નોંધાવેલા હોય ના આપણો લેખ ગેરવલ્લે જાય, કે નાશ પામે, ત્યારે સરકાર યોગ્ય ફી લઇને આપણને જોઇતો દાખલો આપી શકે. પરંતુ ખરાબ અક્ષરને લીધે, કે લખાણની ખામીને લીધે અસલ દસ્તાવેજ ભળતાંજ રૂપમાં નોંધાયલો હશે તો હરકોઇ પક્ષકારને નુકસાન પહોંચે એવો દાખલો મળશે, એટલે તેમાં જેનું હિત થતું હશે તે તેનો લાભ લેવાને યત્ન કરવામાં પાછો પડશે નહિ; અને જેનું અનહિત થતું હશે તે પોતાનો વ્યાજબી હક સંભાળવાને માટે ખર્ચ કરતાં ડગશે નહિ.

૧૦ પ્રથમ પ્રત્યેક દસ્તાવેજનો જુદા કાગળ ઉપર મુસદ્દો કરવો, અને બંન્ને પક્ષકારોને વાંચવા આપવો. પછી તેમાં ફેરફાર

કરવા જેવું હોય, તે ફેરવીને ખરડો નક્કી કરવો.

૧૧ સરકારી છાપ એટલે સ્ટામ્પના કાગળ ઉપર રજીષ્ટર કરવા જોગ અને સંઘરી રાખવા જોગ દસ્તાવેજો લખવાના હોય છે. જો એવા કાગળો ઉપર લખેલા દસ્તાવેજ પક્ષકારોને રૂચતો નહિં આવવાના કે બીજા કોઇ વ્યાજબી કારણથી ચડાવવો પડે તો વાપરેલો સ્ટામ્પ રદ જવાનો સંભવ રહે છે. અને ઘણુંજ છેકી નાંખવાનું હોય ત્યારે તો તે કાગળ રદ કર્યા વગર ચાલતું જ નથી. માટે પ્રથમ ખરડો તૈયાર કરી વાંચી જોવો અને પછીથી તેને સ્ટામ્પના કાગળ ઉપર છાપી લેવા જોઇએ.

૧૨ સ્ટામ્પના કાગળ ઉપર દસ્તાવેજ લખવો હોય તો મથાળે છાપના ભાગ ઉપરાંત રજીસ્ટરને માટે થોડો ભાગ રાખી તેની નીચેના ભાગથી લખાણનો આરંભ કરવો. એ પ્રમાણે નહિ લખેલું લખાણ કાયદા વિરૂદ્ધ ગણવામાં આવે છે.

૧૩ લખેલો ખરડો સ્ટામ્પના કાગળ ઉપર સમાશે કે નહિ તેનો લખતાં પહેલાં વિચાર કરવો. જો ન સમાય એમ હોય, તો સ્ટામ્પના કાગળની જોડે તેટલો બીજો સાદો કાગળ સાંધીને ખત લખવું.

૧૪ દસ્તાવેજ લખેલા કાગળમાં મતુ અને સાક્ષી થઇ રહે એટલે ઓછામાં ઓછી દસ આંગળ જેટલી કોરી જગા રહેવી જોઇએ કદાપી તેટલી જગો ન રહે તો છેડે કોરે કાગળ ચોંટાડવા.

૧૫ ખરડો છાપી લીધા પછી કોઇ ઠેકાણે સુધારો કરવો પડે કે ઉમેરવું પડે તો તેમ કરવું. અને ખત લખી રહ્યા પછી છેવટની લીટીએ ચાલુ ખતમાં જે જે લીટીઓમાં જેવા શબ્દોથી જે સુધારો

વધારો કર્યો હોય, તે સ્પષ્ટ જણાવવો જેમકે દસમી લીટીમાં અમુક પ્રકારે વધાર્યું છે કે સુધાર્યું છે તે અસલ છે. એવી રીતે ચોખવટ કરી હશે તો કોઇપણ વખતે અરસપરસ વિરોધ થવાનું કારણ મળશે નહિ.

૧૬. દસ્તાવેજ ઉપર સરકારી લાગત એક સરખી નથી. માટે ખત લખતાં પહેલાં લીધેલો સ્ટામ્પ સાંપ્રત ખતને માટે પૂરે પૂરો છે કે નહિ તેનો વિચાર કરવો. જો અધુરા સ્ટામ્પ ઉપર દસ્તાવેજ કરી નાખ્યો હશે તો પાછળથી ભારે નુકસાની ભોગવવી પડશે. એટલે એ દસ્તાવેજ ઉપયોગમાં લેતી વખતે તેના ઉપર બાકી રહેલો સ્ટામ્પ તો ચઢાવવોજ પડશે; અને કરેલી ભૂલ માટે સરકારમાં બાકીની રકમથી દસ પટ કે ધારા પ્રમાણે દંડ ભરવો પડશે.

૧૭. બાબતવાર દસ્તાવેજ કરવો જોઇએ. જે દસ્તાવેજને લાગુ પડતો સ્ટામ્પનો કાગળ ખરીદ કર્યો હોય તેજ દસ્તાવેજ એ કાગળ ઉપર લખવો. જો તે ઉપરાંત બીજો કોઇ કરાર લખવામાં આવશે તો કરેલો કરાર કાયદા વિરુદ્ધ ગણાશે અને ઉપર પ્રમાણે નુકસાનીને પાત્ર થશે. જેમકે કબજાગીરોખત લખવાને જોઇતો સ્ટામ્પ લઇને તેમાં તે મિલકત ભાડે આપ્યાનો પણ કરાર લખે તો ભાડાચિઠી બદલ જે લાગત ભરવાની હોય તે ભરવા ઉપરાંત મૂળ રકમથી દસ ગણી કે ધારા પ્રમાણેની રકમથી દસ ગણી કે ધારા પ્રમાણેની રકમ સરકારને દંડ તરીકે આપવી પડશે. માટે ચેતીને ચાલવું જોઇએ.

૧૮. મોઘમ દસ્તાવેજ કદી પણ કરવો નહિ. કેમકે પુરાવાની વખતે તે કશા ઉપયોગમાં લઇ શકાતો નથી.

અંગ્રેજી રાજ્યના સ્ટામ્પના દર વીગે.

વ્યાજુ અને સાનગીરો ખત ઉપર—રૂ. ૧૦) સુધીના કરજ માટે બે આનાના સ્ટામ્પનો કાગળ, રૂ. ૧૦) ઉપર અને ૫૦) સુધીના કરજ માટે રૂ. ૦| ના સ્ટામ્પનો કાગળ, રૂ. ૫૦) ઉપર અને રૂ. ૧૦૦) સુધીના કરજને માટે રૂ, ૦|| ના સ્ટામ્પનો કાગળ, રૂ. ૧૦૦) ઉપર અને રૂ. ૨૦૦) સુધીને માટે રૂ. ૧) ના સ્ટામ્પનો કાગળ; અને પછી એવીજ રીતે એટલે દર સોએ અથવા તેના હરકોઇ ભાગ ઉપર રૂ. ૦|| નો સ્ટામ્પ વધારે લેવો. આ વ્યાજુ ખત અથવા હાથદસ્કતના ખાતાં દર ત્રણ ત્રણ વરસે બદલવાં જોઇએ કેમકે આ દસ્તાવેજની મુદત દસ્તાવેજ લખ્યાની મીતિથી ત્રણ વરસની હોય છે. પણ જો ખાતાની અંદર બાકી કાઢેલી હોય અને વ્યાજનો કરાર લખેલો ન હોય તો તેવાં ખાતાને એક આનાનો સ્ટામ્પ લાગે છે અને તે ગમે તેટલી મુદત સુધી ચાલી શકે છે. જેમકે અનામત ખાતું.

કબજા ગીરોખત—રૂ. ૧ થી રૂ ૫૦ સુધીનું રૂ ૦||| ના સ્ટામ્પ ઉપર રૂ. ૫૦) થી અધિક અને રૂ. ૧૦૦) સુધીનું રૂ ૧|| ના સ્ટામ્પના કાગળ ઉપર, રૂ ૧૦૦) અધિક અને રૂ ૫૦૦) સુધીનું રૂ. ૭||) ના સ્ટામ્પના કાગળ ઉપર, એમ હજાર સુધીમાં દર સેંકડે અથવા તેના હરકોઇ ભાગ ઉપર રૂ ૧||) નો સ્ટામ્પ વધારે લેવો, એટલે રૂ ૧૦૦૦) એક હજારનું ખત હોય તો રૂ, ૧૫ નો, અને તે ઉપરાંત દર પાંચસેંએ અથવા તેના કોઇ ભાગ ઉપર રૂ ૭|| નો સ્ટામ્પ વધારે વાપરવો જોઇએ.

વેચાણ ખત— કબજાગીરો ખતમાં જણાવેલી રીત મુજબ.

ગણોતનામું—એક વર્ષ સુધીનું ગમે એટલે રકમનું બીજી કોઇ શરત વિનાનું હોય તો સ્ટાંપની માફી છે.

ગણોતનામું રૂ ૧૦૦) સુધીનું ગમે એટલા વર્ષનું બીજી કોઈ શરત વિનાનું હોય તો સ્ટામ્પની માફી છે.

ગણોતનામું રૂ ૧૦૦૦) ઉપરાંતનું એક વર્ષથી વધારે મુદતનું હોય તો તેનો વ્યાજુખત મુજબ સ્ટામ્પ જોઇએ.

ભાડા ચીઠી—એકથી ત્રણ વર્ષ સુધીની મુદતવાળી ભાડાચીઠીને દર વર્ષના ભાડા ઉપર વ્યાજુખત પ્રમાણે સ્ટામ્પ લગાડવો જોઇએ. ત્રણ વર્ષથી અધિક મુદતની ભાડાચીઠી કે ગણોત હોય તો દર સાલની સરાસરી ઉપજ ઉપર કબજા ગીરોખત પ્રમાણે સ્ટામ્પ જોઇએ.

ફારગતી અને પહોંચ રૂ ૨૦ ઉપરાંતની પાવતી ઉપર એક આનાનો. રૂ ૧૦૦૦) થી વધારે રકમ ન હોય તો વ્યાજુખત પ્રમાણે અને બીજા પ્રસંગે રૂ. ૭॥) નો સ્ટામ્પ લેવો જોઇએ.

અમુક રકમ લઇને હાથ ઉઠાવીને આપેલી ફારગતીને, વહેંચણના દસ્તાવેજને, અને વારસનામાને વ્યાજુખત પ્રમાણે સ્ટામ્પ જોઇએ.

વડીલોપાર્જિત મિલ્કતમાંથી હક છોડી દીધાના, અને પંત્યાળો ભાગ છૂટો કરવાના લખત પર પાંચ રૂપિયાનો સ્ટામ્પ જોઇએ.

છેડા છૂટકાની ફારગતી રૂ. ૧) ના સ્ટામ્પપર થઇ શકે છે.

અન્ન વસ્ત્ર આપવાના કરાર ઉપર વ્યાજુ ખત પ્રમાણે સ્ટામ્પ છે.

કરાર—જેમાં નુકસાની સંબંધી કરાર ન હોય તેવા કરાર

મિલ્કતનાં સાટા ખત, અને અધિકારીની સહીથી સરકારી કાગળની લીધેલી નકલ ઉપર, આઠ આનાનો સ્ટામ્પ જોઇએ.

પ્રતિજ્ઞા લેખ—એક રૂપયાના સ્ટામ્પ ઉપર અને શેરના વેચાણ સંબંધી કરાર એક આનાના સ્ટામ્પ ઉપર થાય છે.

દત્તક પત્ર, ભાગ ખાતું ચાલુ કરવાનું લખત એટલે પંત્યાળાનો લેખ, તોડજોડનું ખત અને ટ્રસ્ટી રદ કરવાના લેખને દસ રૂપીયાનો સ્ટામ્પ જોઇએ.

વેચાણના સર્ટિફિકેટને, કોઇ પણ સ્થાવર મિલ્કતનો મોબદલો કર્યાના લેખને, અને બક્ષીસપત્રને વેચાણખત પ્રમાણે સ્ટામ્પ જોઇએ.

પંચનો ફેંસલો રૂ ૧૦૦૦) થી વધારે ન હોય તો વેચાણ ખત પ્રમાણે સ્ટામ્પ ને અને હરકોઇ બીજે પ્રસંગે રૂ ૫) પાંચનો સ્ટામ્પ જોઇએ.

શીખવા સારૂ રહેવા બાબતના કરારના ખતને પાંચ રૂપીયાનો સ્ટામ્પ છે.

ટ્રસ્ટખત (જુમ્માનું કામ-મૃત્યુપત્ર શિવાય) ને પંદર રૂપીયાનો સ્ટામ્પ, કોઇ પણ કંપનીના નીયમને પચાસ રૂ. નો સ્ટામ્પ જોઇએ.

મુખત્યારનામાં. અ એકજ વકીલાત ખત પત્રો રજુ કરવા વગેરેના ખપનું આઠ આનાના. બ-(અ શિવાય બાજી કાઇ એકજ વ્યવહારમાં એક અથવા વધારેને અધિકાર આપવાનું રૂપયા એકના, ક એક કરતાં વધારે વ્યવહાર માટે પાંચ કરતાં વધારે

નહિ એવા સજ્જનોને આપવાનું રૂપિયા પાંચના, ૪ એજન્ટ પાસેથી દસ માણસને આપવાનું રૂ. ૧૦) દસના અને ૬ બીજે કોઈપણ પ્રસંગે દરેક માણસ દીઠ રૂ ૧] એકના સ્ટામ્પ પર મુખ્ત્યારનામાં આપવા જોઈએ.

વહાણ ઉપર માલ ચઢાવવાનો હુકમ આપવા ઉપર એક આનાનો, એક જમીન ઉપરથી હક છોડી સરકારથી બીજી જમીન ઉપર હક ચઢાવવાના કરાર ઉપર ચાર આનાનો સ્ટામ્પ જોઈએ.

સમુદ્રના વિમાના લેખને.	એકજ પ્રત હોયતો	બે પ્રત હોયતો
દરેકને રૂ ૧૦૦૦) થી વધારે ન હોય તો	૦—૪—૦	૦—૨—૦
હજાર ઉપરના દર હજારે અથવા તેના કોઈ ભાગ ઉપર—	૦—૪—૦	૦—૨—૦
બીજા કોઈ વીમા ઉપર હજારથી વધારે ન હોય તો.	૦—૬—૦	૦—૩—૦
હજાર ઉપરના દર હજારે અથવા તેના કોઈ ભાગ ઉપર	૦—૬—૦	૦—૩—૦

રજીષ્ટર કરાવવા બાબત.

સ્થાવરના વેચાણ વગેરે તમામ, બક્ષીસ, અને અદલાબદલીના લેખો ગમે એટલી કીમતના હોય તોપણ છે રજીષ્ટર કરાવવાજ જોઈએ. જંગમ મિલ્કત ને રજીષ્ટર કરાવવાની ફરજ નથી. એ શિવાય રૂ. ૧૦૦) ની ઉપર હોય તો રજીષ્ટર કરાવવા. અને રૂ ૧૦૦) અંદર હોય તો મરજી ઉપર છે.

દસ્તાવેજની મીતિથી ચાર માસમાં રજીસ્ટર થવું જોઇએ. બાદ ચારમાસમાં દંડ લેવાઇ શકે. પછીથી એટલે એકંદરે આઠમાસ પછીથી થઇ શકે નહિ.

વસિયતનામું રજીસ્ટર કરાવવાને મુદતની હદ નથી. અને તેમ કરાવવા ફરજ નથી.

ગણોતનામું તથા ભાડાનામું એક વર્ષ ઉપરાંતનું હોય તો રજીષ્ટર કરાવવું જોઇએ.

મુખ્ત્યારપત્ર હરકોઇના નામનું કોઇ ગેજીટેડ અધિકારીની રૂબરૂ આપીને રજીષ્ટર કરાવી શકાય છે. જો ન હોય તો એ રીતે આલી શકે.

માફી સ્ટામ્પવાળા લેખો.

લશ્કરી કાયદા પ્રમાણે નામ દાખલ થતાં કરેલી શરત કોઇ પણ કોર્ટમાં દાખલ કરવાનો કાગળ, કારણ પરત્વે બીજાને પેનશન કિંવા ધર્માદાય નિમણુંક લેવાને આપેલું અધિકારપત્ર, વેપારની જણસોના વેચાણ બાબત, સરકાર માટે ખસ ખસનાં ઝાડ ઉછેરવા માટે રૈયતે કરેલા કરાર, તગાવી માટે તગાવી લેનારે તથા તેના જામીને કરેલા કરાર, સરકારને લોન માટે નમુના પ્રમાણે અરજમાં કરેલા કરાર, સરકારી કામ માટે કરેલી નકલ, સરવેઇ નંબર દર્શાવેલી જમીનના ભોગવટા બદલ તથા તેનું મહેસૂલ આપવા બદલ મુંબાઇ ૧૮૬૫ ના આકટ ૧ લા મુજબ કરેલા કરાર, પાછળ શેરો મારીને બીજાને આપેલી હુંડી, વાયદા ચિઠી કે વિમાની ચોલીસી (ખત) ઇત્યાદિને સ્ટામ્પની માફી છે. (જુઓ સ્ટામ્પ આકટ પરિશિષ્ટ નં. ૨.)

*ગાયકવાડી રાજ્યના સ્ટામ્પ વિષે.

વ્યાજુ ખત ઉપર—રૂ ૨૫ (સુધીના ખતને માટે ૦)=રૂ ૨૫ ઉપર અને રૂ ૫૦ સુધીના ખતને માટે રૂ ૦|, રૂ ૫૦ ઉપર અને રૂ ૧૦૦ સુધીના ખતને માટે રુ ૦||. સૌથી હજાર સુધીમાં દર સેંકડે તથા તેના હરકોઈ ભાગ ઉપર ૨ ૦|| પ્રમાણે વધારે; અને હજાર ઉપરની રકમ હોય તો દર પાંચસેં તથા તેના હરકોઇ ભાગ ઉપર રૂ ૨,નો સ્ટામ્પ વધારે જોઇએ એટલે હજારને માટે રૂ ૫)નો અને રુ ૧૫૦૦)ને માટે રૂ૭) નો સ્ટામ્પ જોઇએ, ખતની મુદત બાર વરસની, અને ખાતાની મુદત ૭ વરસની છે.

કરજની રકમ ત્રણ માસમાં અદા કરવાની હોય તો રૂ. ૧)થી રૂ ૨૦૦ સુધી ૦)-રૂ ૨૦૦) થી ૪૦૦ સુધીને માટે ૦)=રૂ ૪૦૦)થી રૂ ૬૦૦) ને માટે ૦)≡ રૂ ૬૦૦ થી રૂ ૧૦૦૦) માટે ૦|-રૂ ૧૦૦૦) થી રૂ ૧૨૦૦) ૦|=૪. અને એક વરસની મુદતમાં પાછા આપવાના હોય તો રૂ ૧) થી રૂ ૨૦૦ સુધીને મટે ૦)=, રૂ ૨૦૦) થી રૂ ૪૦૦) ને માટે રૂ૦|, રૂ ૪૦૦ (થી રૂ ૬૦૦) સુધીને માટે રૂ ૦|= નો સ્ટામ્પ જોઇએ છે ઇત્યાદી.

ગીરોખત ઉપર—વ્યાજુખત પ્રમાણે સ્ટામ્પ છે.

વેચાણખત ઉપર-રૂ ૨૫) સુધીને માટે રૂ ૦|| નો રૂ૨૫) થી અધિક અને રૂ ૫૦) સુધીને માટે રૂ ૧ નો, રૂ ૫૦ થી અધિક અને રૂ ૧૦૦) ને માટે રૂ ૨, નો અને તે ઉપરાંત હજાર સુધીમાં સેંકડે તથા તેના હરકોઇ.ભાગ ઉપર રૂ ૨ મુજબ સ્ટામ્પ

જોઇએ. અને હજાર કરતાં વધારે ઉપર દર પાંચસેં રૂપિયે તથા તેના હરકોઇ ભાગ ઉપર રૂ ૧૦) લેખેનો સ્ટામ્પ જોઇએ.

ગણોત અને ભાડાચોઠી ઉપર—એક સાલી રૂ ૧૦૦)ની અંદરના ગણોતને સ્ટામ્પની માફી છે.

એક વરસથી અધિક અને ત્રણ વરસથી અધિક નહિ એવી મુદતની ભાડાચોઠી અગર ગણોતપટા હોય તેનું એક સાલી સરાસરી જે ભાડું અગર સાંથ થાય તે ઉપર સેંકડે આઠ આના પ્રમાણે એટલે ગીરેના દસ્તાવેજ મુજબ સ્ટામ્પ જોઇએ.

ત્રણ વરસથી અધિક મુદતની ભાડાચોઠી અગર ગણોતપટા હોય તો એક સાલની સરાસરી ઉપજ ઉપર વેચાણ ખત પ્રમાણે સ્ટામ્પ જોઇએ.

ભાડાચોઠી અગર ગણોતપટામાં નિયમિત મુદત ઠરાવી ન હોય તો દસ વરસની સરાસરી કાઢતાં એક વરસ માટે જે રકમ થતી હોય તે રકમને વેચાણ ખત મુજબ સ્ટામ્પ લગાડવો જોઇએ.

ભાડાચોઠી અગર ગણોતપટામાં દરસાલનું ભાડું અગર ગણોત લખેલું નહોય પણ ઉધડ રકમ ઠરાવી હોય તો તે ઉધડ રકમ માટે વેચાણ ખત પ્રમાણે સ્ટામ્પ જોઇએ.

ફારગતી અથવા પહોંચ—વીસ રૂ. થી અધિક રકમ હોયતો એક આનાના સ્ટામ્પ જોઇએ. ફારગતીમાં લખેલી રકમ એક હજાર રૂ. થી અધિક નહોય તો વ્યાજુ ખત પ્રમાણે સ્ટામ્પ જોઇએ. પંચાળા છૂટા પડવાની અથવા બીજા કોઇ પણ પ્રસંગે આપેલી ફાર-

અતી રૂ ૫) ના સ્ટામ્પ પર જોઇએ. અને છેડા છૂટકાની ફારગતી (તલાકનામું) એક રૂ. ના સ્ટામ્પ ઉપર જોઇએ.

અન્નવસ્ત્ર આપવાના કરારને ચોકસ મુદત સુધી આપવાને ઠરેલું હોય તો તે મુદતોમાં આપવાની એકંદર જે રકમ થાય તે ઉપર, લખેલી રકમ કોઇ હયાત માણસની હયાતી સુધી આપવાની હોયતો બાર વરની એકંદર રકમ થાય તે ઉપર, લખેલી રકમ હમેશ આપવાની હોય, અગર દસ્તાવેજ કરતી વખતે જે માણસ હયાત નથી. તેની હયાતી સુધી આપવાની હોય તો વીસ વરસની એકંદર જે રકમ થાય તે ઉપર, અને લખેલી રકમ કેટલી મુદત સુધી આપવાની તે કોઇ પણ રીતે દસ્તાવેજમાં નક્કી ઠરેલું ન હોય. પરંતુ તેમાં એક વરસ કરતાં વધારે મુદતનો સમાસ થતો હોય તો પાંચ વરસની એકંદર જે રકમ થાય તે રકમ ઉપર, બાન્નુખત પ્રમાણે સ્ટામ્પ લગાડવો જોઇએ.

કંટ્રાકટ સંબંધી કરાર આઠ આનાના સ્ટામ્પ ઉપર થાય છે.

પંચાળાનો લેખ દશ રૂપયાના સ્ટામ્પ ઉપર. પંચનો ઠરાવ રૂપિયા હજારથી કમી હોય તો બાન્નુ ખત પ્રમાણે અને બીજા પ્રસંગે દરેક ઠરાવને રૂ. ૫ પાંચનો સ્ટામ્પ લગાડવો જોઇએ.

ત્રસ્ટીથી વહિવટ કરવાના લેખ જો એક હજાર રૂપિયા સુધીની રકમનો હોય તો સેંકડે આઠ આના મુજબ સ્ટામ્પ જોઇએ, અને તે કરતાં જાસ્તી રકમ હોય તો માત્ર પાંચ રૂપિયાનો સ્ટામ્પ જોઇએ.

કુલ મુખ્ત્યારપત્ર રૂા. ০॥ ના સ્ટામ્પ પર થઈ શકે છે, અને એક કામનું મુખત્યારપત્ર આઠ આનાના સ્ટામ્પ પર થાય છે. બક્ષીસપત્ર દાનપત્ર કે ધર્મપત્રિકાને વેચાણ ખત મુજબ લાગત છે. વિમાના લેખ ઉપર—રૂપિયા હજારથી અધિક રકમ ન હોય તો ચાર આનાનો અને તે ઉપર પ્રત્યેક હજાર રૂપિયે અથવા હજારના કોઈ પણ ભાગ ઉપર ચાર આનાનો સ્ટામ્પ વધારે જોઈએ.

વીલ ઉપર સ્ટામ્પની લાગત નથી. માત્ર રજીસ્ટર ફી રૂ. ૩)છે. મોટ બદલાના સ્થાવર મિલકતના લેખમાં મિલકતની જે કીમત હોય તે ઉપર વેચાણ ખત પ્રમાણે સ્ટામ્પ લગાડવો જોઈએ.

વહેંચણ પત્રમાં જણાવેલી મિલ્કતની કુલ રકમ ઉપર વ્યાજુ ખત પ્રમાણે સ્ટામ્પ લગાડવો અને તે ઉપરથી કરેલી દરેક નકલ એકેક રૂપિયાના સ્ટામ્પ ઉપર કરવી જોઈએ.

બદલાના ખતમાં જે કીમતનો માલ લેવા લખ્યું હોય તે રકમ ઉપર વેચાણ ખત પ્રમાણે સ્ટામ્પ લગાડવો.

સરકારી કાગળની નકલ જેમાં અધિકારીની સહી થઈ હોય તે ચાર આનાના સ્ટામ્પ પર થાય છે.

હુંડી ઉપર—હુંડી દેખાડયા પછી એક વર્ષથી અધિક મુદતની નહિ હોય તો રૂ. ૨૦૦) સુધી ઉપર બે આનાનો, રૂ ૨૦૦) થી અધિક અને ૪૦૦) સુધી ઉપર ચાર આનાનો, રૂ. ૪૦૦) થી અધિક અને રૂ. ૬૦૦) સુધી ઉપર છ આનાનો, રૂ. ૬૦૦) થી અધિક અને રૂ. ૧૦૦૦) સુધી ઉપર દશ આનાનો, રૂ. ૧૦૦૦) થી

અધિક અને રૂ ૧૨૦૦) સુધી ઉપર બાર આનાનો, રૂ. ૧૨૦૦) થી અધિક અને રૂ. ૧૬૦૦) સુધી ઉપર એક રૂપિયાનો અને રૂ. ૧૬૦૦) થી અધિક અને રૂ. ૨૫૦૦) સુધી દોઢ રૂપિયાનો, પછી દસહજાર રૂ. સુધીની હુંડીમાં દરેક રૂ. ૨૫૦૦] કે તેના કોઇપણ ભાગ ઉપર દોઢ રૂપિયો. ત્રીસહજાર રૂપીયા સુધી હુંડી હોય તો દરેક રૂ. ૫૦૦૦) ને માટે કિંવા તેના કોઇ પણ ભાગને માટે ત્રણ રૂ. લેખેનો સ્ટામ્પ જોઇએ, અને ત્રીસ હજારથી અધિક હોય તો દરેક દસ હજાર રૂપિયાને, અથવા તેના કોઈ પણ ભાગને રૂ. ૬) છનો સ્ટામ્પ જોઇએ, એક વરસથી વધારે મુદતની હુંડી હોય તો તેને બંધણુ ખત પ્રમાણે સ્ટામ્પની લાગત છે.

માફી સ્ટામ્પવાળા લેખો.

૧. વીલ અથવા મૃત્યુપત્ર, દત્તકપત્ર, તથા દત્તક લેવાનું અધિકાર પત્ર.

૨. જંગમ માલ અથવા વેપારની જણસોના વેચાણ બાબત અથવા એવા કરાર કિંવા કરારની યાદી બાબતના લેખ.

૩. ખેતી કરનારને આપેલો કોઇ પણ પટો, અથવા ખેતી કરનારને આપેલી કોઇ પણ કબુલત જે એક વરસથી વધારે નિયમિત મુદતની ન હોય અથવા વાર્ષિક ભાડું કે સાંથ સો રૂપિયાથી વધારે ન હોય અને તે પટામાં અથવા કબુલતમાં ઉધડ રકમ કંઇ ઠરાવેલી ન હોય એવો લેખ.

૪. ખાતા ઉપરથી ચાલેલી લેવડ દેવડમાં રૂ. વીસ ઉપરની રકમ લેવાય અગર અપાય તેને સ્ટામ્પની માફી છે.

૫. સામા દસ્કતના ખાતા ઉપરથી વ્યવહાર ચાલતો હોય અને તેમાં દેણદારે ઉપાડેલી રકમ પોત ને હાથે અગર બીજા પાસે તે રકમ પહોંચી છે એવી રીતે ઉપાડની રકમ પાવતી દાખલ લખી હોય, અને તે વીસ ઉપરની હોય તોપણ તેને સ્ટામ્પની માફી છે.

૬. ખેતી કરનારે સાંથના રૂપિયા ભર્યા બાબતની પાવતીને સ્ટામ્પની માફી છે.

૭. યોગ્ય રીતે સ્ટામ્પ લગાડેલા અથવા સ્ટામ્પની માફી હોય તેવા કોઇ પણ દસ્તાવેજમાં લખેલો અવેજ પહોંચ્યો એવા મચકૂરની, અથવા તે દસ્તાવેજ ઉપરથી મળવાના મુદલ પૈસા, અથવા વ્યાજ, અથવા વર્ષાસન, અથવા મુદ્દતે મુદ્દત મળવાનો બીજો અવેજ પહોંચ્યો, એવા મચકૂરના ભરપાઇની તે દસ્તાવેજ ઉપર અથવા તે દસ્તાવેજમાં લખી હોય તો તેને સ્ટામ્પની માફી છે.

૮. કોઇ પણ મોં બદલો આપ્યા શિવાય પૈસા આપ્યા હોય તે બાબતની પાવતીને સ્ટામ્પની માફી છે.

૯. સહી સાથેની અગર સહી વગરની કાઢી આપેલી ખાતાની બાકીને સ્ટામ્પની માફી છે.

૧૦. કોઇ પણ શાહુકાર અગર નાણાવટીને ત્યાં કોઇએ રૂપિયા મૂક્યા હોય; તેમાંથી કંઇ રકમ કોઇને આપવાને ચિઠી અગર રૂક્કો લખે તો તેને સ્ટામ્પની માફી છે, તથા જે માણસને તે ચિઠીના રૂપિયા આપી તેની ભરપાઇ કરી લેવામાં આવે તેને સ્ટામ્પની માફી છે.

૧૧. કરજ શિવાયની બીજી લહેણુ દેણુની હરકોઈ રકમની પાવતીને સ્ટામ્પની માફી .

નોંધણીની લાગત—રૂ ૧) થી ૨૫ સુધીના બે આના, રૂ ૨૫) થી અધિક અને રૂ ૫૦) સુધીનો રૂ ૦। રૂ ૫૦) થી અધિક અને રૂ ૧૦૦) સુધીના માટે રૂ. ૧) રૂ ૧૦૦)થી અધિક અને રૂ ૧૦૦૦) સુધી દર સેંકે અથવા તેના ભાગ ઉપર ચાર આના વધારે, અને હજારથી અધિક ઉપર દર પાચસે એ અથવા તેના કોઇ ભાગ ઉપર અર્ધો રૂા. વધારે ફી પડે છે.

બ્રિટિશમાં—રૂ ૫૦) સુધીને રૂ ૦।, રૂ ૧૦૦ સુધીનો રૂ ૦।। રૂ. ૨૦૦) સુધીનો રૂ ૧), બસેથી અધિક અને છસેં સુધીમાં દર બસેંએ અથવા તેના ભાગ ઉપર રૂ ૧) વધારે, છસેંથી અધિક અને હજાર સુધીના રૂ ૪), હજારથી અધિક અને પંદરસેં સુધીના રૂ ૫), પછી દર પાંચસે એ રૂ ૧) વધારે રજીસ્ટર ફી પડેછે. વીઝની ફી રૂ૨)છે.

સ્ટામ્પ ખરચ આપવાનો નિયમ.

૧. અનામતના દસ્તાવેજ, જામીનખત, ગીરવીખત, ગીરવી પાછું આપવાનું ખત, ગીરવી ઉપર જાસ્તી કરજનો લેખ, બીજાના નામ ઉપર કરી આપવાનો લેખ, ફારગતી, વહિવટનું ખત, વ્યવસ્થાપત્ર, હૂંડી, અને વહાણની આવક ચિઠી, એમાં દસ્તાવેજ લખી આપનારે સ્ટામ્પ ખરચ આપવો.

૨. વીમાના દસ્તાવેજમાં વીમો ઉતરાવનારે સ્ટામ્પ આપવો.

૩. વેચાણખતમાં વેચાણ રાખનારે— ,,

૪. પટે કરી આપવાના કરારમાં પટો કરી લેનારે ,,

૫. કબુલત અથવા કબુલત કરી આપવાના કરારમાં કબુલત કરી લેનારે સ્ટાંમ્પ ખરચ આપવો.

૬. વહેંચણુપત્ર અને અદલાબદલીના ખતમાં પક્ષકારોએ સરખા હિસ્સે સ્ટામ્પ ખરચ આપવો જોઇએ.

૭. કોર્ટમાંના વેચાણનો દાખલો લેવામાં મિલ્કત ખરીદનારે સ્ટામ્પ ખરચ આપવો જોઇએ.

ઉપર પ્રમાણે સ્ટામ્પ ખરચ આપવાનું ગાયકવાડી તથા બ્રિટિશ રાજ્યના કાયદામાં ઠરાવેલું છે. પરંતુ પક્ષકારોએ પોતપોતામાં સ્ટામ્પનો ખરચ આપવા લેવા બાબત કાંઇ બીજી રીતનો કરાર કરેલો હોય તો તે પ્રમાણે ખરચ આપવા લેવાને ઉપલી કલમોથી બાધ આવે છે એમ સમજવું નહિ.

રજીષ્ટર કરવા બાબત.

સ્થાવર મિલ્કતનું બક્ષીસ પત્ર, સ્થાવર મિલ્કત સંબંધી સો અથવા સો ઉપરાંતનાં સાનગીરો, કબજાગીરો કે વેચાણ ખત સ્થાવર મિલ્કત સંબંધી ફારગતીઓ અથવા વહેંચણ પત્ર, ત્રણ વરસથી વધારે મુદતનો સ્થાવર મિલ્કતનો પટો, કબુલત કિંવા ભાડાચિઠ્ઠી અને એક હજાર રૂપિયા ઉપરાંતનું કરજ ખત રજીષ્ટર કરાવવાને ફરજ પાડેલી છે.

સ્થાવર મિલ્કતનું રૂ ૧૦૦) થી કમી રકમનું સાન ગીરોખત, વેચાણ ખત, બક્ષીસ પત્ર, ફારગતી અને વહેંચણ ખત, શિવાયનો

કોઈ પણ દસ્તાવેજ, વળી ત્રણ વર્ષની અંદરની ભાડાચીઠી, કબુલત કે પટો, રૂપિયા એક હજારની અંદરનું કરજ ખત. જંગમ મિલકત સંબંધી કોઈ પણ દસ્તાવેજ તથા એ બધા લખોની પાવતીઓ, અને લગ્ન સંબંધી છેડા છુટકાની ફારગતી, મૃત્યુ પત્ર અને છોકરો દત્તક લેવા વિષેનું અધિકાર પત્ર રજીષ્ટર કરાવવાં કે નહિ તે મરજી ઉપર છે દસ્તાવેજની મીતિથી ૭ માસમાં રજીષ્ટર થવું જોઈએ તે ઉપરાંત બે માસ સુધીમાં રજીષ્ટર કરાવે તો દુપટ દંડ અને એક લાગત, ત્યારથી વધારે માસની મુદત નહિ થઈ હોય તો ચોપટ દંડને એક પટ લાગત, ૭ માસથી વધારે મસની મુદત નહિ થઈ હોય તો આઠ પટ દંડ ને એક પટ લાગત પડે છે. પુરાવામાં નીકાલ થઈ ગયા પછી પાછો આપેલા દસ્તાવેજ આપ્યા તારીખથી ૬૦ દિવસમાં રજીષ્ટર કરાવવો જોઈએ.

દસ્તાવેજનાં નામ અને મુખ્ય શબ્દો.

વ્યવહારિક કામને અંગે લખાતા દસ્તાવેજોની વિગત.

(૧) કબજાકિ ખત (૨) વેચાણ ખત (૩) ભાડનામું (૪) ફારગતી (૫) વિમાનો લેખ (૬) કરાર (૭) ઠરાવ (૮) સનંદ (૯) વહિવટનો લેખ (૧૦) દાનપત્ર (૧૧) વારસ પત્ર (૧૨) મોબદલાનો લેખ (૧૩) વહેંચણ પત્ર (૧૪) પંચાળાનો લેખ (૧૫) દાખલા પત્ર (૧૬) વિવાહ પત્રિકા (૧૭) પંચાત નામું. (૧૮) ગુમાસ્તાનો બદોબસ્ત (૧૯) નોકરનો જામીન કતબો, (૨૦) નોટીસ, (૨૧) રાજીનામું.

દસ્તાવેજો લખવામાં સામાન્ય મુદ્દાનો ઉપક્રમ એવો છે કે. (૧) * મીતિ (૨) દસ્તાવેજ લખાવી લેનારનું નામ, જાત, ઉમ્મર, ધંધો, અને ગામ (૩) દસ્તાવેજ લખી આપનારનું નામ, જાત, ઉમ્મર, ધધો, અને ગામ (૪) નાણાની રકમ અને તેના અંકે (૫) તેને લગતી સરતો. (૬) જ્યારે દગાદાવો કરનાર મળે કે કરાર તૂટે, ત્યારે લેવા જોગ ઇલાજ (૭) દસ્તાવેજ કરી આપનારના દેહની સ્થિતિ. (૮) પ્રતિજ્ઞા. (૯) * મતુ (૧૦) * સાક્ષી.

દસ્તાવેજ લખવામાં વપરાતા સંબંધ દર્શક શબ્દોની વિગત.

આ દેહંગ, અમુક ગામ વાસ્તેગ઼ંગ; તેને બદલે આદેહમ્ અમુક ગ્રામ્ય વાસ્તવ્યમ્ એવું સંસ્કૃત રૂપ હતું. દસ્તાવેજ લખાવી લેનારના નામની પહેલાં એ વાક્ય લખવાનો વહિવટ છે. એમાં આદિ+

---

* અંગ્રેજી તારીખ સાથે. * દસ્તાવેજ લખાઇ રહ્યા પછી તેની નીચે રહેલ કાગળના બે ઉભા ભાગ પાડી ડાબી બાજુએ લખી આપનારની સહી લેવામાં આવે છે, તેને મતુ કર્યું કહે છે, જમણી તરફ સાક્ષીઓની સહીઓ થાય છે દક્ષિણમાં અને ઉત્તર હિંદુસ્થાનમાં ઉલટો રિવાજ છે એટલે જમણી તરફ મતુ અને ડાબી તરફ સાક્ષી થાય છે. દસ્તાવેજ લખ્યાનો પુરાવો આપનાર માણસોની સહીને સાક્ષી કહે છે.

× અત્ર દેશાંગે—આ દેશમાં આવેલું વાસ્તવ્યમ્—રહેનાર પાર્શ્વાત પાસેથી, હસ્તાખરાણુ—હસ્તાક્ષરેણુ—હાથ દસ્કતવડે દત્તાન—દતવા—આપેલો એવો અર્થ પણ કરે છે. જેમ સરકારી ખાતામાં જુબાનીમાં લખાય છે કે હું નામે ફલાણો તેમ દસ્તાવેજમાં પણ થાય છે.

અહમ્=આહૈમ્-* હું (પોતે) અને વાસ્તવ્યમ્ રહેનાર એવો અર્થ થાયછે. પણ હાલ એને બદલે મોજે ગામ તાલુકે અમુક અને જીલ્લા અમુકના રહેનાર ફલાણા ફલાણા એવું લખે છે વળી હાલનો જમાનો જોતાં વધારે સુતરૂ તો એજ છે.

પારસાત-પશ્ચાત દસ્તાવેજ લખાવી લેનારનું નામ લખ્યા પછી એ શબ્દ મૂકવામાં આવે છે. એનો અર્થ પછીથી થાયછે.

જોગ લી—પારસાત પછી જોગ લી. મુકાય છે જોગ-એમને, લી-લખી આપનાર, અર્થાત્ પછીથી એમને લખી આપનાર એક ગામ વાસ્તેવંગ-જો લખી આપનાર અને લખાવી લેનાર એકજ ગામના હોય. તો એક ગામ વાસ્તેવંગ લખેછે અને જુદા જુદા ગામના હોય, તો જોગ લી. અમુક ગામ વાસ્તેવંગ ફલાણા. મતલબ કે લખી આપનારનું ગામ અને નામ લખાયછે.

જત-દસ્તાવેજની ઇબારત શરૂ કરતા પહેલાં મૂકવામાં આવે છે.

અત્રમતુ—આ શબ્દો મતુ કરવાની જગો બતાવે છે. ત્યાં દસ્તાવેજ લખી આપનાર ધણી પોતાનું નામ લખી સહી કરે છે,

અત્રસાખ—આ શબ્દો સાક્ષીદારોને સહીઓ કરવાની જગો બતાવે છે. સાક્ષીદાર વગરનો દસ્તાવેજ અપૂર્ણ ગણાય છે માટે હરકોઇ લેખમાં બે કરતા વધારે સાક્ષીદારો હોવા જોઇએ.

કરજાઉ ખતો વિષે.

કરજે લીધેલા નાણાં બદલ લખી આપેલા લેખોને કરજાઉ દસ્તાવેજો કહે છે. આબરૂદારને તેમની શાખ ઉપર, સાધારણ દરજ્જાના

ખાતા ઉપર, અને નઅળાને લેખ લખાવી લઇને નાણું ધીરવાનો ચાલ જોવામાં આવે છે.

કરજાઉ ખત બે પ્રકારનાં ગણી શકાશે. (૧) અંગઉધાર ખત (૨) ધરાણીયું કે ગીરો ખત. જે ખતમાં ઉપાડેલાં નાણું જાત મિલ્કતથી પૂરાં કરી આપવાની સરત છે. તે ખત પણ ત્રણ પ્રકારનાં થાય છે.

૧ અંગ ઉધાર ખત. (૨) અંગ ઉધાર જામીનખત (૩) કાંધાખત.

અંગ ઉધારખતો વિષે.

જે અંગાઉ ખત છે, તેજ અંગ ઉધાર ખત છે. કેટલાંક અંગાઉ ખતમાં ઉપાડેલાં નાણાં અને તેના વ્યાજનો કરાર લખાય છે. અને કેટલાંકમાં તો લીધેલાં નાણું નિયમિત મુદતે અથવા જે રીતે પૂરાં કરવાનાં હોય તેની વિગત પણ લખાય છે.

નાણું ઉપાડનારની પ્રતિષ્ઠામાં ન્યુનતા હોય ત્યારે તેને કરકોઇ રકમ જામીન ઉપર ધીરવામાં આવે છે, અને તે પ્રસંગે જે કરજાઉ ખત લખાય છે તેને અંગ ઉધાર જામીન ખત કહે છે. એવાં ખતમાં લખનાર ધણી કરાર લખ્યા પછી લખી આપે છે કે આ રૂપિયાના જામીન અમૂક ધણી છે. તે ધરત્રગઉ આપે. ઇત્યાદિ લખીને નાણું લેનાર તથા જામીનદાર મતુ કરી આપે છે. અને કેટલેક ઠેકાણે લખી આપનારના નામ સાથે જામીનદારનુ નામ દાખલ કરેછે; પરંતુ આમ કરવાથી જામીનદાર એક ભાગદાર તરીકે થઇ પડે છે. માટે તે રીત પસંદ કરવા જોગ નથી. સૌથી ઉત્તમ રસ્તો તો એ છે કે મુખ્ય ખતની નીચે જામીન કરાર કરી મતુ કરે અને

સાક્ષી કરાવી આપે. આવા લેખમાં એકામતે એકાજતે દેવા એમ લખે છે તેથી જામીનદાર પુરતી રીતે જવાબદાર ઠરે છે.

ઉપાડેલી રકમ ઠરાવેલી મુદ્દતેના હફતા પ્રમાણે કકડે કકડે ભરવી, તેને કાંધુ બાંધ્યું કહે છે. અને એવી સરતથી લખી આપેલા કરજાઉ લેખને કાંધાં ખત કહે છે. ટુંકી કમાણી વાળા લોકો એવી રીતે લીધેલી રકમ અદા થવાને યત્ન કરે છે. એમાં ધીરનારને ઘણો લાભ છે, અને ઉપાડનારને જોકે હાનિ છે તો પણ થોડે થોડે ભરવાથી રકમ ભારે પડતી નથી; અને જલદીથી કરજ મુક્ત થઇ શકાય છે. કાંધુ બાંધતી વખતે વ્યાજ ઠરાવવાનો રિવાજ ઘણુંકમાં નથી. પણ ધીરેલી રકમના પ્રમાણમાં અમુક રૂપિયાનો વધારો લેવામાં આવે છે તેને ચઢાવો કહે છે એ ચઢાવો વ્યાજની કસરને પેટેજ લેવામાં આવે છે. તેમ છતાં જો કાંધુ ખળે તો ચઢાવાની સરાસરી પ્રમાણે વ્યાજ લેવાનો વહિવટ છે. અથવા ખળેલી રકમનું વ્યાજ આપવાને કરાર કરવામાં આવે છે. દરરોજનું ઉત્પન્ન ભરવાને ઠરાવેલા કાંધાને પરવેશ કહે છે. (વ્યાજ ગણવાની રીત વિષે જુઓ દેશીનામુ પૃષ્ટ ૪૧ ૬૦)

અંગઉધાર કરજાઉ ખત.

* સંવત ૧૯૫૧ ના વરખે વૈશાખ સુદ ૧૨ ને વાર શોમે

---

* ઉત્તર હિંદમાં ખતને છેડે મીતિ નાખવાનો ચાલ છે અને દસ્તાવેજમાં આ પ્રમાણે લખાય છે "ફલાણા ફલાણા જોગ લી. અમુક ધણીના રામ રામ. જત આટલા રૂા. કરજે લીધા છે તેનું વ્યાજ અમુક ભાવે ઠરાવ્યું છે. જે વખત માગો તે વખતે વ્યાજ સાથે રૂપિયા લાવી આપીએ. આ ખત રાજી ખુશીથી લખી આપ્યું છે ૬."

અંગ્રેજી સન ૧૮૯૫ના મે માસની તારીખ ૫ ના દિને (આદેહંગ) જીલ્લે ખેડા તાલુકે ઠાસરાનું ગામ* મોજે પડાળના (વાસ્તેવ્યંગ) રહેનાર +શાહ કેશવલાલ જેઠાભાઇ નાતે વીસા મેવાડા વાણિયા, ઉમ્મર વરસ ૩૮ ની ધંધો દેશી વાણિયાનો (પારસાત) જોગ લી. જીલ્લે ખેડા તાલુકે ઠાસરાનું ગામ મોજે વાઘરોલીના (વાસ્તેવ્યંગ) રહેનાર પટેલ જેઠાભાઇ રુસીભાઇ નાતે લેઉવા પાટીદાર ઉમ્મર વરસ ૪૫ ની ધંધો ખેતીનો (હસ્તા ખેરાણુ દસ્તાન) જત અમારો દીકરો નામે હરિભાઇ છે તેના લગન ખરચને સારૂ અમોએ રૂ. ૩૦૧ (અંકે× ત્રણુસો ને એક પુરા રોકડા બાબાશાહી શિક્કાના ગામચલણી રૂપિયા અંગ ઉધારે લીધા છે, તે દેવા. એનું વ્યાજ માસ એકે

---

* નાનું ગામ ઓળખવનાર શબ્દ છે. કેટલાક તાલુકા અને જીલ્લો નહિ લખતાં તેને ઠામે અનુક્રમે ઇંગ્રેજી શબ્દ ડિસ્ટ્રિક્ટ સબ ડિસ્ટ્રિક્ટ શબ્દ વાપરે છે. + ધીરનારનું નામ લખતા પહેલાં દખણમાં ધનકોમનામ અને કચ્છમાં ધનીક નામ વિશેષણ તરીકે વાપરે છે. અને દેણુદારના નામની પૂર્વ ઉપર લખેલા ભાગોમાં અનુક્રમે ઋણીક અથવા કરજદાર, અને ઉત્તારણીક વિશેષણ વાપરે છે. વળી બહુધા બંને પક્ષકારોના ને જે જે વા સદારો હોય તેનાં નામ પણ લખવાનો રિવાજ છે. તથા લહેણુદારના નામને છેડે, ના લહેણા અને દેણુદારના નામને છેડે પાસે લહેણા લખે છે.

× એક આંકડે નાણું ન આપ્યું હોય તો પેટામાં વિગત જણાવી આંકડો બાંધવો. જુની રૂઢી જોતા જઇએ તો તેમાં શિક્કાનું નામ અને તેનું વજન પણ નોધાતું હતું. જેમકે સૂરતી શિક્કાના દેવા. માસા અથવા આટલા વાલના, રૂા. દેવા, અનેક રાજ સત્તા

સૈકા એકે રામ દસ લેખે ચઢે તે દીવાળી બાકી અધિક માસના વ્યાજ સહિત દેવા. દેશ પરદેશ દેવા જ્યારે તમે માગો ત્યારે દેવા. ઉપર લખેલા રૂપિયા તથા વ્યાજ અમે અમારી જાતથી, તથા અમારી +હરેક માલ મિલ્કતથી, તથા વાલી વારસોથી પુરા કરી આપીએ. તમે તથા તમારા વાલી વારસો પુરા કરી દો.

કદાચ તેમ નહિ બને અને ફરિયાદ કરવી પડે તો ફરિયાદી ખરચ સહ વ્યાજ મુદલ નાણું આપીએ સહી. આ દસ્તાવેજ અમે અમારી રાજી ખુશીથી, તથા અક્કલ હોશિયારીથી, અને બીન કેફ તનદુરસ્તીથી લખી આપ્યો છે તે અમારે તથા અમારા વાલી વારસોને કબુલ છે. તે અમારા દેવ ધરમથી પાળીએ. દા. કોદર કંકુજી ધણી એ જુબાની આ ખત લખી આપ્યું છે.

અત્ર	મતુ	અત્ર	સાખ
૧ * પટેલ જેઠાભાઇ કશીભાઇ		૧ શાહ દામોદર બાપુજી સાખ	

હોવાથી અનેક પ્રકારનું નાણું ચાલે છે માટે દેશ રિવાજમાં ચાલતા નાણાનો શિક્કો અવસ્યે લખવો જોઇએ. કેટલેક સ્થળે સરકાર ચલણી નાણું અને ગામ ચલણી નાણું જુદા પ્રકારનું હોય છે તે જે જે પ્રકારનું હોય તેની સ્પષ્ટતા કરવી.

+ આ વાક્યને બદલે કચ્છમાં રાજકદેનક થાય તો ધણીના સારા ઠામ ઠેકાણામાંથી લેણી * મતુ કરનાર અભણ હોય તો તેની પાસે કલમ વડે કંઇ નિશાન કરાવવું અને તેનીવતી મતુ કરી આપનારે પોતાના દસ્કત કર્યા પછી લખવુ કે ધણીના કહેવાથી મતુ કરી આપ્યું છે.

મતુ ઉપર લખ્યું તે સહી ઠ. પોતે, ધણી બે હજુર

૧ શાહ અમૃતલાલ ...ભાઈ

સાખ ધણી બે હજુ.

અંગ ઉધાર ખેડુ ખત (તગાવીનો લેખ.)

સંવત ૧૯૪૮ ના આસો સુદ ૧ ને વાર ગરેઉ ... અંગ્રેજી સન ૧૮૯૨ ના માહે સપ્ટેમ્બરની તા. ૨૩ મીના દિને જીલ્લે ખેડ તાલુકે આણુંદનું ગામ મોજે મોગરીના રહેનાર પ... મોજીલાલ મોતીચંદ નાતે દસાલાડ વાણિયા, ઉમ્મર વરસ ૪૩ ની ધંધો વ્યાજુનો જોગ લી. એક ગામ વસી પટેલ નારણભાઈ કકુભાઈ નાતે કડવા પાટદાર ઉમ્મર વરસ ૩૨ ની, ધંધો ખેતીના. જત ખેતીને માટે બળદ વગેરે સાધન ખરીદવાને સારૂ અમોએ + રૂ. ૧૭૫ અંકે પોણીબસેં પોળિયાં સરકાર ચલણી પુરાં રોકડાં લીધા તે દેવાં એનુ વ્યાજ માસ એકે સૈકા એકે ટકા અર્ધા લેખે દીવાળી આકરી અધિક માસના વ્યાજ સાથે ચઢે તે દેવા દેશ પરદેશ દેવા. જ્યારે તમે માગો ત્યારે દેવા ઉપર લખ્યા રૂપિયા તથા વ્યાજના વળતરમાં નીચે લખેલી મીલ્કત ની *ઉપજ ભરીએ સહી. ઉપજ વાળી મિલ્કતની વિગત—

ડિસ્ટ્રિકટ ખેડા સબડિસ્ટ્રિકટ આણુંદનું ગામ મોજે મોગરીની સીમમાં સરકારી ખેડ ખાતાની જમીન મારે નામે ચલે છે ને સર્વે નં. ૧૦૫ એકર ૩ ૨ ગુંઠા નામે મહુડીવાળુ ખેતર છે તેની અગે.તર પાછોતર પડયા પાન સાથે જે ઉપજ આવે તે બીન તકરારે

+ પેટા ફેંડ હોયતો જણાવવી * ગમે તે માણસ પોતાની નિયમિત ઉપજ ભરવાના કરારથી આ પ્રમાણે દસ્તાવેજ કરી નાણું લઈ શકે. વળી એવા ખતમા કોઈ કાઈવાર વાયદો ઠરાવવામ પણ આવે છે.

ધર્મ સ્વરૂપે તમારે ત્યાં મોસમ પુરી થયે ભરીએ. અને સરકાર ધાગના રૂ. ૧૨-૪-૦ બાર ચાર આના ભરવા પડે તે તમારે ત્યાંથી ઉપાડીને ભરીએ. કદાપ વરસ કાહું કવરૂં થાય ને જમીન વાસેલ રહે તો ઉપર લખેલા રૂપિયા અને વ્યાજ અમારી જાતથી તથા અમારી હક માલમિલકતથી તથા વાલી વારસોથી અમે પુરા કરીએ. ધરધરાઉ પુરી કરી આપીએ. તમે પુરા કરી લો. કદી તેમ નહિ બને અને ફરિયાદી કરવી પડે તો ફરિયાદી ખરચ સહ ઉપર લખેલા રૂપિયા વ્યાજ સાથે આપીએ સહી. આ ખત અમે અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોશિયારી અને બીન કેફ તનદુરસ્તીથી લખી આપ્યું છે. અમારે તથા અમારા વાલી વારસોને કબુલ છે. એ લખ્યું તે અમારા દેવ ધર્મથી પાળીએ.

અત્ર	મતુ	અત્ર	સાખ
૨ પટેલ નારણભાઇ કકુભાઇ		૧ પરી. જેચંદ છોટાલાલ	
મતુ ઉપર લખ્યું તે સહી.		સાખ ધણી મેહજુર.	
દા. પોતે.		૧ (બીજો સાક્ષી.)	

અંગ ઉધાર જામીન ખત.

સવંત ૧૯૪૯ ના આસો સુદ ૨ ને ગરેઉ અંગ્રેજી સન ૧૮૯૨ ના સપ્ટેમ્બરની તા. ૨૧ મીના દિને (આદેહંગ) જીલ્લે અમદાવાદ તાલુકે સાણંદ શહેર અમદાવાદ માંડવીની પોળમાં શેઠની શેરીના રહેનાર પરી. ખુશાલદાસ ગોકળદાસ નાતે મોઢ વાણિયા ઉમ્મર વરસ ૪૨ ની ધધો સરાફનો પારસાત જોગ લી જીલ્લે ખેડા તાલુકે નડિયાદ કસબે નડિયાદમાં ખપાટીઆના ચકલે રહેનાર ચોકસી માણેકલાલ રણછોડદાસ નાતે મોઢ વાણિયા ઉમ્મર વરસ

૩૨ ની ધંધો ગુમાસ્તીનો * તથા જામીનદાર શાહ રણછોડદાસ ખુશાલદાસ નાતે મોઢ વાણિયા ઉમ્મર વરસ ૪૨ ની ધંધો દલાલીનો જત અમોએ ચેકસી માણેકલાલ રણછોડદાસના લગ્ન ખરચને સારૂ રૂ. ૧૦૦૦] અંકે એક હજાર પોળીઆં સરકાર ચલણી તમારી પાસેથી લીધાં તે દેવાં, એનું વ્યાજ માસ એકે સેકા એકે ટકા પોણા રૂપે દીવાળી બાકી અધિક માસના વ્યાજ સાથે ચઢે તે સહિત દેવા. દેશ પરદેશ દેવા. જ્યારે તમો માગો ત્યારે દેવા. એકામતે એકાજતે દેવા. ઉપર લખ્યા રૂ. તથા તેનું વ્યાજ અમો અમારી જાતથી તથા અમારી દરેક માલ મિલ્કતથી તથા વાલી વારસોથી પુરા કરી આપીએ. તમે + પુરા કરી લો. એમાં કોઇ પ્રકારે વાંધો

---

*કેટલાક જામીનદારનું નામ અહિં નહિ લખતાં વ્યાજનો કરાર લખ્યા પછી લખાવે છે કે આ રૂ. ના જામીન અમુક ધણી છે ને બંધરાઉ આપે. જાત મિલ્કતથી કે વાલી વારસોથી પુરા કરી આપે. કેટલાક કરજદારનું મતુ વગેરે થઇ રહ્યા પછી જામીનદાર પાસે કરાર કરાવે છે તે એવી રીતે કે હું જામીન (નામ) લખી આપું છું કે સદરહુ ખતની રકમ માલધણી નહિ ભરે તો જે બાકી રહેશે તે વ્યાજ મુદત સાથે અમારી દરેક મિલ્કતથી તથા વાલી વારસથી પુરા કરી આપેથી જામીની છુટે કારણસર આ ખતને માટે ફરિયાદ કરવી પડે તો તેનો ખરચ અમારે શીર છે.

+ દખણમાં લખાય છે કે વસુલ આપીએ તેની પાવતી લઇએ. પાવતી લીધા વગર વસુલ આપીએ નહિ. ઉઘરાણી માટે માણસ આવે તેને જે ખરચ આપું તે વસુલમાં મજરે મળું નહિ. એના જામીન(નામ) છે. પછી જામીનદાર લખે છે કે આ નાણું કર-

લઇએ નહિ. આ ણું ન પતે ફરિયાદ કરવી પડે તો ફરિયાદી ખરચ શીક નાણાં ભરી આપીએ. આ અંગ ઉધાર જામીન ખત અમો બંને ણે અમારા રાજી ખુશીથી તથા બીન કેફ તનદુરસ્તીથી તથા અક્કલ હોંશિયારીથી તમારે ગામ અમદાવાદ આવી રૂપિયા રોકડા લઈને લખી આપ્યું છે. તે અમારે તથા અમારા વાલી વારસોને કબૂલ છે. એ લખ્યું ફરે તે પોતાના ધર્મથી ફરે સહી.

અત્ર મતુ	અત્ર સાખ
૧ ચોકસી માણેકલાલ રણછોડદાસ મતુ ઉપર લખ્યું તે સહી	શાહ માણેકલાલ આશારામ સાખ.
૧ જામીનદાર શાહ રણછોડદાસ ખુશાલદાસ મતુ ઉપર લખ્યું તે સહી.	૧ શાહ મોતીલાલ રણછોડદાસ સાખ ધણી બે હજુર.

અંગ ઉધાર કાંધાખત.

સવંત ૧૯૪૮ ના આસો સુદ ૨ ને વાર અંગ્રેજી સન ૧૮૯૨ ના સપ્ટેમ્બરનો તા. ૯ મા ના દિને આરહંગ શહેર વડોદરા જગ-

---

જદાર ફલાણો પૂરૂં નહિ કરે તો હું જામીનદાર ફલાણો કોઇ રીતે ઇનકાર નહિ કરતાં કરાર પ્રમાણે પરૂં કરી આપું. આ રૂપિયા સાક્ષી સમક્ષ પૂરા કરી આપ્યા છે માટે તેની પાવતી લેવાની જરૂર નથી. આ કરજ ખત અમે લખવતાઓ રાજીખુશી ૦

ચઢાવવાની રકમ કેટલા કાંધા તેની ફેડ લખવી હોય તો તે આમ લખાય જેમ રૂ. ૧૦૫) રોકડા અને રૂ. ૧૫) ચઢાવવાના.

માલની પોળના રહેનાર દેસાઇ મોહનલાલ લલ્લુભાઇ નાતે અનાવલા બ્રાહ્મણ ઉમ્મર વરસ ૨૬ ની ધંધો દેસાઇ ગીરીનો. પારસાત જોગ લી. પ્રાંત વડોદરા મહાલ વડોદરાનું ગામ મોજે છાણીના રહેનાર પટેલ હાથીભાઇ મીઠાભાઇ નાતે તલપદા બારોઆ ઉમ્મર વરસ ૨૮ ની ધંધો ખેતીનો જત ઢોર લેવાને સારૂં અમોએ રૂ ૧૫૦) અંકે દોઢસો સરકાર ચલણી બાબાશાહી રોકડા ચઢાવવા સહિત લીધા તે દેવા તેનાં કાંધાં ત્રણની વિગત—

રૂ. ૫૦) સં. ૧૯૪૯ ના માગશર સુદ ૧૫.

રૂ. ૫૦) સં. ૧૯૪૯ ના ફાગણ સુદ ૧૫.

રૂ. ૫૦) સં. ૧૯૫૦ ના અસાડ સુદ ૧૫.

રૂ. ૧૫૦) એણી રીતે વિગતે રૂા. દોઢસોની કીસ્તો ત્રણ કરી છે તે ચડે ચઢી આપીએ. દેશ પરદેશ આપીએ. કાંધું ખળે તો માસ એકે સેંકડા એકે ટકા એક લેખે દીવાળી બાકી, અધિક માસ આવે તે સુદ્ધાંનું વ્યાજ ગણીને આપીએ. એમાં કશો વાંધો લઇએ નહિ. આ ખતમાં લખેલી રકમ સંબંધે દાવો કરવો પડે તો તેનો ખરચ પણ મજરે આપીએ. જે વસુલ આપીએ તે આ ખતની પુઠે જમા કરાવીને આપીએ. ઉપર લખ્યા રૂા તથા તેનું વ્યાજ અમો અમારી જાતથી, તથા અમારી દરેક મિલકતથી તથા વાલી વારસોથી પૂરા કરી આપીએ સહી આ દસ્તાવેજ અમે અમારી રાજીખુશીથી તથા અકકલ હોંશિયારીથી તથા બીનકેફ તનદુરસ્તીથી લખી આપ્યો છે તે અમારે તથા અમારા વાલી વારસોને કબૂલ છે.

અત્ર	મતુ	અત્ર	સાખ
૧ પટેલ હાથીભાઇ મીડાભઇ. ઉપર લખ્યું તે સહી.		૧ વૈદ્ય મગનલાલ ચુનીલાલ સાખ ધણી બેહજુર. ૧ ગોર લલ્લુ રણછોડ સાખ.	

ઘરાણીયાં અથવા ગારો ખત વીષે.

જે દસ્તવેજથી કરજ તરીકે ધીરેલું અથવા ધીરવાનાં નાણાં અથવા વિદ્યમાન અથવા આયંદનું કરજના, અથવા કોઇ પણ કરાર બજાવવાનું નિશ્ચિંતપણું કરવા સારૂ કોઇ પણ માણસ નિર્દિષ્ટ કરેલી મિલકત ઉપર બીજા માણસને હક કરી આપેછે: અથવા બીજા અનુમાન લાભમાં ઉત્પન્ન કરે છે તેને ધરાણિયાં, ગીરો અથવા ગીરવી ખત કહેછે. તે પાંચ પ્રકારનાં છે.

(૧) સાનગીરો (૨) ભોગ ધરાણિયું અથવા કબજાગીરો
(૩) આડગીરો (૪) સબાત દાનિયું (૫) વળત ભાડે.

સાનગીરો વીષે.

ધીરેલું નાણું પૂરેપૂરૂં અદા કરે ત્યાં સુધી દેણદારની સ્થાવર જંગમ મિલકતને આધારભુત રાખી જે દસ્તાવેજ કરી લેવામાં આવે છે તેને સાનગીરો ખત કહે છે.

(૩) ઢોર, દાગીના, વર્ષાસન, રોકડ ગીરસ, નિભાવો લેખ, ઉંચી જાતનાં કાપડ, (સ્થાવર મિલકત એટલે ઘર દુકાન, જમીન પડતર, ખેતર વગેરેને સાનગીરો મૂકી શકાય છે. સાનગીરો ખતમાં અગઉધાર ખતની પેઠે નાણાંની રકમ અને તેના વ્યાજનો કરાર લખાય છે. તથા તેના અવેજમાં લહેણદારને સાનમાં આપેલી ચીજ તેના વર્ણન સાથે લખાય છે. એવી રીતે કે—

દાગીના સાનગીરો હોય તો તેનું સાવતોલ તથા કીંમતનો સુમાર લખીને, લેહેણુદારને કબજે એ માલ આપવો પડે છે; વર્ષાસનના સાનગીરો ખતમાં વખતો વખત વર્ષાસન લાવી ભરવાનો કરાર કરવો પડે છે, અથવા લેહેણુદાર પંડે વર્ષાસનની રકમ પરભારી લઇ શકે એવો અધિકાર આપવો પડે છે. અને તેને લગતા દસ્તાવેજ હોય તે પણ લહેણુદારને કબજે આપવાની રીત છે.

રોકડ ગીરાસનું પણ એજ રીતે કરવું પડે છે.

વિમાનો લેખ સાનમાં હોય તો એની વિગત જણાવીને દર હપ્તે ભરવાની રકમ કોણે ભરવી તેનો ચોકસ ખુલાસો લખવામાં આવે છે.

કાપડ વગેરે કીમતી ચીજો સાનમાં હોય તો તેનું માપ અને કીંમત લખવી જોઇએ.

સ્થાવર મિલ્કત સાનમાં હોય તો જે તે મિલ્કતનું નામ, ઠામ અને ચતુર સીમા સંપૂર્ણ રીતે ઓળખાય એવું તેનું વર્ણન લખવું. અને તેના ભોગવટાને લગતા જે દસ્તાવેજ હોય તે માત્ર લેણુદારને કબજે આપવા. જો એ લેખો કબજે અપાય તેમ ન હોય એટલે ગુંચવાળા હોય તો ખતમાં તેની સ્પષ્ટતા બતાવીને દસ્તાવેજ કબજે રાખવાની કબુલત લેવી.

સાનગીરો (ઘરાણીયું) ખત (દાગીના ઉપર)

સંવત્ ૧૯૪૩ ના ફાગણ શુદ ૮ વાર બુધે અંગ્રેજી સન ૧૮૮૭ ના એપ્રિલની તા. ૨૯ મીના દિને જીલ્લે ખેડા તાલુકે કપડવંજ કસબે કપડવંજના રહેનાર ત્રવાડી શાળકૃષ્ણ મનસુખરામ નાતેમોઢ બ્રાહ્મણ ઉમ્મર વરસ ૪૨ ની ધંધો સરાફનો પારસત જોગ સી.

એજ ગામ વાસી ભટ જીવરામ ભોગીલાલ નાતે મેવાડા બ્રાહ્મણ ઉમ્મર ૨૫ ની ધંધો ભિક્ષાવૃત્તિનો. જત અમોએ રૂ. ૫૧) અંકે એકાવન પૂરા રોકડા બાબાશાહી શિક્કાના લીધા તે દેવા. એનું વ્યાજ માસ એકે સેંકડા એકે રામ ૭ લેખે દીવાળી બાકી અધિક માસ સહિત ચઢે તે સાથે દેવા. જ્યારે તમો માગો ત્યારે દેવા. આ મુદ્દલ રૂ. તથા વ્યાજની સાનમાં હેમનો ગલુબંધ એક ખીલી પખીઆરા સાથે તમને સાન ગીરો સોંપેલો છે. એ ગલુબંધનું સાવતોલ તોલા ૩ ત્રણને વાલ ૪ ચાર છે, અને તેની કીમત સુગારે રૂ. ૮૫ અંકે અંકે પંચ્યાશી બજારમાં અંકાઇ છે, ઉપર લખેલા રૂપિયા તથા વ્યાજ અદા થયેથી એ જણસ ઉપર અમારો અલાખો ઓઝો અ- હકો માલ અમારો તથા અમારા વાલી વારસોને છે. રાજક હવેક ધરાણું ધરાણાવટ છે. કદાચ તમોને નાણાનો ખપ પડે અમોથી નહિ બને તો ઉપર લખી સાન મિલકતથી તથા અમારી બીજી દરેક માલ મિલકતથી તમો પુરા કરી લો. આ સાનગીરો લેખ આમે અ- મારી રાજી ખુશીથી તથા અક્કલ હોંશીયારીથી તથા બીન કેફ તન- દુરસ્તીથી લખી આપ્યો છે તે અમારે તથા અમારા વાલી વારસોને તથા અમારા વકીલ મુખત્યારોને કબૂલ છે.

અત્ર	મતુ અત્ર	સાખ
૧. ભટ જીવરામ ભોગીલાલ		૧. શા. પુનમચંદ મુળજી સાખ,
મતુ ઉપર લખ્યું તે સહી દા. પોતે.		૧. ભટ. છગન ભોગીલાલ સાખ,

સાનગીરો લેખ (રોકડ ગીરાસ ઉપર)

સં. ૧૯૫૧ ના જેઠ સુદ, ૩ ને વાર સોમે અંગ્રેજી સન ૧૮૯૫ ના મે માસની તા. ૨૭ મીના દિને શહેર વડોદરા દેશાઈ

શેરીના રહેનાર પરી ભગવાનદાસ પ્રાણજીવનદાસ નાતે દશા શ્રીમાળી વાણિયા ઉમ્મર વરસ ૪૦ ની ધંધો વ્યાજુનો જોગ લી. તાલુકે વડોદરાનું ગામ મોજે છાણીના રહેનાર અમીન હરીભાઇ મીઠાભાઇ નાતે લેવા પાટીદાર ઉમ્મર વરસ ૩૫ ની ધંધો દેસાઇ ગીરી ના. જત અમારી દીકરીના લગ્ન ખરચને સારૂ તમારી પાસેથી રૂ ૧૦૦૦) અંકે એક હજાર પુરા રોકડા બાબાશાહી શિક્કાના લીધા તે દેવા. એનું વ્યાજ માસ એકે સૈકા એકે રામ ૯ લેખે દીવાગા બાકી અધિક માસના વ્યાજ સાથે ચઢે તે સહીત દેવા. એની સાનમાં નીચે લખેલો રોકડ ગીરાસ હક અમોએ તમને સાનગીરો લખી આપ્યો છે તેની વિગત—

પ્રાંત વડોદરા મહાલ વડોદરાની તીજોરીમાંથી દર સાલ રોકડ ગીરાસ હકના રૂ ૧૦૦) અંકે સો બાબાશાહી અમને પોતાને મળેછે; તે સાલાબાદ લેવાનો હક લખી આપ્યો છે. માટે એ રૂપિયા હરસાલ સરકાર તીજોરીમાંથી તમારે લેવા, અને ઉપર લખેલા રૂપિયાના વ્યાજમાં જમાં કરવા, અને વધે તે મુદલમાં મજરે ગણવા, સદરહુ રોકડા હકના રૂપિયા સરકારમાંથી તમને મળવા બાબત આજરોજ અમોએ તમોને જે મુખ્ત્યાર નામુ આપ્યુ છે તે ઉપર લખેલા રૂપિયા વ્યાજ સાથે પુરા થયેથી રદ થાય; તથા રોકડ ગીરાસ ઉપર અમારો અલાખો પહોંચે. એ ગીરાસ સંબંધે કોઇ ગીરોદાર, હિસ્સેદાર કે હકદાર ઉભો થઇ દાવો દાખલ કરે તો અમો તથા અમારા વાલી, વારસો તેનો જવાબ દઇએ, અસમાની સુલતાની આફત આવે ત્યારે ઉપર લખેલા રૂપિયા વ્યાજ સાથે અમો અમારી જાતથી તથા અમારી બીજી હરેક માલ મિલકતથી તથા અમારા વાલી વારસોથી

પુરા કરી આપીએ. દેશ પરદેશ આપીએ. તમે પુરા કરી લો. આ દસ્તાવેજ અમે અમારી રાજી ખુશીથી તથા * ક્કસ હે શીયારીથી તથા બીનકેફ તનદુરસ્તીથી લખી આપ્યો છે તે અમારે તથા અમારા વાલી વારસોને તથા મુખ્ત્યારોને કબુલ મંજુર છે. એ લખ્યું તે સહી દા. મજમુંદાર ચુનીલાલ મંછારામના છે.

અત્ર	મતુ અત્ર	સાખ.
૧. અમીન હરીભાઇ મીઠાભાઈ	૧. શાહ ઇશ્વર ગુલાબચંદ સાખ.	
મતુ ઉપર લખ્યું તે સહી દા. પોતે.	૧. મહેતા મણીલાલ મૂળજી સાખ.	

સોનગીરો ખત (ઘર ઉપર)

સં. ૧૯૪૮ ના ચૈત્ર શુદ ૧ ને વાર ભોમે અંગ્રેજી સન ૧ ૯૨ ના એપ્રીલની તા ૨૮ મીના દિને સંસ્થાન લુણાવાડાના રહેનાર શાહ મહાસુખ નહાલચંદભાઇ નાતે વીસામેવાડા વાણિયા ઉમ્મર વરસ ૪૩ ની ધંધો મોદીનો પારસાત જોગ લી. એક ગામ વાસી પરી. મગનલાલ રણછોડદાસ નાતે દસા પોડવાળ વાણિયા ઉમ્મર વરસ ૩૫ ની ધંધો નાણાવટનો. હસ્તાક્ષરેન દતવા જત રૂ. ૫૨૫) અંકે પાંચસેં પચીસ સરકાર ચલણી લીધા તે દેવા. જ્યારે તમો માગો ત્યારે દેવા. એનું વ્યાજ માસ એકે સેકડે એક રાણ સતા લેખે દીવાળી બાકી અધિક માસ સાથે ચઢે તે સહિત દેવા. એનો સાનમાં કસબા મચકુરમાં હાટાના કુવાવાળા ખાંચાની અંદર અમારી માલકી તથા કબજે ભોગવટાનું * જે ઘર છે તે અમોએ

* સુરત તરફ ઘર હોય તો ગાળો એક લખાય છે. કાઠીયાવાડ તથા કચ્છમાં ખોરડુ એક ઓરડા આટલા સહિત ઘરાવે માળ હાલુ છે એમ લખે છે, અને હિસ્સાઓની હકીકત લખવી જોઈ

તમારે ત્યાં સાનગીરો લખી આપ્યું છે તેની દિશા ચારની વિગત

(ઘરની લંબાઇ પહોળાઇ ચોકચાલને લગતી હકીકત તથા દિશાની વિગત લખવી).

એ ચતુર સીમા વચ્ચેનું ઘર તમામ ઇમલા સાથે તમોને સાનગીરો લખી આપ્યું છે, અને તેનું અસલ ખત જે ફલાણા નામનું અમુક સાલનું હતું તે તમારે કબજે સોંપ્યું છે. માટે ઉપર લખેલા રૂપિયા વ્યાજ સાથે પાછા આપતાં આ મિલકત છુટે. અમોએ એ મિલકત કોઇને સાનગીરો, કબજાગીરો કે વેચાણ વગેરે કરી લખી આપેલી નથી. બાન [illegible] ચોખી તમને સાનગીરો આપી છે. તેમ છતાં કોઇ ગીરેદાર કે હકદાર દાવો કરે તો અમો

જે બાજુએ માગીએ જતા [illegible] છાપરાનું પાણી જવાનો રસ્તો, ક્યા કયા હક [illegible] અને કયા બાગના છે તે તથા બીજી જરૂરની હકીકત પણ [illegible] નાણા ધણી બધા પૈસા માગે તે વારે એ આપવાં [illegible] ઉપર કરે તો ઉપર લખ્યું ખેરડું તમે [illegible] કબજા ગીરો રાખો અને ચડય તેને ભ [illegible] ઘર છોડાવવા આવે ત્યારે તમારા મુદ્દલ રૂપિયા [illegible] ખોરડા સંબંધી ખરખાજાત જે કાંઇ તમોએ કરે [illegible] મેહનતે આપવા એ મિલકત છુટે. તમો સોંપેલ [illegible] એ ખોરડા બાબત કોઇ હરકત આપચો, તુરત [illegible] કરે અથવા નવું ચોકું લેણુ લેખુ કરી અ [illegible] જવાબ કરે. નાણાં ધણીના હોકડા અજર ન [illegible] મોખડામાંથી તથા મતાં ધણીના સારા હાય [illegible] પરના [illegible] છે.

તથા અમારા વાલીવારસો તેનો જવાબ દઇએ. અસમાની સુલતાની આફત આવે બેય તળિયું જવાબ દે. તમોને નાણાનો ખપ પડે અમેથી બને નહિ તો તમે ઉપર લખેલી અમારી સાન મિલ્કત બીજાને આડ ધરાણે આપો. અગર તમારો ગીરો હક વેચાણ આપો, તેમાં અમો તથા અમારા વાલી વારશો હરકત કરીએ નહિ. આ ખતમાં લખેલા રૂા. તથા વ્યાજ ઘર ઘરાઉ આપીએ. તમે પુરા કરી લો. આ ખત અમે અમારી રાજી ખુશીથી, તથા અક્કલ હોંશિયારીથી, તથા બીન કેફ તનદુરસ્તીથી અમારા મકાનની અંદર બેશી ને લખી આપ્યું છે તે અમારે તથા અમારા વાલી વારસોને તથા અમારા વકીલ મુખ્ત્યારોને કબુલ છે. તે પોતાના ધર્મથી પાળીએ.

અત્ર	મતુ	અત્ર	સાખ.
૧ પરી. મગનલાલ રણછોડ		૧ શાહ રાયજી દલીચંદ સાખ.	
મતુ ઉપર લખ્યું તે સહી.		શાહ રાયજી પુંજીલાલ સાખ.	
દા. પોતે.			

૧ સાનગીરો ખત (જમીન ઉપર.)

સં. ૧૯૪૬ ના વૈશાખ વદ ૧૦ ને વાર બુધે અંગ્રેજી સન ૧૮૯૦ ના મેની તા. ૧૪ મીના દિને જીલ્લે ભરૂચ તાલુકે ભરૂચ કસબે ભરૂચમાં લલ્લુભાઇના ચકલાના રહેનાર પરી. મૂળચંદ વ્રિજભૂખણદાસ નાતે દસાલાડ વાણિયા ઉમ્મર વરસ ૩૬ ની ધંધો નોકરીનો, પારસાત જોગ લી. જીલ્લે ભરૂચ તાલુકે ભરૂચનું ગામ મોજે એક સાલના રહેનાર પટેલ હાથીભાઇ મીઠાભાઇ નાતે કડવા પાટીદાર ઉમ્મર વરસ ૨૬ ની ધંધો ખેતીનો. જત રૂ. ૪૪૧)

અંકે ચારસેંને એકતાલીસ પુરા રોકડાં સરકાર ચલણી પોળિયાં લીધાં તે દેવા. એનું વ્યાજ માસ એકે સેકા એકે રામ પાંચ લેખે ઠરાવ્યું છે તે દીવાળી બાકી અધિક માસ સાથે દેવાં એને પેટે × જમીન (ખેતર) કીત્તે હીરીઆ વાળું, સર્વે નં. ૧૯૦, એકર ૫–૨૭ ગુંઠા, ડિસ્ટ્રિકટ ભરૂચ, સબડિસ્ટ્રિકટ ભરૂચ મોજે એકસાલ ગામની શીમમાં આવેલી જમીન જે સરકાર દફતરે અમારે નામે ચાલે છે, અને જે અમારા કબજા ભોગવટામાં છે તે જમીન તમોને ઉપર લખેલા રૂપિયાના અવેજમાં સાન ધરાણે લખી આપી છે. તેના ખુંટ ચારની વિગત—પૂર્વે પટેલ અમથા ગીરધરનું ખેતર છે. પશ્ચિમે પટેલ કાળીદાસ ભાઈજીનું ખેતર છે, ઉત્તરે નાળિયું છે અને દક્ષિણે તલાવડી છે. આ ખેતરને લગતો અસલ દસ્તાવેજ [અમુકના નામનો] અમારી પાસે હતો તે તમને સોંપ્યો છે. આ ખતમાં લખેલા રૂપિયા તથા વ્યાજ વાળી આપીએ ત્યારે અમારી ઉપર લખી મિલ્કત છૂટે. એ જમીન તમારા શિવાય બીજા કોઈને સાન-ગીરો, કબજાગીરો કે વેચાણ વગેરે હકથી લખી આપેલી નથી. બીન જોખમી તમારે ત્યાં સાનગીરો લખી આપી છે. માટે તમારો અવેજ પત્યા વિના અમારાથી બીજા કોઈને ગીરો વગેરે હકથી લખી અપાય નહિ.

× કેટલેક ઠેકાણે વિગતને માટે ખાનાં પાડે છે જેમકે સર્વે નંબર, જમીનનું નામ, વીઘાં, આકાર, ઉત્તરે, દક્ષિણે, પૂર્વે, પશ્ચિમે કચ્છમાં એને ગરાસનું ચિતદામ ખત કહે છે.

ઉપર લખેલા રૂપિયા બીન તકરારે * ઘરઘરાઉ આપીએ. તમને નાણાંનો ખપ પડે અને અમારાથી તે આપવાનું ન બને તો તમો સદર સાનવાળી મિલકત બીજાને સાનમાં આડગીરો લખી આપો અગર તમારો ગીરો હક વેચાણ આપો તેમાં અમો કોઈ પ્રકારે વાંધો લઈએ નહિ. ઉપર લખેલા રૂપિયા તથા વ્યાજ જ્યારે માગો ત્યારે સદર સાન મિલકતથી તથા અમારી જાતથી તથા અમારી બીજી હરેક મિલકતથી તથા અમારા વાલી વારસોથી ગામ પરગામ પુરા કરી આપીએ. તમે વસૂલ કરી લો. આ ખત અમો અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોંશિયારીથી તથા બીન કેફ તનદુરસ્તીથી લખી આપ્યું છે તે અમારે તથા અમારા વાલી વારસોને તથા અમારા વકીલ મુખત્યારોને કબુલ છે. દા. પટેલ કેશવલાલ છોટાલાલના છે.

અત્ર મતુ	અત્ર સાખ
૧ પટેલ હાથીભાઈ મીઠાભાઈ	૧ પટેલ ઉમેદ હરીભાઈ સાખ
મતુ ઉપર લખ્યું તે સહી.	૧ પટેલ નાથા જીવા સાખ.

* કચ્છમાં લખાય છે કે ઘેર બેઠે ચુકવી આપીએ તેમાં કશી તરેહની ઉજર કે ઢીલ કરીએ નહિ. ચડે ચડયું વ્યાજ તથા ઉપર લખી રકમ તમે માગો તે વારે આપતાં ઢીલ કરીએ તો આ સાનગીરો મિલકત અમારી પાસેથી લઈ ખેડો ખેડાવો અને એવા પ્રસંગ આવ્યા પછી સાનવાળી મિલકતના સંબંધમાં જે કંઈ ખરાજાત થાય તે સર્વે ગીરો મિલકત ઉપર મંડાય. જ્યારે મતાદાર ખેતર છોડાવવા આવે ત્યારે ખતમાં લખેલા રૂપીઆ તથા ખેતર સ્વાધીનમાં લીધા અગાઉનું વ્યાજ તથા એ ઉપર જે ખર ખરાજાત કરેલી હોય તે સર્વ ભરી આપેથી તે છુટે.

કબજા ગીરો ખત વિષે.

જે કરજાઉ ખતમાં સાનમાં લખેલી સ્થાવર મિલ્કત લહેણદારને કબજે આપવાની હોય તેને ભોગ વટાળીયું અથવા કબજા ગીરો ખત કહે છે. ઘર, ખેતર, જમીન બાગ ઝાડ, કુવા, ગામ અને વર્ષાસન વગેરે બાબત ઉપર કબજા ગીરોખત થઇ શકે છે.

કબજા ગીરોખતમાં લખેલી મિલ્કતનો ભોગવટો નાણું ધીરનારને કરવાનો હોય છે. જો તેમ ન હોય તો ઘણું કરીને તેને એ રૂપિયાનું વ્યાજ મળે નહિ. અને ભોગવટામાં આપેલી મિલ્કતનું માલ ધણીને ભાડું મળે નહિ એવી શરત હોય છે.

જો કબજાની રકમનો ભોગવટામાં વ્યાજની કસર જેટલો બદલો વળે એમ ન હોય, તો [illegible] નું વ્યાજ ઠરાવવું. અને કબજે રાખેલી મિલ્કતની જે ઉપજ આવે તે વ્યાજની કસર પેટે જમા લેવું. પછી તેમાં જે વધારો રહે, તે મુદ્દલમાં વાળવું. અને ઘટે તે માલ ધણીને ખાતે ચઢાવવું.

કબજે આપેલી સ્થાવર મિલ્કત પોતાના ભોગવટામાં રાખવી હોય તો તે મિલ્કતનું ભાડું દેનાર કબજે રાખી શકાય છે. પણ તે કરાર ગીરો ખતમાં લખાતો નહિ. એના માટે અલાયદી ભાડાચિઠી લખવી જોઇએ.

ખતમાં લખેલા કબજા મિલ્કત વડિલો પાર્જિત, તથા પોતાના ભોગવટાની છે કે નહિ તે જણાવવું જોઇએ. પછી તે મિલ્કતને અંગે લહેણદારને કેટલા પ્રકારના ભોગવટાનો હક આપેલો છે તેની સ્પષ્ટતા કરવી. એટલે એ મિલ્કતની આસપાસની જમીનનો ભોગવટો કરવાનો કેવો હક છે, સારે માઠે અવસરે કઇ જગ્યા

વાપરી શકાય છે, ઢોર ઢાંક ક્યાં બંધાય છે; વાડા વગેરે જગોની હદ ક્યાં સુધી છે. સંડાસ ટાંકાં અને કૂવા વગેરેમાં કેવી રીતનો ભાગ લાગ છે પાણીનો વાપરવાનો અને તે વહી જવાનો રસ્તો ક્યાં ક્યાં છે. ઇત્યાદી બાબતો ભોગવટાને લગતી લખવી જોઇએ.

એક કરતાં વધારે માણસને તેનો ભોગવટો કરવાનો હોય તો કોને કેટકેટલું વાપરવાનો હક આપેલો છે, તે ભાગવાર ખુલાસાથી લખવું જોઇએ.

કબજે આપેલી મીલ્કત બીજાને ત્યાં ગીરો હોય, તો તે સાન ગીરો છે કે કબજા ગીરો છે તે જણાવવું જોઇએ. અને હવે પછી બીજાને ત્યાં એ મિલકત ગીરો મૂકી શકવાની છૂટ આપીએ છે કે નહિ તે પણ લખવું જોઇએ.

કબજા ગીરો ખત ઘણા ભાગે મુદત બંધો હોય છે માટે તેની મુદત નાખવી, અને તે મુદત વિતે નાણું ન ભરાય, તો એ અવેજ જે રીતે ભરી લેવાનો હોય તે સરતો લખવી.

ખતમાં લખેલી મિલ્કત પુરેપુરી ગીરો હોય અગર તેનો કોઇ ભાગ હોય, તો જે તે ભાગના નામ સાથે તેની મર્યાદી જણાવવી.

પડે આખડે ત્યારે અથવા દાગ દુગી કરવી પડે, ત્યારે ખરચ કરવા બાબતનો પણ વિચાર કરવો જો માલ ધણીને માથે ન હોય, તો કબજે રાખનાર જે ખરચ કરે તે માલ ધણીને મજરે આપે એવી સરત લખાવી લેવી જોઇએ.

કરાર તુટેથી અથવા દરદાવો કરનાર મળેથી કે બીજા કારણથી કોરટે ચઢી ખરચ કરવો પડે તો માલ ધણી મજરે આપે એવી કબુલત પણ લેવી જોઇએ.

ઘરાણે આપનાર ધણીની મરજીમાં આવે ત્યારે મૂકેલી મિલ્કત છોડાવે અથવા તેની કંઇ હદ બાંધવી જોઇએ. અને હદ ઠરાવી તો મુદત વિતે શું કરવું તે પણ લખવું જોઇએ.

અસમાની સુલતાની આફત આવે ત્યારે ભોંય તળીઉં જવાબ દે એમ લખવું જોઇએ. એનો હેતુ એ છે કે આગ વગેરે આકસ્મિક બનાવથી નુકસાન પહોંચે ઇમલાની જમીન જવાબદાર ગણાય.

કબજા ગીરો ખતમાં ઘર અને જમીન હોય, તો તેનું નામ, ઠામ, અને માપ લખી ચારે દિશાની હદ જણાવવી.

ખેતર હોય, તો તેનું નામ સર્વે નંબર, માપ ચોકસ સ્થળ અને ચારે દિશાની હદ તથા ખેતરને લગતી લાગત હોય તે બધું જણાવવું.

બાગબગીચાનું પણ ઉપર પ્રમાણે લખાય. ઝાડ કૂવા વગેરે હોય, તો તેનાં નામ અને જે જે ઠેકાણે આવ્યાં હોય તેની સંખ્યા સાથે હદ લખવી. તથા તેની રખવાળી બદલ જેને તેને આપવાની રકમની ફોડ બતાવવી—એમાં બીજાનો ભાગ હોય તો તે પણ બતાવવો.

ગામના કબજા ગીરો ખતમાં તેની હદ, તેમાંથી સોંપેલા ભોગવટાની વિગત, ઉપજમાંથી થતો ખરાજાત, અને માલિકનો રહેલો હક યથાસ્થિત જણાવવો. એટલે સીમાડાની હદ ઝાડ પાન ખેતરોનો સર્વે નંબર પ્રમાણે વિસ્તાર લખવો; તથા જેવી સ્થિતિમાં સોંપેલું છે તેવું પાછું સંભાળી લઇએ. તેમ ન હોય તો તમારી પાસેથી નુકસાની ભરી લઇએ. વગેરે મજકુર પ્રસંગાનુસાર લખવો.

+ કબજા ગીરો (ભોગ ઘરાણિયું) ખત—(જમીન

+ કાઠીયાવાડમાં તથા કચ્છમાં આ લેખને ગરાસ વટાંતર માંડવાનું ખત કહે છે.

ઉપર) સં. ૧૯૪૮ ના શ્રાવણ સુદ ૧૦ ને વાર ભોમે અંગ્રેજી સને ૧૮૯૨ ના અગસ્ટની તા૦ ૧૦ મીના દિને. જીલ્લે ખેડા તાલુકે ડાસરા કસબે ડાસરાના પટી. પ્રેમચંદભાઇ કરમચંદદાસ નાતે દશા નાગર વાણિયા, ઉમ્મર વરસ ૪૯ ની ધંધો વ્યાજુનો. પારસાલ જોગ લી. જીલ્લે મજકુર તાલુકે મજકુરનું ગામ મોજે વાંત્રોલીના રહેનાર મલેક મહમદ રહેમાન જાતે મુસલમાન ઉમ્મર વરસ ૩૦ ની ધંધો ખેતીનો. હસ્તાક્ષરેન દસ્તાવેજ રૂ ૧૫૧ (અંકે એકસોને એકાવન પુરા રોકડા સરકાર ચલણી પોળિયાં લીધાં તે દેવા. દેશ પરદેશ દેવાં. એની સાનમાં અમારી માલકીની તથા અમારા કબજા ભોગટાની નીચે લખેલી જમીન તમને કબજા ગીરો લખી આપી છે, અને તેની અવધ વરસ પાંચની કરીને તમારા કબજા ભોગવટામાં સોંપી છે. મિલકતની વિગત—

ખેતર એક કીત્તે વડરાળું, સર્વે નંબર ૧૦૩૦, એકર (૨) બે; ગુંઠા ૫ પાંચ, ડિસ્ટ્રિક્ટ ખેડા, સબડિસ્ટ્રિક્ટ ડાસરાનું ગામ મોજે વાંધરેલીની સીમમાં સરકારી ખેડ ખાતાની જમીન છે, ને સરકાર દફતરે જે અમારે નામે ચાલુ છે એ જમીન તમને કબજા ગીરો લખી આપી છે. અને એનો અસલ દસ્તાવેજ અમુક તિથિનો ફલાણાના નામોનો અમારી પાસે હતો તે તમને સોંપ્યો છે. એ જમીનના ખુંટ ચારની વિગત (ચતુર સીમા, ઝાડની જાતવાર સંખ્યા, હાલ ગાડુ લઇજવા લાવવાનો રસ્તો, અને કુવેતીને લગતી હકીકત વગેરે લખવું.

એ રીતે ખુંટ ચાર વચ્ચેની જમીન * શેડા પાણી તથા ઝાડ બીડ તથા પડયા પાન સાથે તમને ઘરાણે લખી આપીને તમારા કબજા ભોગવટામાં સોંપી છે. હવે એ જમીનની દાણ નહિ, અને રૂપિયાનું વ્યાજ નહિ. એ જમીનના સરકાર ધારાના રૂપિયા તથા લોકલ ફંડની રકમ તમે ભરો. એ જમીન તમે ખેડો ખેડાવો કે કોઇને સાથે આપો તેમાં અમારો દાવો નહિ. તમને નાણાંનો ખપ પડે અમારાથી બને નહિ તો એ મિલ્કત તમે કોઇને આડગીરો આપો અગર તમારો ગીરો હક વેચાણ આપો તેનાં અમો તથા અમારા વાલી વારસો વાંધો લઇએ નહિ. જ્યારે ઉપર લખેલા રૂપીયા પુરેપુરા આપીએ ત્યારે આ ગીરો મિલ્કત ઉપર અમારો અખત્યાર પહોંચે. એ જમીન બીજા કોઇને ગીરો વેચાણ વગેરે હકથી લખી આપેલી નથી. બીન જોખમી ચોખે ચોખી તમારા કબજા ભોગવટામાં સોંપી છે. તેમ છતાં કોઇ ગીરેદાર હિસ્સેદાર કે હકદાર દાવો × દાખલ કરી તમને હરકત કરે તો અગર આસમાની સુલતાની આફત આવે

---

* કચ્છમાં લખાય છે કે ચારે શેઢા બંધ વાળ છુટાં પડાચાસ, ભોગભાગ, લીંબ લાલગુલ, અઢારે હગુણ સુહાંત ગુડ, પ્રોરચ, પડી આખડી શીએ ચોખી વટાંતર માંડી દીધી છે. તે કોરીનું વ્યાજ નહિ અને વાડીનો ઘાસ (સુખડી) નહિ. એની અંદર આંબા જાંબુ વગેરે ઝાડ ધનીકનો ધણી (તમે) વાવે, તે કબીલ થાય તો કેવા રીતે ધર્મ પુત્ર ચાર કહે તે રીતે કામ વહૂટે.

× સુરત અને ભરૂચ જીલ્લામાં દાવો દાખલ તથા હરકત તકરારો લખાય છે.

તો ઉપર લખેલા રૂપિયાનો જવાબ અમો તથા અમારા વાલી વારસો દઇએ. અવધ વીતે ઉપર લખેલા રૂપિયા તમે જ્યારે માગો ત્યારે આ ગીરો જમીનથી તથા અમારી જાતથી, તથા અમારી બીજી દરેક માલ મિલકતથી તથા વાલી વારસોથી પુરા કરી આપીએ. તમે પુરા કરીલો. * જ્યારે છોડાવીએ ત્યારે જેઠ સુદ ૨ પહેલાં છોડાવીએ. તેમાં વાસેલ, કડવાટિઉ (તુવેર, તલ અને ધરૂંનું વાવેતર) કે લોગવાડો (કપાસ અને જુવાર વગેરેનું વાવેતર) હોય તો છોડાવીએ નહિ. ધાસેલ હોય ત્યારે છોડાવીએ. આ કબજા ગીરો ખત અમે અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોશિયારીથી તથા બોનકેર તનદુરસ્તીથી લખી આપ્યું છે. તે અમારે તથા અમારા વાલી વારસોને તથા અમારા વકીલ મુખ્ત્યારોને કબુલ છે.
દા. મોહન રામજીના છે.

અત્ર મતુ	અત્ર સાખ.
૧ મલેક મહમદ રહેમાન મતુ	૧ શાહ લલ્લુ ભીખા સાખ.
ઉપર લખ્યું તે સહી. દા. પોતે.	૧ પટેલ હીરા ફુલભાઇ સાખ.

× કબજાગીરો ખત (ઘર ઉપર)

સં. ૧૯૪૫ ના વરખ માહાવદ ૬ ને વાર સોમે અંગ્રેજી સન ૧૮૯૩ ના ફેબ્રુઆરીની તા ૬ ઠીના દિને જીલ્લે પંચમહાલ તાલુકે ગોધરા, શ્રીમાળી શેરીના રહેનાર દેશાઇ નાથજી ભોગીલાલ

---

* જમીનની અનુકુળતા જોઇ આ સરત કરવામાં આવે.

× કચ્છમાં આ ખતને જગ્યા ધાસ ધરેણાં માંડવાનું ખત કહે છે. મ્યુનિસિપાલિટી તરફથી માપનો દાખલો મળ્યો હોય તો તે ઉપરથી મર્યાદા લખવી કેટલાક સ્થળે તે નંબરને ટીકો કહે છે.

ન્યાતે દસા નીમા વાણીયા ઉમ્મર વરસ ૨૮ ની ધંધો દેસાઇગી- રીનો. પારસાત જોગ લી. એક ગામ વાસી કાછીઆ નાથા પૂજા. ન્યાતે કાછીઆ ઉમ્મર વરસ ૩૨ ની ધંધો કાછીઆનો. જત રૂ, ૫૦૧) અંકે પાંચસેં ને એક પુરા રોકડા ગામ ચલણી બાબાશાહી લીધા તે દેવા. એની સાનમાં અમારી માલકીનું તથા અમારા કબ- જા ભોગવટાનું ઘર એક, જે દેસાઇના ખાંચાને નાકે છે, તે ઘર તમામ ઇમલા સહિત તમને ગીરો લખી આપીને તમારા કબજા ભોગવટામાં સોંપું છે. એ ઘરની દિશા ચારની વિગત— (ઘરની લંબાઇ, પહોળાઈ ચોક ચાલની હદ, કરામાં બીજાનો ભાગ લાગ હોય તે, પાણી જવાનો માર્ગ વગેરે બાબત લખવી.)

એ ચતુર દિશા વચ્ચેનું ×ઘર તમામ ઇમલા તથા ચોક ચાલ, અને ફળિયાની હદ સાથે અસલથી અમારા કબજા, ભોગવટામાં જે રીતે ચાલતું આવ્યું છેતે પ્રમાણે તમને ગીરો લખી આપીને વર્ષ દસની અવધ સુધી તમારા કબજા ભોગવટામાં સોપ્યું છે. હવે એ ઘરનું ભાડું નહિ અને તમારા ઉપર લખેલા રૂપૈયાનું વ્યાજ નહિ. એ ઘરમાં તમે રહો, ખાલી રાખો, અગર બીજાને ભાડે આપો તેમાં અમારો દાવો નહિ. + એ ઘર પડે, આખડે અમો માલધણી

× કચ્છમાં લખાય છે કે એ ખોરડું દિશા ચાર બંધ હદ- મજુદ ચોક ચોગાન હાલચાલ શીખે ધાસ ધરાણે માંડી દીધું છે.

+ કચ્છમાં એવી રીત છે કે એ ખોરડા બાબત પડયા આ- ખડયાની નાની મોટી તથા નળિયાં વળિયાંની તથા ચળામણીની- તથા ચુનાચેટ વગેરેની જે કાંઇ ઝીણી મોટી ખરાજાત થાય તે સર્વે આ ખોરડા ઉપર મંડાય અને બંધી ભરાણા પછી આ ખતની મુદલ રકમ તથા ખર ખરાજાત જે થઇ હોય તે એકદર દીધે એ ખોરડું વછુટે.

દુરસ્ત કરાવી આપીએ. તેમ ન બને તો તમે ગીરો રાખનાર જે ખરચ કરો તે મજરે આપીએ. એ ઘરના નેવાંની ખોટ અમારે શીર છે અને મંચ્છરામણ તથા સુધરાઈ વગેરે નોકર (હાઉસ ટૅક્સ ક.) તમો ગીરો રાખનારને શીર છે. મુદત પુરી થયે ઉપર લખેલા રૂપિયા પુરે પુરા આપેથી એ મિલ્કત ઉપર અમારો હક પહોંચે. એ મિલ્કત તમારા શિવાય બીજા કોઈને ગીરો વેચાણ વગેરે હકથી લખી આપેલી નથી. બીન જોખમી ચોખેચોખી તમારા કબજા ભોગવટામાં સોંપેલી છે. તેમ છતાં કોઈ ગીરેદાર હિસ્સેદાર કે હકદાર પેદા થઈ તમને ભોગવટો કરવામાં હરકત કરે તો તેનો જવાબ અમો તથા અમારા વાલી વારસો દઈએ. જ્યાં સુધી ઉપર લખેલું તમારૂં કરજ અદા ન થાય, ત્યાં સુધી અમે માલધણી એ મિલ્કત બીજા કોઈને ગીરો વેચાણ વગેરે હકથી આપી શકીએ નહિ. તમને નાણાનો ખપ પડે અને અમારાથી બને નહિ તો તમો એ મિલ્કત કોઈને આડ ધરાણે આપો, અગર તમારો ગીરો હક વેચાણ આપો તેમાં અમો હરકત કરીએ નહિ. અસમાની સુલતાની આફત આવે બેય તજિયું જવાબ કરે, અમારી ઉપર લખી મિલ્કત જેવી સ્થિતિમાં તમને આજ સોંપી તેવીજ સ્થિતિમાં અવધ વીતે વમારા ઉપર લખેલા રૂપિયા વસુલ થયેથી અમારે સ્વાધીન કરવી. મુદત પુરી થયે આ ખતનું નાણું તમે જ્યારે માગો ત્યારે ઉપર લખેલી ગીરો મિલ્કતથી તથા વાલી વારસેથી પુરૂં કરી આપીએ. તમે પુરા કરી લો. આ કબજા ગીરો ખત અમે અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોશિયારીથી તથા બીન કેફ તનદુરસ્તીથી લખી આપ્યું છે તે અમારે તથા અમારા વાલી વારસોને તથા અમારા વકીલ કુ-

ખ્યારોને કબુલ છે તે પોતાના ધર્મથી પાળીએ. એ લખ્યું તે સહી.
દા. ભટ. લલ્લુ રણછોડના છે.

અત્ર	મતુ	અત્ર	સાખ
૧ કાછીઆ નાથા પુંજા ઉપર લખ્યું તે વાંચી સમજી મતુ કર્યું છે સહી દા. પોતે.			૧ દરૂ મહાસુખ વનમાળી સાખ. ઠેકાણું ૧ પટેલ ઇશ્વર અમથા સાખ. ઠેકાણું

ગીરો મિલ્કતનો વધારો બીજાને ત્યાં ગીરો.

એકજ મિલ્કતનો વધારો બીજાને ત્યાં ગીરો લખી આપવામાં આવે તો દરેક ગીરોદારને શો શો હક આપવામાં આવ્યો, તેની સ્પષ્ટતા દસ્તાવેજમાં કરવી જોઇએ. જેમકે —

સં. ૧૯૫૧ ના વરખે જેઠ સુદ ૮ ને વાર શુકરે અંગ્રેજી મે માસની તા. ૩૧ મી દિને, શહેર વડોદરા બાજવાડા શેઠશેરીના રહેનાર પરી. ઇચ્છારામ ગોપાળજી ન્યાતે દશાવાડ વાણિયા ઉમ્મર વરસ ૪૮ ની; ધંધો મોદીનો, જોગ લી. શહેર મજકૂર ઘડીઆળી પોળ જાની શેરીના રહેનાર શુકલ મગનલાલ ભગવાન ન્યાતે મોઢ બ્રાહ્મણ ઉમ્મર વરસ ૩૨ ની ધંધો ભિક્ષાવૃત્તિનો, જત રૂ. ૨૦૧) અંકે બસેં એક રોકડા મુંબાઇગરા લીધા તે દેવા. એની સાનમાં શહેર મજકૂરમાં મહોલ્લે બાજવાડા શેઠશેરના અંદર મનજી ભુતવાળી ખડકીમાં અમારૂ વડીલોપાર્જિત જે ઘર છે, તેમાંથી નીચે લખેલો ભાગ તમને કબજાગીરો લખી આપ્યો છે. કબજે આપેલા મિલ્કતની વિગત.

સદરહુ ઘર હેઠ ઓરડાનું ત્રણ મજલાવાળું છે. તેમાંથી નિ-ચેની ગોજાર અમારે કબજે છે, અને વચલા માળનો ઓરડો પરસાળ તથા તે એની હદ પ્રમાણેનો ત્રીજો માળ શાહ કેશવલાલ લલ્લુભાઇને ગીરો આપેલો છે; માટે તેમનો ગીરો હક કાયમ રાખીને તમને હેઠલો ઓરડો, પરસાલ, તથા મેડા ઉપરની ગોજાર અને તેની હદ મુજબ ત્રીજો માળ એ સર્વે ગીરો આપીને તમારે કબજે સોંપેલી છે. એ ઘરની ચતુર દિશાની વિગત—

(લંબાઇ પહોળાઇ વગેરે વિગત લખવી.)

એ ચતુર દિશા વચ્ચેના ઘરમાંથી ઉપર લખ્યા પ્રમાણે હેઠળ દળનો ભાગ ચોકચાલ અને ફળિયાની હદ સહીત અસલથી અમારા કબજા ભોગવટામાં ચાલતું આવ્યા પ્રમાણે તમોને ઘરાણે લખી આપીને કબજે સોંપેલું છે હવેથી આ ઘરનું ભાડું નહિ, અને ઉપર લખેલા રૂપીયાનું વ્યાજ નહિ. એ ઘરમાં તમે રહો અગર બીજાને ભાડે આપો, તે સાથે અમારો દરદાવો નહિ. એ ઘરની હેઠળની પરસાલમાં દાદર છે ત્યાં થઇને મેડાવાળા જાય આવે. અને એ દાદર પાસે નીચેની ગોજારનું બારણું છે ત્યાં થઇને અમે જઇએ આવીએ. એ ગોજારના ચોકમાં છાનું પાણિયારૂં છે ત્યાં તમો તથા અમો નહાઇએ ધોઇએ, અને એ પાણિયારા પાસે ટાંકું છે તેમાંથી પહોંચતા સુધી તમો વરા માફક પીવાને સારૂ પાણી લ્યો; તથા કૂવામાંથી પાણી કાઢો. ચોકમાં અમારા રસોડાની બારી તથા ચોરો (ખુલી જગા) છે તે અમારા કબજે છે. એ ઘર ત્રીજામાળ સુધી પીડીઆ પાટીઆંવડે જડેલું છે તેમાં ઉપર દળે (બીજે માળે) દક્ષિણ દિશાએ ગોજાર છે, તેની હદ પ્રમાણે પરસાળ છુટી છે. એ

ગોખારને સામા ભડે બારી જે તે વચલે માળ અગાશીમાં પડે છે. અગાશી મેડાવાળા બન્ને જણ વાવરે, અને તેમાં હેઠળ દળવાળા જણ બે એટલે તમો તથા અમો દાણાદૂણી તડકે નાખીએ. ગોખા. રની હદ પ્રમાણે ત્રીજામાળે તમને પાટિયાંનો ફરેટાર ભરાવી આપીએ. મેડાની પરસાળમાં દાદરને માથે ચોકડી છે, તેની અંદર મેડાના ઓરડાવાળા તથા મેડાની ગોખારવાળા નહાય ધુવે. સરસૂવાડે ઉત્તર દિશાની જાળી તળે ખાળ ખોદે પાણીઆરીમાં એક ખાળકુંડી છે તેની–અંદર વાવરનું પાણી ભેગું થાય છે, તેમાંથી આપણે વારાફ- રતી પાણી ઉલેચીને ખડકીની દબડકૂઇમાં નાંખીએ. સદૈજખાના મધ્યે ઘરમાં રહે તે ખરચુ જાય. ખડકીમાં ચોથે હિસ્સે એક ગાય બાંધવાને અમારો હક છે, અને હાલમાં અમારા આ ઘરમાં ત્રણ વાસ છે, માટે અમે રજા આપીએ તે ગાય બાંધે મેડાનો ધણી સારે માઠે અવસરે હેઠલી પરસાળ વાવરે, તથા ડાંગર ખાંડે. એ ઘરમાં ઉત્તર દિશાએ નવ આંગળનો કરો છે તે અમુક સાથે પંત્યાળો છે. દક્ષિણ દિશાએ ઓરડા મધ્યે આંતરો છે તે અમારી ગોખારમાં પડે છે. દક્ષિણ દિશાનો કરો છે તે રસ્તા ઉપર પડે છે, અને તે અમારો સ્વાંગ (સ્વતંત્ર) છે. પશ્ચિમ દિશાએ પછીત છે તે અમુકની ખડકીમાં પડે છે; અને પાછલાં નેવાં તેણીમેર પડે છે. આગલું ભડું ખડકીના ચોકમાં પડે છે. ઘરનું છાપરૂં બેઢાળનું હોવાથી આગલાં નેવાં અગાશી તથા ખડકીના ચોકમાં પડેછે. દબડ કૂઈ ભરાએથી ગળાવવી પડે ત્યારે ભાગ પ્રમાણે પૈસા આપવા. દબડ કૂઈ તથા તાજખાનું કે ઇમારત પડે આખડે અમો માલવણો સમ- રાવી આપીએ. કદાચ અમો ન સમરાવીએ તો તમે કોઇને પાસે

રાખીને ધર્મ સ્વરૂપે જે ખર્ચો તે મજરે આપીએ. ખત મધે ભરી આપીએ. અસમાની સુલતાની આફત આવે ત્યારે ભોયતળિયું જવાબ કરે. અવધપુરી થયે આ ખતનું નાણું આપેથી અમારો અલાખો પહોચે. મુદતસર ના છોડાવીએ તો તમો તમારી મરજી પ્રમાણે કરવાને મુખત્યાર છો. નેવાંની ખોટ તથા સંચરામણુ તમો તથાબીજા ગીરોદાર શાહ કેશવલાલ લલ્લુભાઇ તથા અમો, એમ ત્રણે જણુ સરખે ભાગે આપીએ. તમને સોંપેલી ઉપર લખેલી મિલકત તમારા શિવાય બીજા કોઇને ગીરો વેચાણ વગેરે હકથી લખી આપેલી નથી. બીન જોખમી ચોખે ચોખી તમારા કબજા ભોગવટામાં સોં. પેલી છે તેમ છતાં કોઇ ગીરોદાર હકદાર કે હિસ્સેદાર ઉભો થઇને દાવો દાખલ કરે તો ખરચ સુદ્ધાંત ઉપર લખેલા રૂપિયાનો જવાબ અમે તથા અમારા વાલી વારસો દઇએ. અવધ વીતે આ ખતના રૂપિયા દેશ પરદેશ દેવા, જ્યારે તમો માગો ત્યારે દેવા. બાંધી મુદત પુરી થયા બાદ આ ખતનું નાણું વસૂલ થયેથી અમારી ઉપર લખેલી મિલ્કત હાલ જેવી સ્થિતિમાં સોંપીએ છીએ તેવી સ્થિતિમાં પાછી અમારે સ્વાધીન કરવી, કદાચ તમને નાણાનો ખપ પડે અને અમારાથી કંઇ બની આવે નહિ તો ઉપર લખેલી મિલ્કત તમે કોઇને આડધરાણે આપો અગર તમારો ગીરો હક વેચાણ આપો, તેમાં અમો તથા અમારા વાલી વારસો હરકત કરીએ નહિ. મુદતસર ખતનું નાણું અદા ન થાય તો ઉપર લખેલી અમારી ગીરો મિલ્કતથી તથા અમારી જાતથી તથા અમારી બીજી હરેક માલમિલ્કતથી તથા વાલી વારસોથી વસૂલ કરી આપીએ તમે વસુલ કરી લ્યો. આ કબજા ગીરો લેખ અમોએ અમારી રાજીખુશીથી

તથા અક્કલ હોંશિયારીથી તથા બીન કેફ તનદુરસ્તીથી લખી આપ્યો છે તે અમારે તથા અમારા વાલી વારસોને તથા અમારા વકીલ મુખ્ત્યારોને કબુલ છે. ઓળો એંશી એક દસ્કતની છે. દા. લુહા• ભાઇ નાગજી ચોકમાં બેશીને ખત લખી આપ્યું છે.

અત્ર	મતુ	અત્ર સાખ
૧. શુકલ મંગનલાલ ભગવાન ઉપર લખ્યુ તે વાંચી સમ• જીને મતુ કર્યું છે દા. પોતે.		૧. ભટ લલુ ઉમીયાસંકર સાખ ધણી બે હજુર. ૧. પરી. જેઠા પિતાંબર સાખ.

ગીરો ઉપર જાસ્તી કરજનો લેખ.

ગીરો આપેલી મિલ્કત ઉપર તેના તેજ ધણીને ત્યાંથી ફરીને ઉપાડ કરતામાં આવે તો વધારાની રકમ જોગ દસ્તાવેજ નવેસરથી લખવો. અને તેમાં પ્રથમની રકમ નહિ ઉમેરતાં માત્ર બીજી વાર ઉપાડેલી રકમ જણાવવી.

આમ કરવાથી પાછલો લેખ રદ થશે નહિ, પણ એકંદર રકમ ગણવામાં આવશે તો સ્ટામ્પ સંબંધી ગુંચવાડો પેદા થશે. માટે સૌથી ઉત્તમ માર્ગ એ છે કે વધારાની રકમ જોગ નવોજ લેખ લખવો જોઇએ.

વળત દાણુ કે વળત ભાડે ગીરો.

કોઇ નિયમિત મુદત સુધી ગીરો મિલ્કતનો ભોગવટો કરવાથી વ્યાજ સાથે ધીરેલી રકમ અદા થઇ, એવું જે લેખથી સમજાતું હોય તેને વળત દાણુ કે વળત ભાડે ગીરો :લેખ કહે છે. ખેતર, ઘર, અને ગામ એ રીતે ગીરો મુકી શકાય છે.

કબજા ગીરોમાં વ્યાજની પેટે ગીરો મિલ્કતનો ભોગવટો કરવા ઉપરાંત બાંધેલી મુદ્દતે ધીરેલું નાણું પાછું લેવાની શરત કરવામાં આવે છે, અને આ જાતના લેખમાં નિયમિત મુદ્દત સુધી ગીરો મિલ્કતનો ભોગવટો કરે એટલે લહેણદારની મુદ્દલ રકમ વ્યાજ સાથે વસુલ થઇ માનીને ગીરો મિલ્કત માલધણીને સ્વાધીન કરવાનો કરાર થાય છે તેથી આવો પ્રસંગ આવે ત્યારે ગીરો મિલ્કતના વળતરથી ઉપાડની રકમનું અમુક દર લેખે વ્યાજ ગણતાં તે રકમ વ્યાજ સહીત કઇ મુદ્દતે પુરી થશે, તેનો પ્રથમથી સુમાર કાઢીને મુદ્દત બાંધવામાં આવે છે. કોઇ કોઇ સ્થળે તો ગીરો મિલ્કતની ઉપજ અને વ્યાજનો દર જણાવે છે અને લખાવે છે કે તે ઉપજ વ્યાજને પેટે જમાં લેતાં જે વધે તે મુદ્દલમાં મજરે ગણવું. અને એમ વસૂલ લેતાં આ ખતની રકમ અદા થયેથી અમારી મિલ્કત અમારે સ્વાધીન કરવી.

* વળત દાણ ગીરો લેખ.

મીતિ અને બંને પક્ષકારોનાં નામ વગેરે લખીને લખવું કે

આ રૂપિયા તથા વ્યાજની સાનમાં અમારી માલકીનું, તથા અમારા કબજા ભોગવટાનું વડીલોપાર્જીત ખેતર એક નામે ફલાણું વળતદાણે લખી આપ્યું છે તેના ખુંટ ચ ઃ વિગત—(ચોક્સ સ્થળ, મર્યાદા, સર્વે નંબર વગેરે હકીકત લખવી.)

એ રીતે શેડાપાલી, ઝાડ બીડ અને પડયા પાન સાથેની જમીન અમારા કબજા ભોગવટામાં છે તે પ્રમાણે અમોએ તમને વળત દાણે લખી આપીને તમારા કબજા ભોગવટામાં સોંપી છે. ને

---

* કચ્છમાં વજે વળતીઆ ઠામનું ખત કહે છે.

તેની અવધ વર્ષ આટલાની ઠરી છે, હવેથી એ મિલ્કતનું હાણુ નહિં; અને ઉપર લખેલા રૂપિયા તથા વ્યાજ દેવું નહિ. એ જમીનની દર મોસમની × ફસલ તથા ઝાડ બીડ વગેરેની ઉપજ આવે તે તમે લ્યો, અને સરકારના ધારાના રૂપિયા પણ તમે ભરો. એ જમીન તમે પોતે ખેડો, ખેડાવો, પડતર રાખો. કોઇને ગણોતે આપો. આડગીરો મૂકો, કે તમારો ગીરો હક વેચાણ આપો, તે સાથે અમારા વાલી વારસોનો દાવો નહિ. એ જમીન તમારા શિવાય બીજા કોઇને ગીરો વેચાણ વગેરે હકથી લખી આપેલી નથી. બીન જોખમી તમારે કબજે સોંપી છે. તેમ છતાં કોઇ હેલો હરકત કરે તો અમે તેનો જવાબ દઇએ. અવધ વીતે વૈશાખશુદ ૨ ને દિવસે હાલની સ્થિતિમાં અમો અમારી મીલ્કત પાછી સંભાળી લઇએ તમે બીન તકરારે ચોખી કરીને અમારે સ્વાધીન કરો. ઇત્યાદિ ગીરો લેખમાં બતાવેલી હકીકત લેવી.

* વળત ભાડે ગીરો લેખ.

× કચ્છમાં લખાય છે કે એ ખેતરનો ઉપજ ચરોચાર, ભોગ ભાગ લાગ લગામ, તળોટ વળોટ, પલ્લી પાન હાજેરી તથા કામદારી અઢારે હબુબ જે કાંઇ આવે તે તમે સંભાળી લઇ આ ખતમાં જમા કરો, જ્યારે તમારા (રૂપીયા વ્યાજ સાથે) દોકડા પહોંચી જાય ત્યારે કાળે શેડે (કોરીમોસમે) એ જમીન અમારે સ્વાધીન કરો એ જમીનની ઉપજમાંથી અમે એક દોકડો પણ લઇ શકીએ નહિ. એ જમીનની અંદર બાણુ શેડા દુરસ્ત કરાવતાં જે ખરચ થાય તે ખેતર ઉપર મંડાય નહિ. તે ખરચ તમે તમારી ગાંઠનું કરો. ઇ.

* કચ્છમાં પુળા છુટનું ખત કહે છે.

મીતિ અને બંને પક્ષકારનાં નામ વગેરે લખીને લખવું કે આ રૂપિયા તથા વ્યાજની સાનમાં અમારૂં વડીલોપાર્જીત ઘર એક વગીત ભાડે લખી આપ્યું છે તેની દિશા ચારની વિગત (સ્થળ, લંબાઈ પહોળાઈ, ચતુર સીમા અને જરૂરિઆત હકોનું વર્ણન લખવું) એ રીતે ઘર એક ચોક ચાલ અને ફળિયાની હદ સાથે અમારા કબજા ભોગવટામાં ચાલતું આવ્યા પ્રમાણે ઉપર લખેલા રૂપીયાની સાનમાં અમોએ તમને વગીત ભાડે લખી આપ્યું છે. ને તમારા કબજા ભોગવટામાં સોંપ્યું છે. એની બંધી વર્પની કરી છે. હવેથી એ ઘરનું ભાડું નહિ, અને ઉપર લખેલા રૂપિયા તથા વ્યાજ દેવું નહિ. એ ઘરમાં તમે વસો, વસાવો, ભાડે આપો, આડગીરો મુકો કે તમારો વગીત ભાડે ગીરો હક વેચાણ આપો, તેમાં અમો તથા અમારા વાલી વારસો હરકત કરીએ નહિ. એ મિલ્કત બીન જોખમી તમારે કબજે સોંપી છે, તેમ છતાં કોઈ હેલો હરકત કરે તો અમે તેનો જવાબ દઈએ. એ ઘરની સંચરામણ તથા નેવાની ખોટ તમારે શીર છે. હાઉસ વેરો તમે ભરો મુદત પુરી થયા પછી આ લહેણા બાબત અભરામ ફુલનાદાવા સમજીને ઉપર લખેલી મિલ્કત બીન તકરારે અમારે સ્વાધીન કરવી. અમે પણ જેવી સ્થિતિમાં સોંપી છે તેવી સ્થિતિમાં પાછી સંભાળી લઈએ. ઇત્યાદી ગીરોખતમાંના અનુકુળ કરાર લખવા.

ગામ અથવા બીજા કોઈ ગીરાસ પણ આ રીતે ગીરો આપી શકાય છે. માટે તેની અનુકુળતા જોઈને લેખ લખવો જોઈએ.

આડઘરાણિયું.

આપણે ગીરો રાખેલી મિલ્કત બીજા માણસને ત્યાં ઘરાણે

મૂકવી તેને આડધરાણે કહે છે. અને તેને માટે લખેલા દસ્તાવેજને આડધરાણિયું ખત કહે છે.

આડધરાણે સ્થાવર તથા જંગમમિલ્કત આપી શકાય છે. અને તે બંન્ને સાનગીરો કે કબજા ગીરો મૂકી શકાય છે. સાનગીરોથી આડધરાણે મૂકતાં મૂળનો દસ્તાવેજ આડધરાણે રાખનારને સ્વાધીન કરવો પડે છે, અને કબજાગીરોથી આપતાં મિલ્કતનો કબજો તથા મૂળનો દસ્તાવેજ સોંપવો પડે છે.

આડધરાણિયું ખત લખવાની રીત ધરાણિયાખત જેવી છે. ફેરમાત્ર એટલોજ છે કે જત રૂ. અંકે રૂા. આટલા દેવા. તેની સાનમાં અમોએ અમુક ધણી પાસેથી રૂ. આટલામાં ધરાણે રાખેલી મિલ્કત અમુક છે તે તમોને આડધરાણે સાનમાં આપી છે, કે આડધરાણે કબજાગીરો આપી છે. અને તે બાબત મૂળ માલધણી પાસેથી લખાવેલો દસ્તાવેજ મિતિ અમુકનો તમને સોંપ્યો છે તે તમારૂ નાણું આપેથી છુટે. સાનગીરો હોય તો વ્યાજનો ભાવ લખવો. તથા બીજા કરાર હોય તે લખવા, અને કબજાગીરો હોય અને વ્યાજ દેવાનું ન હોય તો તે લખવું કે રૂા. નું વ્યાજ નહિ અને મિલકત અમુકનું ભાડુ નહિ. અથવા જેવા કરાર હોય તેવું લખવું. અને તે ઉપરાંત લખવું કે જ્યારે મૂળ માલધણી આ મિલ્કતનો કબજો છોડવે ત્યારે તમારે પણ તેનો કબજો બીન તકરારે આપવો. અને અમારે પણ તમારા ઉપર લખ્યા રૂા૦ આપવા ઇત્યાદી લખી મતુ સાક્ષી કરવાં.

વેચાણખત.

જે દસ્તાવેજ ઉપરથી સ્થાવર અથવા જંગમ મિલ્કત બી-

અને કરી આપવામાં આવે છે તે લેખને ગુજરાતમાં વેચાણ ખત, અને કાઠિયાવાડ તથા કચ્છમાં અઘાટ દસ્તાવેજ તથા દક્ષણમાં ખરીદી ખત કહે છે. ઘર અને ખેતરાદિ સ્થાવર મિલ્કત વેચાણ આપવામાં આવે ત્યારે આ લેખ લખાય છે ને તે ગમે તેટલી રકમનો હોય તોપણ રજીષ્ટર કરાવવાની ફરજ છે.

વેચાણ રાખનારને ખરીદનાર તથા તે આપનારને વેચનાર કહે છે. અને ખતની અંદર એ વિશેષણ જેના તેના નામે જોડવાની રીત છે.

આ દસ્તાવેજમાં મિતિ અને ઉભય પક્ષકારનાં નામ લખવાં. પછી વેચાણ વસ્તુની લીધેલી રકમ, તેને પેટે આપેલી મિલ્કતનું નામ, મ્યુનિસિપાલ નંબર, માપ, ચતુર સીમા, અને તેની સાથે પાડ પડોસી અને ઘર ધણીને ભોગવટો કરવાનો શો હક છે. તેનું વર્ણન સંપૂર્ણ લખવું. અર્થાત્ ગીરોમાં જણાવેલી તથા એવીજ બીજી બાબતોનો પૂરતો ખુલાસો આ દસ્તાવેજમાં આવવો જોઇએ. અને હવેથી વેચાણ મિલ્કત સાથે મૂળ ધણીને અભરામ કુલના દાવા છે એમ લખવું જોઇએ.

ઘરનું વેચાણ ખત.

સંવત ૧૯૪૯ ના ઓગણીસેં ઓગણ પચાસના વરખે વૈશાખ વદ ૩ ને વાર ગરેઉ. અંગ્રેજી સન ૧૮૮૩ માહે મે તા. ૩ જી દિને ખરીદદાર શહેર વડોદરા કોલાખાડી રતનપોળના રહેનાર શાહ મગનલાલ દ્વારકાંદાસ નાતે પોઠવાળ વાણિયા ઉમર વરસ ૨૫ ની ધંધો સુતરીઆનો. જોગ લી. એક ગામવાસી કાપડીપોળના

રહેનાર ગાંધી ચુનીલાલ હીરાચંદ નાતે શ્રીમાળી વાણીયા ઉમર વ-રસ ૩૫ ની ધંધો રેશમ કાંતવાનો જત રૂ. ૧૦૦૧) અંકે એક હજાર એક પુરા રોકડા મુંબાઇગરા સરકાર ચલણી લીધા છે તેને પેટે તમોને અમારૂ × વડીલોપાર્જીત કબજા ભોગવટાનું ઘર એક વેચાણ આપ્યું છે તેની વિગત—રાજ્ય વડોદરા, પ્રાંત વડોદરા, તાલુકે વડોદરા, શહેર વડોદરાની અંદર મેહેલ્લે અમદાવાદી પોળમાં લેઉવા શેરીના નાકાનું ઘર, જે અમોએ મિતિ સંવત્ ૧૭૫૦ ના માહા સુદ ૯ ને વાર ભોમે જાની દેવશંકર કુરૂણાશંકર પાસેથી વેચાણ લીધેલું સનંદ + ટીકા—એ નં. ૨૧૧ સર્વે રજીષ્ટરમાં ગાંધી મોતીલાલ મનસુખને નામે દાખલ છે, તે ઘર અમોએ વેચાણ આ-પ્યું છે. તેની દિશાચારની વિગત. એ ઘર ઉત્તર દક્ષિણ પહોળું ગજ ૧૨ બન્ને કરા સાથે છે, અને પૂર્વ પશ્ચિમ પહોળું ગજ ૨૦ ઓટલા તથા પછીત સાથે છે; એને ઉગમણુ પાસે રાજમાર્ગ છે તે તરફ ઘરમાં પેસવાનું બાર છે. ઉત્તરે પટેલ દામોદર અમથાભા-ઇનું ઘર છે તે કરો પંત્યાળો છે. દક્ષિણની સરીલે ભટ અનુપરામ દેવશંકરનું ઘર છે તે કરો પંત્યાળો છે. આથમણે પછીત છે તેની

× દખણમાં લખાય છે કે મારા કબજાનું ઘર ૧ મ્યુનીસિ-પાલ નંબરનું મજલા બેનું ચૂનાકચ્ચી સેજખીના સાથે છે તે વેચાણ આપ્યુ છે અને કચ્છમાં—અમુક બારનું બે ઓરડા, એક રાંધ-ણિયું, આંગણું તથા વાડા શીખે અઘાટ હમીરાવાર માડી આપ્યું છે એમ લખાય છે.

+ મ્યુનિસિપાલ નંબર જ્યાં તે આપવામાં ન આવ્યો હોય ત્યાં લખવાની જરૂર નથી.

પછવાડે પટેલ દ્વારકાદાસ લલ્લુભાઇની છીંડી છે, તેમાં બે બારીઓ પડે છે. એ છીંડીમાં થઇને ચોમાસુ નેવનું પાણી જાય છે. એ ચતુરસીમાં વચ્ચેનું ઘર બારસાખે, કરા પાયા તથા + અદબદ કાટ ઇમલા તથા એ ઘરની અંદરના તથા બહારના સર્વ પ્રકારના હકો સહીત પાતાળથી આકાશ સુધી અસલ હદ, મરજાદ, જમન ચોક- ચાલ તથા રસ્તાની હદ સાથે તમોને ચંદ્રોકાળ સૂધી વેચાણુ આ-પીને અમારો હાથ ઉઠાવ્યો છે, અને એની કીમતના રૂ. એક હજાર એક સેકડા ગણી લઇને એ મિલ્કત તમારે કબજે સોંપી છે. હવે એ મિલ્કતના માલિક તમે છો, માટે તમો તથા તમારા વાલી વારસો તેનો ભોગવટો કરવાને મુખ્ત્યાર છો. એ ઘરમાં તમો વસો, વસાવો, ગીરો, વેચાણુ આપો, દાન કરો કે તમારૂં મન માને તેમ કરો. એ ઘર ઉપર પ્રથમ જેવો અને જેટલા પ્રકા-રનો અમારો હક હતો તેવોને તેટલા પ્રકારનો હક અમોએ તમોને વેચાણુ આપ્યો છે માટે એ મિલકત સાથે આજથી અમારે તથા અમારા વાલી વારસોને * અભરામ કુલના દાવા છે. સદરહું મિલ-

+ મરાઠીમા લખે છે કે તે ઝાડ ઝરોડાં, દગડ ધોંડા, ની ધાતિ-ક્ષેપ, નવાણુ ટાંકા સહિત તમારે કબજે આપ્યું છે. તેનો ઉપભોગ આજસુધી અમે લેતા આવ્યા છીએ તે પ્રમાણે તમે કરો. મન ચહાય તેવો ઉપભોગ લ્યો. કચ્છમાં લખાય છે કે હદ મજુદ, ચોક ચોગાન, હાલચાલ, સનદ છાપો શીખે અઘાટ અમીરાવાર, આઘ્રો-બારી ચંદ્રસૂરજ લગી માંડી દીધું છે.

* અભિરામ ઉપરથી થયો હોય એમ લાગે છે; એનો અર્થ ખુશીથી એવો થાય છે.

કત અમે કોઇને ત્યાં ગીરે વેચાણ વગેરે લખી આપી જોખમમાં નાંખેલી નથી. બીન જોખમી ચોખેચોખી તમને વેચાણ લખી આ-પીને તમારે કબજે સોપી છે. કદી એ જમીન ઉપર કોઇ ગીરોદાર હિસ્સેદાર કે હકદાર પેદા + થઇ દાવો દાખલ કરે તો અમો તથા અમારા વાલી વારસો તેનો જવાબ દઇએ સહી. સદરહુ મિલકત સરકારમાં તમારે નામે ચઢાવી રજીષ્ટર કરાવી આપીએ. મુદતસર ન કરાવી આપીએ તો રજીષ્ટર કરાવી લેવાને તમે મુખ્ત્યાર છો. આ વેચાણખત અમે અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોંશિ-યારીથી તથા બીન કેફ તનદુરસ્તીથી લખી આપુંછું તે અમારે તથા અમારા વાલી વારસોને તથા વકીલ મુખત્યારને કબુલ મંજુર છે. એ લખ્યું તે સહી.

અત્ર મતુ	અત્ર સાખ
૧. ગાંધી ચુનીલાલ હીરાચંદ મતુ ઉપર લખ્યું તે વાંચી સમજીને મતુ કર્યાંછે દા. પોતે.	૧. ગાંધી ચુનીલાલ મૂલજી સા-ખ ધણી બે હજુર.
	૧ સાહ શંકર મથુરા સાખ.

* જમીનનું વેચાણ ખત.

સંવત ૧૯૪૧. ઓગણીસેં એકતાળીસના વરસે માગશર શુદ ૨ ને રવેઉ, અંગ્રેજી સન ૧૮૮૫ નવેંબર તા. ૪ થીના દિને તાલુકે

+ અમારા પુરા હકની ખામીને લીધે અગર કાયદાની બારી-કાઇથી એ ઘર બીજાને કબજે જાય તો ઉપર લખેલા રૂા. વ્યાજ સાથે અમો તથા અમારા વાલી વારસો પુરા કરી આપીએ.

* કાઠીયાવાડ તથા કચ્છમાં ગરાશનું અઘાટ ખત કહેછે.

ચોર્યાશી શેહેર સુરત મહીધરપરા વાણિયાશેરીના રહેનાર મોદી દામોદર ભાણુભાઈ નાતે દસાલાડ વાણિયા, ઉમ્મર વરસ ૩૬ ની ધંધો દલાલીનો, ખારસાત જોગ લી. તાલુકે ચોર્યાશીનું ગામ મોજે કુમારીઆના રહેનાર પટેલ ગીરધર ગંગાદાસ નાતે કડવા પાટીદાર ઉમ્મર વરસ ૩૦ ની ધંધો ખેતીનો, જત રૂ. ૫૦૧) અંકે પાંચસેં એક પૂરાં રોકડાં સરકાર ચલણી પોળિયા લીધાં છે. તેને પેટે અમારા કબજા ભોગવટાની વડીલોપાર્જી વાંટાંની જમીન વેચાણ આપી છે તેની વિગત ડિસ્ટ્રિકટ સુરત સબડિસ્ટ્રિકટ તાલુકે ચોર્યાશીનું ગામ મોજે કુંભારીઆની સીમમાં ખેતર નામે ભાટિયું સર્વે નંબર ૭૦૧ એકર ૭ ને ગુંઠા ૩૦ નું જે સરકાર દફતરે પટેલ ગંગાદાસ શામળને નામે ચાલે છે, તે જમીનના ખુંટ ચારની વિગત— ઉત્તરે પટેલ મોરારજી નાનજીનું ખેતર છે. ઉગમણે ભટ છગન હરિવલ્લભનું ખેતર છે. આથમણે નાળિયું છે. અને દક્ષિણે તલાવડી છે. એ રીતે ખુંટ ચાર વચ્ચેની જમીન + ઝાડ બીડ તથા તેને લાગતા તમામ હકો સાથે અમોએ ઉપર લખ્યા રૂા. રોકડ લઇને ચંદ્રોકાળ સુધી વેચાણ આપી તમારા કબજામાં સોંપી છે. માટે તમો તથા તમારા વાલી વારસો તેનો ભોગવટો કરવાને મુખત્યાર

+ દસ્તાવેજમાં લખાય છે કે એ રીતે શેડા ચારબંધ વાગ છુટાં ધડા ધાસ ભોગભગ તળોટ વળોટ, લીછ, ઢગામણી, માંગણી, પુરો પથરો વણવેડા, ઝાડબીડ, બાગબુલ, હદારેહદબ તથા ગુઢ પ્રોરેય પઇ લઇ છેલ્લો રાગો, દાસચાલ, હદમજુદ, પડીઆખડી શુદ્ધાંત ચંદ્ર સુરજ લગી અઘાટ હમીચવાર કરી માંડી આપી છે.

છો. એ ખેતર ખેડો, ખેડાવો પડતર રાખો, ગીરો વેચાણ આપો, દાન, બક્ષીસ કરો કે તમારૂં મન માને તેમ કરો. એ મિલ્કત ઉપર અમારો જેવો હક હતો તેવો હક તમને વેચાણ આપ્યો છે. માટે તેની સાથે અમારે તથા અમારા વાલી વારસોને અભરામ કુલના દાવા છે. હવેથી એ જમીન બાબત સરકાર ધારાના રૂપિયા તમારે ભરવા. સદર્હુ મિલકત કોઇને ત્યાં ગીરો વેચાણ વગેરે લખી જોખમમાં નાંખેલા નથી. બીન જોખમી ચોખેચોખી તમને વેચાણ લખી આપીને તમારે કબજે સોંપી છે. તેમ છતાં કોઇ ગીરોદાર, હિસ્સેદાર કે હક્કદાર પેદા થઇને હેલો હરકત કરે તો અમો તથા અમારા વાલી વારસો તેને જવાબ દઇએ. એ ખેતરમાં હળ ગાડુ લઇ જવા લાવવાનો રસ્તો નાળીઆમાં છે. ઉપર લખી જમીન સરકારમાં તમારે નામે ચઢાવી રજીષ્ટર કરાવી આપીએ. મુદતસર કરાવી આપીએ નહિ તો રજીષ્ટર કરાવી લેવા તમે મુખત્યાર છો. આ વેચાણ ખત અમે અમારી રાજી ખુશીથી તથા અકકલ હોંશિયારી તથા બીન કેફ તનદુરસ્તીથી લખી આપ્યું છે તે અમારે તથા અમારા વાલી વારસોને તથા વકીલ મુખત્યારોને કબુલ મંજુર છે. એ લખ્યું તે સહી.

અત્ર મતુ	અત્ર સાખ.
પટેલ ગીરધર ગંગાદાસ મતુ	૧ મેદી હીરા ભગવાન સાખ
ઉપર લખ્યું તે વાંચી સમજીને	૧ પા. રવજી હરખજી સાખ.
મતુ કર્યું છે સહી દા. પોતે	

ભાડાચિઠી અને ગણોત.

સ્થાવર મિલ્કતના વસારા બદલ લેવાની રકમને ભાડું કહેછે, એ પ્રમાણે મિલ્કત કબજે રાખનારને ભાડુત કહેછે અને માલધણી તેની

પાસેથી જે કરાર લખાવી લેછે, તેને ભાડાચિડી કહે છે. ભાડાચિ-ઠીઓ બે પ્રકારની છે. મકાનની અને ખેતર વગેરેની, મકાનો ભાડે આપ્યા બાબતના લેખને ભાડાચિઠી, ભાડાનામું કે ભાડાખત કહે છે; અને ખેતર વગેરે ભાડે આપ્યાના લેખને ગણોત કે ગણુવત કહે છે એ બંને પ્રકારના લેખ મુદત બાંધી અને વગર મુદતના થઈ શકેછે.

ભાડા ચિઠી લખવામાં નીચે ની બાબતો આવવી જોઇએ. (૧) માલધણી અને ભાડુતનાં મૂળ ગામ તથા હાલનાં ઠેકાણાં. (૨) ભાડાની મિલ્કતનું ઠેકાણું. (૩) ભાડાની રકમ વાર્ષિક કે માસિક, અને તે લેવા વિષે તથા અધિક માસના ભાડા વિષે. (૪) ભાડું વસુલ ન થાય તેના ઇલાજ, (૫) ચોમાસાની ચલામણુ તથા નેવાંની ખોટ આપવા વિષે. (૬) ઘર ઉપર સરકારી લાગતો— (ઘરવેરો, પાણીવેરો, બાજરૂવેરો, અને કચરો કચરો કઢાવવો.) ભરવા વિષે. (૭) ટાંકાં કુવા અને સંડાસ વગેરેનો ભાડુતને ભોગવટો કરવા વિષે. (૮) જરૂરની મરામત કરવા ન કરવા વિષે. (૯) મકાન ખાલી કરવાને અવધી મારવા વિષે. (૧૦) ભાડુત જાણીબુઝીને નુકસાન કરે, અગર મુદતસર ભાડુ ન આપે તેના ઇલાજ વિષે.

ગણોતમાં ઉપરની કલમ ૧–૨ ઉપરાંત ખેતરનું સંરક્ષણ, તેની લાગત, ઝાડ બીડની નિપજ, દાણુને પેટે અનાજ કે રોકડ રકમ સલામી ભરવાનું, અવધી પ્રમાણે કબજો છોડવાનું, તે ન છોડે કે દાણુ ન ભરે તો તેના ઇલાજ વગેરે બાબતો લેખમાં સમાવવી.

ભાડાચીઠી.

* સં- ૧૯૪૬ ઓગણીસેં છેતાળીસના પોષ સુદ ૨ ને વાર ગરેઉ, અંગ્રેજી સન ૧૮૯૦ માહે જાન્યુઆરી તા. ૧ લીના દિને તાલુકે પેટલાદનું ગામ મોજે વસોના રહેનાર અમીન છબાભાઇ હરિભાઇ નાતે લેઉઆ પાટીદાર ઉમ્મર વરસ ૪૨ ની ધંધો ખેતીનો, જોગ લી. તાલુકે બોરસદનું ગામ મોજે વસો શાળાના આસિસ્ટંટ માસ્તર દવે જગજીવન રામજી નાતે ખેડાવાળ બ્રાહ્મણ ઉમ્મર વરસ ૩૨ ની ધંધો નોકરીનો. જત અમોએ વરસ ત્રણને કરારે તમારૂં ઘર+ એક ભાડે રાખ્યું છે. તેની વિગત—

રાજ્ય વડોદરા પ્રાંત વડોદરા તાલુકે પેટલાદનું ગામ મોજે વસોમાં દેહરાના ખાંચામાં ઘર એક પૂર્વ પશ્ચિમ વાડા તથા આંગણા સાથે લાંબુ ગજ ૨૮ અને ઉત્તર દક્ષિણ પહોળું ગજ ૬ છે એની ઉત્તરે તલાટી નાથા રામદાસનું ઘર છે, દક્ષિણે સોની મગન મથુરામનું ઘર છે. પશ્ચિમે અમીન ઝવેરભાઇ હીરાભાઇનું ઘર છે, અને પૂર્વે આગલું બાર સરિયામ રાજમાર્ગમાં પડે છે. એણી × વિગતેનું ઘર ભાડે રાખ્યું છે. તેના કરારની વિગત.

---

* કચ્છમાં મીતિ છેડે નંખાય છે.

\+ મુંબઇ જેવા શહેરમાં ઘરનો નંબર લખાય છે.

× કચ્છમાં પ્રથમ ભાડે રાખનારનું નામ ઠામ લખીને લખાય છે કે જત અમુકના રહેવાસી ફલાણા પાસેથી તેની અમુક સ્થળની જગા ભાડે લીધી છે. તેનું ભાડું આટલું ઠરાવ્યું છે તે મહે મહિનું દેવું. એની બંધી વરસની છે. બંધી વચ્ચે ચડતું ભાડું દેતાં ઢીલ કે ઉજર કરીએ તો બાંધીનો પ્રતિબંધ નથી. તે જગા ખાલી કરી ધણીને ઉજરે સોંપી દઇએ.

એ ઘરના વરસ એકના ભાડાના રૂ. ૧૫) પંદર બાબાશાહી ઠરાવ્યા છે તે આ દસ્તાવેજની મિતિથી વરસ પુરૂં થયે પોષ શુદ ૨ ને રોજ * આપીએ. મુદ્દતસર ન આપીએ તો અમારી પાસેથી ઘરનો કબજો લઇ બીજાને ભાડે આપવા તમે માલધણી મુખત્યાર છો. કદાચ તેમ બનેથી જે ભાડું કમી ઉપજે તે અમો મજરે આપીએ. પણ ઉપર લખી મુદતની અંદર અમારી બદલી થાય તો ચઢેલું ભાડું આપીએ અધુરી મુદતે ઘર છોડી જવા અમને કશો પ્રતિબંધ નથી. એવા પ્રસંગે અધિકમાસ આવે તેનું ભાડું આપીએ નહિ. એ ઘરને અંગે જે ટાંકું, કૂવો અને ૩ સંડાસ છે તેનો ભોગવટો અમે કરીએ. ઉપર લખી મુદત પૂરી થયે ચોમાસા શિવાય ઘર જ્યારે ખાલી કરવા કહો ત્યારે બીન તકરારે ખાલી કરી તમારે કબજે સોંપીએ. પણ અવધ પુરી થયા પહેલાં ઘરનો કબજો આપીએ નહિ. કરાર કરતાં વધારે મુદત રહીએ તો ઠરાવ પ્રમાણે વધારે મુદતનું ભાડું વસુલ આપીએ. ઘરમાં અમે રહીએ ખાલી રાખીએ કે બીજાને ભાડે આપીએ તો પણ એના ભાડાના રૂપિયાનો જવાબ અમો દઇએ. એ ઘરમાં તમને નુકશાન થાય એવું કંઇ કરીએ નહિ. કદાચ બને તો તમો કહો તે નુકશાની ભરી આપીએ. ઘરનો કબજો છોડીએ ત્યારે જેવી સ્થિતિમાં લીધું છે તેવી હાલતમાં પાછું સોંપીએ. ઉપર લખ્યા ભાડાના રૂા. ભરવામાં કસૂર કરીએ ને તે સંબંધે ફરિયાદ કરવી પડે તો તેના ખરચસાથે ભાડાની રકમ

---

* દક્ષિણમાં લખાવે છે કે પાવતી લઇ ભાડું આપીએ અથવા ભાડાચીઠીની પીઠે વસૂલ ભરાવીએ. પાવતી સિવાય વસુલ આપેલું હોય તે મજરે માગુ નહિ.

અમારી જાતથી. તથા અમારી માલમિલ્કતથી તથા વલી વારસોથી વસુલ લેવાને તમે મુખત્યાર છો. દેશ પરદેશ આપીએ. તમે પૂરા કરીલ્યો, ઘરના સચવામણ ખરચ તથા દર વરસે ધોળાવવાનો ખરચ અમારે શીરછે અને નળીની ખોટ તથા કાંઈ કામડી* તમો ધરધણી આપો સહી. આ ભાડાચિઠી અમે અમારી રાજીખુશી તથા અક્કલ હોંશિયારીથી તથા બોન કેફ તનદુરસ્તીથી તમોને લખી આપી છે તે અમારે તથા અમારા વાલીવારસોને કબુલ છે.

અત્ર મતુ	અત્ર સાખ
૧ દવે જગજીવન રામજી	૧ શાહ હરજીવન જુઠા
મતુ ઉપર લખ્યું તે	સાખ
સહી. દા. પોતે.	૧ અમીન વાઘજી વસનદાસ
	સાખ

+ ગણોત.

સંવત ૧૯૪૯ ઓગણીસેં ઓગણપચાસ પોષ શુદ ૨ ને વાર બુધે, ઇંગ્રેજી સન ૧૮૯૨ માહે ડિસેમ્બર તા. ૨૧ મીના દિને તાલુકે માતરનું ગામ મહુધાના રહેનાર બારોટ મોહનલાલ જેસીં-

---

* મરામત કરવા જેવું મકાન હોય તો તે પણ લખાય કે અમુક મરામત કરાવી આપવી તે ન કરાવી આપો તો અમે કરાવીએ અને તે ખરચ તમે ના આપોતો ભાડાની રકમમાંથી વસુલ લઇએ.

+ કચ્છમાં ગણોતને સુખડીનું લખત કહે છે. અને સાંથની બાબતમાં કરાર થાય છે કે તેની સુખડી માસ બારે આ ખેતરના મોલના ખરામાંથી દેવી, ખેડુતને ઉલટ લેખ કરી આપવામાં આવે છે તેને પટો કહે છે.

ગભાઇ ઉમ્મર વરસ ૩૨ ની ધંધો વહીવંચાનો, જોગ લી. એક ગામવાસી બારીઆ હીરા પથા જાતે તલપદા કોળી ઉમ્મર વરસ ૩૬ ની ધધો ખેતીનો. જત તમારી નીચે લખેલી જમીન એક સાલી સંવત ૧૯૪૯ ની ફસલ ઉપર ગણોતે રાખીછે. તેની વિગત—ડિસ્ટ્રિક્ટ જીલ્લે ખેડા સબડિસ્ટ્રિક્ટ તાલુકે માતરનું ગામ મોજે મહુધાની સીમમાં સર્વે નંબર ૪૪, એકર ૧૦ –૪ ગુંઠાનું, ખેતર કીત્તે વડવાળું, આકાર રૂ. ૩૦–૮–૦ ત્રીસ આઠ આના, જે સરકાર દફતરે બારોટ જેસીંગ હરિભાઇને નામે ચાલે છે. છે ખેતરની પૂર્વે પંડયા જેશંકર નાથજીનું ખેતર છે, પશ્ચિમે પટેલ રામજી દેવકરણનું ખેતર છે, ઉત્તર નાળિયું છે, અને દક્ષિણે પટેલ માનસિંગ દેવજીનું ખેતર છે. એ ચતુર સીમા વચ્ચેની જમીન એક સાલીદાણે ખેડવા રાખી છે. તેના ગણોતના વરસ એકના રૂ ૯૯) અંકે નવ્વાણું સરકાર ચલણી પોળિયાં ઠરાવ્યાં છે તે સં. ૧૯૫૦ ની સાલમાં સરકારના પહેલા હફતે અગર ફાગણ સુદ ૨ ને રોજ વસુલ આપીએ. ન આપીએ તો દર માસે દરસેંકડે તેરીખ ટકા પોણા લેખે દીવાળી બાકી અધિકમાસના બ્યાજ સાથે ગણીને દાણના રૂપીઆ આપીએ સરકાર ધારાના રૂ ૩૦–૮–૦ સાડી ત્રીસ તમારે ભરવા. તેની નોટીસ થવા દેવી નહિ અને નોટીસ થયે જે દંડ અથવા ફી આપવી પડે તેની સાથે અમારે કાંઇ લાગે વળગે નહિ. એ જમીનના બાણુ શેડાની સંભાળ અમો રાખીએ. નવાં કરવાં પડે તો અમારા ખરચે કરાવીએ, અને તે ખરચ તમારી પાસે મજરે માગીએ નહિ. કદાચ તમે કરાવો તો અમે તેનો ખરચ મજરે આપીએ. એ બાણુ શેડા ધારા મુજબ ન રાખવાથી સરકાર કંઇ દંડ અથવા ફી લે

તે અમો ગણોતે રાખનાર આપીએ. એ જમીનની અંદર હાલ જે ઝાડ છે તેની નીચે ઉપજ અમો લઇએ, અને હવે પછી નવાં ઉછેરીએ તેના માલિક તમો છો. અમે તે બરાબર સાચવી રાખીએ. તમારી રજા શિવાય કોઇ ઝાડ કાપીએ નહિ, તથા બીજાને કાપવા દઇએ નહિ. અમારી ગફ્લતથી તેમાં નુકશાન લાગે તો અમો તેના જવાબદાર છીએ. આંબા વગેરેના ફળાઉ* ઝાડો હોય તેની ઉપજ સરખે હિસ્સે વહેંચી લઇએ. કોઇ ઝાડ પડે આખડે તો તમારે સ્વાધીન કરીએ. એ જમીનમાં પાકે, ન પાકે, ખેડીએ, નહિં ખેડીએ, તો પણ દાણના રૂપિયા ઉપર લખેલા વાયદે બીન તકરારે અમારે ચોખ્ખા ભરવા સહી. ફસલ પુરી થયે માલ ઉડાવી લઇએ જમીન ખેડાણ વાવેતર કરવા લાયક એટલે ચારે ખુણે ચોખ્ખી કચરા તથા ઘી વગરની સાફ રાખીએ. તેમ ન રાખવાથી તમોને નુકસાન થાય તો તે ભરી આપીએ. ફસલ પૂરી થયે અમારા કબજામાંથી એ જમીન લઇને બીજાને સોપવા તમે મુખત્યાર છો. એ જમીન ખેડવાને અમારો ઇરાદો નહિ હશે તો સં. ૧૯૫૦ ના વૈશાખ સુદ ૨ અવલ તમોને × માધુરી લખી આપીએ. અને ફરાઠાં વગેરે કચરો ખોદી સાફ ચોખ્ખી કરીને એ જમીન તમારે કબજે શોંપીએ. કબજા

* નવા ઝાડ ઉછેર્યો તે બદલ આપવાનું હોય તો લખવું કે અમુક રકમ લઇને ઉછેરેલાં નવાં ઝાડ ઉપરથી લઇ હાથ ઉઠાવીએ.

+ કોઇ એમ લખે છે કે વાવેતર કર્યું હોય તે ઉડાવી લઇને આ ખેતર ખેડખાતરની તકરાર ન કરતા તમારે કબજે સોંપી આપીએ. આવતી સાલ તમારી ધ્યાનમાં આવે તેને સાંથ આપો. ૧. અત્રુ કરી આપનારની નિશાની કરાવવી,

માટે કોઈપણ પ્રકારનો દાવો રાખીએ નહિ. એ જમીન ફરીને અમારે ખેડવી હશે તો તમોને ગણોત લખી આપ્યા શિવાય ખેડીશું નહિ. તેમ છતાં ખેડીએ તો તમો કહો તે દાણ આપીને તમા મન મનાવીએ. સાંથના રૂપિયા પુરા થતા સુધી એ જમીનની નિપજમાંથી અમે અમારા બીજા લહેણદારોને કંઇપણ આપીએ નહિ. તમારી દાણ ભરવામાં કસુર થાય ને ફરિયાદી કરવી પડે તો ખરચ સહી દાણના રૂપિઆ અમો અમારા જાતથી, તથા અમારી માલમિલકતમાંથી તથા અમારા વાલી વારસોથા ભરી આપીએ. દેશ ...હેરા આપીએ; તમે પુરા કરી લ્યો. આ ગણોત અમે અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોશિયારીથી તથા બાન કેફ તનદુરસ્તીથી લખી આપ્યું છે તે અમારે તથા અમારા વાલી વારસોને કબૂલ છે.

અત્ર	મતુ	અત્ર	સાખ
૧ + બારીઆ હીરા નાથા મતુ		૧ શાહ છોટાલાલ મૂળજી શાખ	
ઉપર લખ્યું તે સહી, ૧ દા.		૧. મુખી જેઠા કરસન સાખ.	
શાહ છોટાલલ મૂળજી.		૧. જાની લલ્લુ હીરજી સાખ.	
મતાદારના કહેવાથી મતુ.			
કરી આપ્યું છે.			

ફારગતી.

જે દસ્તાવેજ ઉપરથી કોઇ માણસ બીજા માણસ. ઉપરના અથવા કોઇ પણ નિર્દિષ્ટ કરેલી માલ મિલ્કત ઉપરના દાવા છોડી દે છે તેને ફારગતી કહેછે. તેમાં નીચેના લેખનો સમાસ થાયછે.

अ વહેંચણનો લેખ. ब વડીલોપાર્જિત મિલ્કત ઉપરથી હાથ ઉઠાવ્યા બાબતનો લેખ. क લેવડ દેવડનો હિસાબ પતે ખાતું સર-

ભર થયાની પાવતી. ✱ પંત્યાળો વેપાર બંધ કરીને પંત્યાળા છૂટા પડવાનો લેખ. ✱ સ્ત્રીને છેડો ફાડી આપ્યા બાબતનો લેખ (તલ્લાકનામું).

વહેંચાણ પત્ર.

જે દસ્તાવેજ ઉપરથી મજીઆરો માલીક કોઇપણ મિલ્કતના જુદા જુદા ભાગ પાડેછે અથવા ભાગ પાડવાનું કબૂલ કરેછે તે લેખને વહેંચણપત્ર કહે છે. તેમાં દરેક ભાન્ડુ ને ભાગે આવેલી મિલ્કત તથા બીજા હકોની ફોડ લખાય છે જેમકે—

મિતિ (   ) ના દિને આપણે ફલાણા તથા ફલાણા (જેટલા ભાન્ડું હિસ્સેદાર તરીકે હોય તેમના નામ જાત ઉમ્મર, ધંધો અને ગામ લખવાં.) જન આપણા વડીલોની તથા આપણી જાતની મેળવેલી મિલ્કત આજ સુધી સર્વે ભાઇઓના એકત્રપણામાં ચાલતી આવી હતી, તેની વહેંચણ આજની મિતિએ આપણે સર્વ જણે મળીને કરી છે તેની વિગત—

૧. આપણા મોટાભાઇ અમુકને ભાગે અમુક અમુક મિલ્કત આવી છે. (મિલ્કતની સંપૂર્ણ લખવી.)

૨. આપણા ફલાણા ભાઇને ભાગે અમુક અમુક મિલ્કત આવી છે, એજ પ્રમાણે તમામ હિસ્સેદારને માટે લખવું—એ પ્રમાણે આપણા બાપદાદાની તથા આપણી જાતની સંપાદન કરેલી સ્થાવર જંગમ મિલ્કત, રોકડ તથા લહેણું મળી સુમારે રૂા. આટલાની મિલ્કત આપણે સાથે રહીને વહેંચી લીધીછે તે સર્વને કબુલ છે. દરેક હિસ્સેદારને ફાળે આવેલી મિલ્કત ઉપર એક બીજાનો કશી તરેહનો દરદાવો નથી. જે તે મિલ્કત ઉપર સરકારી કર વગેરે બાબત જે લાગત હોય તે, અથવા હવે પછી થાય તે, તેના મા-

લીકે ભોગવવી. ઉપર લખી મિલ્કત ઉપરાંત ભૂલચૂકથી રહેલી મિલકત માલુમ પડે તો આપણે અગર આપણા વારસોએ સરખે હિસ્સે વહેંચી લેવી. આપણા વડીલ આપણા માટે કંઇ કરજ મુકી ગયા નથી, તો પણ જો કોઇનું વ્યાજબી કરજ નીકળે તો તે આપણે બધાએ મળીને સરખે ભાગે આપવું એ રીતે આપણે બધાએ ચાલવું અને જે ન ચાલે તેના ઉપર કાયદેસર ઇલાજ લેવો પડે તો જે ભાઇની કસુરથી ફરિયાદ કરવી પડી તે ભાઇ તેનો તમામ ખરચ ભરી આપે. ઇ. લખીને લખવું કે આ વહેંચણીનો દસ્તાવેજ આપણે સર્વે ભાઇઓએ રાજી ખુશીથી વગેરે લખીને દરેક ભાઇ-ઓનું મતુ કરાવી સાક્ષીઓ કરાવવી.

હાથ ઉઠાવ્યાની ફારગતી.

મીતિ અને ઉભય પક્ષકારના નામ ઠામ વગેરે લખવાં. જત તમો તથા અમો અમુક સગા છીએ તેથી વડીલોપાર્જિત અમુક અમુક સ્થાવર જંગમ મિલ્કતમાં તથા લહેણુ દેણુમાં (વિગ-તવાર ફોડ લખવવી) તમારો તથા અમારો નીમો નીમ કે અમુક પ્રમાણમાં હિસ્સો છે પણ તે હિસ્સો લેવાને અમારી ઇચ્છા નહિ હોવાથી અથવા તેને પેટે અમુક રકમ ઉચક લઇને એ તમામ મિલ્કત ઉપરથી અમારો હાથ ઉઠાવીએ છીએ. આજથી એ મિલ્કત સં-બંધે તમારે અમારે અભરામ કુલ દાવા છે. હવેથી એ બાબતમાં અમારા વાલી વારસો જો હક હિસ્સા કરે તો તે આ ફારગતીથી રદ છે. આ ફારગતી અમે અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોંશિયારીથી ઇ. લખીને મતુ સાક્ષી કરાવવાં.

ખાતુ સરભર થયાની ફારગતી (પાવતી)

પાવતીની વ્યાખ્યાના સંબંધમાં સ્ટામ્પ આક્ટમાં લખે છે કે– " લેખ, ટાંચણ, યાદી કે જાહેર ખબર ઉપરથી કોઇ નાણું, અથવા હુંડી પત્રા પોહોચ્યાનું કબૂલ કર્યું હોય. અથવા જે ઉપરથી કરજ અદા કરવામાં કોઇપણ બીજો જંગમ માલ પહોંચ્યાનું કબુલ કર્યું હોય; અથવા કોઇ કરજ, અથવા માગણું અથવા તેનો ભાગ પતાવ્યો હોય એવું કબૂલ કર્યું હોય; અથવા પહોચ્યાનું દર્શાવવામાં આવતું હોય; અથવા પહોચ્યાનો અર્થ થતો હોય તે લેખને પહોંચ કહે. પછી તેની ઉપર કોઇ માણસે પોતાના નામની સહી કરી હોય" તો પણ તે પહોંચ ગણાય છે.

મીતિ—ફારગતી લેનારનું નામ ગામ વગેરે. જોગ. લી. ફારગતી આપનારનું નામ ઠામ વગેરે જત અમારી સાથે તમારો અગર અમુકનો અમુક સાલથી ખાતા વ્યવહાર ચાલતો હતો તેમાં કેટલીક આપ લે થઇ, તેનો આજરોજે હિસાબ કરતાં ખાતે બાકી અથવા ખાતાની રૂઇએ અથવા અમુક દસ્તાવેજને આધારે અમારૂં લેહેણું રૂ) અંકે આટલું નીકળ્યું તે તો રૂ) અંકે આટલા હિસાબ ચુકતે તમોએ અથવા અમુકે આપીને અમારૂ મન મનાવ્યું છે તેની આ ફારગતી લખી આપી છે. હવેથી તમારી સાથે કોઈ પણ પ્રકારનું લેણુદેણુ નથી અને રામ કુલ ન દાવા છે. અમારી તરફથી અમારા વાલી વારસ કે કોઇ હિસ્સેદાર તમારી પાસે કોઇ પણ પ્રકારનું લહેણું કાઢે તો આ ફારગતીથી રદ છે. આ ફારગતી ઉપર અમારી ઇત્યાદી લખીને મતુ સાક્ષી કરાવવાં.

પંત્યાળા છુટા પાડવાનો લેખ.

મીતિ અને દસ્તાવેજ લખાવી લેનાર ભાગદારનું નામ ઠામ. પછી છુટા પડી દસ્તાવેજ લખી આપનાર ભાગદારનું નામ, ઠામ વગેરે લખીને લખવું કે, તમારો અમારો પંત્યાળો વેપાર હતો, તેનો હિસાબ મીતિ અમુક સુધીનું નામું ઠામું જોઇને કરતાં દરેકને ભાગે આ પ્રમાણે લહેણુંદેણું તથા રોકડી રકમ આવેલી છે. (વિગત લખવી) એણી વિગતે અમારે હિસ્સે અમુક આનાના ભાગ પ્રમાણે રોકડ ન[illegible] લહેણુદાર તથા માલ આવ્યો તે અમોએ તપાસી લઇને અમ[illegible] લીધો છે. તમારે હિસ્સે આવેલા રોકડ નફા ઉપર તથા લહેણુદેણુ ઉપર તથા માલ ઉપર અમારો તથા અમારી વાલી વારસોનો દર દાવો નહિ. લહેણું વસુલ કરવાને તમો કાંઇ પણ કોરટમાં ફરિયાદ કરો તેમાં અમારી કબુલત જોઇએ તો અમો આપીએ, અને અમારે તમારી કબુલતનો ખપ પડે તો તમો અમને કબુલત આપો સહી. હવે તમારે તથા અમારે પંત્યાળા વેપાર સંબંધે કાંઇ પણ લહેણદેણુ રહેલું નથી, કદાચ અમારા વાલી વારસો એ વેપાર સંબંધે કોઇ જાતનું લહેણુદેણુ કાઢે તો તે આ લેખથી રદ છે. આ ફારગતી અમે અમારી રાજીખુશીથી ઇત્યાદિ લખી મતુ સાક્ષી કરાવવાં.

છેડાછુટકાની ફારગતી (તલાકનામું.) +

+ મેજીસ્ટ્રેટ [illegible] રૂબરૂ પણ તલાકનામું થઇ શકે છે જો તેમ હોય તો સ્ત્રી પુરૂષના કરાર એજ લેખમાં થાય છે. પ્રથમ પુરૂષ કને લખાવે છે. અને બાકી રહેલી લીટીથી સ્ત્રી પાસે લખાવી લઇને બન્નેનું મતું કરાવે છે.

કરી, પછી તલાકનામું લખી આપનાર ધણીનું નામ અને ગામ વગેરે લખીને લખવું કે—જત તમો અમારાં પરણેત કે નાતરાનાં ધણીઆણી થાઓછો, પરંતુ આપણી વચ્ચે લાંબી મુદતથી અણુબનાવ ચાલુ રહેવાને લીધે સંસાર વ્યવહાર સારી રીતે ચાલતો નથી. માટે આપણે માંહો માંહે સમજુત કરી આજથી આપણી વચ્ચેનો લગ્ન સબંધ તોડ્યો છે, હવે તમે બીજો ધણી કરો અગર ન કરો, તેમાં અ[illegible] અમારા [illegible] હરકતો નહિ. આપણાં લગન વખ[illegible] તમોને પ[illegible] જે જણશો વગેરે ચઢાવેલું તે સર્વે પાછું લીધું છે. હવે પછી આપણે ધણીધણીઆણીનો સબંધ બીલકુલ રાખ્યો નથી. અભરામ કુલ ન દાવા હોવાથી અમારો હાથ ઉઠાવીને આ છેડા છુટકાની ફારગતી લખી આપી છે તે અમારે કબુલ મંજુર છે. ઇત્યાદી લખી મતુ સાક્ષી કરાવવાં

* દાનપત્ર—(ધર્મપત્રીકા)

મીતિ, દાન લેનારનું નામ, ઠામ, વગેરે; પછી દાન આપનારનું નામ [illegible] વગેરે લખી લખવું કે—જત તમોને અમારી મિલ્કત અમુ[illegible] આપી છે. એ મિલ્કતની વિગત—જીલ્લો તાલુકો વગેર ગામ વેચાણ ખતની માફક હકીકત લખવી. એણી વિગતે મિલ્કત અમુક તમોને ચંદ્રાકાળ સુધી દાન કરી છે અગર તુળસી પત્રે શ્રીકૃષ્ણાર્પણ આપી છે. અને તેનો અસલ લેખ મીતિ અમુકનો

---

* કચ્છમાં એને તુલસીપત્રે આપવાનું લખત કહે છે. આ ફારગતી, અને દતકનામું વગેરે લેખમાં મીતિ દસ્તાવેજને છેડે નાખે છે અને આરંભમાં શ્રી. અમુક ગામના રહેનાર ફલાણા પછી તમામ ઇબારત લખાય છે.

તમારે સ્વાધીન કરી એ મિલકત તમારા કબજામાં સોંપી છે. માટે તમો તથા તમારા વાલી વારસો મન ચહાય તેવો ભોગવટો કરો. એ મિલકત ઉપર હવે અમારો તથા અમારા વાલીવારસોને દરદાવો પહોંચે નહિ. તેમ છતાં કોઈ હેલો હરકત કરે તો તે આ લેખથી રદ છે. એ મિલકત તદન સર્વ પ્રકારે બાન જોખમી તમને ધર્માદા આપી છે. આ ધર્મપત્રિકા અમે અમારી અક્કલ હોંશિયારી થ. લ-ખીને મતુ સાક્ષી કરાવર્યાં.

બક્ષીસપત્ર.

આ લેખ બક્ષીસ આપનાર લખી આપે છે. તેમાં બક્ષીસ આપવાનું કારણ અને આપેલી મિલકતનું પૂરેપૂરૂં વર્ણન લખીને લખાય છે કે એણી વિગત તેની મિલકત તમોને વંશપરંપરા બક્ષીસ આપી છે. અને તેનો અસલ લેખ અમુક મતિનો તમારે સ્વાધીન કરી એ મિલકત તમારા કબજા ભોગવટામાં સોંપી છે. એ મિલકત ઉપર સરકારી લાગત નીચે પ્રમાણે છે, એ પ્રમાણે જે લાગતો છે તે તથા હવે પછી જે થાય તે, તમારે ભરવી. અમે આજ સુધી એ મિલકતના જેવા માલીક હતા તેવા માલીક તમો થયા છો. માટે તમો તથા તમારા વાલી વારસો તમારી મરજીમાં આવે તેમ તેનો ભોગવટો કરો. એ મિલકત અમે બીજા કોઈને ગીરો વેચાણ વગેરે હકથી આપેલી નથી. કદાચ કોઈ હકદાર પેદા થઈને તમને હેલો હરકત કરે તો તે આ બક્ષીસપત્રથી રદ છે. સદરહુ મિલકત બીન જોખમી નકરી તમને બક્ષીસ આપી છે. આ બક્ષીસપત્ર અમે અમારી રાજી ખુ. લખી મતુ સાક્ષી કરાવવાં.

વારસનામું. (દત્તકપત્ર)

વિધવા સ્ત્રીને તેના ધણીએ વારસ કે દત્તક લેવાનો કરાર લખી આપ્યો હોય તોજ તે લેવાય જે છોકરાને દત્તક લેવો હોયતો તેના બાપને એકનો એક છોકરો ન હોવો જોઇએ. એક કરતાં વધારે છોકરા હોય તો ઘણું કરીને મોટા કે છેક નાનાને દત્તક લઇ શકાય છે. એ લેખમાં વારસ થનારની સાથે કેવા પ્રકારનું સગપણ છે, તે તથા તેના બાપદાદાનું નામ, જાત વગેરે જણાવવું. વીલમાં તમામ મિલ્કતની વ્યવસ્થા પોતાની મિલ્કત કેટલી છે તેની સ્પષ્ટતા જણાવવામાં આવે છે અને વારસનાંમાંમાં, તે બધી વાત મોંઘમ લખાય છે.

મીતિ ( ) અમુક ગામના રહેનાર અમુક ઉમ્મર વરસ, બાપ પિતા અમુક, નાતે અમુક ધંધો અમુક; જોગ લી: અમુકગામ વાસી અમુક નાત ધંધો વગેરે જત હું મારી રજાબંદીથી કબુલ કરૂંછું કે મારે પેટે કંઇ સંતાન નથી. અને તમે અમારા અમુક સંબંધી છો, તેથી તમારા માબાપની મરજીથી તમોને અમારા વારસ કર્યાં છે, કે દત્તક લીધા છે. અમારૂં ઘર અમુક ઠેકાણે છે જે મધ્યે અમે રહીએ છીએ તે, તથા અમારૂં ઘરાણું ગાંઠું, તથા લુગડાંલત્તાં તથા ઠામડીકરાં. તથા રાચરચીલું, તથા પેટી પટારા, તથા લોઢું લાકડું, તથા લહેણુદેણુ, તથા ચિઠી * પત્રી. તથા જેટલી સ્થાવર

* કચ્છમાં એ શિવાય આટલું વધારે લખાય છે—વાડી વજીફાખેતર પાધર, ઘરવાડા, ગાડીઘોડા, ઢોરઢાંખર, સામન સરંજામ, રોકડ શિલક, × + તેનો માલીક અમારો દત્તકપુત્ર છે, તે જીવતાં અમારૂં ઘડપણુ પાળે ને સો વર્ષ પુરાં થયે અમારી ઉત્તરક્રિયા કરી સ્વર્ગે લોક પહોંચાડે.

જંગમ મિલ્કત અમારી પોતાની તથા અમારા બાપદાદાની (બાઇ લખનાર હોય તો ધણીની તથા સસરાની) હોય તે બધી આજથી તમોને સોંપીને અમારા વારસ કર્યા છે. માટે હવેથી અમારી તમામ મિલ્કત ઉપર તમારા શિવાય બીજા કોઇનો દરદાવો નહિ. તમારે અમોને જીવતા સુધી પાળવા, અને અમારે દેહાંત થયેથી અમારી ઉત્તર ક્રિયા વગેરે કરીને અમને દેવલોક પહોંચાડવાં. આ વારસ નામું અમોએ અમારી રાજી રજાવંદીથી તથા અક્કલ હોંશિયારીથી તથા બીનકેફ તનદુરસ્તીથી લખી આપ્યું છે. તે પોતાના ધર્મથી પાળીએ. પછી મતુ સાક્ષી કરાવવાં.

વીલ.

આ દેહ ક્ષણભંગુર છે. ઘડી પછી શું થશે તેની ખબર આપણને નથી. માટે સમજુ પુરૂષો પોતાની હયાતી પછી સંચય કરેલી માલ મિલ્કતનું એકંદર તારણ તારણુ કરી પોતાની હયાતી પછી તેનો ભોગવટો કોણ, કેવી રીતે કરવો તેની લેખી વ્યવસ્થા અગાઉથી કરી રાખે છે. અને એવી રીતે કરેલા લેખને- **વીલ મૃત્યુપત્ર, વ્યવસ્થાપત્ર કે વસિયાતનામું** કહે છે. નિર્વંશ માણુસોજ પોતાની મિલ્કતનું વીલ કરે એમ નહિ પણ માણસ પનોતો હોય અને પરિવાર બાલ્યાવસ્થામાં કે અજ્ઞાન હોય તો, નિ- વંશ હોય તો, અથવા પોતાનો પરિવાર હોય તેમને કોઇ રીતનો વિરોધ થવાની ધારતી હોયતો વીલ કરવામાં આવે છે. વીલ એક કરતાં વધુ માણુસના નામનું થઇ શકતું નથી.

કાયદામાં ઠરાવેલી પુખ્ત ઉમ્મરે પહોંચેલો દરેક સખ્સ વીલ કરી શકે છે. અને તે મરજીમાં આવે ત્યારે રદ પણ કરી શકે છે.

એક કરતાં વધારે માણસના નામનું વીલ થઇ શકતું નથી. સાદા કાગળ ઉપર શાહી કે પેન્સિલથી કરેલું વસિયતનામું ચાલી શકે છે. માત્ર તે કરનારે એના ઉપર પોતાની સહી કે નિશાન કરેલું હોવું જોઇએ, અથવા તેના ફરમાશથી બીજા કોઈ ગૃહસ્થે તેની હાજરીમાં સહી કરવી જોઇએ. જેની રૂબરૂમાં આ લેખ બ યો હોય એવા એટલે નજરે જોનાર બે સાક્ષીદારોની સાખ તેમાં અવશ્યે થવીજ જોઇએ. સાખ કરનારા સખ્સને તેને પોતાને, તેની બાઇડીને, અથવા મરનારને વસિયતનામાથી કંઇ લાભ થતો હોય તો તેટલા માટે તે વસિયતનામું ખોટું થઈ જતું નથી, પણ જેને તે લાભ મળવાનો છે તેને તે મળી શકતો નથી. માટે એ લેખની સલામતીને કંઇ જોખમ થવાનો ભય હોય તો તે રજીષ્ટર કરાવવું. રજીષ્ટર ન કરાવે તો તેમાં ગુન્હો નથી.

વીલ લખવાનો ઉપક્રમ ૧ વીલ કરનારનું નામ, જાત ઉમ્મર અને ગામ. ૨ વીલનું કારણ. ૩ મિલ્કત ઉપર બીજાનો હક છે કે નહિ. મિલ્કતનું વર્ણન પૂરેપુરૂં. ૪ ભાગવટો કરનારનું સગપણ અથવા સંબંધ અને તેણે તે કેવી રીતે કરવો. ૫ દેહાંત થયા પછી ક્રિયાખરચ, પોતાના કુટુંબ સંબંધી ખરચ. [illegible]દાનની રકમ, અને વારસ થનાર સિવાય બીજા કોઇને કંઇ મિલ્કત આપવા ધારી હોય તો તેની વિગત લખવી. ૬ મીતિ, સહી કરવા અને સાક્ષી કરાવવી.

વીલ (વસીયાતનામુ.)

હું ફલાણા ફલાણા, નાતે અમુક છું, મારી ઉમ્મર વરસની છે, હું તાલુકે અમુકનું ગામ મોજે અમુક ઠેકાણે રહું છું. ધંધો અમુક છે. જાતે હું આ લેખથી વીલનો રતાવેજ કરૂં છું. કારણ કે મારી વૃદ્ધા-

વરસ્યા થઇ છે. અને મરવું જીવવું એનો શ્રીહરિને હાથ છે. પરંતુ માણસની દેહ ક્ષણભંગુર હોવાથી તેનો ભરોંસો નથી, તેમ મારી તબિયત સારી રહેતી નથી, માટે મારી હયાતી પછી મારી માલ

ત બાબત ટંટો ફીસાદ ન થવા માટે આ વીલપત્ર કરું છું અને તે પ્રમાણે વહિવટ કરવાને હું માલિક મુખત્યાર છું.

મારે પેટે કોઇ ફરજંદ નથી. મારા પિત્રાઇઓ છે તેઓની સાથે ઘણી લાંબી મુદત થયા માલ મિલકતની વહેંચણ થઇ વિભાગ પાડેલા છે. વળી મારા અમુક અમુક સગા છે તેમને મારે કંઇક આપવું જોઇએ, પણ એ લોકોએ મારી જરાએ સંભાળ લીધી નથી, તથા તેઓ પાસે બે પૈસાની આસ્થા છે; તેથી તેઓનો મારી મિલકત ઉપર હક નથી. કદાચ તેઓ દરદાવો કરે તો આ વીલથી જુઠ થાય સહી.

મારી સ્થાવર જંગમ મિલકત છે તેની વિગત.

અ રોકડ રકમ. (પેટામાં ફોડ લખવી.)

બ દાગીના („)

ક સ્થાવર જમીન–ઘર અને બીજાં મકાન જીલ્લે અમુક તાલુકે અમુકનું ગામ મોજે અમુકની અંદર અમુક સ્થળે લંબાઇ પહોળાઇ, ઇમલા અને ચતુરસીમા.

ડ સ્થાવર જમીન–ખેતરાદિવિગત ઉપર પ્રમાણે-સર્વે-નંબરઅમુકવાળાં

ઇ એ સિવાય બીજી પેદાશ અમુક બાબતની અમુક રકમની આવે છે તે માસિક કે વાર્ષિક.

ફ લહેણી રકમ—(સરવાયા કે બીજા હિસાબ મુજબ.)

ગ દેવી રકમ—(„

ઉપર પ્રમાણે મારી સ્થાવર તથા જંગમ મિલ્કત છે. તથા ખાતાની રૂઇથી જે લહેણુદેણુ છે તે મિલ્કતનો જીવતાં સુધી હું માલીક છું. અને મારા ગુજરી ગયા પછી એ મિલ્કતની માલીક મારી સ્ત્રી નામે ફલાણી છે તે છે. અગર મારા અમુક સગાનો દીકરો નામે ફલાણો રહેવાસી તાલુકે, અમુકનું ગામ મોજે અમુકનો જે છે તે છે. એ માણસ એ મારી સાથે રહીને અમારી ચાકરી સારી રીતે કરે છે, તથા હવે પછી પણ કરશે એવો અમને સંપૂર્ણ ભરોસો છે માટે અમારા ગુજર્યા બાદ ચાદરહુ (નામ લખવું) એ અમારી સ્થાવર જંગમ મિલ્કતો પોતાના કબજામાં લઇ માલકીપણાના હકથી પોતાની મરજી મુજબ વહીવટ કરે, તેમાં તેને કોઇ થકી હરકત થાય નહિ. મારો દેહ પડે મને અવલ મજલ પહોચાડી ઉત્તરક્રિયા ખરચ નીચે મુજબ કરવો. (વિગત લખવી.)

મારી ધણીઆણી નામે અમુક હાલ હયાત છે તેઓ જીવે ત્યાં સુધી તેમની એણે પુત્રવત બરદાસ લેવી. અને તેઓ ગુજરી જાય ત્યારે તેમને અવલ મજલ પહોચાડી ઉત્તર ક્રિયા ખરચ નીચે મુજબ કરવો. (વિગત લખવી.)

શિવાય ન્યાત રિવાજ પ્રમાણે નીચેની વિગતે બન્ને જણ પાછળ કારજમાં, અને માસિક, છમાસિક, વરસી ખરચ, તથા ઋતુવાર ફળફળાદિના લહાણુનો ખરચ કરવો, અને દર વર્ષે શ્રાદ્ધ સંવત્સરી પણ કરવી.

અમો દરેકના દેહાંત પાછળ નીચે પ્રમાણે દાન કરવું ૧ ધર્માદા, ૨ દેવસ્થાનમાં ભેટ. ૩ ખોડાં ઢોર, એટલે પાંજરાપોળને

ઘાસ દાણો, ૪ કબુતરને જુવાર, ૫ ગરીબોને અન્નવસ્ત્રઆદિ દાન, ૬ બ્રાહ્મણોને ભોજન અને દક્ષિણા, ૭ વિદ્યાર્થીઓને ઉત્તેજન. ૮ સદાવ્રતમાં રકમ, ૯ નિરાશ્રિતફંડમાં મદદ, ૧૦ નવાણુ કે ધર્મશાળા સબંધી ખરચ, અને ૧૧ બહેન ભાણેજ તથા બીજા કોઇને આપવાની રકમ.

આ મારૂં છેલું વીલ છે, મેં એની પહેલાં એક વીલ કરેલું નથી. તેમ છતાં તે કરેલાં હોય તો આ વીલથી રદ કરૂં છું. આ વીલ મેં મારી રાજી ખુશીથી તથા અક્કલ હોંશિયારીથી તથા બીન કેફ તનદુરસ્તીથી કર્યું છે. કે અમારે તથા અમારા વાલીવારસોને તથા અમારા વકીલ મુખત્યારોને કબુલ મંજુર છે.

વીલ કરનારની સહી (સાક્ષી.)

૨ (વહેંચણ પત્રરૂપે.)

લી. ફલાણા જાતે અમુક ઉમ્મર વરસ આટલાની ધંધો અમુક-રહેવાસી ગામ અમુકનો જત અમારે આટલા દીકરા નામે ફલાણા ફલાણા છે તથા દીકરી નામે ફલાણી છે અને અમારી સ્ત્રી નામે અમુક હયાત છે કે મરી ગઇ છે. તેઓ બધાંની વચ્ચે તકરાર થવા પામે નહિ તે સારૂ હું પોતાની મિલ્કતનું છેલું વીલ આ પ્રમાણે કરૂં છું. ૧ મારી કુલ માલ મિલ્કત છે તેની વિગત નીચે પ્રમાણે. (જે હોય તે લખવી—)

૧ ચિરંજીવ અમુકને નીચે મુજબ આપવું.

૨ ચિરંજીવ અમુકને નીચે મુજબ આપવું.

વિગત લખવી એ પ્રમાણે તમામ છોકરા છોકરીની વિગત લખવી. પ્રથમના દીકરા અમુક અમુકનાં વટવહેવાર તથા લગ્ન

ખરચ કાઢેલાં છે. અને અમુકનાં કાઢેલાં નથી માટે બીજાઓ કરતાં તેમને આટલી રકમ વધારે આપવાની ઠરાવું છું, એ રીતે મારી મિલ્કતની વ્યવસ્થા કરવી. ઉપર લખી માલ મિલ્કત શિવાય જો કોઇ માલ મિલ્કત મારી ચુકથી રહી ગયેલી જણાય તો મારા દીકરાઓએ સરખે ભાગે વહેંચી લેવી. મારા મરણ પછી મારો દિવસ પાણી મારી આબરૂ પ્રમાણે સૌ છોકરાએ મળી કરવો. અને પેઢી ઉતાર ચાલુ આવેલો ખરચ હું જે પ્રમાણે કરતો હતો તે પ્રમાણે મારા દીકરાઓએ એકેક વરસ કરવો. આ વીલ મેં મારી રાજીખુશીથી તથા અક્કલ હોંશિયારીથી લખી આપ્યું છે. તે અમારે કબુલ છે. મીતિ—

૧ (વીલ કરનારનું મતુ.) ૧ (સાક્ષી.) ૧

વિમા વિષે.

સલામતીના અવેજમાં કોઇ માણસ વગર પીરેલી અથવા અદૃષ્ટાધિન વાતથી તોટો આવે, અથવા નુકશાન લાગે, અથવા કંઇ પેચ આવે, તેનું જોખમ બીજાને માથેથી ઉતારવાનું જે કોઇ દસ્તાવેજ ઉપરથી કબુલ કરે છે તેને વિમાનો લેખ કહે છે.

ત્રણ પ્રકારના વિમા પ્રસિદ્ધ છે. માલનો, ઇમારતનો અને જીંદગીનો.

વહાણ તથા આગબોટ મારફતે જનારા માલને દરિયાઇ તોફાનથી, આગગાડીના રસ્તે જનારા રૂ. જેવા માલને આગથી અને પોષ્ટમાં રવાના થનારી કીમતી ચીજો ગેરવલ્લે પડવાથી નુકશાન લાગવાનો સંભવ હોવાથી નુકસાની ભોગવવી પડે નહિ, માટે વિમો ઉતરાવવામાં આવે છે,

જળ માર્ગનો વિમો ઉતારવાનું કામ જો એકજ વ્યક્તિને માથે હોય તો લખનારમાં તેનું નામ લખાય છે પરંતુ એક કરતાં વધારે ભાગદાર હોય તો લખનારમાં વિમવાળા મહાજન સમસ્ત. એમ લખાય છે, અને સહી કરતી વખતે દરેક વ્યક્તિ પોત પોતાનો હિસ્સો જણાવી વિમાના જોખમથી કબુલત આપે છે.

માલના વિમાનો લેખ.

સં. ૧૯૫૦ ના જેઠ વદ ૯ ને વાર બુધે અંગ્રેજી સન ૧૮૯૪ ના દિને જીલ્લે ભરૂચ તાલુકે ભરૂચ કસ્બે ભરૂચ બંદરના રહેનારનાં દેસાઇ શંભુલાલ દામોદર—જોગ લી. એક બંદરવાસી વિમાવાળા ૧. વેપારી ચુનીલાલ સાકરલાલ જત વિમો. રૂ. ૧૦૦૦ (અંકે એક હજારનો શ્રીભરૂચ બંદરેથી ચાલતો શ્રીમુંબાઇ બંદર સુધીનો બતેલો નામે લાભ સવાઇ તંડેલ લાલા મંગળ ધણી સ્યામજી દામજી વાળા મધ્યે ઘઉંની ગુણુ નંગ ૧૦૦) સો ઉપર કર્યો છે તે શ્રી ભરૂચ બંદરના ફુરજેથી આ ખતમાં મજુ કર્યા પછી નાગર (લોચારી) ઉપડે જોખમ કબુલ છે. તે શ્રી મુંબાઇ બંદરે નાગર મૂકે જોખમ ઉતરે. એ વહાણુ મધ્યે માલ ભીજે; ખારવા ચોરી કરે. કરાણી ખાઇ જાય, દીવાન દખલ થાય, તથા વવાઇ ખરચ બેસે એ સર્વે માલ ધણીના શીર છે. વિમાવાળા વેપારીને શીર સબંધ નહિ. વરાડ વામણી સેંકડે ટકા દસ લેખે પડે ત્યાં સુધી માલધણીને શીર છે. તેની વરાડ વધારે પડે તો રૂ, ૧૦૦ (સો કાપીને બાકીના રહ્યા તે શ્રી મુંબાઈ બંદરના વેપારીની મેઝર ૨ આના

---

૧ કચ્છમાં તેને જોખમી કહે છે. અને માલ ચઢવાના બંદરને પુરત અમુક બંદરેના અમુક ખાડેથી લખે છે.

પછી મુદ્દત પાસ થેની કબારજાએ સત એક ટકા ૯૧ લેખે. મુદ્દત પાસ થેની સલામતી દર રૂ. ૩) લેખે દલાલ પ્રાણજીવનદાસ બલ્લુભાઇ મારફત.

ઘી. ચુનીલાલ સાકરલાલ જત જત ત્રિમો રૂ. ૧૦૦૦ અંકે એક કબારનો કબુલ છે. દા. પોતે.

આગના વિમા વિષે.

ઇમારતો ઉપર આગનો વિમો ઉતરી શકે છે. માટે જે મકાન અથવા કારખાનનાનો વિમો ઉતરાવવો હોય તેનો નકશો, ઇમારત ઉભી કરતાં થયેલા ખરચ, તેની અંદર રહેલા સરસામાનની પૂરેપૂરી યાદી સાથે કીમત આંકીને વિમો ઉતરાવવો પડે છે. અને એ પ્રમાણે વિમો કર્યા પછી જે જે નવીન વધારો કરવામાં આવે અથવા નવીન માલ લાવી ગોઠવવામાં આવે તે વખતો વખત કીમત સાથે જાહેર કરવું જોઇએ. એ પ્રમાણે જાહેર કર્યું ન હોય તો નુકસાની વખતે વધારાની રકમ મજરે મળતી નથી. વિમાની રકમ કયારે ન મળે—મિલકતની ચતુર દિશાનું વર્ણન ખોટું હોય, ઇમારતના ખરચ સંબંધી કે બીજી જંગમ મિલકતની ખરીદીનો આંકડો ખાત્રી લાયક ન હોય એકના એક મકાનનો એકથી વધારે કંપનીમાં વિમો ઉતરાવીને દરેક સ્થળે અગાઉથી ખબર આપી ન હોય, પડોશમાં આગ લાગે ત્યારે વિમાવાળી મિલકતનો કાળજીપુર્વક બચાવ કરે નહિ, વિમાવાળી મિલકતને નુકશાન પહોચે તે સમયે વિમો રાખનારનાં માણુસોને અંદર ન જવા દે, વીગ્ર અથવા કાયદાની રૂએ વિમાવાળી મિલકત બીજાના સ્વાધીનમાં ન ગઇ હોય, અને આવી હોય તો કંપની તરફથી મંજુર થઇ ન હોય, ઘરમાં

ગરમી ઉત્પન્ન થાય એવી વસ્તુઓ રાખી હોય અને તેની ખબર કંપનીને ન આપી હોય ઇત્યાદિ પ્રસંગે વિમાની રકમ મળતી નથી.

જીંદગીના વિમા વિષે.

સાધારણ સ્થિતિના લોકોનો ઘણો ભાગ પૈસા સાચવી સંઘરી શકતો નથી. ઘણા લોકો એવો સંગ્રહ કરવાને કોશીશ કરેછે પણ સેંકડો અડચણોને લીધે તેમ થઇ શકતું નથી. મોત કઈ ઘડીએ આવી ઉભુ રહેશે, તે કોઇ જાણતું નથી, અને અચાનક મોત જ્યારે હલ્લો કરેછે, ત્યારે તેવા સખ્સો ઉપર પોષણનો આધાર રાખનાર બૈરી છોકરાં કેવી દુર્દશામાં આવી પડે છે તે સૌના જાણવામાં છે. આ ખરાબી અટકાવવાને સઘળા સુધરેલા દેશમાં માણસની જીંદગીના વિમા ઉતારવાની પદ્ધતિ દાખલ થઇ છે.

આ હકીકત સંબંધે વિચાર કરતાં એમ માલુમ પડે છે કે તે બહુ લાભકારી છે. ઘણા લોકો પૈસા બચાવી સંગ્રહ કરવાનો વિચાર કરે છે પણ તે અમલમાં લાવી શકાતા નથી. પરંતુ શકતના પ્રમાણમાં વિમો ઉતરાવ્યો હોય તો વિમાનો દર ભરવાને માટે કંઇ પણ બચાવવાની તેને ફરજ પડે છે. બેંકમાં અગર બીજે ઠેકાણે મુકેલા રૂપિયા ઉપાડી વાપરી નાંખવાની લાલચ થાય છે, પણ વિમામાં તેમ થઇ શકતું નથી.

મેરીડ વુમન્સ પ્રોપરટી એકટ નામે એક કાયદો છે, તેમાં એવું ઠરાવેલું છે કે સ્ત્રી પુત્રને નામે નોંધાવેલી વિમાની રકમ ઉપર વિમો ઉતરાવનારના માગનારનો અગર બીજાકોઇનો હક પહોંચતોનથી

વિમો ઉતરાવીને ઠરાવેલો દર ભર્યા પછી બીજેજ દહાડે કે અમે તે મુદતે વિમો ઉતરાવનારનું મરણ થાય તોપણ વિમાની રકમ

પુરે પુરી બૈરી છોકરાંને મળે છે, કેટલેક સ્થળે તો એવી પણ છુટ ાય છે કે વિમો ઉતરાવનાર અમુક મુદત પછી કે તુરતાતુરત આપઘાત કરે તો પણ તેના કુટુંબને ઠરાવેલી રકમ મળે છે.

વિમો ઉતરાવવાના પ્રકાર.

૧. પોતાની જીંદગી પહોચે ત્યાં સુધી દર વર્ષે હફ્તો ભરવાના ઠરાવથી વિમો ઉતરાવી શકાય છે.

૨. ફક્ત પાંચ, દસ, પંદર, વીસ, પચીસ, કે ત્રીસ વર્ષની મુદત સુધી વિમાના હફ્તા ભરવાની સરતે વિમો ઉતરાવી શકાયછે.

૩, ૫૦, ૫૫, કે ૬૦ વર્ષની ઉમર થતાં સુધી હફ્તા ભરવા, પછી હયાતિ હોય તો પોતાને વિમાના રૂપિયા મળે, અને વહેલું મરણ થાય તો વારસોને એ રકમ મળે એવી સરતથી પણ વિમો ઉતરાવી શકાય છે.

૫. મરણ થયા બાદ સાર્વજનિક કામમાં અમુક રકમ આપ-વાના કરાર ઉપર પણ વિમો થઇ શકે છે.

વળી બૈરી છોકરાંને પેનશન મળે, છોકરાંને તેની અમુક ઉમ્મરે અથવા લગ્ન પ્રસંગે કે જનોઇ તકે કાંઇ રકમ મળે, અમુક રકમ ભરવાથી પોતાને વૃદ્ધાવસ્થામાં દર વર્ષે, છ છ મહિને કે ત્રણ ત્રણ માસે અમુક પેન્શન મળે, એમ અનેક પ્રકારે જીંદગીનો વીમો થઇ શકે છે. દેહનો ભરોસો નહિ હોવાથી જેઓ ઉંચી કેળવણી પાછળ કરેલો ખરચ માથે પડવાની ધાસ્તી રાખતા હોય તેમણે વિમાની રીત પસંદ કરવી જોઇએ.

જીંદગીના વીમાનાં નાણાં ક્યારે ડુબે.

૧. દાખલ કરેલી ઉમ્મર ખોટી હોય, અને જન્મોતરી અથવા

વિમાનો લેખ.

આાની લાયક દાખલાથી ખાતર નિશા કરી આપી ન હોય. ૨ શારીરિક સ્થિતિના સંબંધમાં આપેલો ખુલાસો ખોટો હોય કે જેને માટે પાછળથી શંકા પેદા થાય અને તે ખરો પડે તો વિમાનાં નાંણાં ડુબે.

વિમો ઉતરાવનારે દસ્તાવેજની પાછળ પોતાના હાથ દસ્કતથી બીજાને નાણું આપવાને લખી આપ્યું નહોય અગર કાયદા પ્રમાણે તેના વારસોએ વારસાનું સર્ટિફિકેટ મેળવ્યું ન હોય તો નાણું મળતાં વાર થાય છે.

ફલાણા ફલાણા, હાલ રહેવાસી ગામ અમુક, ધંધો અમુક આવતી વરસ ગાંઠને દિવસે ઉમ્મર આટલી એમનો વિમો ઉતારવામાં આવે છે. તેમણે અમુક કંપની સાથે પોતાની જીંદગી ઉપર રૂ. આટલાનો વિમો ઉતારવાને દસ્તાવેજ મીતિ અમુકનો પોતાની સહી કરી મોકલ્યો છે તે ઉપરથી એવું જણાય છે કે સદરહું વિમો ઉતરાવનારની આવતી જન્મ ગાંઠે આટલા વર્ષ ઉપરાંત થશે નહિ, અને તેમાં પહેલાંની તથા હાલની તનદુરસ્તીની હાલત, તથા જીંદગી સંબંધી હેવાલ દર્શાવ્યો છે એ દસ્તાવેજ તથા તેને લગતો અમારી કંપનીએ પસંદ કરેલા વૈદની આગળ કરેલો પોતાની સહી સાથેનો લેખ આ કંપની અને તેમની વચ્ચેના કરાર છે.

સદરહુ વિમો ઉતરાવનારે સદરહુ કંપનીની અમુક ઠેકાણાની દુકાનમાં રૂ. આટલા તા.—માહે—સન—ના રોજથી તા,—માહે—સન સુધીના હપ્તામાં ભરેલા છે. માટે આ દસ્તાવેજથી એવું સાબીત થાય છે કે એ વિમો ઉતરાવનાર તા.—માહે—સન -ને રોજ (એટલે હ-સાની મુદત ની તારીખે) અથવા તે પહેલાં ગુજરી જાય તો,

અથવા એ પછી જીવતો રહે અને તે અથવા તેના વાલી વારસો તા—માટે—સને મચકૂર અને પછીના દરેક વરસમાં વિમો ઉતરાવનાર જીવતો રહે ત્યાં સુધી કંપનીની અમુક ઠેકાણાની દુકાને અમુક માસે માસે હપ્તાના રૂ આટલા ભર્યા કરે. તો વિમો ઉતરાવનારના મૃત્યુની ખાતરી થયેથી વિમાના નાણાં વિમો ઉતરાવનારના વાલીવારસો કે વ્યવસ્થાપકોને આપવાની તજવીજ થશે, પણ વિમો ઉતરાવનાર જેમ જેમ હપ્તો થાય તેમ તેમ આપવાને અથવા મારીના દહાડાની અંદર ભરવાને ચુકશે તો માત્ર તેણે જેટલા રૂા. ભર્યા હશે તેના પ્રમાણમાં નાણું આપવામાં આવશે. વળી ગમે તેટલા હપ્તા ભર્યા. પછી વિમો ઉતરાવનારની મરજી વિમો બંધ કરવાની હશે તો અને ભરેલી રકમની આપેલી પાવતી રજુ કરશે તો એ રકમના સેંકડો પાંત્રીસ ટકા પાછા આપવામાં આવશે. અત્રે એવી રીતે પૈસા આપ્યા એટલે કંપની ઉતરાવેલા વિમામાંના દાખલ થયેલી રકમને માટે સઘળા દાવાથી મુક્ત થશે. વળી વિમાની રકમ આપવામાં એવી ચોખી સરત છે કે આમાં આગળ કહેલું કોઇ લખાણ કે કબૂલતમાં જણાવેલી વાત ખોટી હોય, અથવા આ ઉપથી વિમો ઉતરાવેલો તે કોઇ પણ પ્રકારે ખોટી હકીકત બનવીને, છુપાવીને કે કોઇ પણ જાતનું જુઠાણું વાપરીને કરી હોય. અથવા આ લેખમાં લખેલી તારીખથી એક વરસની અંદર વિમો ઉતરાવનાર આપઘાત કરશે તો આ દસ્તાવેજ રદ થયે. અને તેના સંબંધમાં ભરેલાં નાણાં અ-મારી કંપનીને નામે જમાં કરી લેવામાં આવશે. પણ આપઘાતના સંબંધમાં આ દસ્તાવેજ જો બીજાના લાભમાં સહી સાથે કરીઆપ્યો હશે તો તેમાં સહી થયા તારીખથી તેના લાભ પુરતી રકમ રદ

બાતલ ગણાશે નહિ. આ વિમો દરેક વખતે અને દરેક બાબતમાં કંપનીના અમુક સાલના અમુક માસમાં થયેલા ઠરાવમાં બતાવેલા ધારા પ્રમાણે અને સરતોને આધારે રહેશે—આ અમુક દસ્તાવેજમાં કંપનીનો શિક્કો તારીખ ફલાણીને રોજ કરી આપવામાં આવ્યો છે.

(તપાસનારની સહી.) (ડીરેકટરની સહી)
(દાખલ કરનારની સહી.) (મેનેજરની સહી.)

(ઇત્યાદિ વધારે સમજુતી માટે તેનો અસલ લેખજુઓ.)

કરાર અને ઠરાવ વિષે.

અમુક સરતે કબુલાત આપવી અથવા વચનથી બંધાવું તેને કરાર કહે છે. અને હરકોઇ વાતમાં પડેલા વાંધાનો નિશ્ચય કે નિર્ણય કરવો તેને ઠરાવ કે ફેંસલો કહે છે. કરાર આકટમાં લખે છે કે જે કબૂલત કાયદાથી અમલમાં લાવી શકાય છે તેને કરાર કહે છે. અન્ન વસ્ત્ર આપવાનો, સ્થાવર મિલકતનો ભોગવટો કરવાનો મુકરર કરેલું કામ આપેલી વ્યવસ્થા પ્રમાણે નિયમિત મુદતમાં કરવાનો અને એવા બીજી પ્રકારના કરાર થઇ શકે છે. અને તેમાં ઉભય પક્ષની કબુલત પ્રમાણે બાબત લખાય છે.

[1]અન્નવસ્ત્ર આપવાનો કરાર.

સં. ( ) મીતિ દીને * સૌ. ફલાણી. જોગ લી. ફલાણા ફલાણા. જત તમે અમારાં [2] ધણિયાણી છો. પરંતુ આપણી વચ્ચે બનતી [3] રાસ નહિ આવ્યાથી તમે અમારાથી જુદાં રહોછો. માટે તમારા ખરચને માટે તમારી હયાતિ સુધી અમો તમને દર સાલ [4]

---

૧. વરસની કુલ રકમથી બારપટ ઉપર અને વંશ પરંપરાની

રૂ. આટલા આપીશું. તેમાંથી તમારે પોતાનું ગુજરાન નભાવવું-એ રૂા. વરસો વરસ અમુક તિથિએ આપીએ. ના આપીએ તો તમો અમારી જાતથી તથા બીજી માલમિલ્કતથી વસૂલ કરી લ્યો તેમાં હરકત કરીએ નહિ. તમારી વર્તણૂકની વ્યભિચાર વગેરે એબકારક સાબીતી મળેથી અપાતી રકમ બંધ કરવા અમને અધિકાર છે. આ કરાર અમે અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોંશિયારીથી તથા સાફ દીલથી આપ્યો છે તે અમારે તથા અમારા વાલી વારસોને કબુલ છે. ઇ૦ લખીને મતુ સાક્ષી કરાવવાં—

કે અનિયમિત મુદ્દતની હોય તો વીસ પટ ઉપર અંગાઉ ખત પ્રમાણે સ્ટામ્પ * સ્ત્રી પુરૂષનો સંબંધ ન હોયતો જેવો સંબંધ હોય તેવું લખવું. જો લખી આપનાર સ્ત્રીનો સ્વામી ન હોય અને દત્તક હોય તો એવું લખે કે તમારા ધણી અમુકને પુત્ર સંતાન ન હોવાથી તેઓએ મને કરી આપેલા વીલના આધારે તેમની મિલ્કત અમારા સ્વાધીનમાં છે અને તેજ વીલમાં જણાવ્યું છે કે તમારે મારી સાથે રહેવું, અને અમારે તમારો સર્વ પ્રકારનો ખરચ પુરો કરવો. પરંતુ અમારી ભેગાં રહેવાની ઇચ્છા નથી માટે તમારી હયાતિ સુધી તમારા ખાધા ખરચ વગેરે બાબતના રૂા. આટલા દરસાલ અમારે આપવા ઇ૦ લખનાર તરીકે પુત્રજ હોય તો લખે-કે તમો અમારી ગંગારૂપ માતુશ્રી છો ઘરમાં કજીઓ થવા ન પામે માટે જુદાં રહોછો તો અમે તમને દરસાલ રૂા. પ્રમાણે ખરચ આપીશું ઇ૦—

૨ જો નાતરાનો રિવાજ હોય તો પરણેત કે નાતરાની તેની સ્પષ્ટતા કરવી—૩ બનતી પાંતિ નાખ્યાથી કે મીનોકેશ ચાલવાથી—૪

ઉધડું કામ કરવા આપ્યાનો કરાર (કંત્રાકટ)

દસ્તાવેજ લખવાની પેઠે મીતિ વગેરે લખી લખવું. તમારૂં અમુક રીતે આપવાનો કરાર કરેલો છે તે પ્રમાણે તૈયાર કરી આ-પીએ, અને તે પુરૂં થયે મહેનત તથા માલ ખરચના રૂા. આટલા લઇએ. આ કામ અમુક તિથિએ તૈયાર કરીને સોંપીએ જો તે અર-ધમાં ન આપીએ તો અમે તેની નુકશાની તમોને ભરી આપીએ; અથવા બાંધેલી મુદત ઉપરાંત જે દિવસ વધારે થાય તે દિવસનું દરરોજના આટલા રૂ. લેખે નુકસાન ભરી આપીએ. એ કામને અંગે અમુક અમુક સામાન જોઇશે તે અમે પોતાને ખરચે લાવીશું. હાલ તેના બાના પેટે રૂા. આટલા લીધા છે કે આપ્યા છે તે કામ પુરૂ થયેથી હિસાબમાં સમજીશું. ઇ. લખીને કંત્રાકટ રાખનારનું મતુ વગેરે કરાવી લેવું.

પંત્યાળાના લેખ વિષે.

સહિયારા વેપાર સબંધે કરેલા દસ્તાવેજને પંત્યાળાનો લેખ

બનતા સુધી સારા માણસો તને ત્યાં આના કરાર થતાંજ નથી એ બાબતમાં નાતનો ઠરાવ હોય છે. તે પ્રમાણે અપાય છે તેમ છતાં વાધો હોય તો આ ખરચના રૂા. ઉપરાંત પલ્લાની રકમનો ભોગવટો બાઇ કરે કે નહીં, તે કોને ત્યાં છે અથવા તેમાંથી કેટલી જાતના દાગીના કેટલી રકમના છે, તેને જાત્રા કરવી હોય તો એ ખરચ શેમાંથી કરે એ વગેરે બાબતના ખુલાસા પણ લખાય છે. વળી હરકત પડે ફરિયાદિ કરવી પડે તો તેના ખરચ સાથે નાણાં લેવાનું લખાય છે.

કહે છે, તેમાં દરેક ભાગદારની રકમ તથા તેમને માથે નાખેલા કામની વિગત અને દુકાનના વહિવટને લાગતા કરાર લખાય છે.

મીતિ પછી તમામ ભાગીદારોનાં નામ, જાત ઉમ્મર ધંધો તથા ગામ લખવાં જત આપણે આટલા જણ મળીને કરાર કરીએ છીએ કે અમુક જગાએ અમુક વેપાર કરવાને આટલી દુકાન ઉઘાડી છે, તે દુકાનને અંગે નાણાંની જે રકમ જોઇએ તે આપણે સરખે હિસ્સે આપીએ, અને તેમાં સાલ આખરે નફો થાય તે સરખે ભાગે અથવા રકમના પ્રમાણમાં વહેંચી લઇએ. એ દુકાન ખાતે કાગળ પત્રનો વ્યવહાર અમુકના નામથી કરવો. દુકાનનો હિસાબ હરકોઇ ભાગદારની મરજીમાં આવે ત્યારે તપાસવાની છુટ છે. નવીન વેપાર કરવો હોય ત્યારે ભાગીદારોની સલાહથી વધારે મતે કરવો, દુકાનમાં જે નફો થાય તેનો અમુક ભાગ ધર્માદા વાપરવો. એનો હિસાબ રાખવાનું કામ અમુક કરવું. અને શિલક તથા ચોપડા રાખવા. અમુકે તે તપાસવું. દર મહિને કાચું સરવાયુ કાઢવું બનતા સુધી રોકડેથી વેપાર કરવો. દુકાનનું ભાડું ગુમાસ્તી ખરચ, તથા બીજો પરચુરણ ખરચ દુકાનના વટાવ ખાતામાંથી કરવો. અમુક મુદત સુધી દુકાન ચલાવતાં નફો માલમ પડે તો તેના અંગે બીજી જાતના વેપાર વધારવા, અને તોટો જણાય તો દુકાન બંધ કરી, જેનાં તેનાં ખાતાં સરભર કરવાં. હિસાબ પતવતી વખતે દુકાન ખાતે જે માલ હોય તેનો વકરો કરી નાંખવો, અથવા ઉછામણી કરવી અને જે ઉપજે તે લહેણદારોને આપવું. તે આપતાં લહેણદારની રકમ દેવી રહે તો દુકાનના ભંડોળમાંથી હિસ્સા પ્રમાણે આપવું; અને તેમ કરતાં પણ કરજ રહે તો તેને માટે દરેક ભાગ-

દારનો સર્વ મિલકત તથા તેમના વાલી વારસો જોખમદાર છે, જે ભાગીદારને દુકાનમાંથી પોતાનો હિસ્સો ઉઠાવી લેવાની મરજી હોય તેમણે એક માસ આગળથી ખબર આપવી, એટલે દુકાનનો હિસાબ તપાસી તેમનું ખતુ ચુકવી આપવામાં આવશે, અથવા બાંધેલી મુદતમાં કોઇ પોતાનો ભાગ ઉઠાવશે તો તેમને આપેલા રકમના સેંકડે આટલા ટકા નુકસાન પડશે. દુકાનની મુડીમાંથી કોઇ પણ રકમ ખાનગી કામે વાપરવાનો કોઇને હક નથી. દુકાનના નાણાંનો ગેરઉપયોગ કે માલ ઉચાપત કરનાર ભાગદાર ઉપર ફરિયાદ કરવી પડે તો તેના ખરચ સાથેનો જવાબ કસુરદારે આપવો. કોઇ ભાગીદારનું મરણ થાય અને તેના વારસો ઉપરની સરતો પ્રમાણે ચાલવાને કબુલ થતા હોય તો તેમને ભાગદારમાં દાખલ કરવા પરંતુ એવી રીતે રહેવાને મરનારના વારસની મરજી ન હોય તો હિસાબ પ્રમાણે મરનારનું ખાતું સરભર કરી આપી ફારગતી લેવી. અને એવા કામનો નિકાલ અમુક મુદતમાંજ લાવવો.

એ પ્રમાણે આપણે સરવે ભાગદારોએ ચાલવું. આ દસ્તાવેજ આપણી રાજી ખુશીથો ઇ૦ લખી દરેક ભાગદારનું મતુ કરાવીને સાક્ષી કરાવવી.

લહેણુદેહેણુની તોડજોડનો લેખ.

જે દસ્તાવેજ ઉપરથી લહેણદારોના ફાયદા સારૂ દેણદાર પોતાની માલમિલકત સોંપી દે છે. એટલે જે ઉપરથી લહેણાની તોડ જોડનો અવેજ અથવા વહેંચણી કરવાનું નક્કી કરવામાં આવેછે, તેને તોડજોડનું ખત કહેછે. (સ્ટામ્પ આકટ) વ્યવહારમાં તપાસ

કરતાં આવા લેખ ઘણા ભાગે બનતા નથી. દેણદાર નબળો પડે તો ઘર મેળે ઉભય પક્ષકાર સમજીને નીકાલ કરેછે અને લહેણદાર સંતોષ પામી પાવતી આપેછે. પણ એ વાત કોર્ટમાં દાખલ થાય છે ત્યારે લેણદારને ત્યાં જપ્તી આવ્યા પછી અમુક મુદતમાં બાકીના લહેણદારો પોતાનો દાવો દાખલ કરે તો જપ્ત કરેલી મિલ્કત સરકારથી હાળે પડતી વહેચી આપવાનો રિવાજ માલુમ પડેછે. વળી લેણદારની હાથ લાગેલી મિલ્કત કરતાં તેણે ગુપ્ત રાખેલી બીજી મિલ્કતનો જો દાવો લઇ જનાર પ્રથમનો લહેણદાર પત્તો મેળવે તો તે બદલ એ લહેણદારને કંઇ અંશ વધારે મળે છે, આ તકરારનો નિકાલ ત્રીજાને હાથ એવી સરતે સોંપવામાં આવે છે કે મારી અમુક અમુક મિલ્કત છે અને અમુક અમુક આસામીનું દેવું છે માટે એ મિલકતથી અથવા તેના ઉત્પન્નથી ઉપર લખેલા લહેણેદારોને હિસ્સા પ્રમાણે વહેંચી આપવાને તમને માલીક મુખત્યાર ઠેરાવ્યા છે ઇ૦ લખીને મતુ સાક્ષી કરે છે.

વિવાહપત્રિકા.

કેટલીક નાતોમાં વર કન્યાનું સગપણ કરતા અગાઉ પલ્લું તથા ગજવા ખર્ચ આગવાનો કરાર થાય છે તે લેખને વિવાહ પત્રિકા કહેછે એમાં નાત રીત પ્રમાણે કરાર લખાય છે. જેમકે—

સં. ( ) મીતિ, કન્યા લેનારનું નામ, નાત અને ગામ જોગ લી. કન્યાદેનારનું નામ, ગામ વગેરે જત અમારી દીકરી નામે ફલાણી વેરે તમારા દીકરા ફલાણાનું સગપણ કર્યું છે તે સહી સાબેત છે. તેના પલ્લા વગેરેની વિગત—અંકે આટલા વસન તથા પલ્લાના, અને રૂા. અંકે આટલા લુગડાના, એણી વિગતે ઘરાણું

તથા લુગડાં વગેરે પહેરવા ઓઢવા બાબત આપણી નાત રીત મુજબ તમારે કરવાં, પહેરામણી મધ્યે અમે તમને કંકુને કન્યા આપીએ. પલ્લાનો અવેજ તમારી અમારી નજરમાં આવે ત્યાં મુકીએ. અને તેની ચિઠી નાત રીત પ્રમાણે અમારે ઘેર રાખીએ. એ લખ્યું છે સહી.

અત્ર મતુ અત્ર સાખ

૧ કન્યાના બાપનું મતુ ૧ સાક્ષીદારની સહી.

વહાણ ભાડે આપ્યાના લેખ.

આખી મોસમ સુધી વહાણ ભાડે આપેલું હોય તો તેને કઠોડે બાંધ્યું કહેછે અને અમુક સફળ કરવાની સરતે ભાડે આપ્યું હોય તેને ધુરી બાંધ્યું કહેછે,

વહાણ કઠોડે બાંધ્યાનો લેખ.

શ્રીતિ ભાડે આપનારનું નામ ઠામ વગેરે. જોગ શ્રી ભાડે રાખનારનું નામ ઠામ વગેરે. જત બતેલો નામે અમુક મોસમ આજીનો નરોજ ૨૭૧ સુધી કઠોડે બાંધ્યું છે અમે તે અમુક બંદરથી ગમે તે બંદર તરફ હંકારવાનો ઠરાવ કરેલો છે. તેના કઠોડના રૂ. અંકે ઠરાવેલા છે ને તેનાં કાંધાં ત્રણ કર્યાં છે. પહેલું કાંધું વહાણ હંકારતી વખતે આપીએ. બીજું ફાગણ શુદ ૨ ને દિવસે આપીએ. અને ત્રીજું અસાડ શુદ ૨ ને રોજ આપીએ. એ વહાણને અરબાલા (સરસામાન) જોઇએ તે, તથા પહેલી મખ (તળીએ લગાડવાનું રોગાન) તમો વહાણ ધણીને શીર છે. અને ખલાસીની મજુરી ભથુ, મોરી—બંદરની લાગત, અને કજારજાની

ચિઠી એ સર્વે ખરાબાત અમારે શીર છે. છેલ્લા ગોસે હરેક બંદરથી નરોજ આટલા સુધી અમે હંકારીએ. વહાણુ ભારે વાપર થાય તો અમે અમુક બંદરે મગાવી આપીએ. ઇત્યાદિ લખી હોડો રાખનાર સહી કરી આપે છે.

નુરી બાંધેલા વહાણુના કરાર.

ઉભય પક્ષકારનાં નામ. પછી લખવું કે—અતેલો નામે અમુક અમુક બંદરથી માલ અમુક ભરીને અમુક બંદરે ઉતારવાને નુરીએ બાંધ્યો છે. તે માલની ગાંસડી એકે દર આટલા મુજબ રૂ. અંકે આટલા થાય તેમાંથી નીમે નીમ અથવા અમુક રકમ ભાડા પેટે વહાણુ ભરેથી આપીએ. અને બાકીનું નુર ભરેલો માલ અમુક બંદરે સંભારી આપેથી ચુકાવી આપીએ. એ લખ્યું તે સહી. એમ લખી સહી કરે છે.

ઢોર ઉછેરવાના કરારનું લખત.

મીતિ, ઢોર ઉછેરવા આપનારનું નામ ઠામ વગેરે. જોગ લી. ઢોર ઉછેરવા રાખનારનું નામ ઠામ વગેરે. જત તમારાં ઢોર નામે અમુક અમુક અમોએ તમારી પાસેથી ભાગે બાંધ્યાં છે તેના કરારની વિગત.

ઢોર અમુકને વિયાતા સુધી અમારે ત્યાં રાખવું અને તમારે સ્વાધીન કરીએ ત્યારે અમુક રકમ લેવી.

ઢોર અમુક આટઆટલી વયનાં છે તે અમુક વયનાં થાય ત્યારે કોઇ ચાર માણુસ પાસે તેની કીમત ઠરાવીને ખંડીએ. પછી

તેમાંથી તમારી માલકી બદલાના રૂપીયા આટલા બાદ કરતાં જે વધે તે, તમો તથા અમો સરખે ભાગે લઇએ. એ પ્રમાણે અમારે હિસ્સે આવે તે લીધા બાદ તમારૂં જાનવર તમારે સ્વાધીન કરીશ. એ જાનવર ચોરીએ જાય, નાસી જાય કે બીજી કોઇ રીતે ગુમ થાય તો ચાર પંચાતી કહે તે પ્રમાણે અમે તેની કીમત ભરી આપીએ. ના આપીએ તો અમારી જાતથી, તથા અમારી બીજી માલમિલકતથી તથા અમારા વાલી વારસોથી તમે પુરા કરીલો. તેમાં અમે કોઇ પ્રકારે વાધો લઇએ નહિ. કજા રજાએ જાનવરના જીવનું જોખમ થાય તો તમને બતાવીને અમે તેને અવલ મજલ પહોચાડીએ. આ કરાર અમોએ અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોંશિયારીથી વગેરે લખીને મતુ સાક્ષી કરાવવાં.

કૂવાનું પાણી લેવાનો, કોઈ પણ સ્થાવર મિલકતમાંથી અમુક પ્રકારનો ભોગવટો કરવાનો, વગેરે અનેક પ્રકારના કરાર થાયછે અને તે પ્રસંગાનુસાર લખાય છે.

ઇનામી ગામ બાબત સનંદ.

રાજેશ્રી ભકિતદાસ તથા હરિદાસ બીન લક્ષ્મીદાસ, ગુજરાતી શાહુકાર, રહેવાસી વડોદરા પરગણે મજકૂર પ્રાંત ગુજરાત લી. સ્નેહાંકિત માધવરાવ નારાયણ પ્રધાનના આશીર્વાદ. જત આ રાજ્ય તરફથી સનંદ આપવામાં આવે છે કે પુરંદર મુકામે આવીને ઇનામી ગામ મળવા તમે અરજ કરી, તે વાત ધ્યાનપર લેતાં માલુમ પડયું કે તમે સરકાર સેવા એક નિષ્ટાથી કરો છો, અને કુટુંબ વત્સલ છો, તમને ઉત્તેજન આપવાની વધારે આવશ્યકતા છે માટે તમારા ઉપર સરકાર કૃપા કરીને તમારા કુટુંબના નિર્વાહ માટે મોજે કજા-

પુર પ્રગણે ડભોઇ પ્રાંત મજકૂરનું ગામ ચાલુ સાલથી દરોબસ્ત, કુલકાનું હાલના પટાથી તથા પેસ્તર પટાથી, જલ, તરૂ, કાષ્ઠ, પાષાણુનીધિ નિક્ષેપ સહિત હકદાર ઇનામદાર બનાવી નવીન ઇનામી ઠરાર કરીને આપેલું છે. તો મોજે મજકૂરનો સદરહુમાં લખ્યા પ્રમાણે તમે પોતે કબજો લઇને તમે તથા તમારા પુત્ર પુત્રાદિ વંશપરંપરા સુખરૂપ ભોગવટો કરજો. મીતિ—(સરકારમાં દાખલો રાખ્યાનું નિયમ પ્રમાણે નિશાન) ઇ૦

(શકકો અથવા મહોર)

વહીવટના લેખ.

કામકાજ કરવાને ત્રસ્ટીઓ અને મુખ્ત્યાર નીમવાનો સમાસ વહીવટના લેખમાં કરેલો છે.

કુલ મુખ્ત્યાર પત્ર.

જે દસ્તાવેજ ઉપરથી મુકરર કરેલા કોઇ માણુસને કામ કરવાનો અધિકાર તે દસ્તાવેજ કરી આપનાર માણુસને બદલે મળે છે તેને મુખ્ત્યાર નામું કહેછે તે બે પ્રકારનાં છે—

(આ મુખ્ત્યાર પત્ર માજીસ્ટ્રેટની રૂબરૂ આપવું જોઇએ) હું (મુખ્ત્યાર પત્ર આપનારનું નામ) જાતે અમુક, ઉમ્મર ધંધો અમુક રહેવાસી ગામ અમુકનો—આ લેખ ઉપરથી ફલાણા ફલાણા જાતે અમુક ઉમ્મર ધંધો અમુક રહેવાસી અમુક ગામનાને મારે બદલે તથા મારા નામથી કે મારી તરફથી કોઇપણ ફરિયાદીના, અપીલના. કે બીજાં કામોની અંદર હાજર રહેવા તથા જવાબ આપવા તથા સહીઓ કરવા, તથા કાગળ પત્રો આપવા લેવા તથા કોઇપણ નોંધણી કચેરીમાં મારા દસ્તાવેજો નોંધાવવા તથા મેં કરી

આપેલા દસ્તાવેજોના જવાબો દેશ. તથા કોઇ પણ ઇન્સાફના કામમાં હાજર રહેવાને તથા અપીલ કરવાને સારૂ તથા એવાં સરવે કામ કરવામાં જે કાંઇ કરવાને છુટ છે તેવાં સરવે કામો કરવા સારૂ મારા ખરા અને ભરોંસાદાર મુખ્ત્યાર પસંદ કર્યા છે તથા નીમ્યા છે. તારીખ. ( )

એક કામનું મુખ્ત્યાર પત્ર.

ઉપર પ્રમાણે મથાળું કર્યાં પછી લખવું—કે અમુક કામમાં મારે બદલે મારી તરફથી વખતો વખત હાજર રહેવાને તથા સહીઓ કરવાને તથા જવાબો આપવાને તથા વકીલો કરવાને તથા એ કામની અંદર જે પ્રમાણે હું હાજર હોઉં અને કામો કરી શકું તે પ્રમાણે કામો કરવા માટે તથા અપીલ માટે મેં મારા ખરા વિશ્વાસુ મુખ્ત્યાર પસંદ કર્યા છે તથા નીમ્યા છે તા—

૧ લખી આપનારની સહી. ૧ સાક્ષીદારની સાખ.

વકીલાત નામું.

અદાલતનું નામ—પછી વાદી પ્રતિવાદીનાં નામ.

હું ફલાણો કબુલ કરૂં છું કે કચેરી અમુકમાં મારા ઉપર અમુક સખ્સે ફરિયાદ કરી છે તેના જવાબ સવાલ, કરવા સારૂ મારી તરફના મુખ્ત્યાર અમુક વકીલને ઠરાવ્યા છે. માટે એ વકીલ મારીવતી જે કરશે તે મારે કબુલ છે. તા—

હું વકીલ અમુક ઉપર લખ્યા પ્રમાણે કબુલ કરૂંછું. તા—મજકૂર વકીલની સહી. મારીરૂબરૂ (માજીસ્ટ્રેટની સહી)

ત્રસ્ટીથી વહીવટ કરવા વિષે.

ત્રસ્ટીથી મિલકતનો વહિવટ કરવાનો હોય તો જેના તેના

સંબંધમાં યોગ્ય કરાર કરીને વહિવટ કરવાનો અધિકાર ટ્રસ્ટીઓને આપવામાં આવેછે. તેમાં પ્રથમ મીતિ, ઠરાવેલા ટ્રસ્ટીઓનું અને ટ્રસ્ટી ઠરાવનારનું નામ લખવું પછી ટ્રસ્ટી નીમવાનું કારણ જણાવવું કે અમુક કામની વ્યવસ્થા રાખવાનું કામ સંભાળવાને કરેલી વિનંતિ તમોએ અંગિકાર કરીછે માટે હું આ દસ્તાવેજથી તમો જણુ આટલાને ટ્રસ્ટી એટલે વહિવટ કરનારા ઠરાવીને ઉપર લખ્યું કામ સંભાળવાને સોંપુંછું. પછી જેવા કરાર હોય તેની વિગત લખવી.

વ્યવસ્થા પત્ર. (ટ્રસ્ટપત્ર)

લી. ફલાણા ફલાણા નાતે—ઉમ્મર—ધંધો—રહેવાશી જત આ દેહ ક્ષણ ભંગુર છે અને મારે અમુક નામનો ચિરંજીવ છે તે નાની વયનો છે. અને આ દેહનો ઘડીનો ભરોંસો નથી. કેમકે તે નાશવંત છે એમ જાણી મારા અભાવે મારી મિલકતનો ગેર ઉપયોગ ન થાય અને તેનો વહિવટ બરાબર રહે, તેટલા માટે મારી મિલકતની યોગ્ય વ્યવસ્થા કરવાની જરૂર જાણીને હું નીચે પ્રમાણે ગોઠવણ કરૂંછું,

મારી માલમિલકતનો આંકડો નીચે મુજબ છે.

(ઘર—દુકાન—સરસામાન—થાપણ—દુકાનોમાં માલ, અને ખેતર વગેરે ભોંય ભાડું હોય તે લખવું; અને તેમાં પોતે અને વડીલોએ કયાં સંપડાવેલાં તેની વિગત પણ લખવી.)

ઉપર લખ્યા પ્રમાણે મારી સર્વ પુંજી છે. તેની વ્યવસ્થા એવી કરૂંછું કે—મારે અમુક સગો છે તેની મોટા મોટા કામમાં સલાહ લઇને મારો મુનીમ ફલાણો કામ ચલાવે. તથા પાંચ સારા

ગૃહસ્થ-શેઠિયા મારી નાતના નામે અમુક—ઉપર મારો પૂર્ણ વિશ્વાસ છે તેથી તેઓને પંચ (ટ્રસ્ટી) ઠરાવું છું. હમેશાં તેમની સલાહ લઇને દુકાન ખાતાનું તથા ઘરનું કામ મુનીમે કરવું. મારો દીકરો નામે અમુક છે તે હાલ આટલી સગીર ઉમરનો છે. જો મને કજારજા થાય તો મારી હયાતી બાદ દુકાનનો વહિવટ ચિરંજીવ અમુક લાયક ઉમરનો એટલે આટલા વરસનો થાય ત્યાં સુધી રીતસર ચલાવવો. દુકાનખાતે મુનીમ રહે તેની ગુમાસ્તી આપ્યાં જવી. જો મને રાજક દૈવક થાય તો મારી પાછળ નીચે મુજબ ખરચ કરવો. (ધર્માદા-દેવસ્થાન, ખોડાં ઢોર, કબુતરને જાર, ગરીબોને દાન, નાતવરાનો ખરચ, નાતિલાઓને ઉત્તેજનમાં, સદાવ્રતમાં, નિરાશ્રીત ફંડમાં નિશાળના વિદ્યાર્થીને, નવાણ માટે, બેન ભાણેજને.) વળી મારી ઉપજમાંથી દરસાલ ખરચ કરવો તેની વિગત (ઘરમાં ભોજન ખરચ માટે છોકરાની માને, મુનીમ ગુમાસ્તા વગેરેનો ખરચ, છોકરાને ભણાવવામાં ઇ૦) મારી દરવરસની પેદાશ સુમારે આટલી છે, તેમાંથી ઉપર લખ્યા પ્રમાણે ખરચ કરવો. ઉપજ કમી થાય તો તેના પ્રમાણમાં ખરચ ઘટાડવો પણ એથી વધારે ખરચ ન કરવો. મારી પેઢીનો મુનીમ ફલાણો મારા ભરોસાનું માણસ છે માટે તેમના તથા મારી ધણીયાણીના કબજામાં ઉપર લખી મિલકત રહેશે. મુનીમ દરવરસનો તમામ હિસાબ ચોખવટથી રાખશે અને ઠરાવેલા પંચને બતાવી તેમની સહીઓ લેશે. મારો ચિ૦ અમુક લાયક ઉમ્મરનો થાય ત્યારે તેને તમામ મિલકત સોંપી દેવી. છોકરાને રાજક દૈવક થાય તો મારી ધણીઆણીએ દત્તક લેવો.

ધણીઆણી પણ ગુજરી જાય તો ઉપરના પંચોએ મારી તમામ મિલકતનો યોગ્ય ઉપયોગ કરવો, એટલે સારા ધર્માદા કામમાં વાપરવી. ત્રસ્ટીઓ અમુકના બે મત અને અમુકનો એક મત ગણવો, સર્વ કામ બહુ મતે કરવું. મત ભેદ કરવો નહિ. તેમજ આ મિલકતમાં કોઈએ કંઈ આશા રાખવી નહિ. આ મારૂં છેલ્લું વ્યવસ્થાપત્ર છે. તે પહેલાં એક કરેલું નથી તેમ છતાં હોય તો રદ થાય. ઇ—

મોંબદલાનો લેખ.

સ્થાવર મિલ્કતનો બદલો કરવાના લેખને મોંબદલાનો લેખ કહે છે. તેનો દાખલો ઉભયતાને રાખવાની જરૂર છે, તેની અંદર જે તે મિલકતની ચતુર સીમા તથા ભોગવટાના હકો વિગતથી લખવી જોઇએ.

મીતિ ( ) એક પક્ષકારનું નામ, જાત વગેરે. જોગ લી. બીજા પક્ષકારનું નામ જાત વગેરે. જત અમારી મિલકત અમુક, અમુક ઠેકાણે છે તે તેની ચતુર સીમાની હદ તથા ભોગવટાના તમામ પ્રકારના હક સહિત મોંબદલામાં આપીને અમોએ તમારા કબજા ભોગવટાની અમુક ઠેકાણાની અમુક મીલકત તેની અસલ ચતુર સીમા પ્રમાણે ભોગવટાના હકથી લીધી છે. માટે હવેથી અમારી ઉપર લખી મિલકત અમુક ઉપર અમારો હક પહોચે નહિ, અને તમારી મિલકત અમુક ઉપર તમારો હક પહોચે નહિ. અમોએ અમારી ઉપર લખી મિલકત અમુકનાં અસલ ખત પત્રો મીતિ અમુકનાં તમોને સોંપ્યાં છે, અને તમારી ઉપર લખી મિલકતન

ખત પત્રો અમોએ લીધાં છે. માટે હવે તમો અમો પોતપોતાને કબજે લીધેલી મિલકતને માલકીના હકથી ભાડે, ગીરા કે વેચાણ આપવાને અથવા તે ઉપર નવી ઇમારત બાંધવાને મુખત્યાર છીએ તેમાં કોઇ પ્રકારનો વાંધો કે તકરાર રહી નથી. આ મોંબદલાનો લેખ અમોએ અમારી રાજીખુશીથી ઇ. લખીને મતુ તથા સાક્ષી કરાવવી. જો ખેતરનો મોંબદલો હોય તો તેનું નામ સરવેઇ નંબર તેમાંના ઝાડ કુવા વગેરેની હકીકત લખવી.

દાખલા પત્ર (સાર્ટીફિકેટ.)

(નોકરીનું.)

ફલાણા ફલાણા નાતે અમુક રહેવાસી ગામ અમુકના. એમણે મારા હાથ નીચે આટલાં વર્ષ સુધી એક નિષ્ટાથી નોકરી કરીને મને સંતોષ આપ્યો છે, તેઓ કામકાજમાં અનુભવી, ચંચળ, સમયાનુસારી, પ્રમાણિક અને મહેનતું છે, આશા છે કે તેઓ પોતાના ઉપરીને સારૂં કામ કરીને સંતોષ આપશેજ. મીતિ.

(સહી.)

૨ (અભ્યાસનું)

વિદ્યાર્થી અમુક નાતે અમુક રહેવાસી અમુક ગામનો તેમણે અમારી નિશાળમાં ધોરણ અમુક સુધી અભ્યાસ કર્યો છે તે બુદ્ધિમાન, ચકોર અને મહેનતુ છે. માટે આગળ ઉપર તે માણસ સારો નિવડશે એવી આશા છે. મીતિ.

(શિક્ષકની સહી.)

૩ (પુસ્તક વિષે.)

દાખલો આપવામાં આવે છે કે વડોદરા. ગુ. શાળા નં. ૬ ના મહેતાજી છગનલાલ લલ્લુભાઇ શાહનું બનાવેલું દેશીનામું હું ઘણે ભાગે વાંચી ગયો છું તેની બનાવટ અને આપેલી માહિતી વેપારીનો ધંધો કરનારને ઉપયોગી છે, આજસુધીમાં પ્રગટ થયેલાં દેશીનામાં સાથે સરખાવતા એમનું પુસ્તક સર્વોત્તમ છે. વળી તેવીસ ફરમાનું આઠ પેજી પુસ્તક હોવા છતાં કીમતમાં ઘણુંજ સસ્તું છે. માટે પ્રજા તથા સરકાર તરફથી એવા ગ્રંથોને વધારે આશ્રય મળેલો જોવાને હું ઇંતેજાર છું.

(તપાસનારની સહી.)

પંચાતનામું.

+ મીતિ (   ) ના દિને અમે નીચે સહીઓ કરનારા વાદી ફલાણા તથા પ્રતિવાદી ફલાણા ફલાણા લખી આપીએ છીએ કે અમારી અમુક બાબતની તકરારનો નીકાલ કરવાને બાજુપર જણાવેલા અથવા નીચેના સખ્સોને પંચાતી નીમ્યા છે, અને તેમાં સરપંચ તરીકે અમુકને રાખ્યા છે. માટે અમારી બાબતમાં તજવીજ

+ કેટલાક મીતિ છેડે નાખે છે. કેટલાક પંચાતિયોનાં નામ પ્રથમ લખીને જોગ લી. મા પંચાતી નીમનારનું નામ લખે છે. વળી કેટલાક લખે છે કે હું ફલાણા ફલાણા વાદી કે પ્રતિવાદી મેં મારી તરફથી અમુકને પંચાતી નીમ્યો છે ઇ૦ કોઇ કોઇ ઠેકાણે પંચાતી નીમનારનું નામ અને તેની સામે તેના તરફના પંચાતીઓનાં નામ પણ લખાય છે.

કરીને દિન આટલા'ની અંદર એ પંચ જે કંઇ ચુકાદો કરે તે અમારે બન્ને પક્ષકારોને કબૂલ છે. આ પંચાત નામું અમે અમારી રાજીર-જાવંદીથી તથા અક્કલ હોંશિયારીથી તથા બીનકેફ તનદુરસ્તીથી લખી આપ્યું છે. તે સહી છે. (પંચાતી નીમનાર લોકોની સહીઓ.)

પંચોએ તે ઉપર કરેલો કરાર.

અમે ઉપર લખેલા પંચો લખી આપીએ છીએ કે આ પંચાત અમને સોંપી તે અમારે કબૂલ છે. અમે તેનો ચુકાદો વગર લાલચે તથા વગર તરફદારીએ અમારી નજરે પહોંચશે ત્યાં સુધી ઉપર લખેલી મુદતમાં કરીએ સહી. મીતિ. (પંચાતીઓની સહીઓ.)

પંચનો ઠરાવ.

અમે નીચે સહીઓ કરનાર પંચ અમુક સખ્સોની અમુક પ્રકારની તકરાર હતી તે બંને પક્ષકારો પસેથી લખાવી લઇને અથવા મુખ જુબાનીથી સાંભળીને એવો ઠરાવ કરીએ છીએ કે અમુક સખ્સે અમુક રીતે અને અમુકે અમુક પ્રકારે વર્તવું મીતિ—પંચાતિયોની સહીઓ.

ગુમાસ્તા વગેરેના બંદોબસ્ત વીષે.

મીતિ ( ) ના દિને શેઠ ફલાણા ફલાણા. જોગ લી. ગુમાસ્તા અથવા ચાકર અમુક. જત હું તમારે ત્યાં આજથી ગુમાસ્તો કે ચાકર રહ્યો છું. તેથી ગુમાસ્તી કે ચાકરીના રૂા. આટલા વરસ એકના ઠર્યા છે. ગુમાસ્તો હોય તો લખવું કે મારે તમારી દુકાનનું નામું ઠામું લખવું, ને દરેક હિસાબ ચોખવટાથી રાખવો. તેમાં કોઇ જાતનો ખાનગી વેપાર ન કરૂં. મને ગુમાસ્તીની રકમ આપશો

તેથી હું સંતોષ પામી એક નિષ્ઠાથી તમારી નોકરી કરીશ. એ લખ્યું તે સહી. ચાકરનો દસ્તાવેજ હોય તો તેની પાસેથી જે જે કામ લેવાનું હોય તે કરારમાં લખવું. મુદતબંધી કરારથી રાખ્યા હોય તો તેની મુદત લખવી. અને બાંધેલી મુદતમાં નોકરી છોડે ત્યારે જેવું કરવાની સરત હોય તે લખવું. વળી ગામ પરગામ કે ગામ ગામોતરે જવાનું હોય તો જવા આવવાનું, તે વખતે ખરચ થાય તે બાબતનું, તથા ખોરાકી પોષાકી કે સુખડી આપવાની સરતોનો પણ ખુલાસો લખવો જોઇએ. આવા દસ્તાવેજ લખી આપનાર જો અભણ હોય તો તેના હાથ દસ્તકનું એંધાણ કરાવી લેવું.

નોકરોનો જામીન કતબો.

મીતિ. ( ) ના દિને અમુક ગામ વાસી ફલાણા નાતે, ઉમ્મર, ધંધો. જોગ લી. અમુક ગામ વાસી ફલાણા નાતે, ઉમ્મર, ધંધો. જત લખી આપું છું કે તમોએ મને ગુમાસ્તો રાખેલો છે. તે કામ હું બરાબર પ્રમાણિકપણાથી કરીશ. એ કામ સંબંધે દુકાનને લગતો પૈસો, ટકો માલ મિલકત તથા કાગળ પત્રો જે મારા તાબામાં છે તથા હવે પછી સોંપશો, તે ર્ફેદફે કરીશ નહિ પણ બરાબર કાળજી પૂર્વક સાચવી રાખીશ; અને તે તમો જે વખત માગશો તે વખતે રજુ કરીશ; તથા તેનો હીસાબ જોઇએ તે વખતે આપીશ. હિસાબમાં કોઇ પણ પ્રકારની ગડબડ કરીશ નહિ. જો તેમાં ખોટ આવશે તો હું મારી ગાંઠના ભરીશ. એ પ્રમાણે કરવામાં ચૂકું તો રૂ. આટલા સુધી મારી જાત મિલકતથી ધરપ-રાઇ આપું તે સહી. એના જામીન અમુકને આપ્યા છે. આ જા-

બીન ખત મારી રાજી ખુશીથી તથા અક્કલ હોંશીઆરીથી તથા બીન કેફ તનદુરસ્તીથી લખી આપ્યું છે તે મારે કબુલ છે.

૧. નોકરની સહી. દા. પોતે. ૧. (સાક્ષી)

તે નીચે જામીનદારનો કરાર.

હું ફલાણા ફલાણા–જાતે–ધંધો–ઉમ્મર–રહેવાસી ગામ અમુકનો જામીન થઈને લખી આપુંછું કે સદર ઇસમે લખી આપ્યા પ્રમાણે એની વરતણુક નહિ થશે, અથવા ઉપર લખ્યાથી વિરૂદ્ધ ચાલશે, તો તેનો જવાબ રૂા. આટલાં સુધી હું મારી જાતથી તથા માલ મિલકતથી ધરધરાઉ આપીશ. આ જામીન કતબો મેં મારી રાજી ખુશીથી તથા અક્કલ હોંશિયારીથી તથા બીનકેફ તનદુરસ્તીથી લખી આપ્યો છે તે એકાંતે એકાંતે મારે કબુલ છે. મીતિ—

૧. જામીનદારની સહી. ૧. સાક્ષીદારોની સહી.

સુચના પત્ર (નોટીસ)

પ્રતિપક્ષીને ચેતવણી બાબત મોકલેલા પત્રને સુચના પત્ર કહે છે એમાં કામની મતલબ તથા તેને અંગે જે નીકાલ કરવો હોય તે લખાય છે.

આ નીચે સહી કરનાર ફલાણા ફલાણા રહેવાસી ગામ અમુકનો તે અમુક ગામ વાસી ફલાણાને આથી ખબર આપુંછું કે તમારી પાસે અમારૂં અમુક પ્રકારનું લેહેણું છે. તે હિસાબ ચૂકતે આપી જવાને તમને બે ત્રણ વખત કહ્યા છતાં તમો તેની સમજણ કરવા આવતા નથી, અથવા મળીને નીકાલ કરી જતા નથી; માટે આ પત્ર પહોંચેથી તમારે દિન આટલાની અંદર તેની સમજણ કરી જવી. નહિતો ઉપર લખેલી મુદત વીતે તમારી પાસે લહેણી પડતી

રકમ વસૂલ લેવા માટે ઘટતો ઇલાજ લેવામાં આવશે. અને તેને માટે થયેલો ખરચ પણ તમારી પાસેથી મજરે લેવામાં આવશે; અથવા જો ઉપરની મુદતમાં તમારા લહેણાનો નીકાલ નહિ કરો તો આજ દિનથી તમારી પાસેથી અમુક ટકા લેખે વ્યાજ લેવામાં આવશે, તથા દાવાનું અને વકીલનું જે ખરચ થશે તે મજરે લેવામાં આવશે. ૪. એવા કાગળ પોસ્ટ મારફતે રજીષ્ટર કરીને મોકલવામાં આવે છે.

૨

અમુક ગામના ફલાણા ફલાણા હું નીચે સહી કરનાર આ નોટીસથી ખબર આપું છું કે તમે અમારો રજીષ્ટર થયેલી દેશીનાકમાની ચોપડીયોમાંથી અમારી પરવાનગી વગર ઘણીક અગત્યની કલમોના અક્ષરસઃ ઉતારા લીધેલા છે માટે એ બાબત તમારા ઉપર કાયદેસર ઇલાજ કેમ નહિ લેવો તેનો ખુલાસો દિન આઠની અંદર આપવો. જો મુદતની અંદર જવાબ નહિ મળે તો એ બાબતની જવાબદારી તમારે માથે રહેશે.

નોટીસ આપનારની સહી.

જાહેર ખબર.

દુનિયાને જાહેર થવા માટે બહાર પાડેલા પત્રોને જાહેર+ખબર

+ પણ અમુક વ્યક્તિને જાણ થવા લખેલા પત્રને જાહેરાત કહે છે અને એવી રીતે સરકારથી બહાર પાડેલા પત્રને જાહેરનામું કહે છે વિષયની અનુકુળતા ઉપર જાહેર ખબર લખવાનો આધાર છે. માટે આ ઠેકાણે તે આપી નથી.

રાજીનામું (ફેરીયાદનું.)

સરદાર વિ. અધિકારી અમુક. જોગ લી. અમુક જત અમોએ આપની કોરટમાં અમુક ધણી ઉપર અમુક દાવાની અમુક નંબરની ફરિયાદી કરી હતી તેનું ઘર મેળે પતવાથી આ રાજીનામું લખી આપું છું તે અમારે કબુલ છે. મીતિ અને તારીખ.

૧ લખી આપનારનું મતુ ૧ (સાક્ષી.)

ઇજારાનો પટો.

શિકકો.

નામદાર મહારાણા શ્રી (ગામ) રાજ્ય સંસ્થાન અમુક ( )

વચનાત ફલાણા ફલાણા વાસી ગામ અમુકના જત તમોને અમારા અમુક તાલુકા કે પરગણાનું ગામ અમુક દર સાલ રૂ. આટલા લેવાના ઠરાવીને આટલી અવધ સુધી ઇજારે આપ્યું છે તે ગામના ખુંટની હદ નીચે પ્રમાણે.

એ ગામની ઉત્તરે અમુક તાલુકાના ગામ મોજે અમુકના સિમાડાના ખુંટની હદ છે. દક્ષિણે અમુક નદીના અમુક કાંઠા સુધી. પશ્ચિમે અમુક જીલ્લાના અમુક ગામના સિમાડાની હદના ખુંટ સુધી અને પૂર્વે અમુક તાલુકા અમુક ગામના સિમાડાની હદ સુધી છે. એ રીતે ચારે તરફથી હદ વચ્ચેના ગામ અમુકનો ઇજારો આપ્યો છે. એ ગામને સિમાડે કોઇ વજતર અથવા હરામખોરથી કે બીજા કોઇ કારણથી ખરખરાજાત થાય તો તે ગામને શીર છે. સદરહુ ઇજારામાં વરસ જેવું તેવું આવે, પાકે અગર ન પાકે, ઉપજ આવે અગર ન આવે, અગર અસમાની સુલતાની આફત આવે તે

પણ ઉપર લખ્યા ઇજારાના રૂપિયા લેવા છે, અને ગમે તેટલી પેદાશ થાય અગર જે ઉપજે તે તમારૂં છે. તેના વધારા ઘટારામાં અમારો હક નથી. તે ગામના લોક પાસેથી વેરા, વજે, કણગરી, માંડવી, કન્યાચોરી ભોમ મસવાડી, ચીલા વગેરે સર્વે પ્રકારના હક જે પ્રમાણે, અમે લેતા આવ્યા છીએ તે પ્રમાણે તમો પણ લેજો. નવું કરશો નહિ અને જુનું લોપાશો નહિ. એ ગામના લોક અમારી વેઠ વારી કરતા હશે તે પ્રમાણે તમારી કરશે; એ કરતાં વધારે કરશે નહિ. એ ગામને શેડે સિમાડે કોઇ નવી જમીન આવે તે તમારા ઇજારાના હકમાં છે એ ગામમાં નવાં શાંતી લાવી. ગામની આબાદી વધારવી. ખેતીવાડીનું કામ સુધારવા મહેનત લેવી. ઉપર લખ્યા સિવાય સદરહુ મુદ્દતમાં તમે જે જે સુધારો કરી ઉપજ વધારો, તે બાબત તમારી પાસેથી કાંઇ વધારે લીધામાં આવશે નહિ. અને હરેક વહિવટની બાબતમાં ચોખવટ રાખી ઉપરના પટાની મુદત પુરી થયે અને તમારો ઇજારો છુટેથી ગામ આબાદ દરબાર શ્રીને સોંપવું. તે વખત સદરહુ ગામમાં તમારૂં લહેણુંદેણુ હોય તે અમો વ્યાજબી રીતે અપાવી દઇશું. સદરહુ ઇજારાના રૂ. બે હપ્તે નીચે પ્રમાણે લેવામાં આવશે.

તમે કોઈ નવાં નવાણુ ગળાવશો અને તેની ખરાજાત થાય તે અમને જાહેર કરશો તો અમો તપાસ કરાવી ખરાજાત મજરે આપીશું આ ગામ અમારા ગીરાસનું છે તેમાં કોઇનો ભાગ કે હિસ્સો નથી. અને કદાપિ હોય તો તેનો જવાબ અમે આપીએ. એ રીતે તમને સદરહુ ગામ ઇજારે આપ્યું છે તે ઉપર ધ્યાન આપી ગામના લોકને આબાદ કરી વસ્તી વધારો વહીવટ કરજો. મીતિ.

કારભારીની સહી. દરબારની સહી તથા મ્હોર.

અંક ૩ જો.

સરકારી કામકાજના પત્રો વિષે.

રાજ્ય વ્યવસ્થા.

૧ સરકારી કામકાજના સંબંધમાં અરજી, રિપોર્ટ, હુકમ, જાહેરયાદી અને સરક્યુલર લખવામાં આવે છે. પરંતુ રૈયત વર્ગના માણુસો પોતાની હકીકત જે પત્રમાં લખીને જાહેર કરે છે તેને અરજી કહે છે. સરકારી નોકરો અથવા અમલદારો સરકારી કામકાજને લગતી બાબત ઉપર પોતાના ઉપરીને જે પત્ર લખે છે, તેને રિપોર્ટ કહે છે, ઉપરી તાબાના નોકરને લખે છે તેને હુકમ કહે છે, અમલદાર સાર્વજનિક ઠરાવ જાહાર પાડે તેને જાહેરનામા, એકજ ખાતાના સરખા દરજ્જાના તથા જુદા જુદા ખાતાના અધિકારીઓ એક બીજા ઉપર પ્રસંગ આવે જે લખાણ ચલાવે તેને યાદી, અને ખાતાના માણુસને સામાન્ય સૂચના માટે જે હુકમ કાઢે છે તેને સરક્યુલર કહે છે આ સર્વ પ્રકારનું કામ કરનારને રાજ્ય પદ્ધતિનુ જ્ઞાન મેળવવાનો જરૂર છે. એમ ધારીને તે આપવામાં આવે છે.

૨. હિંદુસ્થાનની અંદર ચક્રવર્તી રાજા અંગ્રેજ સરકાર છે. તેમનું મૂળ રહેઠાણુ ઈગ્લાંડ છે. તેમની રાજધાનીનું શહેર લંડન છે, ત્યાં હિંદુસ્થાન ઉપર રાજ્યકારભારની દેખરેખ રાખનાર એક અમલદાર છે. તેને હિંદુસ્થાન ખાતાનો સેક્રેટરી કહે છે. એ અમલદારને રાજ્ય કારભારમાં મદદ કરવા સારૂ એક કમિટિ નીમેલી છે.

૫. ઉપર લખેલા ઇલાકાઓ શિવાય અંગ્રેજ સરકારને તાબે

મુજબ રાજ્ય કારભાર ચલાવવાને સારૂ એક સર્વોપરી અધિકારી છે તેને ગવર્નર જનરલ અથવા વાઇસરાય કહે છે. એમનું મુખ્ય મથક દીલ્હી છે. તેઓ નિરંતર લંડનમાં રહેલા સ્ટેટ સેક્રેટરીના હુકમ પ્રમાણે રાજ્યકારભાર ચલાવે છે. તથા સર્વ ખાતાં ઉપર દેખરેખ રાખે છે. વાઇસરાયને અનુમત આપનારી બે કૌંસિલો (મંડળીઓ) છે. તેમાં પહેલી મંડળીમાં ખૂદ વાઇસરાય, સેનાધિપતિ (કમાન્ડર ઇન્ચીફ) અને બીજા ૭ ગૃહસ્થો મળીને આઠ મેંબરો હોય છે તેને સુપ્રિમ કૌંસિલ કહે છે. અને બીજી મંડળીમાં એ આઠ તથા બીજા ગૃહસ્થો હોય છે. તેને સુપ્રિમલેજીસ્લેટિવ કૌંસિલ કહે છે. રાજ્ય કારભારમાં યોગ્ય સંમતિ આપવાને સુપ્રિમ કૌંસિલ ધ્યાન આપે છે અને રાજ્યસુત્ર બરાબર ચલાવવામાં અને લોકના જાન માલ તથા હક્કનું સંરક્ષણ કરવા માટે નવીન કાયદા ઘડાવવા કિંવા જુનામાં ફેરફાર કરાવવો એ બીજી એટલે સુપ્રિમ લેજીસ્લેટિવ મંડળીના મેંબરોનું કામ છે.

૪. હિંદુસ્થાનનો રાજ્ય કારભાર બરાબર ચલાવવા સારૂ આખા દેશના ભાગ કરેલા છે આઠ મોટા તથા ૭ નાના ભાગ છે. મુંબાઈ, મદ્રાસ, બંગાળા, વાવ્ય પ્રાંત, અને પંજાબ ઇલાકા. બરમા અને બીહાર મુંબાઇ બંગાળા અને મદ્રાસમાં ગવર્નર રહે છે. તેની મદદમાં પણ કાસિલરો રાખવામાં આવે છે બીજે લેફ્ટેનેન્ટ ગવર્નર રહે છે. એ બધા અધિકારીઓ ઉપર વાઈસરાય—ગવર્નર જનરલ, અને લંડનમાં રહેલા હિંદુસ્થાન ખાતાના સેક્રેટરીનું ઉપરીપણું છે. ગવર્નરો વાઇસરાયથી કેટલીક બાબતોમાં સ્વતંત્ર પણ છે.

૫. ઉપર લખેલા ઇલાકાઓ શિવાય અંગ્રેજ સરકારને તાબે

દેશ બહારના બેટો અને કેટલાંક સંસ્થાનો છે તે બધા તાબાના થી રાજ્યોના મુલકો ઉપર ગવરનર જનરલની દેખરેખ અને સત્તા છે. રેગ્યુલેટિંગ આક્ટ દાખલ નથી કર્યો તેવા મુલકનો રાજ્ય કારભાર ચલાવનાર અધિકારી ચીફ કમિશનર અને દેશી રાજ્યો ઉપર દેખરેખ રાખનાર રેસિડેન્ટ કે પોલિટિકલ એજંટ કહેવાય

ચીફ કમિશનરની નીમનોક વાઇસરાય તરફથી અને પોલિટિકલ એજંટની નીમણૂક સ્થાનિક સરકાર તરફથી થાય છે.

૬. ઇલાકાના અધિકારીઓએ રાજ્ય કારભારની સોઇ માટે ચાર ખાતા મુખ્ય ઠરાવેલા છે ૧ રેવન્યું એટલે જમાબંદી અથવા વસૂલાત ખાતું ૨ જ્યુડિશિયલ એટલે ઇન્સાફ ખાતું, ૩ લોકોપયોગી સામાન્ય ખાતુ, ૪ પોલિટિકલ એટલે રાજ્યક્રિયખાતું.

૭. ઇલાકાના પેટા ભાગને જીલ્લો, અને જીલ્લાના પેટાભાગને તાલુકો મહાલ કે પરગણું કહે છે, એ પ્રત્યેક ઠેકાણે રાજ્યકારભાર ચલાવવાને અગત્યના અમલદારો હોય છે તેમના તાબામાં ઉપર લખેલાં ખાતાંની વ્યવસ્થા કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. માટે ખાતાવાર વ્યવસ્થા બતાવવાથી ઠીક પડશે.

રેવન્યુ ખાતુ—એ ખાતાનું કામ જમાબંદી અથવા મ્હેસુલ ઉઘરાવવાનું છે. એ ખાતાના સર્વોપરી અધિકારીને રેવન્યુ કમિશનર અથવા સરસુબા કહે છે. તેના ઉપરીપણા નીચે જીલ્લાવાર કલેક્ટર, અથવા સુબા હોય છે. તેમની મદદમાં એક કે વધારે આસિસ્ટંટ કલેકટર, એક ડિસ્ત્રિકટ ડેપ્યુટી કલેક્ટર અને એક હજુર ડેપ્યુટી કલેકટરને દેખરેખ રાખવા માટે તાલુકા વહેંચી આપવામાં આવે છે. અને હજુર ડેપ્યુટી કલેકટર જીલ્લાના સ્થળમાં

ત્રિજોરીનું કામ કરે છે. વળી દરેક તાલુકામાં મામલતદાર ા વહીવટદાર અને પેટા તાલુકાઓમાં મહાલકરી હોય છે. તાલુકાના ગામોનું મહેસુલ ઉઘરાવનાર પટેલ તલાટી કે ઉ-દાર વગેરે હોય છે. અને તેમજ ગામનો મુખી પટેલ મદદ છે એ મુખીને પોલિસ પટેલ પણ કહે છે.

રેવન્યુ ખાતાના પેટામાં કષ્ટમ (મીઠું) આપકારી (દારૂ,) પ, સરવે ખાતુ, અને જકાત ખાતું છે. તેના મુખ્ય અધિકા-કમિશનર કહે છે.

જ્યુડિશિઅલ ખાતું—ઇન્સાફ ખાતાનાં બે મોટાં અંગ છે. ારી અને દીવાની, ફોજદારી ખાતામાં—ખુન, મારા મારી, ચો-—ગુન્હાની ચોકસી ફોજદારી ખાતાથી થાય છે. તેનો ફ કરનાર અધિકારી માજીસ્ટ્રેટ કહેવાય છે. રેવન્યુ ખાતાના અ-ી કલેકટર, આસિ. કલેકટર દી. ડે. કલેકટર, હજુર ડેપ્યુટી ર, તથા મામલતદારને માજીસ્ટ્રેટનો અધિકાર છે. કલેકટર ા માજીસ્ટ્રેટ, અને મામલતદાર સબ માજીસ્ટ્રેટ કહેવાય છે. ફો-ી કેશની પ્રથમ ફરિયાદ અધિકારના પ્રમાણમાં જે તે અધિ-ને કરવી પડે છે. મેજીસ્ટ્રેટના ઉપરી જીલ્લા જજ છે માટે ર જીલ્લાનું ફોજદારી કામ કરે તે વખતે સેસન જજ અને ી વખતે ડિસ્ટ્રિક્ટ જજ કહેવાય છે. જજો એસેસરો કે તો મત લઇ ફોજદારી મોટા કેસો ચુકવે છે.

દીવાની ખાતામાં—લેવડદેવડ અને વતનો વગેરેના હદ ત દાવા ચાલે છે. ઇલાકાના મુખ્ય શહેરમાં ઇન્સાફની મુખ્ય

કચેરી છે તેને હાઇ કોરટ અથવા વરિષ્ટ અદાલત કહે છે. એમાં બે કરતાં વધારે જડ્જ હોય છે. પ્રત્યેક જીલ્લામાં એક જીલ્લા જડ્જ છે. તેના તાબામાં સબાર્ડીનેટ જડ્જો અથવા મુનસફો છે સબાર્ડીનેટ જડ્જ ઉપર જડ્જને ત્યાં અને જડ્જ ઉપર હાઇ કોરટમાં અપીલ થઇ શકે છે. સ્માલકાજ કોરટની તપાસ બદલ અપીલ હાય કોરટમાં જ ચાલી શકે છે પણ રૂ. ૫) સુધીની રકમ ઉપર અપીલ ચાલી શકતી નથી.

સામાન્ય ખાતું—લોકોપયોગી તમામ ખાતાનો સમાસ એમાં કરેલો છે. તે નીચે પ્રમાણે.

પોલિસ ખાતું—પ્રજાના જાન માલને સંભાળવા તથા ગુન્હેગારને પકડવાનું કામ પોલીસનું છે. જીલ્લાના પોલીસ ખાતાનો ઉપરી પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ છે. તેના હાથ નીચે પોલીસ ઇન્સ્પેકટર, ફોજદાર, કે ચીફ કોન્સ્ટેબલ, જમાદાર, હવાલદાર, નાયક, કોન્સ્ટેબલો એટલે સિપાઇઓ, એ અનુક્રમે છે. પોલીસખાતાને હાથ ઇન્સાફ કરવાનો બિલકુલ અધિકાર નથી. તેઓ ગુન્હેગારને પકડી માજીસ્ટ્રેટને હવાલે કરી શકે છે. માજીસ્ટ્રેટ તેની તપાસ ચલાવીને યોગ્ય ઇન્સાફ આપે છે, ફોજદારને અંગ્રેજીમાં ચીફ કોન્સ્ટેબલ કહે છે.

પબ્લિકવર્કસ ખાતું—નવાણુ અને ધર્મશાળા વગેરે મકાનો બાંધવાનું કામ આ ખાતું કરે છે. એ ખાતાને સરકારથી તથા લોકલ ફંડથી નાણાની મદદ મળે છે. એ ખાતાના મુખ્ય અધિકારીને ચીફ ઈંજિનિયર કહે છે, તેના તાબામાં એક્ઝીક્યુટિવ ઇંજિ-

નિયર ઓવ્હરસિયર ઇ. અધિકારીઓ હોય છે.

વિદ્યા ખાતું—પ્રજામાં વિદ્યાનો વધારો થવાને ખાતું છે. એમાં ડિરેક્ટર, ઇન્સ્પેક્ટર, ડેપ્યુટી, અને હેડમાસ્તર અધિકારી વર્ગમાં છે.

દવા ખાતું—લોકને વ્યાધિ રહિત કરવાને એ ખાતાની યોજના છે. એના મુખ્યને સિવ્હલ સરજન જનરલ કે ચીફ મેડીકલ ઓફીસર કહે છે. તેમના તાબામાં શી બા ખાતું હોય છે તેના ઉપરીને સેનેટરી કમિશનર કહે છે.

પોષ્ટ ખાતું—એના ઉપરીને પોષ્ટ માસ્તર જનરલ અને પ્રાંતનાને પોષ્ટલ સુપ્રિન્ટેન્ડેન્ટ કહે છે.

સર્વે ખાતું—રેવન્યુ ખાતાના અમલદારો મ્હેસુલ વખતે રૈયતને ત્રાસ ન આપે માટે આ ખાતા તરફથી તમામ જમીનનું માપ મુકરર થાય છે તથા તેની જાત નક્કી કરી દર બાંધવામાં આવે છે. આ ખાતાના ઉપરીને સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ કે સર્વે કામદાર અને નોકરોને મોજણીદાર કહે છે.

લશ્કરી ખાતું—એના ઉપરીને સેનાપતિ અથવા કમાન્ડર ઇન્ચીફ કહે છે. દુશ્મનોથી દેશનું રક્ષણ કરનાર આ ખાતું છે.

પોલિટિકલ ખાતુ—રાજસ્થાનના બંદોબસ્ત માટે તે સ્થાપ્યું છે. ગવર્નરોના હાથ નીચેનાં જે સંસ્થાનો છે તેના ઉપરી પોલિટિકલ એજન્ટ, અને વાઇસરાયના તાબામાં જે મોટાં રાજ્યો છે તેના ઉપરી રેસિડેન્ટ છે. તે દેશી રાજાઓમાં અરસપરસ સંપ રહે તેની તથા બ્રિટિસ સરકાર સાથેના કોલકરાર પ્રમાણે તેઓ ચાલે છે કે નહિ તેની તપાસ રાખે છે અને ખંડણી વસુલ કરીને જેનો તેનો

હિસ્સો પહોંચકાવે છે. આ સિવાય મ્યુનિસિપાલ ખાતું, દરિયાઇ આ-બું વગેરે અનેક ખાતાં છે તેની વિગત વધારે અગત્યની ન હોવાથી આપી નથી.

ગુન્હા અને અરજીઓ સબંધી સુચના.

અરજીઓના ઘણા પ્રકાર થઇ શકે પણ અત્રે ચાર પ્રકારની

અરજીઓના ઘણા પ્રકાર થઇ શકે પણ અત્રે ચાર પ્રકારની
અરજીઓને મુખ્ય માનેલી છે એવી રીતે કે—નોકરી મેળવવા મા-ટેની અરજી, ૨ ફોજદારી ગુન્હાને લગતી અરજી, ૩ દીવાની કામ-ની એટલે દાવા અરજી, ૪ સાર્વજનિક કામકાજને લગતી અથવા પરચુરણ અરજીઓ.

રૈયતના સાર્વજનિક લાભ જાળવવાની અરજીઓ કલેકટર (સુબા) ને તથા મામલતદાર કે વહિવટદારને આપવી. મારા મા-રી, અપમાન, સોથના રૂ. તથા છ માસની અંદરનો સ્થાવર મિલ-કતનો કબજો, રાજ્ય વિરૂદ્ધ ગુન્હા, કાયદા વિરૂદ્ધ મંડળી બાબત સુલેહનો ભંગ થયાની, લાંચ બાબત, સરકારી નોકરોને કાયદેસર અખ્ત્યારના તીરસ્કાર બાબત અથવા તેઓના હુકમને અપમાન કર્યા બાબત, ખોટા પુરાવા તથા સરકારી ઇન્સાફ વિરૂદ્ધ ગુન્હા બાબત, ખોટી પ્રતિજ્ઞા અથવા ખોટી સાહેદી આપવા બાબત. સિક્કા અથવા સરકારી સ્ટાંપ વિરૂધ ગુન્હા માટે, ઓછાં કાટલાં તથા માપ સબંધી ધર્મ સબંધી ભારી + ગુન્હા બાબત. મિલકત* વિરૂદ્ધ લેખ સબંધી તથા વેપારીની અથવા મિલકતની નિશાનીઓ બાબત. નોકરી કર-

---

+ જેવા કે ખૂન, ગર્ભપાત, અપઘાતમાં મદદ, ખૂનની કોશીશ, જન્મ છુપાવવો હુમલો, બળાત્કાર સંભોગ ઇત્યાદિ.

વાને ગુન્હો તોડવા બાબત, લગ્ન સબંધી ગુન્હા માટે આબરૂ બાબત, બીભીત્સ પુસ્તકો છપાવવા માટે તથા વેચવા માટે, સાપ્રાધ ધમકી તથા તિરસ્કાર બાબત, રેલવે સબંધી ગુન્હા, મદદગારી બાબત, પરહદમાંથી બાંધી ફોસલાવી લાવવી, ખાનગી બચાવ કરવો, ૯ પ્રવેશ ગેરવ્યાજબી અટકાવ, કીમતી દસ્તાવેજનો નાશ કરવો, ખોટાં નાણાં ચલાવવાં, મહાવ્યથા ઇત્યાદિ ફોજદારી કામને લગતા ગુન્હાની અરજીઓ માજીસ્ટ્રેટની કોરટમાં થઇ શકે છે; અને લહેણું દેણુંની, ૭ માસ ઉપરનો કબજો ભોગવટો જોડાવવા વગેરેની ફરીયાદ એટલે મિલકત અથવા કામ કરવાના હક્કવિષે, તથા તેના ભંગ બાબતની ફરિયાદ દીવાની રાહે થઇ શકે છે. તેમાં મિલકતનો નાશ થઇ શકવાનો સંભવ હોય અથવા તહોમતદાર તથા સોબતીઓ નાશી જશે, ને હાથમાં નહિ આવે એવું કંઇ બન્યું હોય તો તેના સંબંધી ફરિયાદ ફોજદાર તરફ પરભારી થઇ શકે છે.

અરજી લખતી વખતે જે તે ખાતાના અધિકારીનું નામ લખવાની જરૂર નથી માત્ર તેમનો હોદ્દો હોય તે લખવો. બ્રિટિસમાં સરકારી અધિકારીઓને આપવાની અરજીઓમાં મથાળે સરકાર મહેરબાન અમુક અધિકારી સાહેબ બહાદુર અને દેશી સંસ્થાનોના શ્રીમંત સરકાર વિ. મહેરબાન અમુક અધિકારી સાહેબ એવું લખીને નાની લીટીએ તે અધિકારીના મુકામનું નામ લખાય છે. પછી અરજદારનું નામ અને અરજીની મતલબ લખવાનો રીવાજ છે.

---

*ચોરી, જબરાઇથી કઢાવવું, અપહરણ ડાકાઇટી, મિલકતનો સાપ્રાધ ખોટો ઉપયોગ, વિશ્વાસઘાત, ચોરીની મિલકત લેવી, ઠગાઇ, દગાનાં ખત, ઇ૦

બ્રિટિશમાં અરજી વિગેરેનાં સ્ટામ્પ.

કસ્ટમ ખાતાના અમલદારની અરજીને	રૂ. ૦—૧—૦	સ્ટામ્પ
હરેક માજીસ્ટ્રેટને કરવાની અરજીને	૦—૮—૦	,,
નાદારી તરીકે ફરિયાદી માંડવાની ,,	૦—૮—૦	,,
,, ડિસ્ટ્રિક્ટ કોર્ટની અપીલને	૧—૦—૦	,,
,, હાયકોર્ટને ,,	૨—૦—૦	,,
હાયકોર્ટને કરવાની અરજીને	૨—૦—૦	,,
સોગન નામા પર	૧—૦—૦	,,
જામીન ખત ,,	૦—૮—૦	,,
મરણ પામેલાની મિલકતનો પાવર લેનાર સામા વાંધાનું ફરજીઆત નામું રજુ કરતાં.	૫—૮—૦	,,
મામલતદાર, મહાલકરી કે કોઇ પણ રેવન્યુ અધિકારીને હરકોઇ રેવન્યુ કામ બાબતની અરજીને	૦—૮—૦	,,
મ્યુનિસિપાલિટિ કે લોકલ બોર્ડના પ્રેસિડેન્ટને	૦—૧—૦	,,

હરકોઈ પોલીસ અમલદારની અરજીને સ્ટામ્પની માફી છે.

મ્યુનિસિપાલિટિ કે લોકલ બોર્ડના સેક્રેટરીની અરજીને સ્ટામ્પ માફ છે.

નકલ કરવાની ફી—હરકોઇ દસ્તાવેજમાં દર સો શબ્દે ૦–૨–૬ પ્રમાણે ફી પડે છે. વિશેષ—રજીસ્ટર કરાવવા માટે ઘેર બોલાવવામાં આવે તો ઉપરની ફી (સિવાય રૂ. ૧૦) ફેરાના તથા રજીસ્ટર બદલ દુપટ ફી લેવામાં આવે છે.

દિવાની કોર્ટની ફરિયાદીના સ્ટામ્પ.

રૂ. ૧) થી રૂ. ૫) સુધી ને ૭ આનાનો, રૂ. ૫) થી અધિક અને રૂ. ૧૦) સુધ.ને બાર આનાનો રૂ. ૧૦ થી અધિક અને રૂ. ૧૫) સુધીને રૂ. ૧)ા નો, રૂ. ૧૫) થી અધિક અને રૂ. ૨૦) સુધીને રૂ. ૧ાા નો. એ રીતે રૂપિયા સો સુધીમાં દર પંચકડે ૭ આના લેખે. રૂ. ૧૦૦) થી અધિક અને રૂ. ૧૦૦૦) સુધીમાં દર દસકે બાર આના લેખે, અને રૂ. ૧૦૦૦)થી અધિક અને રૂ. ૫૦૦૦) સુધીમાં દર સેંકડે રૂ. ૫–૦–૦ લેખે ઇત્યાદિ (જુઓ સ્ટામ્પ આકટ)

બ્રિટિસ કોર્ટની ફરિયાદની મુદત.

૧ પગારની, ૨ સરકારી મ્હેસૂલ ચઢી જવાથી કોર્ટના કાયદાથી થયેલું વેચાણ રદ કરાવવાની, ૩ જાહેર કામ માટે જોઇતી જમીન લીધી હોય તેના બદલાની, ૪ ખોટી રીતે કેદ કરવાની, ૫ શરીરને થયેલા નુકસાનના બદલાની, કપટથી ફોજદારી કોર્ટમાં કામ ચલાવવાની, બદનક્ષો કરવાની, કોઇએ શેઠ સાથે કરેલો એકરાર તોડવાની ઉશ્કેરણી કરવાની, અને ગેરકાયદે જપ્તિ લઇ જવાની મુદત એક વર્ષની છે.

સ્રીનો કબજો મેળવવા માગણી કરી અને તેની ના પાડવામાં આવે ત્યારથી, ધણી ધણીઆણી વચ્ચે રાહવટની, ધણી ધણીઆણી

ઉમ્મરે પહોંચ્યા પછી શાહવટ માગવામાં આવે પણ તેની ના પાડવામાં આવે ત્યારથી, રેલ્વે કે બીજા મારફતે માલ પહોંચાડતાં થયેલી ઢીલના બગાડની કે ગયેલા માલની અરજી સબંધી મુદત બે વર્ષની છે.

ત્રણ વર્ષની—ચોરી કે બીજી બદદાનતથી ગયેલી મિલકત મેળવવાની મુદત આગળ નક્કી નહિ કરી હોય એવા વેચેલા માલનાં નાણાં મેળવવાની, પ્રતિવાદીની અરજથી કરેલા કોઈ પણ કામનાં નાણાં મેળવવાની ઉછીતાં નાણાંને જામીનગીરીનાં નાણાં મેળવવાની હુંડી કે શાહજોગ ચિઠ્ઠીનાં મેળવવાની, ભાડાની ભૂલચૂકથી અથવા કામના છૂટકારાની, છૂટા થયેલા પંત્યાળાનો હિસાબ અને ન્ફાનો હિસ્સો મેળવવાની, ચાલુ ખાતાની બાકીની, દગાથી, મેળવેલું કબજનામું રદ કરાવવાની આડતિયા પાસેથી હિસાબ લેવાની કોઈ દસ્તાવેજ બનાવટી છે એમ ઠરાવવાની, અને જોઈન્ટસ્ટોક કંપનીના કોલની મુદત ત્રણ વરસની છે.

સ્થાવર મિલકત ઉપર ધીરેલાં નાણાં મેળવવાની બાકુત પાસેથી મિલકતનો કબજો મેળવવાની, મરનાર તરફનો દાવો મેળવવાની, વંશ પરંપરાનો ચાલતો હોદ્દો મેળવવાની મુદત બાર વર્ષની છે.

ગીરો મૂકેલી જંગમ મિલકત મેળવવાની, સ્થાવર મિલકત ગીરો રાખનારે કબજાગીરો આપનાર પાસેથી તે મિલકતનો કબજો હાયકોટમાંથી મેળવવાની અરજી મુદત ત્રીસ વર્ષની છે.

ગીરો મૂકેલી સ્થાવર મિલકત ગીરો રાખનાર તરફથી દેવાની કબજાગીરો આપેલી સ્થાવર મિલકત ગીરો રાખનાર પાસેથી છોડવવાની હિંદુસ્થાન ખાતાના પ્રધાન તથા સરકાર તરફથી કોઈ પણ

ફિરિયાદની મુદત આઠ વર્ષની છે.

ગાયકવાડી રાજ્યમાં અરજી વગેરેને સ્ટામ્પ.

દરેક કામ સબંધી હજુર અરજીને, દીવાની કામની પેટા અરજીને, કુકય નામાની નકલ લેવા બદલ માગીઓટને, મારામારી, ગાળાગાળી, ઓનો કબજો લેવાની, કબજાની ફિરિયાદની, આબરૂની અરજીને, વરિષ્ટ કોર્ટની પરચુરણ અરજીને, સોગન નામાને, દરેકહિસબાજ અપીલ પ્રાંત ન્યાયાધીશને, અને દરેક એકસીટલ અપીલ વરીષ્ટ કોર્ટને કરી હોય તો તે દરેક ઉપર આઠઆઠ આનાનો સ્ટામ્પ જોઇએ.

દીવાની કોર્ટમાં પ્રતીવાદીનો જવાબ ચાર આનાના, જંગમ મિલકતની વહિવટના ખતને એક રૂપિઆના; વતન, વૃત્તિ અને સ્થાવર મિલકતના વહિવટને ચાર રૂ. ના, હક ઠરાવવાની, હિસાબ લેવાની, ઓનો કબજો મેળવવાની, કોઇપણ માણસ કબજે લેવાની, અને પંત્યાળો તોડવાની અરજીને દસ રૂપીયાનો સ્ટામ્પ છે.

સુરસુબા, સુબા, વહિવટદાર કે મહાલકરીને આપવાની રેવન્યુ કામની અરજીને સ્ટામ્પની માફી છે.

ગાયકવાડી રાજ્યમાં દીવાની સ્ટામ્પ.

રૂ. ૧) થી રૂ. ૪) સુધીને રૂ. ૦। નો રૂ ૨૦૦) ,, રૂ ૨૫૦ ,, રૂ ૧૬)

રૂ. ૪થી અધિક અને રૂ. ૮) ,, રૂ ૦॥ નો રૂ. ૨૫૦) ,, રૂ ૩૦૦) , રૂ ૨૦)

રૂ. ૮) ,, રૂ ૧૬) ,, ૧) ,, રૂ ૩૦૦) ,, રૂ ૪૦૦) ,, રૂ ૨૫)

રૂ. ૧૬) ,, રૂ ૩૨) ,, રૂ ૨) ,, રૂ. ૪૦૦) ,, રૂ. ૫૦૦) ,, રૂ ૩૨)

રૂ. ૩૨) ,, રૂ ૫૦) ,, રૂ ૩) ,, રૂ. ૫૦૦) ,, રૂ. ૬૦૦) ,, રૂ. ૪૦)

રૂ. ૫૦),, રૂ ૬૪) ,, રૂ.૪) ,, રૂ. ૬૦૦) થી અધિક, અને રૂ. ૭૦૦

રૂ. ૬૪),, રૂ ૭૫) ,, રૂ.૫) ,, રૂ. સુધીને રૂ. ૪૫

રૂ. ૭૫),, રૂ. ૧૦૦) રૂ ૬) ,, રૂ ૭૦૦) ,, રૂ ૮૦૦) ,, ૫૦)

રૂ. ૧૦૦),, રૂ ૧૨૫),, રૂ ૮) ,, ૮૦૦) ,, ૧૦૦૦) ,, રૂ. ૬૦)

રૂ. ૧૨૫),, રૂ ૧૫૦) ,, રૂ ૧૦),, રૂ. ૧૦૦૦),, રૂ. ૧૨૦૦) ,, રૂ. ૭૫)

રૂ. ૧૫૦),, રૂ ૨૦૦ ,, રૂ ૧૨),, રૂ. ૧૨૦૦),, રૂ ૧૫૦૦) ,, રૂ. ૧૦૦)

રૂ. ૧૫૦૦) ,, ૨૦૦૦) રૂ ,, ૧૨૫) રૂ. ૮૦૦૦) ,, રૂ. ૯૦૦૦),,રૂ ૫૫૦)

રૂ. ૨૦૦૦) ,, રૂ. ૨૫૦૦),, રૂ.૧૫૦)રૂ. ૯૦૦૦),, રૂ. ૧૦૦૦૦),,રૂ.૬૦૦

રૂ. ૨૫૦૦) , રૂ. ૩૦૦૦),, રૂ. ૨૦૦),,રૂ. ૧૦૦૦૦),,૧૨૫૦૦),,રૂ.૮૦૦

રૂ ૩૦૦૦) ,, રૂ. ૪૦૦૦),,રૂ. ૨૫૦)રૂ. ૧૨૫૦૦),,રૂ.૧૫૦૦૦),,રૂ.૧૦૦૦)

રૂ. ૪૦૦૦),,રૂ.૫૦૦૦),, રૂ. ૩૦૦)રૂ. ૧૫૦૦૦),,રૂ ૨૦૦૦),, રૂ.૧૨૫૦)

રૂ. ૫૦૦૦),,રૂ.૬૦૦૦),, રૂ. ૪૦૦)રૂ.૨૦૦૦૦),, રૂ. ૨૫૦૦૦),,રૂ.૧૬૦૦

રૂ. ૬૦૦૦),,રૂ.૭૦૦૦),, રૂ.૪૫૦)રૂ. ૨૫૦૦૦),,રૂ. ૩૦૦૦૦),,રૂ.૧૮૫૦)

રૂ. ૭૦૦૦),,રૂ.૮૦૦૦) , રૂ. ૫૦૦)રૂ. ૩૦૦૦૦),,રૂ.૩૫૦૦૦),,રૂ ૨૧૦૦)

ઇત્યાદિને માટે જુઓ સ્ટામ્પ આક્ટ.

દીવાની કામમાં પુરાવા દરખાસ્ત ફી.

રૂ. ૧ થી રૂ. ૨૫ સુધી રૂ. ૦। રૂ. ૧૦૦ થી અધિક અને રૂ. ૫૦૦)

રૂ. ૨૫) થી રૂ. ૫૦) સુધી રૂ ૦॥ સુધી રૂ. ૨)

રૂ. ૫૦૦) ,, રૂ. ૧૦૦૦) ,, રૂ. ૩)

રૂ. ૫૦ થી ,, ૧૦૦) સુધી રૂ. ૧) પછી તે ઉપરાંત રૂ. ૫) ,,

વારસાઇનો દાખલો લેવાને સ્ટામ્પ.

રૂ. ૧) થી રૂ. ૫૦૦ સુધીને રૂ. ૧) રૂ. ૫૦૦) થી અધિક અને

રૂ. ૧૦૦૦) સુધીને રૂ ૨) રૂ. ૧૦૦૦) અધિક અને રૂ, ૫૦૦૦) સુધીને રૂ. ૩) અને તે ઉપરાંત ચાર રૂપીયા છે.

ગાયકવાડી રાજ્યમાં ફરિયાદની મુદત.

નાદારીમાં દાવો ચલાવવાને પરવાનગી મળવા કરેલી અરજી-નો નિકાલ થતા સુધીમાં મુદત ગઇ હોય તો એ અરજનો નિકાલ થયા તારીખથી ફરિયાદ કાઢી નાખ્યાના કારણથી ફરીને દાવો કરવો હોય અને તેની મૂળની મુદત રહી ન હોય અગર થોડી રહી હોય તો, તે દાવો ત્રણ માસમાં ચાલી શકે છે.

મેજીસ્ટ્રેટને ત્યાંથી સ્થાવર મિલકતનો કબજો લેવા બાબતની મુદત છ માસની છે.

વારસાઇનો દાખલો મળ્યા તારીખથી મરનારનું લહેણું કિંવા માલ મિલકત લેવાની ફરીયાદ મૂળની મુદત વિત્યા છતાં કરવી હોય તો, જંગમ મિલકત કોઇને દાન, બક્ષીસ અગર વેચાણ આપવામાં આવી હોય ને તે કબજે થયેલી ન હોય તો, બીજાના હુકમનામામાં વેચાઇ ગયેલી કોઇની જંગમ મિલકત પાછી મેળવવી હોય તો, મેયત થયેલા કોઇ બાળક અથવા ગાંડા માણુસનું લહેણું અથવા માલ મીલકત બીજાના કબજામાં હોય તે તેના વારસોને લેવી હોય તો તેનો દાવો એક વરસ સુધીમાં ચાલી શકે છે.

કાયદાથી મુદત મુકરર કરવામાં આવી ન હોય એવા સઘળા દાવા સ્થાવર મિલકત કોઇને દાન બક્ષીસ કે વેચાણ આપવામાં આવેલી હોય, પણ તે કબજે થયેલી ન હોય તો તે કબજે લેવા, બીજાના હુકમનામામાં વેચાઈ ગયલી સ્થાવર મિલકત પાછી મેળ

આવા, ગાંડા માણસ ડાહ્યો થયા તારીખથી પોતાની કોઇ પણ મિલકતનો દાવો કરવા માગતો હોય અને મુદત ન રહી હોય તો સગીર વીસ વરસનો થયા પછી મિલકતનો કબજો મેળવવા, ખાતુ અથવા ખત શિવાય બીજી રીતે કરેલો વ્યવહાર, સ્થાવર મિલકતને લગતા ભોગવટાના બંધ કરેલા હક ચાલુ કરવા, અને ઓને તેડવા ગયે ના પાડયા તારીખથી કબજો મેળવવાના દાવાની મુદત બાર વરસની છે.

ઓન તકરારી હાથ દસ્કતના ખાતાને, અને ચાલુ ચોપડા ઉપરના દાવાને છ વરસની મુદત છે.

કરારી હાથ દસ્કતના ખાતાને અથવા ખતને બાર વરસની મુદત છે.

સ્થાવર મિલકત સાન લખી હોય તે ઉપરથી, કોઇ સ્થાવર મિલકત દબાવી હોય તે પાછી મેળવવા, બીજાએ આપણી સ્થાવર મિલકત કોઇને દાન, બક્ષીસ કે વેચાણ આપી હોય તે રદ કરાવી કબજે લેવાની મુદત વીસ વરસની છે.

હરકોઇ અપીલના મુદત ઠરાવ થયા તારીખથી ૬૦ દિવસની છે. પણ તળ વડોદરા શહેરને માટે મેજીસ્ત્રેટ અને સીટીજડજજ ઉપરની અપીલની મુદત ૩૦ દીવસની છે.

નકલ ફી—દર સો શબ્દે એક આનો. દાખલો સોધામણી ફી દરસાલના આઠ આના.

૧ નોકરી મેળવવાને અરજી.

મહેરબાન રા. સા. એજ્યુકેશનલ ઇન્સ્પેકટર.

સાહેબ બહાદુર—પ્રાંત વડોદરા.

મુ. વડોદરા.

સેવામાં મોજે વસો તાલુકે પેટલાદ પ્રાંત વડોદરા રહીશ ઉમેદવાર પટેલ. હાથીભાઇ મીઠાભાઇની સલામ દિગર અરજ એ છે જે આપના તાબામાં નોકરી કરવાને મારી ઇચ્છા છે. તો કૃપા કરીને રૂ. ૧૨) સુધીની જગો આપશોજી.

હું વડોદરા રાજ્યનો રહીશ છું. નાતે લેઉવો પાટીદાર છું, મારી ઉમ્મર વર્ષ ૨૨ ની છે. મેં અત્રેની સ્કુલમાં ગુજરાતી ધોરણ છઠ્ઠાના વર્ષ બીજા સુધી, તથા એંગ્લોવર્નાક્યુલર સ્કુલમાં અંગ્રેજી ચોથા ધોરણ સુધીનો અભ્યાસ કરેલો છે. અને તે દરેક ધોરણમાં પાસ થયો તે બાબતનાં સર્ટિફિકેટ આ લગત સામેલ છે. તે નિગાહમાં લઇ મને યોગ્ય જગો આપવા દયા કરશોજી.

જવાબને સારૂ એક આનાની ટિકીટ આ લગત રાખેલી છે, તે સાહેબ મહેરબાનને વિદિત થાય. તા. ૧—૫—૯૪

લી. સેવક.

પટેલ. હાથીભાઇ મીઠાભાઇ.

૩ મરામતની રજા ચિઠી મળવા બાબત અરજી.

હજૂર વિ૦ મે૦ મ્યુનિસિપાલ સેક્રેટરી કે કમીશનર સાહેબ.

મુકામ.

જીનાબમાં અમુક ગામની અમુક શેરીના રહેનાર અમુકની અરજ એ છે જે—પોળ મજકૂરમાં અમારૂં ઘર છે તે જીર્ણ થ

વાંથી છાપરાનું માલણુ ઉકેલીને નવું કરાવવું છે, તથા બીજી દાગા-ડુગી કરવાની છે તો તેને માટે રજાચિઠી મળવા મહેરબાની થવી જોઇએ. તા.

અરજદારની સહી.

ફોજદારી અરજી—ચોરી વિષે.

સરકાર વિ. મહેરબાન ફોજદાર (ચીફ કોન્સ્ટેબલ) સાહેબ.

તાલુકે અમુક મુ. અમુક.

જીનાબમાં અરજ મોજે અમુક તાલુકે અમુકના રહેનાર અમુકની સલામ ફિગર વિનતિ કે ગઇ કાલ રાતે મારા ઘરમાં ખાતર પડેલું છે. તેમાં નીચેની મિલકત ચોરીએ ગયેલી જણાય છે, (વિગત લખવી.)

ઉપરની મિલકત કોઇ હરામખોર લઇ ગયો છે, તો તે પાછી મળવા તથા હરામખોગોને સજા થવાને પૂરતી તપાસ કરવા મહેરબાની થવી જોઇએ. તા. અરજદારની સહી.

૨ ચોરી વિષે.

સરકાર વિ. મહેરબાન અમુક તાલુકાના અમુક વર્ગના માજીસ્ટ્રેટ સાહેબ.

અરજદાર ધંધો જાત ઉમર રહેવાસી.

નામ

સામાવાળો નામ વગેરે.

હું ઉપર કહેલો અરજદાર અમુક (નામ) અરજ કરું છું કે

સદર સામાવાળો અમુક તારીખે અમુક ઠેકાણેથી, મારા કબજામાંથી બીન પરવાનગીએ તેનો હક નહિ છતાં અમુક અમુક મિલકત ચો-રીની જણુસો નામ કીંમત સાથે) લઇ ગયો છે અને તે તેના કબ-જામાં છે. અગર પોતાની જાણુ પ્રમાણે જે જગાએ હોય તે જગા બતાવવી) ત્યાં જપ્ત કરવાથી મુદ્દા માલ સાથે પકડાશે, એમ મારા સાંભળવામાં છે. તેના સાક્ષીઓ નીચે પ્રમાણે છે-(સાક્ષીનાં નામ તથા ઠેકાણાં) ઉપર લખેલી મિલકત સદર સામાવાળા મારા કબ-જામાંથી મારી રજામંદી શિવાય લઇ ગયો છે અને તે ફલાણે ઠેકાણે છે. તેથી તેની મિલકત જપ્ત કરવાથી મારો મુદ્દા માલ પકડાઇ આવશે. જો તાકીદથી તજવીજ થવા હરકત થશે તો મુદ્દા માલ ઉડી જવા સંભવ છે માટે તાબડતોબ જપ્ત કરશો. હું ચોરીનો ચાર્જ રાખી ફરિયાદ કરૂંછું માટે તેને સાબીત થયે યોગ્ય સજા કરશોજી તા. અરજદારની સહી.

મારા મારી બાબત અરજી.

સરકાર વિ. મહેરબાન અમુક તાલુકાના.
અમુક વર્ગના માજીસ્ટ્રેટ સાહેબ.

અરજદાર, જાત, ધંધો રહેવાસી.

(નામ)

સામાવાળા.

(નામ)

હું ઉપર કહેલો અરજદાર અમુક (નામ) અરજ કરૂંછું જે સદરહુ ઉપર લખેલો સામાવાળો અમુક તારીખે અમુક ઠેકાણે હું

જતો હતો (અગર જેવો પ્રકાર હોય તેવો લખવો) તે વખતે (મારામારી અગર તકરાર કરવાનું કારણ જણાવવું) અમુક કારણને લીધે તેણે મને ગાળો દઇને શરીરની અમુક જગાએ માર માર્યો, તેથી શરીરને વ્યથા થઇ. તેના સાક્ષીઓ નીચે પ્રમાણે છે. (સાક્ષીદારનાં) નામ તથા ચોકસ ઠેકાણાં લખવાં. અને સાક્ષીઓને પોતે બોલાવી રજુ કરવાના હોય તો તે તથા સરકાર મારફતેજ બોલાવવા હોય તો તે લખવું) ઉપર લખેલા સાક્ષીઓને બોલાવી પૂછવાથી કોર્ટની ખાતરી થશે. એ શિવાય વખતે સાક્ષીની જરૂર પડશે તો પાછળથી રજુ કરીશ.

એ રીતે મને સદર લખેલા સામાવાળાએ માર મારી વ્યથા કરી તેથી તેના ઉપર હું વ્યથાનો (ગાળા ગાળી થઇ તો તિરસ્કારનો અગર જે જાતનો ગુન્હો કર્યો હોય તે પ્રકાર લખવો) ચાર્જ રાખી ફરિયાદ કરૂંછું. તા. અરજદારની સહી.

મિલકતનો કબજો લેવા બદલ અરજી.

સરકાર વિ. મે. રાવસાહેબ મામલતદાર સાહેબ તાલુકે અમુક

વાદી ઉમ્મર જાત ધંધો રહેવાશી.

(નામ)

પ્રતિવાદી.

(નામ)

કબજા બદલ.

હું વાદી અરજ કરૂંછું કે અમુક જગાએ અમુક ઠેકાણે મારી માલકી કબજા ભોગવટાની જમીન અગર ઘર કે દુકાન છે. તે

સદર પ્રતિવાદીએ અમુક તારીખે અમુક કારણથી ગેર કબજો કર્યો છે તેની ચતુર સીમા નીચે પ્રમાણે—

સદરહુ જમીન અમુક તારીખ સુધી મારા કબજા ભોગવટામાં હતી, તેનો અમુક તારીખે ગેરકાયદે કબજો કર્યો, માટે તે તારીખથી દાવાનું કારણ ઉત્પન્ન થયું છે તેના સાક્ષી નીચે પ્રમાણે છે. (સાક્ષીનાં નામ તથા ઠેકાણાં) સદરહુ સાક્ષીઓને બોલાવી પૂછવાથી કોર્ટની ખાતરી થશે. પ્રતિવાદીએ ઉપર લખેલી મારી કબજા ભોગવટાની જમીન કબજે કરી છે તે પ્રતિવાદી પાસેથી આ દાવાના ખરચ સહ કબજે આપવા મહેરબાની કરશો. અરજદારની સહી.

પ્રતિજ્ઞા લેખ. હું વાદી એકરાર કરૂંછું કે સદર દાવા અરજીમાં લખેલો મજકુર મારા જાણવા પ્રમાણે સાચો છે.

અરજદારની સહી.

ગણોત કે દાણ મળવાની અરજી.

વાદી	ઉમ્મર	ધંધો	રહેવાસી
(નામ.)			

પ્રતિવાદી,

નામ.

દાણ બાબત.

હું વાદી અરજ કરૂંછું કે અમુક ગામ અમુક ઠેકાણે નવે નંબર, આકાર, શુંઢા, જમીન છે. તે જમીન સદરે પ્રતિવાદીએ અમુક સાલને માટે કે એક સાલી ગણોતને ખેડવાને રાખલી હતી તેની સાથના રૂ. આટલા આપવા ઠરાવ કર્યો છે. (અધ ભાગે દાય

તો દાણાનું વજન અને તેની કીમત) તે ગણુવતના આધારે (ગણુવત ના હોય અને મોંઢેનો કરાર હોય તો તે લખવો) રૂપિયા માગુ છું તેની વિગત.

એક સાલી દાણના
______________ વસૂલ આવ્યું તે બાદ
______________ બાકી રહેલા છે તે.

દાવાનું કારણ—(હોય તે લખવું) સબબ ગણુવતના આધારે દાણના રૂ. સદર પ્રતીવદી પાસે માગું, તે આ દાવાના ખરચ સહિત અપાવો. ગણુવતની નકલ આ સાથે રજુ કરૂં છું.

પ્રતિજ્ઞા લેખ કબજાની કે દાવા અરજી પ્રમાણે કરવો.

દાવા અરજી.

સરકાર વિ. મહેરબાન અમુક તાલુકાના સબાર્ડિનેટ જજ્જ કે મુનસફ સાહેબ.

વાદી ઉમ્મર ધંધો રહેવાનું ગામ–તાલુકો

+ નામ)

પ્રતિવાદી

(* નામ)

+ મૂળ માણસ ન હોય તો મેયત અમુકના હું વારસ પુત્ર અથવા મૃત્યુ પત્ર ચલાવનાર હું ફલાણા—એમ દરેક ઠેકાણે લખવું જોઈએ.

* પ્રતિનિધિપણાના સબંધથી દાવો હોય તો છેવટે પેરો વધારી લખવું કે હું વાદી મેયત અમુકનું મૃત્યુ પત્ર ચલાવનાર એવો દાખલો મેળવેલો છે સબબ એ નાતાથી ફરિયાદ આણી છે.

દાવો ૩.

હું સદરહું વાદી દાવો કરૂંછું તેની તપસીલ નીચે લખ્યા પ્રમાણે છે.

સદરહુ પ્રાતવાદીએ હું વાદીને ખત અથવા હાથ દસ્કતનું ખાતું રૂપિયા આટલાનું સં. ની મીતિએ અમુક ગામે લખી આપ્યું તે પ્રમાણે લેવાની વિગત

રૂ.————— મુદલ બાકી.
————— બ્યાજ દર અમુક લેખે.
————— વસુલ આવ્યું (તે બાદ)
————— છુટ મુકી—
બાકી લહેણું.

દાવાનું કારણ એ છે કે ખત અથવા ખાતાની અમુક મીતિથી એટલે સં. મીતિ અમુકને રોજ ઉત્પન્ન થયું. સબબ સદરહુ પ્રમાણે રૂા. આટલા માગુંછું તે દાવાના ખરચ સુદ્ધાં પ્રતિવાદીની જાત મિલકતમાંથી અને બીજી હરેક મિલકતથી વસુલ કરી અપાવો.

વાદીની સહી અથવા મુખ્ત્યારની સહી.

૨ દાવો મુદત બહારનો હોય તો તેનું કારણ જણાવવું કે વાદી અમુક મીતિથી અમુક મીતિ સુધી દીવાનો હતો, અથવા બીજું જે કારણ હોય તે લખવું.

૩ સ્થાવર મિલકત સંબંધી દાવો હોય તો તપસીલની નીચે લખવું કે હું વાદી જણાવું છું કે સદર પ્રતિવાદીએ અમુક ગામમાંની જમીન વિઘા અથવા ગુંઠા જરીફ નંબરની, અમુક મુદત સુધી

મુદત પુરી થયે રૂ. આપેથી તે છૂટે એવી સરતે અમુક મીતિએ રૂ. આટલા માટે ગીરો આપેલી હતી. હાલ ગીરોની રકમ આપતાં તે છોડતો નથી, સબબ ગીરોની રકમનો દાવો બાંધીને અરજ કરૂં છું તેની ચતુરસીમા મધ્યેની જમીન ગીરોના રૂ પ્રતિવાદીને આપીને મારા તાબામાં આપવા વિષે ખરચ સુદ્ધાં હુકમનામું કરી આપવું જોઇએ ઇત્યાદિ૦

પ્રતિજ્ઞા—હું વાદી પ્રતિજ્ઞા કરૂં છું કે ઉપર લખેલો મજકુર મારા જાણવા અને માનવા પ્રમાણે ખરો છે. પ્રતિજ્ઞા લેખ જાણી બુજીને ખોટો કરવો એ ગુન્હો છે એની મને ખબર છે.

(સહી વાદીની અગર તેના મુખ્યારની.)

અપીલ.

(સરનામુ ઉપર પ્રમાણે.)

નામ	ઉમ્મર.	જાત.	ધંધો	રહેવાનું ઠેકાણું
અપીલ કરનાર.				
નામ.				
સામાવાળો.				

અપીલ દાવો રૂ૦

હું અપેલન્ટ અથવા અપીલ કરનાર અમુક આ અપીલ અરજથી જાહેર કરૂંછું કે × કોર્ટનો મુકરદમો નંબર તા. માહે—સન રોજ મારા વિરૂધ થયો તેથી નારાજ થઇ હું અપીલ કરૂં છું. તેના કારણો—(જે હોય તે કેશ ઉપરથી લખવાં.) પછી અપીલમાં જે માગણું હોય તે લખવું તા૦

અપીલ કરનારની સહી.

નવાણુ માટે અરજી.

અખીલૌદાર્ય, ગૌબ્રાહ્મણ પ્રતિપાલ,
શ્રીમંત સરકાર વિ. સુબાસાહેબ બહાદુર.

પ્રાંત વડોદરા.

મુકામ—

જીનાબમાં મોજે અમુક તાલુકે અમુકના ગામ લોકોની વિનતિ એ છે જે અમારા ગામના તલાવમાં બારે માસ પાણી પહોચતું નથી, અને ગામમાં હવાડાવાળો સારો મોટો કૂવો પણ નથી; તેથી ઉનાળામાં લોકને તથા ઢોરને પાણી પીવાના સબંધમાં ઘણીજ આપદા ભોગવવી પડે છે, પણ વરસાદની તાણ હોય ત્યારે અમારી કેવી દશા થતી હશે તેનો ખ્યાલ આપ સાહેબની ધ્યાનમાં સહજ આવશે; માટે તલાવમાં બારે માસ પાણી પહોંચે એટલું ખોદાણ થવાની કે એક સારો કૂવો કરાવવાની ગોઠવણ જરૂર કરશો, અમારૂં ગામ ઘણુંજ ગરીબ હાલતમાં છે, તેથી તળાવનું કે કૂવાનું ખોદાણ થાય તથા તેના ઓવારા બંધાય તેના ખરચમાં કંઇ ભાગ આપી શકે

× વળી બીજી અપીલ કરવાની હોય તો ઉપર પ્રમાણે લખવું પણ તેમાં પહેલી અપીલનો નીકાલ જે કોરટથી થયો હોય તે કોરટનું નામ અને અપીલના ફેસલાનો નંબર લખવો. અને તેનાં કારણ લખવાં કાયદા વિરૂધ, કાયદાના મહત્વના મુદ્દાનો નિર્ણય થવો રહ્યો હોય, કામ ચલાવવામાં મુદ્દાની ભૂલ અથવા કમીપણું થયું હોય. મુદ્દાની સાબીતીઓ વિષે નીચલી અને અવલ કોરટમાં મત ભેદ પડયો હોય તેવાં કારણો લેવાં જોઇએ.

એમ નથી માટે એ ખરચ સરકારથી થવાને કૃપા થવી જોઇએ. તા. ૯૦ ગામના લોકોની સહી.

સરકારી રિપોર્ટ વિષે.

(પડતર જમીન દબાવ્યા બદલ.)

જાવક નં. સન ૧૮૯૨–૯૩

મહેરબાન રાવસાહેબ મામલતદાર સાહેબ.

તાલુકે—વલસાડ.
જીલ્લે સુરત.

જીનાબમાં મોજે ઉંડાચ તાલુકે વલસાડના પટેલ તલાટીની સલામ કબુલ કરશો. દિગર અરજ એ છે જે ચાલતી સાલનું પાહાણી કરતાં સર્વે નંબર ૪૬ ના ખાતાદાર રણછોડ નારણે પાસેના નં. ૪૭ ની શીર પડતર જમીનમાંથી ચાર ગુંઠા જમીન દબાવેલી જણાય છે, તથા હદનાં બાણુ નિશાન પણ ખસેડેલાં માલુમ પડે છે, તેની કેફિયત આ લગત મોકલી છે, માટે યોગ્ય થવા મરજી રૂપ થવું. એજ અરજ તા.

ભુલાભાઇ વસનજી પટેલ.
નાગરદાસ મોરારદાસ તલાટી

જા નં. સન ૧૮

મહેરબાન ચીફ કોન્સ્ટેબલ સાહેબ.
તાલુકે—ચીખલી, જીલ્લે—સુરત.

જનાબમાં તાલુકે મજકુરના મોજે બેરગામના પોલીસ પટેલની અરજ એ છે જે મજકુર ગામના સીમાડા ઉપર અજાણ્યા શકવાળા લોકો વીશેકનું ટોળું પડેલું છે, તેમને જતા રહેવાની તાકીદ કરવા છતાં તેઓ માનતા નથી, માટે વેળાસર બંદોબસ્ત થવા મહેરબાની થવી કે પાછળથી પસ્તાવાનો વખત આવે નહિ તા. વેસ્મા

ખુશાલ પોલીસ પટેલ.

જા. નં. સન

મેહેરબાન ખાન સાહેબ ડેપ્યુટી એ. ઇ. સાહેબ.

જીલ્લે–ભરૂચ.

જીનાબમાં કસ્બે ( ) તાલુકે ( ) જીલ્લે ભરૂચની લોકલબર્ડ નિશાળના મેહેતાજીની સલામ માન્ય કરશો. દિગર નમ્રતા પૂર્વક વિનંતિ જે અત્રેના માનવંત શેઠ દામોદરદાસ ખુશાલદાસ આજે સ્કુલમાં પધાર્યા હતા. કેટલાંક છોકરાઓનું વાંચન, લેખન, અને ગણિત વગેરે જોઇને ખુશી થવાથી તેમણે વિઝિટ બુકની અંદર જે શેરો માર્યો છે, તેની નકલ આ સાથે સામેલ છે.

એ શેઠ સાહેબને કેટલાક ગરીબ છોકરાનો અભ્યાસ પૂરતાં સાધન વગર ઓછો જણાયો, તે ઉપરથી દયા લાવી તેમણે પોતે ઠરાવ કર્યો કે ધોરણના ઉતરતા ક્રમ પ્રમાણે જે ગરીબ છોકરાઓનાં વાલીઓ મારી મદદ લેવાને રાજી હોય તેઓની સહી સાથેની અરજી, અને જેઓ જાહેર મદદ લેવાને શરમાતા હોય તેમનાં નામની ટીપ, મારા તરફ મોકલશો; તો તેમાંના યોગ્યતાવાળા પચીસ છોકરાઓની માસિક ફી, અને હાલ ખપજોગ સ્લેટ ચોપડીઓ વગેરે

હું આપીશ પણ જે છોકરાઓ માંદગી કે એવા ખાસ કારણ શિ-વાય દિવસ ૨૧ થી ઓછી હાજરી રાખશે તેમની ફી આપીશ નહિ. આ ઠરાવ મારી અનુકૂળતા સુધી પાળી શકું.

આ હકીકત જાહેર થતાં ઉત્તેજનાથે શાળાપત્રમાં પ્રગટ થવાને તજવીજ કરશોજી. તા.

મોતીલાલ રણછોડદાસ.

મેહેતાજી—લોકલ બોર્ડ સ્કૂલ કાનવા.

હુકમ લિપે.

જા. નં. સન ૧૮

રાવસાહેબ કે ખાન સાહેબ મામલતદાર સાહેબ.

તાલુકા—અમુક.

અજ તરફે કલેક્ટર જીલ્લા અમુક, સલામ. દિગર—તમારા તા-લુકાની જમાબંધી ઓણુ સાલ અમારે કરવાની છે, માટે તલાટીઓ પાસે જમાબંધીના કાગળો આવતા માસની તા. ૨૦ મી સુધીમાં તૈયાર કરાવી રાખવા. અમારો મુકામ આવતા માસની તા. ૨૨ મીએ અમુક ગામે થશે. એ તારીખે માર્જીનમાં જણાવેલા દશ ગા-ઓના દફતરો ત્યાંના પટેલ તલાટીઓ રજુ કરે, તથા દરેક ગામની પાંચ પાંચ પાંચ આસામીઓ (લગતની જુદી ચિઠીના સર્વે નંબ-રોના ખેડુતો) ઈલાયદા રજુયાત સારૂ હાજર રહે, એવી ગોઠ-વ શો. તા.

સહી કલેક્ટર.

જીલ્લા અમુક.

જા. નં. સન.

મ્હે જતે આસાર મોજે અમુકના પટેલ તલાટી.

સલામ દીગર લખવાનું કે તમારા ગામમાં હાથીઆ થોર ઘણા વધી ગયા છે, તે કપાવવાને તમોએ બીલકુલ તજવીજ કરી નથી, માટે આ હુકમ પહોંચેથી દિન આઠમાં સદરહુ થોરનો નાશ કરાવીને રિપોર્ટ કરવો. તા૦

સહી. વહિવટદાર કે મામલતદાર

તાલુકે અમુક.

જાવક નં. સન

બાદી મેહેરબાન અમુક અધિકારી સાહેબ તરફ

અમુક અધિકારી તરફથી.

સલામ સાથે એવી જે મેહેરબાન એકૌન્ટન્ટ જનરલ સાહેબ બહાદુરના નં. ૪૭૧ તા. ૨૮–૭–૬૩ ના હુકમ ઉપરથી લખવાનું કે આપના વિભાગની નિશાળોના પગાર વગેરે બીલો પેમેન્ટ થતાં હદ કરતાં વધારે વિલંબ થાય છે. માટે હવેથી તાકીદે પેમેન્ટ થઇ બીલો તાકીદે રવાના થવા પાકી ગોઠવણ રાખશો. તા.

સહી ડી ઍા સર.

જાહેરનામુ

શેહેરમાંન લોકોને આથી જાહેર કરવામાં આવે છે કે હાલમાં મુંબાઇમાં મુસલમાન હિંદુઓ વચ્ચે ધર્મ સબંધી હુલ્લડ જાગેલું છે. અને તેની અસર તથા દસ્કેરણી અત્રે પણ માલમ પડવાનાં ચિન્હો જણાય છે, તેથી પોલિસ અને લશ્કરી માણુસોના પહેરા ઠામ ઠામ રાખવામાં આવેલા છે. હરકોઇ જાહેર ઠેકાણે બીજું જાહેરનામું

બહાર પાડતા સુધી પાંચ કે તેથી વધારે માણસનું ટાળુ ઉભું રહેલું જણાશે તેને વિખરાઇ જવાનું કહેતાં, જુદા પડશે નહિ તો એકદમ પકડીને કેદ કરવામાં આવશે; અગર સામે થશે તો બંદુકની ગોળીઓથી બેજાન કરવામાં આવશે; માટે લોકોએ ઘણી સાવધગીરીથી વર્ત્તવું જોઇએ. તા.

નોકરીનું રાજીનામું.

મહેરબાન કલેકટર સાહેબ બહાદુર.

જીલ્લા—સુરત.

જનાબમાં અમુક તાલુકા, કચેરીના કારકુનની સલામ કબુલ કરશો દિગર નમ્રતા પૂર્વક અરજ કે મને નોકરી કરવાની અનુકુળતા નથી માટે મારી ખુશીથી આ રાજીનામું આપુંછું, તે મંજુર થવા મહેરબાની થશે અને મંજુર થયાનો દાખલો મગાવા કૃપા કરશોજી. એજ અરજ તા.

સહી ફલાણા.

કારકુન કચેરી અમુક તાલુકે અમુક.

ચિઠી અને પત્ર લખવા વિષે. (મનોયત્ન.)

૧. એક છોકરો પોતાના બાપને મુંબાઇ કુશળતાનો પત્ર લખી તેમાં ચાલતા અભ્યાસની સ્થિતિ તથા શિક્ષકની મહેનતનું વર્ણન કરે છે. અને ગાંધીને ચિઠી લખી ગોળ મગાવે છે.

૨. એક મામો ભાણેજને અભ્યાસ નહિ વધારવા બાબત અસરકારક ઠપકો આપે છે.

૩. તમે પોતાના વિદ્યા ગુરૂ ઉપર કુશળતા અને ઉપકારની લાગણીનો પત્ર લખો.

૪. ભાઇના ગુજરવાથી માતપિતાને લાગેલા કારી ઘા વખતે કેવી રીતે દિલાસો આપશો ?

૫. નિશાળે ભણતી કુમારિકા બ્હેનને મોટાભાઇ કેવી રીતે પત્ર લખશે ?

૬. એક સધવા સાહેબ પોતાના ભાઇ ઉપર કુશળતાનો પત્ર લખે છે તથા સાસરિયામાં તેને ભાન્ડુ પ્રેમ યાદ આવતાં મનમાં ઓછું લાવી તેનું વર્ણન કરે છે.

૭. સાળાને ઘેર લગ્ન હોવાથી તે રીસાયલાં બહેન ભાણેજને લગ્ન ઉપર અથવા વિનયથી આગ્રહ કરે છે.

૮. એક નાનોભાઇ મોટાભાઇની વહુને ખોળાભરણું હોવાથી પોતાના નામથી ઘટતે સ્થળે કંકોતરી લખે છે.

૯. એક ભત્રિજો રોગથી કાયર બનેલા કાકાને ધીરજ આપે છે.

૧૦. પોતાના મિત્રને ગાડાં અને રેલવે મારફત મુસાફરી કરતા મળેલાં સુખ દુખ વિષે સમજણુ આપી સાવધ રહેવા જોગ સુચનાઓ કરે છે.

૧૧. તમારો એક સગો અમદાવાદ રહે છે. અને અત્રેથા તમારો કોઇ સ્નેહી ત્યાં જવાનો છે, તેના બીજે સ્થળે રહેવાની સગવડ નથી માટે તમે તેના પર ભલામણુ પત્ર આપો કે પોતાને ઘેર ઉતારે, અને જોઇતી જણુસ પાસે રહીને અપાવે.

૧૨. તમે અમદાવાદમાં અને તમારા કાકા સુ રહે છે. તેઅને કુશલતાના પત્રમાં ઘરમાં થયેલી ચોરીની, નાતમાં પડેલા તડની, અને ચાલતી ઋતુની હકીકત લખો અને નેનકલાકનું થાન તથા મલમલનો તાકો ાા મંગાવો. ને તેનો જે આંકડો થાય તે લખાઇ આવેથી અત્રે અમારી કાકીને ભરી દઇશું એમ જણાવો.

૧૩. એક વિધવા ફોઇ ભત્રિજા ઉપર નીચે લખેલી ચીજો મોકલી આંકડો જણાવે છે અને તેના રૂપિયા હુંડી મારફત મોકલવાનું લખે છે. અ મધ મણ ાા ૧ દા. રૂા. પાાા થ ડાંગર કળશી ૩ાા ૨ દા. રૂ. ૨૭ાા

૧૪. તમારી સંત્રવા કાકી ઉપર ખુશાલીનો કાગળ લખો. તેમાં એમ જણાવો કે હાલ મારા કાકા લાહોર તરફ છે ત્યાંથી પંદરેક દિવસ પછી આવશે, અને તેઓ આવશે ત્યારે તમારી માગણી પ્રમાણે સાડી, સાટીન કીનખાબ વગેરે કાપડ મોકલશે.

૧૫ એક માણસ મિત્ર ઉપર પ્રીતિ અને વિરહ દર્શક પત્ર લખે છે તથા બાળલગ્નને લીધે સંસાર જાળમાં અને નાહોંવતીમાં સપડાયાનું વર્ણન કરે છે.

૧૬ ઉપરના પત્રના જવાબમાં ગઇ વાતનો શોચ ન કરવાનો અને ભવિષ્યની પ્રજાને તેમાંથી બચાવવાની સાવચેતી રાખવાનો બોધ કરે છે. અને એ કારણથી બાળ વિધવા ભોલી સ્ત્રીને માથે પડતાં અસહ્ય દુઃખનો નજરે જોયેલો ચિતાર કરાવી મર્મ વર્ણને પુનર્લગ્નની જરૂર સાબિત કરે છે.

૧૭. એક પિતા, પોતાનો દીકરો મુબાઇ કોલેજમાં ભણે છે, તેની ગેરવર્તણૂક બાબત કેટલીક વાતો સાંભળવામાં આવતાં કુશળ તાના પત્રમાં આડો માર્ગ છોડી સીધ રસ્તે વળવા માર્મિક બોધ અને ચાબખા લગાવે છે.

૧૮. એ પત્રના જવાબમાં પુત્ર પિતાજી પ૦ પત્ર લખી પોતાની અજ્ઞાનતા માટે માફી માગે છે અને સદાચરણથી ચાલવાને બંધાય છે.

૧૯. પોતાની નીતિમાં ઓળખીતા સદ્ગૃહસ્થ ઉપર નતના દુઃખદાયક ધારાનું હાસ્યરસમાં લાગણીકારક વર્ણન કરો અને તેમાં કઇ જાતનો સુધારો કરવાની જરૂર છે તે આગ્રહ પૂર્વક બતાવી આપો.

૨૦. વિદ્વાન મિત્ર પોતાના વિદ્વાન મિત્રને લગ્ન ટાણે ગવાતાં ગીત તથા નાતનાં જમણવારોની સ્થિતિ ઉપર તિરસ્કાર ભરેલા વિચારમાં સુધારો કરવાની રીત બતાવે છે.

૨૧. એક સ્ત્રી પોતાની સખીને માન કમાઉ વરને લીધે પડતા કષ્ટનું વર્ણન કરી તેમાથી ઉગરવાને લીધેલા ઇલાજનું વર્ણન લખે છે.

૨૨. એક નિતિમાન સાસુ પરદેશ વસેલી સૌભાગ્યવતી વહુને ઘરની સંભાળ રાખવા, તનદુરસ્તી જાળવવા અને સદ્ગુણી થવા માયાળુ શબ્દોમાં બોધ કરે છે.

૨૩. એક માતા પોતાની દીકરીને સાસરે વળાવ્યા પછી વહેવાણ ઉપર કુશળતાનો પત્ર લખે છે અને લાડકીને પેટની દીકરી પ્રમાણે સંભાળવાનો વિવેક બતાવે છે.

૨૪. એક સખી બીજી સખીને સ્ત્રી પુરૂષના ધર્મ ઉપર પત્ર લખે છે, અને પવિત્ર પાળવાના તથા બાળકની સારવાર કરવાના નિયમ જણાવે છે.

૨૫. સાસુ નણંદથી અણબનાવ રાખનારી અને તેનો પતિ સખ્ત ઠપકો આપી હળીમળી ચાલવા ઉપદેશ દે છે.

૨૬. એક વૃદ્ધ માતા, પોતાની વહુ દીકરીઓને નવરાશની વેળાનો ઉપયોગ કરવાની રીત તથા નાદાન સ્ત્રીઓનો સહવાસ તજવાની શિખામણના ચાર શબ્દો લખી મોકલે છે.

૨૭. એક માતા પોતાની દીકરીને સાસુનણંદથી પ્રેમ મેળવવાના માર્ગ બતાવે છે.

૨૮. એક દીકરી પોતાના માતાને કુશળતાનો પત્ર લખે છે અને જણાવે છે કે અણબનાવને માટે વહુવારૂનાં ક્યાં ક્યાં સાસુ નણંદ છીંડાં ગ્રહણ કરે છે, અને તેમનો તે દાવ ન ફાવવા સારૂ પોતે કેવા ઇલાજ લેતી રહી છે તથા પતિને કેવા વિનયથી સમજુત આપી કૂળમાં સંપ વધારે છે તેનો ચિતાર આપે છે.

૨૯. એક સધવા સ્ત્રી વૈધવ્ય પ્રાપ્ત થયેલી પોતાની સખીને સમાધાન કારક પત્ર લખી મોકલે છે.

૩૦. એક મોટોભાઇ કર્જમાં ફસાયલા નાનાભાઇને ધંધે વળગાડવાનો બોધ કરે છે, અને સ્થળેથી લેવાની શરતે લહેણદારોનું મન મનાવવા જોગ રકમ પહોચડાવે છે.

૩૧. નાનોભાઇ ઉપરના પત્રના જવાબમાં ઉપકાર માને છે, ધંધે વળગે છે, અને લીધેલી રકમ પાછી વાળે છે; તથા ઘણી રીતે ઓશીઆળાપણું બતાવે છે.

વેપારીના પત્રો વિષે મનોયત્ન

૧. વેપારીના પત્રો કેટલા પ્રકારના છે ને તે કયા?

૨. સરાફી ધંધાના પત્રોનાં નામ અને વ્યાખ્યા આપો.

૩. વેપારીના ધંધાના પત્રોનાં નામ વ્યાખ્યા સાથે લખો.

૪. શાહજોગ હુંડી, વિમાચિઠી, કબાલો, અનામતનો લેખ અને ભલામણની વ્યાખ્યા આપો.

૫. તમારા મિત્ર મગનલાલ છોટાલાલને રૂ ૧૨૫) મળે એવી શાહજોગ ચિઠી અમદાવાદ ખાતેના તમારા મિત્ર છગનલાલ અમથાભાઇ ઉપરની લખી આપો.

૬. પરી. રામદાસ લલ્લુભાઇ ઉપર લખો કે રૂ. ૧૦) પટેલ રામજી બેહેચર હસ્તે આપો.

૭. એ રૂપિયા પહોંચ્યા બદલ જવાબ લખો.

૮. અમદાવાદના શાહ. પિતામ્બર નથ્થુભાઇ વડોદરાના શાહ મનસુખલાલ શીવલાલ ઉપર નીચેલો માલ રવાના કરે છે. તેમાં ખરાજાત રૂપિયે દોઢ દોકડો થઇ છે, આડતના સેંકડે બે ટકા લેવાના છે અને માલને પેટે સેંકડે સવા ટકો વળતર મળેલું છે.

अ રેશમી ધોતી બે ગજી પનાના નંગ ૨૦ દર રૂ. ૭॥૮)

ब મશરૂનાં થાન નંગ ૧૦ દર રૂ. ૨૪॥=)

क કીનખાબ ગજ ૪૦ દર ૨।~)

૯. એ માલને પેટે હિસાબ ચુકતેની હુંડી પરી. હરિભાઇ લક્ષ્મીદાસની દુકાનેથી તુરત મુદતની શાહજોગ દર રૂ. ૧૦૦॥=)ની મોકલી

લીધી તે લખો.

૧૦. વડોદરેથી શાહ છગનલાલ જમનાદાસ રૂ. હજાર લઈને કલકત્તા જાય છે, પણ રસ્તામાં ભય હોવાથી તેણે એ રૂપિયા મું-બાઈમાં પરી. ઝવેરચંદ લક્ષ્મીચંદની દુકાને ભર્યાં, તેમણે સેંકડે આઠ આના લેખે કાપી લઈ કલકત્તાના આડતિયા પરી. નથુભાઈ ઉપર શાહ જોગ એવો પત્ર આપ્યો કે કાગળ દેખાડયા પછી બીજે દિ-વસે નાણાં મળે તો એ પત્ર કયો અને શી રીતે લખેલો.

૧૧. એમ આનો એ પગ ગેરવલ્લે પડયો તો છગનલાલ જ-મનાદાસને ફરીથી નાણાં મળવાને કેવો બંદોબસ્ત થશે તે લખી લાવો.

૧૨. પરપેંઠમાં કઈ કઈ વાત લખશો.

૧૩. હુંડીમાં કેટલી મુદતો લખાય છે તે સમજાવો.

દસ્તાવેજ વિષે મનોયત્ન.

દસ્તાવેજ લખવાનો ઉપક્રમ આપો.

૨. આદેહંગ, વાસ્તેવંગ, પારસાત, અને દસ્તા બેશાણુ, દસ્-વા આ શબ્દો વિષે શું જાણો છો ?

૩. કરજાઉ ખતના પ્રકાર વિગતથી સમજાવો.

૪. સાનગીરો અને કબજાગીરોમાં ફેર શો છે ?

૫. ઘરનો કબજાગી દસ્તાવેજમાં લખવામાં કેટલી બાબત ધ્યાનમાં રાખવી જોઈએ.

૬. રૂ ૫૦૦) ના હકની તેરીએ અંગ ઉધાર લેવાનો લેખ લખો નામ ઠામ (વગેરે મરજી મુજબ ઉમેરવાં.)

૭. ચંદુ લલ્લુ નામે એક માણસ સોનાની ત્રણ સાચાં મોતી-ની કઠી પ્રેમાનંદ મનસુખ નામે નાણાવટીને ઘેર સાનગીરો મૂકે છે અને રૂ. ૭૫) ઉપાડે છે. કઠીની કીમત અંકાવતાં બજારમાં રૂ. ૧૭૦) અંકાય છે. તે બાબત સાનગીરો લેખ લખી આપો. (ખૂટતી હકી-કત ઉમેરી લેવી)

૮. બેઠાણુ જમીન એકર પાંચ જરાયત કબજા ગીરો લખી આપી રૂ. ૮૦૦) ૭ ટકાના વ્યાજે લેવા હોય તેનું ખત લખો.

૯. લહેણુ દેણુ ચૂકયાની તથા લાગભાગ મળ્યાની ફારગતીઓ તૈયાર કરો.

૧૦ દર વરસે રૂ. ૧૨૫) સવાસો ભરવાનું રૂ. ૧૦૦૦) એક હજારનું એક કાંધાખત તૈયાર કરો. કાંધુ ચૂકે દોઢ ટકા લેખે વ્યાજ લાગુ થાય, અને ચઢાવો સૈંકડે દસ ટકા લેખે કાપી લેવાનો ઠરાવ છે.

૧૧. એક ખેડુત સરકાર પાસેથી રૂ ૨૦૦૦) દર વરસે રૂ. ૧૦૦) સોનો હપ્તો ભરવાની સરતે પાંચ ટકાના વ્યાજે તગાવી લે છે, હપ્તો ચૂકે તેનો ૧/૪ દંડ ભરવા કબુલ કરે છે.

૧૨. એક ધરધણી પોતાની ભોંયમાં કરો કરે છે, કરામાં પા-સેના સરીલદારને તાકાં ગોખલા મૂકવા દેછે. અને કરા તથા ભોંયના માલીકી બાબત દસ્તાવેજ લખાવી લેછે.

૧૩. દશ એકર જમીન ગણોતે રૂ. ૫૦ પચાસના ઠરાવથી અ-પાય છે, સરકારી મ્હેસુલ જમીન રાખનારે ભરવું. અને જમીનમાં આંબા વગેરે ફળાઉ ઝાડો ઉછેરી આપવાં તે બદલ ઝાડો ફળેથી દર ઝાડે રૂ ૩) ત્રણ લેખે લેવા, નહિ તો દરસાલ નીમોનીમ ફળ લેવાં.

૧૪. એક મકાન દરમાસે રૂ ૨ાા ના કીયારાથી ભાડે આપ્યું, મજાઈ ભાડુતને માથેછે. નળિયાંની ખોટ અને ભાગ્યું તુટયું દુરસ્ત કરાવવાનું તથા દરવરસે દીવાળી ઉપર ધોળાવી આપવાનું, અને પાણીના નળનો ખરચ ઘર ધણીને માથે છે. ચોમાસામાં ખાલી કરાવાય નહિ, બીજી ઋતુમાં બે માસ પહેલાં નોટિસ મળવી જોઈએ.

૧૫. એક માણસ ગામને પાદરે અમુક જગોએ આવેલા આં- બામાં દશ ઝાડ પોતાના ગોરને દાન કરે છે.

અરજીઓ વિષે મનોયત્ન.

૧. ગામમાં માણસ તથા ઢોરને પાણીની ઇજા ઘણી છે, તેથી લોકો સરકારને અરજી કરે છે. કે મોટો કૂવો મોટા હવાડા સહી- તનો બંધાવો. નીમે ખરચ અમો આપવા તૈયાર છીએ.

૨. ઘરમાં ગઈ રાતનાં ચોરી થવાથી ખાતર પાડી હરામખોરો નીચે પ્રમાણે માલ લઈ ગયા છે.

સોનાનાં કડાં જોડ ૧ આશરે રૂ ૧૨૫ નાં, સોનાની કંઠી આ- શરે રૂ. ૨૦૦) નો; સોનાનાં ચોકડાં આશરે રૂ. ૧૦૦) નાં. રૂપાનાં સાંકળાં જોડ એક આશરે રૂ. ૧૫૦) અને પરચુરણ ચીજો સુમારે રૂ. ૭૫) ની. એ બાબત ગામ પોલીસને ખબર આપી, તાલુકાના ચીફ કાન્સ્ટેબલને અરજી કરો.

૩. તમારે કોઈ સાથે સહેજ બોલાચાલી થતાં, તેણે તમને ગાળો દેઈ માર માર્યો, તે ફરિયાદની અરજી તાલુકાના મેજીસ્ટ્રેટને કરો.

૪. કોઇએ બળાત્કારે ૭ માસની અંદરની જમીન કબજે કરી હોય તે છોડાવવા તાલુકાના રેવન્યુ અધિકારીને અરજી કરવી.

૫. રૂ ૧૫૦) મુદલ અને વ્યાજ રૂ. ૨૮) વસુલ કરવાને દીવાની કોરટમાં દાવો બાંધી અરજી કરો. (સેકન્ડ ક્લાસ સબજડજ કે મુનસફ કોર્ટમાં.)

૬. કોઇ શખ્સની મિલકત બીન હકે જપ્ત થાય છે તે જપ્તી ઉઠાવવા દીવાની કોર્ટમાં અરજી આપો.

૭. એક ગામનો હાસ્પિટલ આસિસ્ટંટ પૂરતો હોશિયાર ન હોવાથી રોગી સારા થતા નથી, તેને બદલવા ઇલાકાના સરજન

૮. પોતાના ગામમાં નિશાળો સ્થાપન કરવા એજયુકેશનલ ઇન્સ્પેકટર સાહેબ ઉપર અસરકારક અરજી લખો.

૯. એક ગોવાળયો અમુક ખેતરનાં ઢોરાં ચરાવી, તુમને પણું નુકસાન કરેછે. તો ખેતરના માલીકે તાલુકાના મેજીસ્ટ્રેટને બિગાડના ગુન્હા બદલ તથા નુકસાન ભરી લેવાને કેવી રીતે અરજી કરવી જોઇએ.

૧૦. જાહેર જગા ઉપર બિભસ્ત લાવણી તથા ગીત વગેરે ગાઈ લોકોને કંટાળો આપનાર ઉપર લોકે પોલીસને અરજી કરી, મેજીસ્ટ્રેટને ત્યાં બીજે દિવસે ફરિયાદ પણ કરી તે લખી લાવો.

રીપાર્ટ વિષે.

૧ ગામને પાદરે શક જાય એવા માણસોનું ટોળું પડેલુ છે. તેને વંખેરી નંખાવવા પોલીસ પટેલે તાલુકાના ચીફકોન્સ્ટેબલને

રિપોર્ટ કરવો.

૨. એક ખાતેદાર પાસેની શીર પડતર જમીન દબાવી ખેડાણ કરી ઉપયોગ કર્યો હોય તો ગામના પટેલ તલાટીએ કોને શી રીતનો રિપોર્ટ કરવો.

૩. અમુક જીલ્લાના અમુક તાલુકાની ધર્મશાળામાં કોઇ સાધુ મુસાફર એકાએક તાવના કારણસર મરણ પામવાથી પંચાતનામુ બનાવી લાસ અવનેલ મજલ પહોંચવાની પરવાનગી મળવા તે ગામના પોલીસ પટેલે ચીફ કોન્સ્ટેબલને રિપોર્ટ કર્યો.

૪. ઓણુસાલ વરસાદ ઘણોજ કમી પડયો માટે પાક સારો ન થવાથી મ્હેસુલ ઉઘરાવવામાં અડચણ ન પડે તે સારૂ ખેડૂતોના જમીનો લેવાને, અગર તે ભરતાં સુધી ખળીઓમાંનો માલ અટકાવવાને, પરવાનગી મળવા કે મરજી અન્વયે બીજી ગોઠવણ થવા બાબત પટેલ તલાટી તાલુકાના વહિવટદારને કેવી રીતે રિપોર્ટ કરે છે.

૫. ગામના શીતળા તથા કોલેરા બંને ચાલે છે, તે બાબત તાલુકાના રેવન્યુ અધિકારીને પટેલ તલાટી સવિસ્ટર રિપોર્ટ કરશે.

૬. ગામના લોકો તળાવમાં ન્હાય છે, કપડાં ધુએ છે, ઢોરને પાણી પાય છે અને તેને નવરાવે છે, વગેરે અપકૃત્ય કરી પાણી બગાડે છે અને લોકો તેજ પાણી પીવાના કામમાં પણ લે છે. આથી રોગ ફાટી નીકળે છે, તે અટકાવવા તાલુકાના માજીસ્ટ્રેટને કાયદેસર જાહેરનામુ પ્રસિદ્ધ થવા બાબત પોલીસ પટેલ કેવી રીતે રિપોર્ટ કરશે.

૭. એક માણસે સરકારી બાવળ કાપી પોતાના કામમાં લીધો, તે બાબત પટેલ તલાટીએ કોને શી બાબતનો રિપોર્ટ કરવો.

૮. સરકારી અખિા, અને ફણુસની ફળ હરાજી થવા ગામના તલાટીએ રિતસર રિપોર્ટ કરવો.

૯. અમુક પોલીસનો માણસ ચોરો અને જુગારીઓ વગેરે સાથે મળેલો છે તે માટે ગામ લોકે સુપ્રિન્ટેન્ડેન્ટને સખ્ત રિપોર્ટ કર્યો.

હુકમો નોટીસો વગેરે વિષે મનોયત્ન.

૧. જીલ્લાના પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટેટ એક તાલુકાના કોન્સ્ટેબલને હુકમ લખે છે કે તમારા તાલુકામાં ધાડ, ચોરી ઘણી થાય છે તેનો પાકો બદોબસ્ત રાખો, નહિ તો નોકરી ખોવાને પાત્ર થશો.

૨. જીલ્લા કલેકટર કે સુબા તાલુકાના મામલતદારને હુકમ લખે છે. કે ચાલુસાલ જમાબંધી અમે જાતે કરવાના છીએ, માટે તલાટીના દફતરો તૈયાર કરાવવાં અને જોઇતી હકીકત મેળવી રાખવી.

૩. પાડોશીએ વાડનો જમીન દબાવીને વાડ કરી તે ખસેડી લેવડાવવા આઠ દિવસની મુદત નોટિસ આપો.

૪. તમારે ત્યાં સોનાનો ટુંપીઓ આશરે રૂ ૧૨૫) નો રૂ. સોમાં આઠ આનાની તેરીખે ત્રણ વરસથી ગીરો છે તેનો નીકાલ કરવા માલીકને નોટિસ આપો. (મુદત દિન ૧૫ ની.)

૫. એક આબકારી ખાતાનો કારકુન વગર રજાએ ગેરહાજરી રહેવાથી તેનું નામ આબકારી ઇન્સ્પેકટર ખાતામાંથી કમી કરે છે, અને હુકમ લખી ખબર આપે છે.